તણખા : મંડળ ત્રીજું ⊘ અનુક્રમ

બીજી આવૃત્તિ

'તણખા'નો જે સત્કાર પ્રજાએ કર્યો છે, તેમાં ઘણે ભાગે પુસ્તકના ગુણ કરતાં સમભાવી મિત્રોનો જ મોટો ફાળો છે એ નિઃસંશય; નવલિકા અને નવલકથાઓ હમણાં હમણાંમાં ઘણી લોકપ્રિય થઈ પડી છે અને તેથી એ વાતાવરણનો લાભ પણ પુસ્તકને મળ્યો હશે; એની ખરી કિંમત એટલી નહિ હોય.

ખાનપુર : અમદાવાદ
કૃષ્ણ જયંતિ. ૧૯૯૩.

ધૂમકેતુ

ૐ

પ્ર સ્તા વ ના

'તણખા' અને 'તણખા મંડળ બીજા'ને જે આવકાર મળ્યો છે અને 'તણખા'ની ત્રીજી આવૃત્તિ આજે છપાઈ રહી છે, એથી પ્રોત્સાહન પામીને તણખા મંડળ ત્રીજું ગુજરાતની પ્રજા સમક્ષ મૂકવાની હિંમત થાય છે, એમ કહેવામાં અર્ધું સત્ય છે. એથી વિરુદ્ધ, પ્રોત્સાહન પામીને નહિ, પણ જાહિયાત હોવાથી જ 'તણખા મંડળ ત્રીજું' પ્રકટ થાય છે, એમ કહેવામાં પણ અર્ધું જ સત્ય છે. એટલે એમ કહેવું સત્યની વધારે નજીક છે કે, કાંઈક પ્રેરણા, અને કાંઈક પ્રોત્સાહન આ કૃતિના આવિર્ભાવમાં કારણરૂપ છે.

આ ભાગમાં પ્રકટ થયેલી વાર્તાઓ માટે મિત્રો, અમિત્રો પંડિતો અને અર્ધપંડિતો ગમે તે ધારે, પણ એ વાર્તાઓ ગુજ પ્રવાહમાં ક્યાં સુધી ટકી રહેશે એ વિષે શંકા તો છે જ. વાર્તાઓ ટકે કે ન ટકે, રહે કે જાય, પણ એક [illegible] ખાસ કરીને ગુજરાતી સાહિત્યકારની [illegible] વાર્તાઓ પ્રકટ કરવામાં કારણરૂપ છે. [illegible] [illegible]

પ્રતિદિન નિરાશાઓ કરતાં પણ એને પોતાને માટે આશિષ છે. આ સાહિત્ય પ્રવૃત્તિની ફેલાવ પોતાની જ પ્રાણી શક્તિથી કરજ એને ખરી રીતે તો આપણાની ભૂમિ જ બની શકાય ને ભૂમિ આ રસનું ભરતી રહી છે. એમાં જ જો તેઓ પ્રત્યાઘાત ત્યાં તો ચેતના આર રહેશે. પણ જ્યારે ત્યાંર પ્રત્યાઘાત ખરશે, આપણા તો એ મહાન પરાજય માટે આ અણો પણ થઈ ગયો છે–પોતાની જાતને પોતાનાથી વધારવાને માટે–તે ફળશે તો પછી સંભવિત છે કે આ પ્રવૃત્તિ બીજું રૂપ પકડે: સાહિત્યની જ દિશામાં.

પણ હજી એ સમય દૂર છે. આશા દૂર છે એમ લાગે છે.

ટૂંકી વાર્તાને એક લેખકે આબેહૂબ જ્યોતિબિંદુ સાથે સરખાવી છે. એમાં એક નાનું સરખું મનોરમ ચિત્ર હોય છે. એ ચિત્ર પોતે પોતાની રીતે સંપૂર્ણ છે અને આપણને આપણી ભાવના પ્રમાણે આનંદ આપે તેવું છે. માત્ર આનંદ નહિ : જીવનદર્શનનો નશો અને વિશાળ અર્થ પણ આપે છે.

આ વિભાગમાં પ્રગટ થયેલી છેલ્લી વાર્તા—સ્વાર્પણ—મિસિસ ગાસ્કેલની એક વાર્તાની અનુકૃતિ–રા. બલવંતરાય ઠાકોરના મત પ્રમાણે–અથવા રા. નરસિંહરાવનો શબ્દ વાપરીએ તો ' સંયોજન ' છે.

આ સંગ્રહમાં ' પરશુરામ ' નું એકાંકી નાટક પણ અપૂર્ણ મૂકવામાં આવ્યું છે, તે એવા હેતુથી કે નાટક પ્રત્યે એ રીતે લોકરુચિ કેળવવાની તક લેવી. હવે પછી પ્રગટ થનાર ' તણખા મંડળ ચોથા'માં ઐતિહાસિક વાર્તાઓ લેવાનો વિચાર છે તેમાં એ નાટક આખું આવી જશે. ટૂંકી વાર્તા વિષેનો એક વિસ્તૃત લેખ પણ કદાચ એમાં આવે. આ વિભાગમાં વાચન ૨૪૪ ને બદલે ૨૬૦ પૃષ્ઠનું કરવામાં આવ્યું છે. ને એ રીતે રૂપરંગની સાદી સ્વચ્છતા જાળવીને જેટલું વધારે આપી શકાય તેટલું આપવાનો પ્રયત્ન કર્યો છે.

ખાનપુર : અમદાવાદ
તા : ૨૦ : ૮ : ૩૨.

ધૂમકેતુ

1

રામગર બાવાએ એક વખત કહ્યું હતું કે કૈલાસ મહારાજ કોઈ દિવસ હસતા નથી; એક વખત હસ્યા હતા ત્યારે ગામમાં રોગચાળો ફાટી નીકળ્યો હતો. પણ રામગર બાવો કૈલાસની જરા અદેખાઈ કરતો હતો. એટલે કોઈએ એનો શબ્દ આ વખતે ગણકાર્યો નહિ. પણ પાછળથી જ્યારે મહારાજના ગયા પછી પૂંજ્યો ભંગી બોલ્યો કે મહારાજને ત્રણ દિવસ પહેલાં 'મહાણખડી'માં મેં હાડકાં વીણતા જોયા હતા ત્યારે થોડી વાર સૌ ગંભીર બની ગયા હતા. મનોર તો શરત પૂરી કરીને અઢીશેર પેંડા ખાઈ નિરાંતે ઓડકાર ખાતો ગામમાં ફરવા નીકળ્યો અને જાણે મહાન વિજય મળ્યો હોય તેમ હાટે હાટે વાતો કરતો ફર્યો. મનોરનો આ કાંઈ પહેલો વિજય નહોતો. હુતાશનીમાં એક જ ઘાએ નદીનો પટ ટેકાવવો હોય તો મનોરના ઘા સિવાય બાકી બધાં ફાંફાં. એક વખત ટળિયા સહિત અઢીશેર ખજૂર ઉડાવી ગયેલો. શેરડીના સાંઠાના એક જ ઝપાટે ચાર કટકા કરી નાખતો. કાચલી સોતા નાળિયેરને એક મૂકાથી ફોડી નાખે. ચોમાસામાં કાળવાનો પટ વીંધવો એ કાળામાથાના માનવીથી ન બને, પણ મનોરે એક વખત એ પણ કર્યું હતું. આ જુવાન આનંદી, હસમુખો, રમતિયાળ, કામગરો ને નાનીનાની અનેક બાબતોમાં પ્રવીણ હતો: ક્યારેક તમે એને ગંભીરાઈથી ભાગવતની વાતો કરતો પણ સાંભળો. મનોર હમેશાં સવારે નદીએ નાવા જાય, ત્યારે કૈલાસ મહારાજની ઝૂંપડીમાં એક આંટો જઈ આવતો. કૈલાસે નદી-કિનારે નાની ઝૂંપડી બનાવી, મોટીમોટી બેચાર શિલાની ઓથમાં ઘર જેવું કર્યું હતું. ચારે તરફ ફરતી ધોળી પીળી

કરેણુ વાવી પોતાનું ફળિયું સુરક્ષિત કર્યું હતું. અંદર ફળીમાં થોડાં બીલીનાં ઝાડ, તુળશીક્યારા, ગુલાબના છોડ, અમ, ધંતૂરો એવા એવા વિચિત્ર છોડોનું પ્રદર્શન કર્યું હતું. પણ પોતાની ઝૂંપડી સામે તો લાલ કરેણનો એક છોડ ઉગાડ્યો હતો. કૈલાસ મહારાજની એ વિચિત્રતા હતી કે ઘણી વખત એ છોડ સામે એ જોઈ રહેતા, અને બોલતા નહિ. પણ ક્યારેક બોલી દેતા કે 'વો ડોલર કે ફૂલકી સુગંધ અચ્છી હય, વો ગુલાબ ભી બડે અચ્છે ફૂલ હય, મગર યે કરેણુ તો કરેણુ હય.'

પરંતુ મહારાજનું આ કથન હાસ્યરૂપે વેરાઈ જતું. અને મનોર સિવાય કોઈના મનમાં કલ્પના પણ નહિ જાગેલી કે મહારાજની કરેણ પ્રત્યેની પ્રીતિ કોઈ ગંભીર શોકના બીજમાંથી જન્મ પામી છે!



એક દિવસ હમેશના નિયમ પ્રમાણે મનોર સવારે કૈલાસ પાસે આવ્યો ત્યારે આગલા દિવસના ઉગ્ર વાતાવરણથી આ નાનકડું ગામડું હાલકડોલક થઈ રહ્યું છે એવા ખબર તેણે કૈલાસને આપ્યા. પાસેનાં ગામડાંઓમાં લાઠીનો માર ચાલી ગયો હતો. કયાંક દુધમલ બાળકો પણ રણમાં પડ્યા હતા.

હમેશાં આવી વાતમાં રસ લેનારા કૈલાસે આજે મનોરને કાંઈ વધારે હકીકત પૂછી નહિ. મનોર પૂછ્યા વિના જ બોલવા લાગ્યો: "મા'રાજ, પંદર તો ગંજી સળગાવી દીધી, હવે ઢોરઢાંખર શું ખાશે? આ જમીનમાં હવે જીવારો નથી રહેવાનો. મા'રાજ, પેલી ડોસીએ તો ભારે જવાબ દીધો,

કે લોહીવાળી જમીનમાં દાણા ક્યાંથી ઊગે? ચોરના ડાંડલાનેય ઊગતાં શરમ આવે ને!'

'સબ ગાંવલોક ચલ ગયે?'

'હાં જી, સબ લોક ચલ ગયે. એક ગાંવમેં તો ઐસી હકીકત બન ગઈ કે કુત્તે ઔર ગધ્ધે ભી દૂસરી જગા પર ચલ ગયે.'

'વૈસા?'

'જી હાં!'

'ઔર—વો જવાન, જો પ્રધરસે લડતમેં ગયા થા, વો આપકા દેહ દેશકો દે ચૂકા!'

'ચલો, હરભોલા—હરભોલા, મનોર, ઔર ક્યા ખબર હય?'

'મહારાજ! જો જવાન જેલમેં અપવાસ કર રહા થા—વો પંજાબ કા જવાન—ઉસકા દેહ ભી પડ ગયા!'

'ઉસકા દેહ ભી પડ ગયા?'

'હાં મહારાજ!'—

'ચલો, હરભોલા, હરભોલા, રુદ્રકા તાંડવ શુરૂ હુઆ હય. કાલીકા ખપ્પર ભોગ માંગ રહા હય. જો લોહી દેગા વો અમર ધામ અબ પાવે'—મૂંગો કૈલાસ જરાક ઉત્સાહથી બોલવા લાગ્યો. મનોરે રજા લીધી, ત્યારે તેણે હમેશની શાંતિથી કહ્યું: 'મનોર, આજ શામ કો યહ ઝમીનમેં હમારા અનજલકા હિસાબ ખતમ હોતા હય. શામ કો જરા ઈસ તરફ લૌટ આઈઓ. અચ્છા હોગા.'

મનોર જોઈ રહ્યો. એને લાગ્યું કે આજે કૈલાસ જીવનના મર્મમાંથી કાંઈક બોલી રહ્યો છે. એ ઘણી વખત બોલ્યો છે, પણ આજે એનો અવાજ જુદો જ છે.

❦

સાંજે કૈલાસ પાસે મનોર આવ્યો ત્યારે ત્યાં તેણે જુદો જ રંગ જોયો. ઘીના અનેક દીવાથી ઝૂંપડી પ્રકાશી રહી છે, નાળિયેર, સાકર ને ફૂલછાબ પાસે પડ્યાં છે. કૈલાસના કપાળમાં કંકુ—શુદ્ધ લોહીના તિલક જેવું—શોભી રહ્યું છે: તેના ઉપર ચોખા ચોડ્યા છે, લાલ કરેણની માળા ડોકમાં પડી પડી હસી રહી છે. જાણે એ સાધુ—શાંત, થોડાબોલો કૈલાસ—મૂર્તિમાન બલિદાન હોય તેવો અડગ ને દૃઢ બનીને બેઠો છે. મનોર આવ્યો ને તેની પાસે બેઠો.

'મહારાજ, વો જવાન—પંજાબવાલા—જિસકા દેહ પડ ગયા—ઉસકી, મેંસ 'પેપર 'મેં બડી હી સુંદર છબી આઈ હય!'

'છબી આઈ હય!'

'હો મહારાજ! છબી આઈ હય. દેખીયે, કૈસા ખૂબ-સૂરત જવાન હય.' મનોર 'પેપર' ઉકેળવા લાગ્યો, પણ 'રખો રખો, વૈસા હી રખ લો. હમકો મત બતાઓ, હમકો મત બતાઓ'—કહેતો કૈલાસ તો ઊભો થઈ ગયો.

'ક્યોં! ક્યોં!'

'બૈઠો, બૈઠો.' કૈલાસે મનોરને કહ્યું. 'મેરે હૃદયમેં વો જવાનકી સબસે સુંદર છબી આ રહી હય—બૈઠો, બૈઠો—સુનો.' ને મનોર સામે જોઈ રહ્યો. મનોર કાંઈ સમજ્યો નહિ. પણ તેણે કૈલાસના ચહેરા તરફ જોયું તો તેમાં હૃદય પિગાળી નાખે તેવો ફેરફાર થતો જોયો. તે ખડીકાર બોલ્યો નહિ.

પછી ધીરે રહીને બોલ્યો : ' મનોર! મૈં ડાકુ જૈસા દિખતા હૂં નહિ ? '

મનોરે ડોકું ધુણાવ્યું.

' મૈં દિખતા તો હૂં સાધુ, મગર હૂં ડાકુ સે ભી બૂરા ! '

' મહારાજ ! '—

' સમઝિયે—સમઝિયે—ઠહરો—મનોર ! મેરી બાત સુન લો. મુઝકો હિંસાકી નીતિમેં અડગ વિશ્વાસ થા . . . '

અચાનક કૈલાસે મનોરના ખભા પર હાથ મૂક્યો: ' મનોર, બેટા, તારા જૈસા—તારા જેવડો જ મારો જુવાન છોકરો હશે.'

મનોર તેની સામે જોઈ રહ્યો: ' મા'રાજ તમે—સાધુ—'

કૈલાસ મનોરના ખભા ઉપર હાથ રાખીને જ બોલ્યો: ' બેટા, હું—હું સાધુ નથી. મેં પણ બૉંબ બનાવ્યા છે. સફળ રીતે ફેંક્યા છે અને અચૂક ઘા માર્યા છે. પરંતુ જ્યાં આખી પ્રજા નિઃશસ્ત્ર હોય, ત્યાં એ ફટાકડા ફોડવા જેવી રમત થઈ છે—અને એક ફેંકનારની પાછળ અનેક મર્યા છે. મારું કુટુંબ સહીસલામત રહે અને મારા છાંટા એમના ઉપર ન ઊડે માટે હું આ તરફ ભાગી આવ્યો હતો.'

શ્વાસ થંભાવીને મનોર તો સાધુની આ વાત આશ્ચર્યથી સાંભળી રહ્યો.

' હું સાધુ નથી. સંન્યાસી નથી. હું પણ સંસારી છું. મારે સ્ત્રી છે; બાલબચ્ચાં છે—એ બધાં મારી રાહ જોતાં હશે. છોકરાં હમેશાં રાહ જોતાં હશે કે આજે રાત્રે બાપા આવશે.' કૈલાસનો સ્વર જરા ધ્રૂજ્યો. તેણે એક અદૃશ્ય આંસુ લોહી નાખ્યું.

'પણ મેં ઘર છોડ્યું ત્યારથી કોઈ દિવસ ઘરનું બોલણું ફરી જોયું નથી. ત્યારે આ વાતને લગભગ ચાર વર્ષ થઈ ગયાં. પણ—જેમ નહોતા બોલી શકું ને અભાગ ન પડે, તેમ સી. આઈ. ડી. મને ક્યારે શૂળી લે તે ન કહેવાય. મને મારા ઘરનું છેક છેલ્લું મીઠું સ્મરણ તાજું છે.'

નાનું ગામ, નાની નદી, અને નાની કેડી વાટ—એથી જાણે ગતિ અમણી સંકોર બની ગઈ હોય તેમ થોડે સમસામ થઈ રહી.

'અમારું ગામ છે. ગામને ફરતે જંગલનાં ખાડી ભર છે. કેવી સરસ શાંત નદી ત્યાં વહે છે—જાણે સંગીતની ઝીણી જલધારા. મેઘલી રાતના જેવી કાળી અમારી ભોં છે. મેં મારી જુવાનીમાં એમાં ધરું વાવ્યાં છે, ને પોંખ પાડ્યા છે. પણ—આ તંત્ર—ખેડૂતને સુખી કહેવા દે કે મજૂરને રોટલો ખાવા દે તેવું રહ્યું નથી. નાનકડા ગામનો શાહુકાર એને ચૂસી રહ્યો છે. હોડું, નાના અમલદારોની લાંચ, મોટા અમલદારોની કોરટ, અને અધૂરામાં પૂરું પેલો વકીલ—અન્યાયોની પરંપરા થઈ જાય, પણ ન્યાય ન મળે; મળે ત્યારે પાંચપંદર વર્ષે મળે, કે જ્યારે એની હિમ્મત જ ન હોય. અમારા ગામના ઘણા જુવાનો ધાડીધાડીને બોમ્બવાળામાં ભળી ગયા. હું પણ એમાં ભળ્યો—પછી તો પકડાપકડી, મારફાડ, ને ફાંસીએરી થઈ ગયાં. હું ભાગ્યો. જે રાત્રે ભાગ્યો તે રાત્રિનું આ મીઠું સ્મરણ છે.'

કૈલાસ થોડી વાર થોભ્યો. એનો અવાજ ધીરજથી ધીમો થતો ગયો.

'મારો મોટો છોકરો—અગિયારબાર વર્ષનો—મને વળાવવા આવ્યો હતો. અમે નદીકાંઠે ઊભા રહ્યા. ઉપર ચાંદની ખીલી રહી હતી. મેં એનું મીઠું—વિષાદભર્યું કૂમળું મોં—વારંવાર જોયું ને અંતરમાં ઊંડુંઊંડું ઉતારી દીધું. પછી એ ત્યાં ઊભો રહ્યો, ને હું આ કાંઠે ઊતરી આવ્યો.'

મનોર પોતાનાં આંસુ રોકી શક્યો નહિ. સામે બેઠેલો કૈલાસ પણ ધ્રૂજતે સ્વરે આગળ વધ્યો:

'એ મધુર, રૂપાળું ગોરું મોં... ગોરું મોં... ગોરું મોં... રસમૂર્તિ રાધાના પ્રસન્ન હાસ્ય જેવું... બંસી બજાવતા કનૈયા જેવું... મારા અંતરમાં ઊંડેઊંડે વિલસી રહ્યું છે!' 'ગોરું મોં' એ શબ્દની માનસપ્રત્યક્ષ મૂર્તિ જોતો હોય તેમ કૈલાસ ફેરવી ફેરવીને બોલ્યો: 'ગો રું મોં!'

કૈલાસે પેલા કરેણના ઝાડ તરફ શૂન્ય દૃષ્ટિ ફેરવી. મનોર ધ્રૂજ્યો. કોઈ જુગજુગનો અંતર વલોવતો શોક ખડો થયો હોય તેમ પેલાં વૃક્ષ પણ પાન ન હાલે એની કાળજી રાખતાં જાણે ઊભાં રહી ગયાં હતાં! કૈલાસ એ તરફ દૃષ્ટિ રાખીને જ બોલી રહ્યો હતો: 'અ—ને—આજે જે જુવાને જેલના સળિયા પાછળ મૂંગું જીવનસમર્પણ કર્યું, જેની જીવનસમર્પણની આ મૂંગી દીક્ષા મને અંતરમાંથી હલાવી નાખે છે—તે જુવાન એ જ મારો કનૈયો, જાણે બાર વર્ષનો સામે ઊભો છે!—મનોર, જો ને, જાણે એ જ નદી, એ જ નદી, એ જ વૃક્ષો, એ જ રાત્રિ, અને એ જ મધુર ચહેરો આંહીં ઊભાં છે...મ નો ર!'

બે હાથથી આંખો દાબી મનોર નીચું જોઈ ગયો. કૈલાસની સામે જોવાની એનામાં શક્તિ નહોતી.

'મનોર! જો ને!—એ જ નદી, એ જ વૃક્ષો, એ જ રાત્રિ, એ જ મારો વહાલો બંસીધર કનૈયો...' કૈલાસ બોલવા—ઉન્માદી જેવું લવવા માંડ્યો. 'આહાહા! શો મીઠો, કૂમળો, મધુરો, વિષાદભર્યો એ ચહેરો મારા અંતરમાં બેઠો છે!'

કોણ જુએ!—મનોરનાં વ્યર્થ દબાવેલાં ધ્રૂસકાં સંભળાવા લાગ્યાં...

'અને એ મારા અંતરમાં બેઠેલી છબી—એવી સુંદર છબી—સ્મૃતિમાંથી વિલુપ્ત ન થાય, માટે મેં આજની છબી જોવાની ના પાડી હતી. પણ—જો...'

મનોરે ઊંચું જોયું. ઘડી પહેલાના ગહન વિષાદની માત્ર આછી રેખા કૈલાસના મોં ઉપર હતી. એક ઘડીમાં તો વદન જ ફરી ગયેલી, દૃઢ, તેજસ્વી, નિશ્ચયી ને જીવનને મૂઠીમાં લઈને રમનાર જુગારીના જેવી અડગ મૂર્તિ તેણે પોતાની સામે બેઠેલી જોઈ. લાલ કરેણની માળા જાણે કૈલાસની ડોકમાં બલિદાનની નેત્ર સમસ્યાઓ જેવી શોભી રહી હતી. 'આજે હવે મારા ઘર ભણી હું જાઉં છું. સૌને મળી—રામરામ કરી, નવેસરથી જંગમાં ઝુકાવવાની મનોવૃત્તિ મને જાગી છે. એ મનોવૃત્તિ કયે રસ્તે મને દોરશે એ ભગવાન જાણે. મને ખબર નથી.'

કૈલાસ ઊભો થયો, તેણે મનોરનો હાથ પકડ્યો. 'ચાલ ભાઈ, મને થોડે સુધી વળાવી જા, અને પછી તું જા.'

એક વખત કૈલાસે ફળીમાં આંટો માર્યો. વૃક્ષો મૂંગા શોકમાં નીચે નમી રહ્યાં હતાં. બધે ગંભીર શાંતિ ફેલાઈ ગઈ હતી. બન્ને જણા બહાર નીકળ્યા. દૂર ગયા ત્યારે મનોરને ઊભો રાખી કૈલાસ ભેટ્યો—અને મનોર એના પગમાં પડ્યો,

મૂંગો મૂંગો ઊભો રહ્યો. એની આંખમાંથી આંસુ ચાલ્યાં જતાં હતાં. કૈલાસે જવા માટે પગ ઉપાડ્યો. એનો છાંયો—આછો છાંયો દેખાયો ત્યાં સુધી મનોર એકીનજરે જોઈ રહ્યો. કદાચ પેલા કનૈયા જેવા છોકરાએ આવી જ એકાંત રાત્રિમાં આ એકલ મુસાફરને નિહાળ્યો હશે ! ...એનું અંતર ઊંડું-ઊંડું ઊતરી ગયું. કૈલાસ નહિ પણ જાણે પોતાનો જ બાપ એકલો મૃત્યુને ભેટવા જાય છે એમ એને લાગ્યું ... એ ક લો ! ...



બીજે દિવસે પ્રભાતે ખબર પડી કે એ ગામમાંથી એકીસાથે બે જણ ગુમ થયા હતા—

કૈલાસ અને મનોર !

લખમી

એ વખતે ધોળકા લાઈનના રેલવેના પાટા બદલાત. હતા, એટલે વેજલપરાથી સો સવાસો માણસ કમાવા આવ્યું હતું, ને ધોળકા રેલવેના પાટા પાસે સીમમાં પડાવ નાખીને પડ્યું હતું.

કાનો અને એનો સસરો પૂંજો ઠેઠ એ તરફથી આડે ધડ ચાલ્યા આવતા હતા અને ગમે તેમ કરી એલિસબ્રિજ જનારી મોટી સડક પકડીને ' માણેકચોક 'માં પહોંચવાનો એમનો વિચાર હતો. વેજલપરાથી આઠેક દિવસ પર્યાં આવેલા, લોટદાળ લાવ્યા હતા તે ખૂટી પડ્યાં અને અમદાવાદ તથા એનું ' માણેકચોક ' એમની સ્વપ્નસૃષ્ટિમાં પહેલેથી જ કાંઈક સોનેરીરૂપેરી મહેલાત જેવા લાગેલાં, એટલે આજ તો ભલે રાતના આઠ વાગે કે નવ થાય, પણ ' માણેકચોક 'માંથી જ હટાણું કરવાનો નિશ્ચય કરીને બન્ને નીકળ્યા હતા.

મોટી સડક ઉપર એક પછી એક કેટલાંય વાધ ચાલ્યાં આવતાં હતાં, અને એમણે ઉડાડેલી ધૂળ શાંત થાય ન થાય તે પહેલાં મોટરે ઉડાડેલી ધૂળના ગોટેગોટામાં સસરોજમાઈ

સ્ટાર્ટ થતા હતા. શેઠિયા ઉતાવળા થયા ત્યાં પૂંજો બોલ્યો: 'મેં તો તમને પહેલેથી કહ્યું હતું કે મારે આવવું જ છે ! ભાઈ, પણ અસલી કરાચી તો તો માણેકચોકમાં જ.' જુવાન પૂંજો નમ્ર ડોકરા જેવો આમંત્રિત ઝાંખો ભોળા દિલ પાણ-પાણીમાં આવ્યો આવતો હતો. પૂંજો આજે મેળામાં ફેર, કે પછી ગમે તેમ, પણ પોતાના જમાઈને માણેકચોકમાંથી જ કમળીનું સૂગંધું આપતી ત્યાં ને ત્યાં કરજ પાસે સીવવા આપી પછી જ ઘેર પાછો ફરવાનો હતો.

'શેઠ પણ ત્યાંથી લેવો છે ?'

'હા, હા, તમે જુઓ તો ખરા, શેઠ પણ ત્યાંથી જ લેવો છે. વરઘોડા આવ્યો ત્યાં, પરમ દી. રૂપિયાનો પણ શેર. પણ આપણે તો રૂપિયાનો ભલે સોળ શેર મળે—બાજરાનો પણ લેવો છે તો માણેકચોકમાંથી જ.'

'મોડું બહુ થશે,' કાનો બોલ્યો. કાનો જુવાનજોધ હતો, પણ એના પગમાં પોતાના પ્રૌઢ સસરા જેવું જોમ ન હતું.

'બશેર જલેબી લેશું. ત્રણ દરવાજા પાસે ખાંચામાં પીળી ધરમક મળે છે, ને સસરાજમાઈ બેય ખાતા આવશું. ધોળી દૂધ જેવી રાત છે, પછી ભલેને સોપો પડી જાય.'

એક કૂતરું પૂંજાની હડફટે આવતું રહી ગયું ને પાસેથી સડડાટ કરતી મોટર ચાલી ગઈ. એની ધૂળના ગોટાથી આસપાસનાં ખેતર છવાઈ ગયાં, પણ પૂંજો તો અમદાવાદ ને માણેકચોક એ બે નામની જ માળા જપતો હતો.

'માણેકચોકમાં શું મનખો મળે છે ! ધોળકે મેળામાંય એટલાં તો ચાય !'

સસરાને ભોળા જમાઈએ કરેલી આ તુલના જરાક ખૂંચી અને જમાઈ 'કલ્ચર'માં—સંસ્કારિતામાં જરાક પાછળ લાગ્યો—માહિતીની દૃષ્ટિએ: પણ આજે પૂંજો ચિંતાના તોરમાં જ નહોતો; નહિતર કાનાને 'ઢોર જેવો છો' એમ કહી નાખત.

'તમારી સાસુ જીવતાં અમે આવ્યાં હતાં, આજથી પાંચ વરસ પહેલાં. એનો મંદવાડ વિરમગામનો કે નડિયાદનો કે અમદાવાદનો કોઈ દાક્તર વરતી ન શક્યો; પછી આપણી વટરામની વહુએ ડામ દીધા.'

પૂંજાનાં પગલાં જરાક નરમ પડ્યાં, એટલે કાનો સાથે થઈ ગયો. મિત્રના ખભા પર હાથ મૂકતો હોય એમ પૂંજો કાનાના ઉઘાડા કાળા ખભા ઉપર હાથ મૂકીને બોલ્યો: 'તમે નાના હતા તમને ખબર નથી, પણ કડવીની મા બહુ ચાલાક માણસ હતું.'

કડવી પૂંજાની મોટી છોકરીનું નામ હતું.

ભોળિયો કાનો સસરાની સામે જોઈ રહ્યો. અત્યારે પૂંજો એની સાથે મિત્રની જેમ વરતી રહ્યો હતો; પણ— 'દેવના એક વીસું રૂપિયા બાકી છે તે ભરી ગયા પછી તમારા માણસને— આ કડવીને—તેડી જજો,' એમ એણે જ કહ્યું હતું.

'તમે નાના હતા. કડવી પણ નાની હતી. પણ તમારી સાસુએ ક્યાં વરો આવ્યો ને ક્યાં ગયો કાંઈ કળાવા દીધું નો'તું, બહુ ચતુર માણસ.'

કાનો પોતાની સાસુનાં વખાણ સાંભળી રહ્યો. એને એટલી તો ખબર હતી કે પોતે નબાપો બન્યો ત્યારે વેણુની ખાતર પણ સાસુએ સંબંધ જાળવી રખાવ્યો હતો અને

એના દેશના રૂપિયા દસ વીસું ને બદલે છ વીસું લેવરાવ્યા હતા. એની સ્મૃતિમાં એની સાસુની મૂર્તિ પૂજ્ય ને પ્રેમભરેલી હતી.

પણ પૂંજાને તો આજે સાબરમતીનો આ કાંઠો જોઈને જૂનાં સંસ્મરણો જાગ્યાં હતાં.

'તમારી સાસુ સાથે હું આવ્યો. ત્યારે આંહીં આ બંગલા કે કાંઈ નહિ હો. બધે જંગલ. હું ને વશરામ તો લોટ લેવા હારે જ જાઈ. એ ને પેલો આરો દેખાય, ન્યાંથી અમે સીધા ખાનપુર દરવાજે નીકળી જાઈ. પણ તમારી સાસુ—લખમીનો જ અવતાર. હવે એવા માણસ કળજગમાં મળે નહિ. શું તમને વાત કરું, કાના!' પૂંજાએ કાનાના ઉઘાડા ખભા ઉપર હથેળી લગાવી. કાનો તો મૂંગો મૂંગો હોંકારો જ ભણતો હતો.

'ભાઈ, કડવીના વિવાહ કર્યા ત્યારે તમારી સાસુએ મને કહ્યું હો, કે આપણો જમાઈ દૂબળું માણસ છે તે દેશના રૂપિયા છ વીસું જ લેવા છે. ઉપર રાત જેવડું ધાબું છે. ખોટું નહિ બોલું. મારા મનમાં એક વીસું ઓછા લેવાનું હતું, પણ તમારી સાસુ ચતુર માણસ, ભાઈ, મને પણ માળું કોણ જાણે શું, તે એનો બોલ ઉથાપવાનું મન જ નો થાય. ભાઈ, ચાર વીસું ઓછા કરાવ્યા; એમાંથી હજી તમે એક વીસું ભર્યા નથી, પણ મારા મનમાં એનો દખધોખો કાંઈ ન મળે. ભાઈ, પછી વિવાહ તો ઊકલી ગયા. મૂકવું કારવવું પતી ગયું ને મેં કહ્યું: "કાં કેટલા રૂપિયા વધ્યા?"

"કાંઈ વધ્યું નથી. પસ્તાળીસ રૂપિયા ઘટ્યા છે," તમારી સાસુએ કહ્યું.

'"હવે! વાણિયાનું ક્યાંથી ચૂકવશો! નેમચંદ એક દી ખમે એવો નથી."

'તમારી સાસુ બોલતાં ભલૂ થોડું. ભાઈ, મને તો જવાબે ય નો દીધો. ત્રીજે કે ચોથે દી વશરામ ને મેઘો અને સતાપરવાળો કાળિયો સૌ આવ્યા હતા. તમારાં સાસુ હોય એટલે મારે મનમાં ઘરની કાંઈ ફકર નહિ. ભાઈ, હું તો હોકો ચગવીને લીમડા હેઠે બેઠો'તો હો, ને ગરાસ્યાની પેઠે વાતુંએ વળગ્યો'તો; પણ મનમાં ચટપટી કે જો નેમચંદ આવી ચડ્યો'તો આબરૂના કાંકરા થઈ જાશે. ભાઈ, તમારી સાસુએ તો ચોખા, ગળ, ઘી, બધું ય તૈયાર કંપલટ રાખ્યું ને સૌ બાણે બેઠા. એટલામાં નેમચંદ આવ્યો. મારાં તો હાજા જ મરી ગ્યાં. પણ તમારી સાસુ જબરું માણસ. કોઠલામાંથી રૂપિયા પચ્ચાશીય રોકડા કાઢીને ઓશરીની કોર ઉપર જ નવા નકોર ખખડાવી દીધા. હું મનમાં ધા ખાઈ ગયો કે આણીએ રૂપિયા કાઢ્યા ક્યાંથી!

'મેમાન તો ગયા. પછી મેં પૂછ્યું કે "તેં રૂપિયા કાઢ્યા ક્યાંથી!" મોઢું મલકાવીને દાઢીએ હાથ રાખીને એવો તો જવાબ દીધો, કે "તમારે શું કામ છે? કાઢ્યા ગમે ત્યાંથી."

—"'ના પણ તું વાત તો કર, કે રૂપિયા આવ્યા ક્યાંથી?" —મેં કહ્યું.

'તમારી સાસુનો સ્વભાવ જરાક હસમુખો ખરો, મને કહે કે "હું ચોરી કરી આવી છું."

'પણ હું કાંઈ માનું? મને ખબર હોય નાં, કે આ સતજુગનો જીવ કાંઈ ચોરી કરે!

'મેં કહ્યું કે "તું રૂપિયા ક્યાંથી લાવી એ કહે, નહિતર મારે બજરીનું દૂધ ઘી હરામ છે."

'તમારી સાસુ તો તાળી લઈને હસી પડયાં અને આપણી નાતમાં એના જેવો રાગ કોઈનો નહિ હો, ભાઈ. મને જવાબ આપવાને બદલે ભનકીને કહે, કે લે હું તને ગીત ગવરાવું, ગીત ગા, અને એમ કહીને ફળીમાં રાસડા શરૂ કર્યો:

'કારતકે વ્હાલા, કૃષ્ણકૃપાળા, વ્હાલા બંસીવાળા;
રા જ રૂ પા ળા રે, વ્ર જ માં આ વો ને.

'એટલામાં ત્યાં રૂડકી નીકળી. ત્યાં તો દામડી આ ને મોંઘી તેલનો શીશો લઈને જાતી'તી એ પણ થોડી ગ માણસને જોણું થયું. ને ભાઈ, રૂપિયાની વાત રૂપિયાં ઠેકાણે રહી ને ઢેઢપામાં રાસડાની રમઝટ બોલી ગઈ, એટલ બધી બાઈડિયું તે હું એકલો શું કરું? મનમાં કીધું ભલ ગાઈ લ્યે. પછી વાત.

'ભાઈ, મેં તો સાંજે ભાણું ઠેલી મેલ્યું. "રૂપિયા ક્યાંય લાવી એ વાત કર તો હા, નકર ખાવું હરામ." પછી ક કરે? મને કહે, કે "એ તો હું મુખિયાણીની પાસેથી ઉછીન લાવી છું. આપણે પછી ભરી દેશું."

'હવે મારે કંઈ મુખિયાણીને પૂછવા જવાય નહિ વખતે મુખિયાણીએ છાનાછપના આપ્યા હોય એટલે મુખી પુછાય નહિ. અને આપણે મુખિયાણી હારે બોલવું શી રીતે એટલે ભાઈ, રૂપિયાની વાત તો એમ થાળે પડી. ગામન વાણિયાનું તો ચૂકવી દીધું. પણ પરગામના વાણિયાન રૂપિયા સાત વીસું ને સાત હતા એ ક્યાંથી ભરવા? થોડા રાઘવા મોચી પાસે લેણા હતા તે આવ્યા. એક પારો ખાં નાખ્યો, પણ અંદર પેલે ગોકળીએ સોનીએ રૂપાના કરા

'તમારી સાસુ તો તાળી લઈને હસી પડ્યાં અને આપણી નાતમાં એના જેવો રાગ કોઈનો નહિ હો, ભાઈ. મને જવાબ આપવાને બદલે ભનકીને કહ્યું, કે લે હું તને ગીત ગવરાવું, ગીત ગા, અને એમ કહીને ફળીમાં રાસડા શરૂ કર્યા:

'કારતકે વ્હાલા, કૃષ્ણકૃપાળા, વ્હાલા બંસીવાળા;
રાજ રૂપાળા રે, વ્રજમાં આવોને.

'એટલામાં ત્યાં રૂડકી નીકળી. ત્યાં તો વાનડી આવી ને મોંઘી તેલનો શીશો લઈને જાતી'તી એ પણ થોભી ગઈ. માણસને જોણું થયું. ને ભાઈ, રૂપિયાની વાત રૂપિયાને ઠેકાણે રહી ને ઢેઢપામાં રાસડાની રમઝટ બોલી ગઈ, એટલી બધી બાઈડિયું તે હું એકલો શું કરું? મનમાં કીધું અને ગાઈ લ્યો. પછી વાત.

'ભાઈ, મેં તો સાંજે ભાણું ઠેલી મેલ્યું. "રૂપિયા ક્યાંથી લાવી એ વાત કર તો હા, નકર ખાવું હરામ." પછી શું કરે? મને કહે, કે "એ તો હું મુખિયાણીની પાસેથી ઉછીના લાવી છું. આપણે પછી ભરી દેશું."

'હવે મારે કંઈ મુખિયાણીને પૂછવા જવાય નહિ વખતે મુખિયાણીએ છાનાછપના આપ્યા હોય એટલે મુખીને પુછાય નહિ. અને આપણે મુખિયાણી હારે બોલવું શી રીતે! એટલે ભાઈ, રૂપિયાની વાત તો એમ થાળે પડી. ગામના વાણિયાનું તો ચૂકવી દીધું. પણ પરગામના વાણિયાના રૂપિયા સાત વીસું ને સાત હતા એ ક્યાંથી ભરવા? થોડા રાઘવા મોચી પાસે લેણા હતા તે આવ્યા. એક પારો ખંડી નાખ્યો, પણ અંદર પેલે ગોકળીએ સોનીએ રૂપાના કરા

'તમારી સાસુ તો તાળી લઈને હસી પડ્યાં અને આપણી નાતમાં એના જેવો રાગ કોઈનો નહિ હો, ભાઈ. મને જવાબ આપવાને બદલે ભનકીને કહે, કે લે હું તને ગીત ગવરાવું, ગીત ગા, અને એમ કહીને ફળીમાં રાસડા શરૂ કર્યા:

'કારતકે વ્હાલા, કૃષ્ણકૃપાળા, વ્હાલા બંસીવાળા;
રા જ રૂ પા ળા રે, વ્ર જ માં આ વો ને.

'એટલામાં ત્યાં રૂડકી નીકળી. ત્યાં તો શામડી આવી ને મોંઘી તેલનો શીશો લઈને જાતી'તી એ પણ થોભી ગઈ. માણસને જોણું થયું. ને ભાઈ, રૂપિયાની વાત રૂપિયાને ઠેકાણે રહી ને ઢેઢપામાં રાસડાની રમઝટ બોલી ગઈ, એટલી બધી બાઈડિયું તે હું એકલો શું કરું ? મનમાં કીધું ભલે ગાઈ લ્યે. પછી વાત.

'ભાઈ, મેં તો સાંજે ભાણું ઠેલી મેલ્યું. "રૂપિયા ક્યાંથી લાવી એ વાત કર તો હા, નકર ખાવું હરામ." પછી શું કરે ? મને કહે, કે "એ તો હું મુખિયાણીની પાસેથી ઉછીના લાવી છું. આપણે પછી ભરી દેશું."

'હવે મારે કંઈ મુખિયાણીને પૂછવા જવાય નહિ. વખતે મુખિયાણીએ છાનાછપના આપ્યા હોય એટલે મુખીને પુછાય નહિ. અને આપણે મુખિયાણી હારે બોલવું શી રીતે! એટલે ભાઈ, રૂપિયાની વાત તો એમ થાળે પડી. ગામના વાણિયાનું તો ચૂકવી દીધું. પણ પરગામના વાણિયાના રૂપિયા સાત વીસું ને સાત હતા એ ક્યાંથી ભરવા ? થોડાક રાધવા મોચી પાસે લેણા હતા તે આવ્યા. એક પારો ખંડી નાખ્યો, પણ અંદર પેલે ગોકળીએ સોનીએ રૂપાના કરડા

ગ્રા! મારે એરે બરાબર દગો દીધેલ, ને માંડ એના
ના અરધા ડીધલ્લા. વળી તમારી સાસુ સુખિયાણી
ફથી થોડાક લાવ્યાં ને એમ ઓટાગોટા કરી અમે તો
નું ચૂકવવા લાગ્યાં.

'પણ દીપચંદ તો ક્યાંય થાતો નથી હો. સાત વીસું આઠ રૂપિયાનું નામું નીકળ્યું, પણ એણે તો પાંચ વીસું વ્યા ને બીજા બે વીસું ને આઠ પાછા આપ્યા. કે'વા ક્યો, કે "નામું ચૂકતે નહિ કરું."

'તમારી સાસુ કહે, "મારે પાઈનુંય દેણું રાખવું થી. નામું ચૂકતે કરો."

'પણ દીપચંદ માને નહિ. કહે, કે "ના, તમારા જેવું ણ ચૂકતે નામું કરી જાય તો તો પછી દુનિયામાં વહેવાર મ હાલે! તમનારે રૂપિયા બે વીસું ને આઠ પાછા લઈ જાઓ ને વાપરો ને મારું નામું ભલે બાકી રહ્યું."

'મેં કહ્યું, "પણ દીપચંદ કાકા! વળી અપ પકડે તો તમારે ત્યાં જ કરવા આવીશું."

'દીપચંદ કહે, "તારી વાત સાચી, પણ તું અમારો ખાતેદાર રહે એવી અમારે આશા ન હોય!"

'જાઈ દાખ્ખા કરતાં રૂપિયા બે વીસું ને આઠ બાકી રાખ્યા. દીપચંદ બાપાનો લાખનું માણસ હો

'અહિને રૂપિયે પૈસા લેખે સાવકારી વ્યાજ ગોણ્યું ને જમાગે માંડે રૂપિયા પાછા અપાવ્યા.

'પછી હું ને તમારી સાસુ તો રૂપિયા લઈ ને પાછા વળ્યાં. ત્યાં દીપચંદ પાછા હોંકારો. અને કહે, "કાલે પાછા તમારું કામ છે." દુકાને રવો ત્યાં આવ્યાં, દેવદ દેહ થી.

ત્રણ શેર જેટલો ગોળ, દશ શેર ઘઉં મારા મોં આગળ મૂક્યાં. મને કહે, "ઉપાડી લો. તમારું આટલું નાનું થાય તે મારે પણ સોપારીનો કટકો આપી જાણવો જોઈએ." મેં ના કહી પણ કાંઈ માને? પછી મેં પણ એને બે રૂપિયા પાઘડીના કરીને આપ્યા અને અમે ઘેર આવ્યાં.'

જેવી મીઠાશ ભૂતકાળની યાદીમાં માણી તેવી જ મીઠાશ પેલો બશેર જલેબીમાં લેતાં લેતાં, પૂંજાએ કાનાને સઘળી વાત પાછા ફરતી વખતે કહી સંભળાવી હતી. સાબરમતીનો વિશાળ પટ ખાલી પડ્યો હતો. ઉપર ધોળી દૂધ જેવી ચાંદની વરસતી હતી : નીચે રેતીની સફેદ ચાદર આકર્ષક ને મોહક બની રહી હતી; અને ચાંદનીમાં પસાર થતી આછી વાદળીની છાયા જેવી સ્મરણકથા પણ સુંદર હતી.



ત્યારપછી પૂંજાનું આ ચતુર બૈરું મરણ પામ્યું.

લક્ષ્મી ગઈ અને પૂંજાનો સઘળો જીવનરસ ઓસરી ગયો. પછી તો છોકરી ભનકીને લઈને એ ઓટલે બેઠો રહે. પેલો જૂનો લીમડો, એનો જીવનસંગાથી જેવો હોકો, અને બહુ હોય તો એકાદ રડ્યુંખડ્યું કૂતરું. બસ, જાણે કાંઈ કામધંધો ન હોય તેમ એ બેઠો જ રહેતો. સૂરજ ઊગતાથી આથમતા સુધી, કેટલાક પેનશનર ખાટ ઉપર હીંચક્યા કરે છે તેમ, પૂંજો પેલા ઓટલા ઉપર હોકો લઈને બેઠો જ હોય!

પણ લક્ષ્મી મરી ગઈ ત્યારે પૂંજાએ નાત કરી હતી એટલે એનું દેવું થયું હતું. જમાઈ પાસેથી દેશના રૂપિયા વધુ મળે એવો સંભવ હતો નહિ, એટલે પૂંજો ધીમે ધીમે

ામે જવા લાગ્યો, ને મહેનત કરી કરીને સૌનું દેણું ચૂકવવા લાગ્યો.

[illegible] મરી ગયાં ત્રણ વર્ષ થયાં. ને દરમ્યાન અનેક વાર બીજું ઘર કરાવવાનો પ્રયત્ન થયો. પણ પૂંજો એક જ જવાબ વાળતોઃ 'ના મારાં છોકરાં દુખી થાય, એની માએ મને ભળાવ્યાં છે.'

છોકરીને સાચવવી, મજૂરી કરવી, ને જીવનની વધુ [illegible] કરતી આવે ને એ રોટલા ટીપી જાય તે ખાઈ લેવા એ સઘળી વાતથી પૂંજો હાયરકાયર થઈ ગયો. આડોશી-પાડોશી સૌ એને વઢ્યાં કે હવે તો તું બીજું ઘર કરી લે એટલું જ્યાં એ ટકી રહ્યો હતો. ને કે હવે નાતમાં તો એની વાત પણ થાતી હતી કે છતે પૈસે દુઃખી થાય છે. પણ પૂંજાનો વિચાર હતો કે દેવું ચૂકવાઈ જાય, અને છોકરાં પોતપોતાને ઘેર આવતાં જતાં થાય ને પછી કામનું માણસ મળે તો વળી ઘરસંસાર ફરી માંડવો.

એક વખત પૂંજો મજૂરીએ ગયો ત્યારે રામલી બાવળનો ભારો લઈને આવતી હતી. રામલી પાસેના ગામડાની હતી અને એટલામાં પોતાના રૂપ અને યૌવનને લીધે પ્રસિદ્ધ હતી. પૂંજાએ એને [illegible] કહેવરાવ્યું હતું. પણ રામલી એક જ તોછડો જવાબ વાળતી. 'મારે તો હથેળીમાં ઝુંકાવે એવું શોખીન માણસ જોઈએ' એની મારકણી નજર અને નવું યૌવન એને પુરુષ પ્રત્યે જરાક બેદરકારીથી જોતાં શીખવી રહ્યાં હતાં. જ્યારે સ્ત્રીને પોતાના રૂપનું ભાન હોય છે ત્યારે એની મસ્તી એમાં પ્રકારની બને છે. રામલીની [illegible] રામલીને મરેલી દેહ આવા મસ્તી ભાવથી રહી હતી. પૂંજો દરરોજ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ચડતું નથી.'

આ ફટકો ચામડીને સોંસરવો નીકળે એવો હતો. 'ભઈ, હા. અમે તો જાનેને કાળાં [illegible], તું [illegible] લાવજે,' એટલું બોલીને ચામડીએ [illegible] માથે [illegible]

[illegible] પણ [illegible] છે, [illegible]

અને એક [illegible]

[illegible] ત્યારે [illegible]

[illegible]

[illegible]

[illegible]

'તે તમે બલોયાં કેમ પહેરતાં નથી?'

પૂંજો પૂરી જાણુ વિના કે ભાન વિના ઊંડા પાણીમાં ઊતરતો હતો.

શામડી મલકી પડી : એવા આત્મસંતોષથી કે પૂંજાને પોતે આકર્ષી રહી છે.

'નહિતર તો જાણે પોતાને ખબર નહિ હોય! રંડવાળને બલોયાં પહેરતાં જોયાં હશે કાં?'

'એમ? તું—તમે રાંડયાં છો?'

'ઓહોહો! કાંઈ વાત છે? તને ખબર નહિ હોય!'

'તે હવે નવું ઘર માંડો ને!'

'મને કાળીકૂબડીને કોણ રાખે? સૌને ગોરું બૅરું જોઈએ.'

પોતાના રૂપના સંપૂર્ણ ભાન સાથે શામડી બોલી. એટલે એના બોલવામાં એક જાતનો ગર્વ હતો. 'મને ન રાખવાની હિંમત કોનામાં છે એ તો બતાવો?' એવી જાતનું જાણે કે આહ્વાન હતું.

'લે હવે ઠેકડી જવા દે ને, કહું છું, ખિજાતી નહિ હો. મારી હાંસડી બાંધ ને!'

શામડી બે હાથની તાળી લેતી હસી પડી: 'લ્યો, તમારે તો એક કરતાં એકોતેર મળે છે ને?'

'હા, પણ એમાં તારા જેવી કોઈ ન મળે!'

'ના રે, આપણે તમારાં જેવા મોટા માણસની પડખે ચડવું નથી. આપણે તો કોક આછુંપાતળું માણસ જોઈએ.'

'લે, હવે શામડી! સાચી વાત કર ને!'

'ના રે!' શામડી લહેકો કરતી ચાલી ગઈ. પણ પૂંજાને 'ના રે'ની પાછળ જ રહેલો 'હા રે!' નો સ્પષ્ટ અવાજ સંભળાયો.



હાંતના ચાર ખસોલાં ને સાકલો તૈયાર રાખીને પૂંજો તો શામડીની હા પડે એની રાહ જ જોઈ રહ્યો હતો. શામડીની બહેન કેસરે સમાચાર પણ આપ્યા કે શામડીએ હા પાડી છે.

પણ નિર્વિઘ્ને કામ પાર પડે તે પહેલાં અતિ મહેનતને પરિણામે પૂંજો સખત માંદો પડી ગયો.

પૂંજાએ કાગળ લખેલ એટલે કડવી ને કાનો પણ રેલવેમાં આઘે કામ કરવા ગયેલાં, ત્યાંથી ચાકરી કરવા આવી પહોંચ્યાં.

પૂંજાનો મંદવાડ તો લંબાતો ગયો. એમાં પાછા વશરામની ડાહી વૈદ જેવી વહુએ ડામ આપ્યા હતા. બિચારો પથારીમાં પડ્યો હાંફતો હતો. ઘરની ઘરવખરી એક પછી એક પગ કરવા માંડી. કાંઈક ભૂવાને દેવું પડ્યું, કાંઈક જોશીના જોશમાં આપ્યું, બાકી દવાની પડીકીમાં ગયું. પૂંજો બધી રીતે ઘસાતો ચાલ્યો.

અષાઢ માસની એક મેઘલી રાતે પૂંજો વધુ માંદો હતો. કાનો વશરામને બોલાવવા ગયો હતો. એક ખૂણામાંથી દોઢ પૈસાનો ઘાસલેટનો દીવો પ્રકાશ આપી રહ્યો હતો. ચૂલા ઉપર ધાનનું માટલું પડ્યું હતું, એમાં મોં નાખીને બિલાડી ખાવાનું કરતી હતી. કડવી ગમગીન બનીને બાપની પાસે બેઠી હતી. છોકરી જનકી બહાર સૂતી હતી.

'કડવી! હવે તો મને [illegible]
તાકાત આવી ગઈ.'

કડવીએ તરત ચૂલો સળગાવ્યો. [illegible] દીવાસળી બાકસમાં નાખીને જ [illegible] ગઈ.

'બાપા!'

'કેમ દીકરી! કડવી' શું [illegible]'

'આ આપણું પાણિયારું છે ને!'

પૂંજાને આ સવાલથી નવાઈ લાગી, પણ તેણે ડોક ધુણાવીને હા પાડી.

'એ તો જનમનું જોયું છે, કડવી! તારી મા જીવતાં એ પાણિયારાનું રૂપ જુદું હતું. ત્યાં તાંબાપિત્તળની હેલ રે'તી. નીચે ચૂના જેવી ગાર થાતી ને ઉપર ચિતરામણ હતાં.'

કડવી છેક પૂંજા પાસે આવી.

'બાપા! મારે એક વાત કરવી છે. મારી માએ તમને કહેવાની કહી હતી.'

પૂંજો પથારીમાં અરધો બેઠા જેવો થઈ ગયો. તેની આંખ ભૂતકાળના પડદા ચીરીને કડવીની મુખાકૃતિમાં સચવાયેલું લક્ષ્મીનું મોં જોઈ રહી. તેના ચહેરા પર દીવાનો પ્રકાશ પડતો હતો અને મોં ઉપર અપાર્થિવ તેજ હતું.

'કોણે? તારી માએ કહી છે?—તું આજ હવે મને આ વાત કહેવા બેઠી? આજ સુધી તો સાંભરી?'

'આ આપણો ચૂલો આંહીં જ હતો?'

'હા.'

'અને આ પાણિયારું. તઈ તો બાપા, એ બેયની વચ્ચોવચ્ચ મારી માએ રૂપિયા સાચવીને રાખ્યા છે!'

'હું!'

'અને મને કહ્યું'તું કે તારા બાપા મજૂરી કરીને કામી ખાય, ત્યાં સુધી કાંઈ બાતથારી નહિ. રૂપિયા જોઈને નવી બાવડીના છંદમાં પડશે અને તમને દખ પડશે. પણ તારા બાપા દખી થાતા હોય, કોઈ આબરૂનો સવાલ આવ્યો હોય, કાળદકાળ પડે, તમારી માંદગીમાં ખપ પડે, તો આ રૂપિયા બતાવજે. આજ મને ઈ સાંભર્યું બાપા!'

અંતરના ઊંડા મંથનમાં પડ્યો હોય તેમ પૂંજો કડવીની સામે જોઈ રહ્યોઃ 'કડવી! તેં બેટા, આજ સુધી આ વાત સાચવી રાખી. આવું તારું ડહાપણ, એ તો તારી મા સિવાય બીજે ક્યાંયથી મળે નહિ. શી એની ચતુરાઈ! જો ને આજ ખરે ટાણે એણે મને બચાવી લીધો!'

પૂંજો વધારે બોલી શક્યો નહિ, પણ એનું અંતઃકરણ અનેક વિચારો કરી રહ્યું હતું.

એટલામાં બારણું ઊઘડ્યું ને વશરામને તેડીને કાનો આવ્યો.

પૂંજાને જરાક સારું છે, એ જોઈને બન્નેને હૈયે ધરપત વળી. કડવી પૂંજા માટે શેરો તૈયાર કરી રહી હતી. બીજે દિવસે સવારે પૂંજાએ કાનાને બોલાવ્યો. રાતમાં કડવીએ રૂપિયા દોઢસો ભોંમાંથી કાઢી લીધા હતા. પૂંજાએ પોતાની પથારી નીચેથી એક રૂપિયો ફેંક્યોઃ 'લ્યો કાના, આ રૂપિયો. ઘીગળ લઈ આવો ને શેરો કરીને આજ તો સૌ ખાઈએ. બજારમાંથી પાછા ફરો, ત્યારે શામજીને જમવાનું નોતરું દેતા આવજો!'

સજળ નેને કડવીએ બાપની સામે જોયું. એની માએ ભાખ્યું હતું એ જ પ્રમાણે ભવિષ્ય થયું. પૂંજો હવે બીજું ઘર કરશે. ભાઈ, દોઢસો રૂપિયા ક્યાંથી ?

શામડી જમવા આવી. એનું યૌવન ને રૂપ તો સૌને આંજે એવાં જ હતાં.

સૌ જમવા બેઠાં.

એક તાંસળીમાં પૂંજો પણ શેરો ઉડાવી રહ્યો હતો. એને વિશ્વાસ બેઠો હતો કે હવે પોતે સાજો થઈ ગયો છે.

'શામડી ! આજ તો મેં તમને એક વાત કહેવા બોલાવ્યાં છે !'

શરમની મારી બિચારી કડવી નીચે જોઈ ગઈ. કાનો બોલ્યો નહિ, પણ એનું મન દુભાયું. શી વાત છે એ સૌને ખબર હતી.

'તમારે માટે મેં બલોયાં લઈ રાખ્યાં હતાં, સાડલો લઈ રાખ્યો હતો, એટલામાં તો હું માંદો પડ્યો.'

કડવીનો અંતરાત્મા કકળી ઊઠ્યો. માએ જે આગાહી કરી હતી તે જ પ્રમાણે થયું.

'પણ કાલે તો અચાનક કડવીની મા સોણામાં આવ્યાં. એવું ને એવું તાજું શરીર છે, નમણી આંખે મારી તરફ જોઈ રહ્યાં છે.'—કડવી, કાનો ને શામડી સૌ સાંભળી રહ્યાં.

'જાણે મારી સાથે હમણાં બોલશે, પણ કોણ જાણે કેમ કાંઈ બોલ્યાં નહિ. પણ ઇશારત કરીને કહ્યું કે રૂપિયા દોઢસો મેં તારે માટે રાખ્યા છે, તે ભોંમાંથી ખોદી લે. ખાઈપીને તાજો થા. મજૂરી કરીને કામતો થઈ જા અને છોકરાંને સાચવ !'

'હેં!'

'હા સાચું કહું છું. મેં વેણ આપ્યું, પછી જ અલોપ થયાં.'

કડવી મનમાં ને મનમાં હસી રહી.

'હવે મારાથી બીજી વાત નો થાય. બલોયાં ને સાંકળો પાછાં લખમીનાં થઈ ચૂક્યાં! લખમી તો સુખડના લાકડા જેવી હતી. એની કાયા હાલી ત્યાં સુધી અમને સૌને પાળ્યાં અને કાયા ગઈ ત્યારે પણ મીઠી માયા ભૂલી નહિ!'

કડવી બાપાની સામે જોઈ રહી. પૂંજો જાણે લક્ષ્મીને પ્રત્યક્ષ જોતો હોય તેમ બોલી રહ્યો હતોઃ 'હવે તો લખમી આવી ગઈ પાછી ઘર સંભાળવા, એટલે મને નિરાંત થઈ. મને મનમાં તો હતું જ કે લખમી જેવો દેવતાઈ જીવ મને ભૂલે તો નહિ!'



માણેકચોકમાંથી પાછા ફર્યા પછી, સાબરમતીના પટમાં જલેબી ખાતાં ખાતાં પૂંજાએ પોતાની આખી સ્મરણકથા કાનાને સંભળાવીઃ 'માથે રાત જેવું થાયું છે, કાના! સાચું કહીશ હો, ભાઈ! એ દિવસની ઘડી ને આજનો દી મેં શામળીને ફરીને નીરખી નથી કે કેવીક છે ને શું કરે છે.

'અને મને સપનુંબપનું કાંઈ ન મળે. પણ મનમાં ઊગી નીકળ્યું કે હે જીવ, જેણે જિંદગીભર મને કાંઈ વરતાવા દીધું નહિ, એનું આટલું સંભારવું ન રાખું તો તો પછી મનખા દેહ મળ્યો નો મળ્યો.'

'મેં તો નવાં નકોર ગાભાં, સાડલો, સઘળું એમ ને એમ રાખી મૂક્યાં.

'આજ હવે મને ખબર પડી કે તમારી સાસુ કહેતાં કે હું તો મુખિયાણી પાસેથી પૈસા લાવી, ચોરી લાવી, એ બધું ય ગપ. આપણું કેડસાણું તે ચોરલોકની જાત. ગમે તેવાં ખરચ કરતાં પાછું વાળી જોવાના નહિ. એવો વરો કે એવું ટાણું આવે ત્યારે તમારી સાસુ પાંચ પૈસા ભેગા કરી રાખે. પૈસો પૈસો કરીને સાચવી રાખે. અને આજ હવે ખબર પડે છે કે એ બધું ય સાચવી સાચવીને ખરે ટાણે જવાબ આપે એમ રાખી મૂકે. તમારી સાસુની ચતુરાઈ તો ચાલી નથી કંઈ.

'અને કડવીને મરતી વખતે પાસે બોલાવી કહ્યું, "દીકરી! આ વાત તારા પેટમાં રાખજે હો. તારો બાપ મારી પાછળ નાત કરે તો એની મજૂરીમાંથી ભલે કરે. તારા વર પાસે વધુ પૈસા માગે તો તું ના પાડજે અને હું જે પૈસા દેખાડું છું એ તો ખરે ટાણે વાપરજે. અમથા-અમથા બતાવીશ માં."

'મને મનમાં થાતું જ 'તું કે તમારી સાસુ સારી ઘરવખરી સચવાઈ રહે એવું કાંઈક કરતાં ગયાં હશે, અને જુઓને, એમ જ થયું! એવા કોક સતજુગના જીવ નીકળી આવે છે!'

જલેબીવાળો ખાલી કાગળ ફગવીને પૂંજે બેઠો થયો ને આથેઆથે ઊગતા ચંદ્રને જોઈ રહ્યો. સાસરાજમાઈ મૂંગે હૈયે ને ભારે પગે પોતાના વાસ તરફ પાછા ફર્યાં.

પણ લક્ષ્મીની જીવનસુગંધ જંગલના પવનમાંથી પણ આવી રહી હતી.

અનાદિ અનંત

'**અને** આખું ગામ તો જોઈ જ રહે હો.'

'અરે, જોઈ શું ! રંગ જ રહી જાય. પાનવાળા, પચીસપચીસ રૂપિયા તો કમાઈ જાય.'

'બીડીવાળાને કાંઈ ઓછો વકરો ન થાય હો.'

'અને ચાની હોટલવાળા !'

'ગામમાં માણસ પણ સમાય નહિ હો.'

'અને ગાદલાંગોદડાં !'

'ગામ તો જોયાં જ કરે.'

'અને નદીના પટમાં રાતે પાગરણ પાથર્યાં હોય.'

'ઓહોહો ! ભારે મજા થઈ જાય હો.'

'અને જસરાજ મોદી તો મેડીના પાયા જ નાખે.'

'પેંડાં તો ઘી જ ખૂટી પડે.'

'ઘી તો બે મહિના અગાઉથી ભેગું કરીએ ત્યારે રહે.'

'ખાંડ તો વીરચંદને ત્યાંથી નામે જ લાવવી પડે.'

'શું કરવા ? પાઈએ પાઈ ચોખ્ખી કરી નાખવી.'

'પણ ઉનાળો હોય તો એક દખ આવે.'

‘ હા. લિલોતરી શાક ક્યાંય મળે નહિ, ત્રણ ગામના તરભેટામાં ક્યાંય મળે નહિ.’

‘ એ તો એની ગોઠવણ પણ થઈ જાય.’

‘ શું કરવા ? કોન્ટ્રાક્ટ નો આપે ?’

‘ શાકનો ?’

‘ ત્યારે, પૂંજાને કહેવાનું. બટેટાં વિના ચા નહિ.’

‘ તેલ તો ગીગલા ઘાંચીને પંદર દિવસ અગાઉથી કહેવું જોઈએ.’

‘ પણ રંગ રહી જાય હો !’

‘ રંગ શું ! ધજા બંધાઈ જાય.’

‘ અને વાઘલો તો જોઈ જ રહે.’

‘ પાનીમામી પણ જાણતી જાય.’

‘ ભલા માણસ બીજું શું ? પરદેશ વેડ્યો લેખે લાગી જાય.’

‘ અને બ્રાહ્મણ સાગમટે નોતરવા. ભૂદરજી મા’રાજ, ને તરજો, ને વેલો. બહુ મજા થાય હો.’

‘ ઉપર બે આના દક્ષિણા.’

‘ સંપૂર્ણ સ્વરાજ્યતંત્ર હેર કટીંગ સલુન ’માં કોઈ ઘરાક નહિ હોવાથી, જાદવજી વાણંદ અને તેનો સાથી રાઘવ વાણંદ જરાક વાતોની લહેરે ચડ્યા હતા. બન્ને એમ વિચાર કરતા હતા કે અમદાવાદી હેર કટીંગ સલુનમાંથી જે પૈસા મળે, તેની પાંચે પંદરે પણ, દેશમાં જઈને જો એક નાત કરી હોય તો વાહવાહ થઈ જાય. પછી તો આજકાલમાં નાત થવાની હોય તેમ વસ્તુસંગ્રહની વાતો પણ કરી કાઢી. સાધારણ રીતે જે વાત અશક્ય લાગતી હોય તેને માણસ

વાતમાં પોતી પોતાને સુખ્ય બનાવે છે. એથી એને એ કરી નાખ્યાનો આનંદ આવે છે. છોકરું ટેકી નથી શકતું ત્યારે વારંવાર 'હું ટેકી જાઉં છું હો' 'હું ટેકી જાઉં છું હો—' એમ બોલ્યા કરે છે. જાદવજી વાળંદને, આખું ગામ તો જોઈ જ રહે, એ કલ્પના સરસ લાગી તો રાઘવને, ખીટીવાળા ઉપર ઉપકાર થાય, એ વાત ગમી ગઈ; ને પછી તો બન્ને જણા છેવટ બાબજુને દેવાની 'દક્ષિણા' સુધી આવી પહોંચ્યા. એટલામાં એક ઘરાક આવી ચાપ્યું એટલે થોડીકવાર જાદવજી રોકાઈ ગયો, પણ 'કોલગેર્ટ સોપ'માં ઘણ ઘસતાં ઘસતાં એની કલ્પનાની આંખ તો પોતાના નાના સરખા ગામમાં પેલો બુઢ્ઢો બાબજુ જાદવજીભાઈના ઘરનાં નોતરાં ફેરવી રહ્યો હોય તેમ ત્યાં જ ચોંટી ગઈ. એ ગામ, નદી, ઝાડનાં ઝૂંડ, જાદવજીએ મૂકેલો જમન, નાતમાં એની નામના, ગામમાં એની વાત, જે ભાભીએ કાઢી મૂક્યો હતો તે પાનીમાથી પેર આંટા ખાતી હોય, વાઘલો—એનો સાળો—વહુને મોકલતો નહોતો તે તો જોઈ જ રહે. બિચ્ચારો! જાદવજી! 'કોલગેર્ટ'માં ઘણ ઘસવાને બદલે ઊભો ઊભો બગાસાંમાં ઘણ ઘસી રહ્યો હતો. ઘરાકે નજર ઊંચી કરી

'કેમ! કેટલી વાર!'

'છ, તૈયાર.' કહીને જાદવજી સાવધાન થઈ ગયો પણ એ ઘરાકે બહાર પગ નહિ મૂક્યો હોય ત્યાં તે રાઘવ તરફ ફર્યો

'હજાર રૂપિયા ખરચ થાય હો!'

'હજાર!—હજારમાં તો હજાર કામ થશે!'

'ત્યારે!'

'છસો–સાતસો. સાડાસાતસો હદ થઈ ગઈ.'

બીજું ઘરાક આવ્યું.

બિચ્ચારો જાદવજી! વળી રૂમાલ ઝાપટીને તૈયાર થઈ ગયો, ને ચિરપરિચિત 'કોલગેઈટ' ઉપર બ્રશ ઘસવા માંડ્યો. પણ આજના એના સ્વપ્નાની ધૂને એને એક બે વખત ભૂલ કરાવી દીધી.



રાજપરાને પાદર વૈશાખ સુદ પૂનમે મોટો જગન મંડાઈ ગયો હતો. જાદવજીના ઘરનું ગામને ધુમાડાબંધ નોતરું હતું. પારાયણની પૂર્ણાહુતિ હતી. જાદવજીની નાતવાળા આડાં અવળાં છમકલાં કાઢીને કાંઈક વિઘ્ન આવે તો સારું એવી યુક્તિ ગોઠવી રહ્યા હતા.

'ધુમાડાબંધ જોને માડી! કે' છે નાં પુરુષના કરમ આડે પાંદડું તે આ.' જાદવજીની મામી પાનીમામી ફરતાં ને ફરતાં વાત કરતાં હતાં. જાદવજી નાનો હતો, નબાપો હતો, ત્યારે પાનીમામીએ જ એ રેઢિયારને કાઢી મૂક્યો હતો. આજે પાનીમામી, પોતાના ભાણેજનો વરો તે પોતાનો ડોઢ તેમ મહાલી રહ્યાં હતાં.

જાદવજીની વહુ સાખુ જરાક કમાણસમાં ગણાતી: પણ તો સાધારણ રીતે શહેરોમાં જેમ 'સભા' વગેરેમાં વખત ગાળવામાં—નહિ કે કામ કરવામાં—માણસ એક જાતનું ગૌરવ માને છે, તેમ ગામડામાં બીજાની કથા કરવામાં ગૌરવ મનાય છે. બીજાના ઘરની રતીએ રતી ખબર રાખવી, એ જ એક રીતે ગામડાનું નાગરજીવન છે એટલે જાદવજી પોતે સંભાળ રાખે તેના કરતાં પણ સાખુની સંભાળ બીજાં જ

વધારે રાખતા. વાઘલાને અને રાઘવને બરાબર બજાર વચ્ચે એ સંબંધે જ જામી. 'તે એવી માત્રામાં રાઈ રાખતા હોઈએ તો પોતાની ખોનદાનીકરીનું રખોપું રાખીએ,' ત્યાંથી પ્રથમ અધ્યાય શરૂ થયો, ને સારે નસીબે પૂંજો નીકળ્યો—અને પૂંજાને ભય હતો કે શાકના કોન્ટ્રાક્ટના પૈસા ખોટા થાશે, એટલે ટંટિયા ઉપર ટાઢું પાણી રેડ્યું, પણ એટલામાં જાદવજી નીકળ્યો. અને આજે એના મગજ પર સમ્રાટની મનોહત્યાનો ભાર હતો એટલે એણે તો વાઘલાને પડકાર્યો:

'કલાક ત્રણની અંદર મારું માણસ રજૂ કરી દેજે, નહિતર તારા માથા ઉપર એક વાળ રહેવો નથી.'

'એ ભાઈ...આ નો'ય અમદાવાદનું પાણી. આ તો રાજપરા. હજી તો સંઠ વીરચંદ મોદીને ત્યાં પડી છે!'

વાક્ય તો ત્રણ જ હતાં, પણ તેમાં રહેલો નફ્ફટ વ્યંગ માણસને બાળી નાખે એટલો તીવ્ર હતો. જાદવજી હવે રહી શક્યો નહિ. તેણે પગમાંથી ખાસડું કાઢીને જ ફેંક્યું. માણસની નીતિ માટે સંસ્કાર ન કેળવાય, તો એકલી સિપાઈઓની ફોજ, કોર્ટ કે જેલ કોઈ પણ નીતિ શીખવી શકતાં જ નથી. જાદવજીએ ફેંકેલું ખાસડું વાઘલાને વાગ્યું. આ હંદયુદ્ધ જોતા અનેક નવરા જુવાનિયા હસી પડ્યા, એટલે તો વાઘલો ભાન ભૂલી ગયો. અસ્ત્રો કાઢીને જાદવજી સામે દોડ્યો. પણ જાદવજીએ તેનો હાથ પકડી મરડીને અસ્ત્રો જ ખૂંચવી લીધો, ને રાઘવે તેનો બીજો હાથ પકડી રાખ્યો. આવી રોહા જોઈને પાણિયારીઓ પણ રસ પાવાથી માથે બેડાં સહિત ઊભી રહી ગઈ. જાદવજીએ હાથ મરડી રાખીને જ વાઘલાને પૂછ્યું:

'ત્રણ કલાકમાં મારું માણસ રજૂ કરે છે કે નહિ?'

'એ ના, ના, ને ના. ત્રણ કલાક તો શું પણ ત્રણ વરસેય ના.'

'કેમ?'

'બસ, વળી અમારી મરજી.'

'કેમ મારું માણસ નથી?'

'કોરટમાં જા. કોરટનાં બારણાં ઉઘાડાં છે.'

'કોરટમાં જાય ઈ બીજા. હાલ્યો આવજે. આ તારે ઘેરથી જ મારું માણસ કબજે કરું છું.'

'માણસ' વિષે કાંઈક એવો જ ખ્યાલ પ્રચલિત છે કે માણસ—મારું માણસ—એટલે હું સરમુખત્યાર. જાદવજી દોડતો વાઘલાને ઘેર જ પહોંચ્યો. વાઘલાની બેન લાખુડી કોઈએ ખબર આપ્યા હશે એટલે, બારણામાં જ ઊભી હતી, અને અધૂરામાં પૂરું નથુવાણંદ પણ ત્યાં ઊભો હતો. નથુવાણંદ વિષે—જેમ ગામડામાં બીજી અનેક પાયાવિનાની વાત ચાલે છે તેમ—વાત ચાલતી હતી કે, લાખુડીની આંખની ઇશારતનો એને જેટલો અભ્યાસ હતો તેટલો બીજા કોઈને ન હતો. જાદવજીને શ્વાસભર દોડતો આવતો જોઈ લાખુડી બારણું ઠસાવવા ગઈ, પણ એટલામાં તો જાદવજીએ તે પકડી રાખ્યું ને લાખુડીને બારણામાં રોકી.

'મોઢા આગળ થઈ જા. પહેરેલે લૂગડે આગળ થઈ જા'

'મારે નથી આવવું.'

'કેમ?'

'મારે નથી આવવું.'

'અરે ભાઈ, જાદવજીભાઈ, જરાક ધીરા પડો.' નથુ
કહેવા માંડયો. પણ જાદવજીએ તો લાખુડીને હાથ પકડી
હાર કાઢી. લાખુડીએ પોકરાણ માંડયું: 'મારે ઘેર નથી
આવવું. જા, નહિ આવું.'

'નથી આવવું?'

'ના.'

'એમ! નથુડાનું ઘર માંડવું છે કાં, ત્યારે લેતી જા.'
જાદવજીએ અજાયી લાખુડીનું નાક કાપી લીધું. લાખુડી
કાળી ચીસ પાડીને ઢળી પડી. અલ્યો નથુડા તરફ ફેંકી
તે દોડયો ગયો. એટલામાં વાઘલો દોડતો આવતો હતો, પણ
રાઘવે તેની પાછળ પડીને તેને પકડી રાખ્યો હતો. વાઘલે
લાખુડીને પડતાં ને જાદવજીને દોડતાં જોયો, પણ રાઘવે
તેને અરધી કલાક સુધી રોકી રાખ્યો. વાઘલો ઘેર પહોંચ્યો
ત્યારે લાખુડી બિચારી ખાટલે પડી હતી. આવી રીતે તે
દિવસે રંગમાં ભંગ થઈ ગયો. ફરિયાદ થઈ. પણ જાદવજીએ
જામીન ઉપર છૂટીને નાનમાં બમણા રોફથી એક
વખત તો વાહવાહ કહેવરાવી દીધી. કેટલાક એને 'બાપનો
દીકરો' જેવો માનવતો ખલકાબ આપ્યો. 'એ તો એ જ
લાગની હતી' એવુ બૈરાંઓએ લાખુડી માટે કહ્યું ને નથુડો
નાનમાં ન ફરકયો. એમ તે દિવસે તો 'બાપના દીકરા'એ
રંગ રાખી દીધો.



'વીસ રૂપિયા ને એ વખત આ ખોટી! ખોટી તો
અમે સમજતા નથી.'

'ખાવાની રજા?'

'બારથી બે. બારને ટકોરે જવું ને બેને ટકોરે આવવું. સાંજનો કાંઈ મેળ નહિ. જેવી ઘરાકી.'

'ભડનો દીકરો' જાદવજી અઢી વરસ જેલમાં જઈને અમદાવાદમાં આવી ગયો. હેર કટીંગ સલૂનમાં પાછો નોકરી શોધવા માંડ્યો. રાઘવ ક્યાંય મળે તો બે ઘડી ઠોઠાં ખાલી કરવા થાય, એમ ધારીને તે ઘણી વખત રાઘવની તપાસ કરતો, પણ રાઘવનો પત્તો લાગતો નહિ. એટલે પછી જાદવજી એકલો જ મૂંગો મૂંગો કામ કર્યા કરતો. રાઘવ હોય તો બેય જણા નાટકસિનેમામાં જાય; સાથે ચાપાણી કરે. ઘણુંખરું નાટકની કળા વિષે રાઘવ જે મત આપતો તે જાદવજીને કબૂલ હતો. 'ટર્કીશ બાય'નું ચિત્ર રાઘવે જ પસંદ કરી દીધું હતું. નાટકનાં જેટલાં ગાયન રાઘવને મોંએ હતાં, તેનો સોમો ભાગ પણ જાદવજીને ન આવડે. વળી નાટકનાં પાત્રો પહેલાં ક્યાં હતાં, પછી ક્યાં ગયાં, તે તે દરેકની રોજનિશી પણ, રાઘવને જીભને ટેરવે. જાદવજી તો રાઘવનો મત બોલી જાય એટલું જ. વળી જેટલા નોકરિયાત વાણંદો હતા તેમાં રાઘવનું માન હતું. એ કલમબાજ ને બારિસ્ટર ગણાતો. એટલે જાદવજીની મિત્રવિહોણી સૃષ્ટિ કઠણ ને કલ્પનાના રસવિનાની નક્કર હકીકત જેવી સુકી બની ગઈ. જાદવજીને સજા થઈ પણ રાઘવ અપીલમાં છૂટી ગયો હતો. ત્યારપછી થોડો વખત તો તે અમદાવાદમાં જ હતો. પછી સમાચાર હતા કે મુંબઈ ગયો છે. પણ જાદવજીને એનો ખરો પત્તો છેવટ સુધી ન મળી શક્યો.

એક દિવસ જાદવજી હમેશના નિયમ પ્રમાણે હજામત કરી રહ્યો હતો.

ચિરપરિચિત 'કોલગેઈટ કપ સોપ'માં ફીણ વાળતો હતો, ને બ્રશ ઘસતો હતો. ખડક પર આવી પડેલી કોઈ પરી, આકાશમાં ઘનઘોર વાદળાંની વચ્ચે આશાના છેલ્લા તંતુ જેવા એક જ તારા ઉપર મીટ માંડે છે એવી, એક ચિત્રમાં દર્શાવી છે તેવી, કાંઈક આશાની નજર જાદવજીના અંતરમાં ઊગતી હતી. વખતે રાઘવ ગામડામાં જ હશે એમ જાદવજીના મનમાં વિચાર આવી ગયો.

'કાં રામ! રામ!'

'રામ! રામ! આવો.'

રાઘવ નહોતો, પણ દરવરસે વાણંદની નાતમાં રેલ નાખવા આવનાર બાવાજી હતા.

'પાણી ચોખ્ખું છે કે?' બાવાજીએ માટલીમાંથી પ્યાલો ભરી મોંએ માંડ્યો.

માથું હલાવી જાદવજી ચુપચુપ બ્રશ ઘસવા માંડ્યા. સામે બેઠેલા ઘરાકનું મન ફણગારની ઊથલપાથલમાં હતું. એટલે જાદવજી કેવા જબરા પ્રયત્નથી, મોંમાં આવતા શબ્દોને પાછા મનમાં વાળી રહ્યો છે તે તેણે જોયું નહિ.

પણ એટલામાં બાવાજી નિરાંતે એક નાંકડા ઉપર ઓટવાયા, સોપારી કાઢી, ને ધીમે ધીમે કાતરવા માંડ્યા.

'આવી આવી, જાદવજી, એક વખત તો રાજપરામાં રંગ રહી ગયો હો!'

પ્રત્યુત્તરમાં જાદવજીએ માત્ર ડોકું ધુણાવ્યું.

'હજી ગામ સંભારે છે!

'ને તરભો તો મળે ત્યારે પૂછ્યા વિના નો રે' હો કે, જાદવજીભાઈ ક્યારે આવશે!

'જાદવજીભાઈ! સમય સમય છે ને?'

જાદવજી બોલ્યા વિના હજામત કરવા માંડ્યો. પણ બાવાજીને પાવલી લીધા પહેલાં વાત મૂકવી પોસાય તેમ નહોતી. એમણે તો આગળ ચલાવ્યું:

'ભાઈ! પણ તે દી વાઘલાને કુમતિ સૂઝી. મારે બેટે, ઘરાર લાખુડીને ન મોકલી. ને થાવા કાળ છે. બાકી, ગામ આખે 'ફટ્' કહ્યું હો! એલા, જાદવજીભાઈ, રાજપરાનું નાક કહેવાય, અત્યારે અમદાવાદના માણેકચોકમાં એને નામે પાંચ પૈસા મળે, એની સામે તું પડ્યો? પણ નકટાને શું? એ ભૂંડે હાલ રખડે!'

જાદવજી 'કોલગેઈટ સોપ'માં બ્રશ ઘસવા માંડ્યો.

'એના કરતાં ભાઈ! મને તો રાઘવનું બહુ લાગ્યું હો. તમારા સમ. એણે આવું નો'તું કરવું. આ ઘરમાં ઘા દીધો કહેવાય.'

જાદવજી બોલ્યા વિના વધારે જોરથી બ્રશ ઘસવા માંડ્યો. પણ તેના અંતરમાં ચાલી રહેલી અધીરાઈ આંગળીના ટેરવા ઉપર ચોખ્ખી દેખાતી હતી.

'તમે સાંભળ્યું નાં ભાઈ? નકટીમાં એને ના મોકલ્યો, હું તો એ જ સમજતો નથી!'

અતળ ઊંડાણમાંથી આવતો હોય તેમ જાદવજીનો અવાજ આવ્યો: 'શું?'

'શાપુરીને લઈને ભાગી ગયો. કોઈ કહે છે આંહીં છે.'

જાદવજી વધારે જોરથી ઘણ ઘસવા માંડ્યો.

'કોઈ કહે છે મુંબઈ ગયો છે. હું કહું છું: તમારે પગની પનોતી ગઈ.'

બોલ્યા વિના જાદવજી તો ઘણ ઘસ્યે જ ગયો. હજી વધારે...હજી વધારે......

'મારે બેટે રાઘવે પણ કરી!'

હવે વાત અસહ્ય બની. જાદવજીએ પેટીમાંથી પાવલી કાઢી બાવાજીના હાથમાં આપી. કાંઈ ન હોય તેમ તે કામે વળગ્યો. પણ એના મનની નજર પેલા ચિત્રમાં આવેલા એકના એક તારા ઉપર ચોંટી હતી!

'ઠીક લ્યો બાપલા, ઊઠું.' બાવાજી ઊઠ્યા. 'મારે બેટે રાઘવે પણ કરી છે. ઘરમાં જ ઘા માર્યો.' બાવાજીના સહાનુભૂતિના સદિયામાં ટોચ સુધી ઝેર ભર્યું હતું, પણ જાદવજી એ તરફ નજર કર્યા વિના સામુમાં ઘણ ઘસ્યે જ ગયો! જોરથી—હજી વધારે જોરથી. અત્યારે મનનું દુઃખ ભૂલવાનું એ એક જ તાત્કાલિક સાધન હતું.



તે દિવસે સાંજે વિશ્વાસઘાતના ઝેરની પ્યાલી, દારૂની મીઠી લહેજતમાં ભુલાઈ ગઈ. જાદવજીની દુનિયામાં, ગાદલાં–ગોદડાં, ચા, શાકનો કોન્ટ્રાક્ટ, ગીગલા ઘાંચીનું તેલ, વીરચંદનું ઘી, જસરાજનું મોદીખાનું—એવી એવી અનેક કલ્પનાની મૂર્તિઓ ખડી થઈ ગઈ.



પણ બીજે દિવસે હેર કટીંગ સલૂનમાં ઊભેલો જુવાન જાદવજી, કારીગરી અને એની ખુમારી બન્ને ગુમાવી બેઠો હતો. અસ્ત્રો ચલાવનાર હાથ શરીરના બીજા અવયવથી જુદો હોય અને વીજળીનું બટન દાબવાથી ચાલતો હોય, તેમ ચાલી રહ્યો હતો. બેઠેલો ઘરાક, સદ્ભાગ્યે ચોથીવારની પત્ની સાથે, માનસિક વાર્તાલાપમાં તલ્લીન હોવાથી, કારીગર જાદવજી મરી ગયો છે, એ કળી શકે તેમ નહોતું. જાદવજીનો અસ્ત્રો અવાજ કરીને ચાલી રહ્યો હતો : ક ર ડ . . . ક ર ડ . . . ક ર ડ . . .

પ્રતાપમહેલ

૧

પ્રતાપરાય મજુમદાર પોતાના દીવાનખંડમાં બેઠા બેઠા સિગારેટના ધુમાડા પર ધુમાડા કાઢતા હતા, ને દરેક ધૂમ્રપાનના વાદળાને પોતાના ખંડમાં વેરાઈ જતું જોઈ રહ્યા હતા. તેને અચાનક વિચાર આવ્યો ને તેણે બેઠા થઈ કબાટમાંથી નકશો કાઢી ટેબલ પર પાથર્યો.

મજુમદારની આંગળી નકશા પર ફરી રહી છે; ને બારીકાઈથી અવલોકન કરતા હોય તેમ ખીસામાંથી ચશ્માં ચઢાવી, સિગારેટને હાથમાં ને હાથમાં મંજાવી રહ્યા છે.

દાદર પર કોઈ પગથિયાં ચડતું લાગ્યું. મજુમદારે ઊંચું જોયું, એનો નોકર હતો.

'સાહેબ !—ડોસા—રામ—'

'હા આવવા દે !' મજુમદાર તરત નીચું જોઈ ગયા.

કોણ આવે છે એ મજુમદારને ખબર હતી એટલે નોકર પૂરું બોલે તે પહેલાં જવાબ વાળી દીધો.

ફરી દ્વાર પર ખખડાટ થયો, ને થોડીવારમાં મજુમદારની અખૂટ સમૃદ્ધિ વચ્ચે એક કંગાળ ને ભિખારી વૃદ્ધ આવીને ઊભો. એની વૃદ્ધાવસ્થાની દરેક કરચલીમાં ગરીબીનો ઇતિહાસ હતો : અને એની ગરીબીના દરેક ચિહ્નમાં મજુમદારના વૈભવનું રહસ્ય હતું. એ ત્યાં ઊભો : દીન, મ્લાન ને નિરાશાભર્યા વદનમાં નિસ્તેજ આંખ હતી : એની વાંકીચૂકી ડાંગ ને ચીંથરિયા કોટમાં ભૂરા રંગની ધૂળ સહાનુભૂતિ દેવા ચોંટી રહી હતી, કે પછી થોડા વખતમાં મિત્ર બનનારનું એકાદ કઢંગું અવયવ છુપાવવા ભૂરો રંગ પાથરી રહી હતી.

‘ કોણ ?—કેમ ?—’ મજુમદારે ઊંચું જોયું.

નાક પરથી ઉતારેલાં ચશ્માં હાથમાં જ રાખવાથી રોફ વધે છે, એ ફેશન પ્રમાણે મજુમદાર વાત કરવા લાગ્યો.

‘ જી ! હું આપનો ખેડુ—મારું નામ રામ !’

‘હાં, હાં, રામપટેલ !—’ મજુમદારની ભાષા મીઠી ને ચોખ્ખી હતી : કારણકે વીસમી સદીમાં મનુષ્ય પોતે કાતિલ ઝેર છે એટલે એની ભાષા તેલની ધાર જેવી નિર્મળ છે.

‘ મારું એમ કહેવાનું છે રામપટેલ, કે જુઓ અમારા એંજિનિયર મિસ્ત્રી જે નકશો કરે છે તે પ્રમાણે તમારું મકાન અમારા ઉપયોગમાં આવે છે : પણ તમને બદલો મળશે એટલે તમારે ગભરાવાનું કારણ નથી.’

‘ જી !—પણ જરાક વળાંક રાખો તો ? ’

‘ હેં !—હા જુઓ તમારું મકાન કેટલી કિમ્મતનું—બહુ તો પાંચસે કેમ ? ’

'જી હા!'

'હવે જુઓ, એટલા માટે આખા પ્રતાપમહેલનો પ્લેન ફેરવવો ઠીક નહિ. સમજ્યા કે!—હં—ઠી—ક, બીજું કાંઈ!'

મજુમદારે યંત્રવત્ ખીસામાંથી ઘડિયાળ કાઢી; હમેશના નિયમ પ્રમાણે કોઈ ને વિદાય કરવાની એ સૂચના હતી ને તેથી સ્વભાવ હોય તેમ મજુમદારથી તે ક્રિયા થઈ ગઈ, પણ રામપટેલ—બિચારો કાંઈ આ નિશાની સમજ્યો નહિ.

'પણ જુઓ સાબ, ઇજનર સાબ જરાક ફેરવે—તો.'

'એ કામ મારું નથી,' મજુમદારના અવાજમાં સ્પષ્ટ તોછડાઈ હતી.

'હું આજે પિસ્તાળીશ વર્ષ થયાં ત્યાં રહું છું!'

'હં.'

'નાનાં નાનાં ઝાડવાં, સાબ! બચ્ચાં જેવાં પ્યારાં લાગે છે: અને મેં પથરા ગોઠવ્યા છે! થાકયા મુસાફરને આરામ આપવા એક ઝૂંપડી બનાવી છે!'

'બીજે એથી સારી બનાવી શકાય: પથરા તો બધે જ મળે છે: અને બધા જ પથરા સરખા હોય છે: ઝાડવાં—હા, ઠીક, ઝાડવાં પણ તમે ઉગાડજો! તમારો વખત જશે!'

'બાપુ! હું ગરીબ માણસ—એ ઘર છોડતાં દરેક દરેક નસ ખેંચાય છે!'

'કામદારને મળજો,' અને મજુમદારે તરત ટોકરી વગાડી.

આભો બનેલો પટેલ કાંઈ બોલે તે પહેલાં શામળ આવ્યો.

'શામળ! ગાડી તૈયાર છે?'

'જી હા!'

અને પટેલને ત્યાં જ મૂકીને મજુમદાર ચાલ્યા ગયા: મનુષ્ય જીવતા યંત્ર જેવો બન્યો છે માટે એનામાં માણસની મનોદશા માપવાનું હ્રદય સુકાઈ ગયું છે.

૨

રામ ગરીબ હતો: માટે એની પુત્રી જેને સૌ મુક્તા કહેત તેને સૌ મોતી કહે છે. પાણીદાર મોતી જોયું છે! એના તેજમાં રંગ જુદો તરી આવે છે: જાણે એમાં, તેજ ને રંગ ગર્ભમાંથી ફૂટી ફૂટીને આખા મોતી પર પથરાઈ રહે છે: તેજ આખા શરીર પર પથરાઈ જાય ત્યારે જીવન-પ્રવાહ બની જાય છે. મોતીમાં જીવનપ્રવાહ વહી રહ્યો છે. ને શિયાળાની કડકડતી ટાઢમાં રામપટેલ ઝૂંપડીની ને પુત્રીની હૂંફમાં બેઠા ચલમ પીએ છે.

'બાપા! મજુમદાર સાબને મળ્યા?'

રામપટેલને ભુલાયેલી વાત સાંભરી: એ વાત તલવારના ઘા જેવી સોંસરવી નીકળી ગઈ.

'હા બેટા, પણ......'

'પણ શું?'

રામપટેલે મોતી પાસે વાતને નાનું સ્વરૂપ આપ્યું: 'એમ કે પરતાપરાયભાઈ આપણા મોરબી છે: ધણી છે: તે હવે અટાણે એને જમીનનો ખપ પડ્યો તો આપણો ધરમ છે. ઈમાં શું?'

રામના શબ્દોમાં રહેલ ભાવ તો મોતી સમજી ગઈ. પણ એ શબ્દો ખોટા છે એની પણ એને ખાતરી હતી.

રામના જીવન પર પ્રહાર થાય છે એ વાત એનાથી કેમ અજાણી રહે?

૩

કેટલાક માણસોના સ્વભાવ જ એવા હોય છે કે કામ ઉપાડ્યા પછી તરત પૂરું કરવું: મજુમદારનો સ્વભાવ આવો હતો.

સવારનો સૂર્ય આછા તાપથી, મધુર સ્નેહની પેઠે, માણસને હૂંફ આપતો હતો: કમનસીબ મનુષ્યના આનંદની જેમ માણસો, ચારે તરફથી લૂમખું ઓઢી, શાંત બેઠા હતા. રામપ્રેલના બેતરમાં એક બે મજૂર ઊભા હતા: એક તરફ તરતનાં ઊગેલાં કૂતરાં ફરી બીજા ખાડામાં ટૂંટિયાં વાળી પડ્યાં હતાં: રામપ્રેલ પોતાના એક પ્યારા ઝાડ નીચે કોદાળી લઈ ઊભો હતો. ને મોતી રૂણી વાળતી—કયારેક ચિંતા સાથે એની સામે જોઈ રહેતી હતી

આજે વૃદ્ધ માણસની દરેક દરેક નસ બે ચાર્મ રહી છે: જ્યાંના પથ્થર સાથે અરધી સદીની જૂની દોસ્તી જામી છે અને જ્યાં દરેક દરેક પરિચિત વસ્તુમાં પોતાનો જીવનપ્રવાહ જોઈ રહ્યો છે ત્યાં આજે છેલ્લો દિવસ છે!

વૃદ્ધ પુરુષ, જે ઝાડ નીચે બાળપણમાં રમ્યો હતો તે જ ઝાડ નીચે, પોતાની કોદાળીને ટેકો દઈ અરધો ફિલસૂફ ને અરધો કવિ બની ઊભો છે!

રસ્તા પર મજુમદાર પોતાના એંજિનિયર સાથે જાણે ખ્યો 'પ્રતાપમહેલ' ઘડતા ચાલ્યા આવે છે!—એનું લક્ષ એક પણ ઝાડ ઉપર નથી: ખુશનુમા બેતર પર નથી. એ પોતાની વાતમાં મશગૂલ છે.

'કેમ રામ? શું વિચાર કરે છે?—' મઝુમદારને રામની મનોદશા ખૂંચતી: પણ પોતાના વિલાસનો ત્યાગ કરવાનું ક્ષાત્રતેજ એનામાં નહોતું.

'જી! બાપુ! આવો, આવો પધારો!'

'તને બદલો ચોક્કસ જ મળશે હો!'

જીવનને ખરીદવાની વાત! જાણે આત્માના રૂપિયા, આના, પાઈ થતાં હોય! વૃદ્ધ ફિક્કું હસ્યો.

પણ મઝુમદાર પોતાની ધૂનમાં જ આગળ વધી ગયા:

'આ બાજુ મિ. ડૂબે!—'

એંજિનિયર મિ. ડૂબે મઝુમદાર સાથે આગળ વધ્યો.

'પ્લેન સારો છે: પણ એના કરતાં વધુ સારો ન થઈ શકે, મિ. ડૂબે?'

'યે સ—' ડૂબેએ પેનસિલ પોતાના હોઠ પર મૂકી.

'યે સ—' તે ફરી બોલ્યો. 'એક પ્લેન છે.'

અને એ વિષેનો વિસ્તૃત હેવાલ સમજાવવા મઝુમદાર ને ડૂબે આગળ વધ્યા.

'સાબ!—'

મઝુમદારે અટકીને પાછળ જોયું. રામપટેલનો અવાજ હતો.

'કેમ? હવે શું છે?'

'જી! બાપુ—એક વાત છે. અમે ગરીબ માણસ, સમજ્યા ના? પણ એક વાત છે.'

'શી વાત છે? કહેવાનું—મુદ્દા પર આવો ને?'

'જી આ સામેનું પેલું મંદિર!' રામપટેલે આંગળીથી મંદિર દેખાડ્યું.

મજુમદારે ગભરાટમાં રામપટેલે બતાવ્યું ત્યાં જોયું: જૂના પથ્થર પર નવાં થીગડાં લગાડી એક કદરૂપી મૂર્તિને ત્રણ બાજુથી સાચવીને નાનું મંદિર એકાંતમાં ઊભું હતું. એની પાસે બે ચાર ઝાડનો સુંદર ઘટ છાંયો પથરાયો હતો.

એ જગ્યાનું સાદું સૌન્દર્ય એકદમ આકર્ષક હતું: મજુમદાર તે તરફ જોઈને પટેલ તરફ ફર્યા:

'હા, એનું શું છે?'

'ત્યાં મારી માની રાખ છે!'

'હા—તે?'

'ત્યાં મારો બાપ સૂતો છે! એટલો કટકો સાચવશો?'

'હાં, હાં, એ જોવાશે. વેલ, મિ. દુબે! that is nonsense! હા હાં શું કહ્યું? બીજો પ્લૅન વધારે સારો છે કેમ!'

અને વૃદ્ધ પટેલ ભારે દેહે પાછો ફર્યો. તે મનમાં બોલ્યો: 'એને શાપ આપીને ઈશ્વર પરની શ્રદ્ધા કેમ ગુમાવું?'

૪

આ ઘટનાને વર્ષો વીત્યાં છે.

ભવ્ય પ્રતાપમહેલ એટલા જ ગર્વથી આકાશ ઊભો છે.

પ્રતાપમહેલના મજુમદારે રામપટેલનું નાનું શું મંદિર રહેવા દીધું છે: પણ મંદિરનું જીવન હરાઈ ગયું છે. ત્યાંનો નાનો સુંદર ચોક: સાદું ફળિયું ને સ્વચ્છ ઓટલો એ હવે કાંઈ નથી. પેલાં પ્યારાં ઝાડવાં પણ નથી. ને રામ-

પટેલના બાળપણના જૂના મિત્રોમાં એકલું કડંગું મંદિર ચોપાસ વાળાની વાડથી વીંટાઈને ઊભું છે.

દસ વર્ષ થયાં એ એમ જ ઊભું છે : ને દસ વર્ષ થયાં બરાબર સાંજે નિયમિત રીતે ૭ વાગ્યે, ઝાંખો જૂરો કોટ ને પેલી જૂની ડાંગ દેખાય છે : બધા મિત્રો ચાલ્યા ગયા. રમતમાં રમતા તે જૂના દોસ્તો છૂટા પડી ગયા : હવે રામપટેલ રહ્યાસહ્યા આ પ્યારા પથરાને મળવા આવે છે. બસ આવે છે, ઘડીભર એકલો બેસે છે ને ભારે હૈયે પાછો જાય છે. માણસ પથ્થરને પૂજે છે, ત્યારે વધારે ભવ્ય બને છે : કારણકે પથ્થર લાલચ આપતો નથી; ઐચ્છિક પૂજામાં શ્રદ્ધાભર્યું હૃદય ને સચ્ચાઈનાં આંસુ હોય છે.

૫

'રંગુજી! તોફાન કે? આજે દાદાને એકલા મૂક્યા કે?...'

શહેરમાં જ્યાં કાદવ પર મચ્છરનો થર જામ્યો છે ત્યાં ઊભી રહી મોતી પોતાના છોકરાને ઠપકો આપે છે : ખેતર ને ઘર ગયા પછી તે પોતાના બાપ સાથે શહેરમાં રહે છે : ને રંગુજીનો બાપ મરતાં પોતે વિધવા બની હંમેશ વૃદ્ધ પિતાની પાસે રહે છે.

થોડી વારમાં છેટેથી પેલાં ધીમાં પગલાં, જૂની ડાંગ, ને વૃદ્ધ શરીર દેખાવાં. રામપટેલ ધીમે ધીમે ચાલ્યા આવે છે. રંગુજી દોડતો ને નાચતો સામે દોડ્યો: 'દાદા! દાદા! શું લાવ્યા? લાવો, આપો.'

વૃદ્ધ રામપટેલ હમેશાં મંદિર પાસેની બોરડીમાંથી ક્યારેક બે ચાર પાકાં બોર કે જૂની ગૂંદીમાંથી એક બે પાકાં ગૂંદાં લાવે છે, ક્યારેક ચીભડાં લાવે છેઃ ઋતુ પ્રમાણેનાં તાજાં ફળની એટલી રસભરી સ્મૃતિ હમેશાં રંગુજીને દાદા સામે દોડાવે છે.

રામપટેલે રંગુજી પર હાથ ફેરવ્યો ને ચાર પાંચ ચીભડાં કાઢ્યાં.

શહેરના વૈભવની સામે કંગાલ અધમતાની મૂર્તિઓ હોય તેવાં બે તદ્દન નગ્ન અને એક અર્ધ નગ્ન એમ ત્રણ છોકરાં રંગુજીને દોડતો દેખી સાથે દોડતાં હતાંઃ એક બે છોકરાં રસ્તાની ધૂળમાં ભરનિદ્રામાં પડ્યાં હતાંઃ ને કાદવમાંથી દોડી દોડી કેટલાંક છોકરાં ડોળાં પાણીમાં નાહીને હસતાં હતાં. રામપટેલ રંગુજીને તેડી પોતાને ઘેર આવ્યોઃ માણસ પણ હોય તેમ પાસે પાસે ખડકાઈને અસંખ્ય મજૂરો પડ્યા હતા. રામ એક ખાટલા પર બેઠો ને પાસે મોતી વાતો કરવા બેઠીઃ

'કાં દાદા! જઈ આવ્યા? વેલામાં ફૂલ બેઠાં છે?'

'હા!'

'અને આપણી બગરી ભેંશ બાંધતા એ ખાડો તો ભરાઈ ગયો હશે!'

'હા. રંગુજી, તું આજે આવ્યો નહિ?'

'કેમ દાદા! કાંઈ જોવાનું હતું? આજે વાંદરાં આવ્યાં હતાં!'

'હા. હવે કાલે આવજે હો! શું ખડ જામ્યાં છે! જ્યાં જુઓ ત્યાં લીલુંછમ!'

'અરે! આજ ભગરી હોત!'

મોતીની આંખમાં આંસુ આવ્યાં. રામે તે જોયાં.

'મોતી! ગાંડી થઈ છે કે શું? લેણદેણ છૂટ પછી વળી સંબંધ કેવો? ઠીક ચાલો! રંગુજી! તું કા આવજે હો!'

વૃદ્ધ ડોસાની આંગળી પકડી રંગુજી કૂદવા માંડ ને ડોસો ઊઠ્યો એટલે તેની સાથે ઘરમાં ગયો.

દિવસો ચાલ્યા જાય છે: ને રામપટેલ હમેશાં જાય છે. ક્યારેક વાતૂડિયો રંગુજી સાથે આવે છે! પછી આખે રસ્તે મોટો ડોસો ને નાનો છોકરો કૈંક વાતે કરતા જાય છે!

૬

'આનું નામ રામ ડોસો?'

'જી હા!'

'પહેલાં એ ખેડૂત હતો કાં?'

'હા જી!'

'ભૈયા!'

'જી!'

'આ માણસ ગાંડો છે? તે આખો દિવસ અહીં રહે છે? શું કરે છે?'

જયો જરાક ઉતાવળે ચાલીને રતિલાલ સાથે થ ગયો. મજુમદારનો નવ દસ વર્ષનો છોકરો રતિલાલ આજ ફરવા નીકળ્યો હતો ને તેણે રામપટેલને મંદિરમાં બેઠેલ જોઈ જયાને હકીકત પૂછી.

'જી! એવું છે, સાહેબ!' સિપો રતિલાલની સાથે
ઈ ગયો હતો તેણે વાત શરૂ કરી. 'કે આ રામપટેલ પહેલાં
ત હતો. હમણાં સુધી—હા હમણાં સુધી, હજી તો ૭
રસ નહિ થયાં હોય; હા, માંડ ચાર વરસ, ખડુ ખડુ તો
ંચ વરસ થયાં હશે. ત્યાં સુધી પાસે શહેરમાં એની
ાકરી મોતી રહેતી હતી: એક નાનો છોકરો હતો;
ાકરાને હમણાં જ અમે જોતા. તે હમેશાં આવતો; છોકરો
ંચારો મરી ગયો!'

'હેં!'

'જી હા. એનું નામ રંગુજી. મરી ગયો ને એની
મા ગાંડી થઈ ગઈ!'

'ગાંડી! ભૈયા! આ સાચું કહે છે! આપણે હવે
પેર જાશું! આ માણસ આંહીં શું કરે છે!'

'જી, હા, ગાંડી થઈ ગઈ. હજી ક્યારેક આંહીં રામ
પાસે રખડતી આવે છે. આ રામપટેલ સવારે ગોદડી
શીવે છે!'

'ગોદડી? કેવું કામ?'

'જી હા, સવારે ગોદડી શીવે છે: બપોરે ઉખેળી
નાંખે છે: ને સાંજે ત્રાજવાં લઈ ધૂળ જોખ્યા કરે છે!'

'હેં! એમ શા માટે!'

'કોણ જાણે ગાંડા લાગે છે. ચાલો, આપણે એને
બોલાવશું?'

'ગાંડા છે ને! મારવા દોડશે તો!'

'જી ના. એમ તો ડાહ્યો છે.'

'જલદી કરો !—' બીજો અવાજ આવ્યો : તે ડૉકટરનો લાગ્યો : 'દર્દીકો બડી તકલીફ હોતી હય!'

'જી, હા !' કહીને ભૈયો ચાલ્યો. વૃદ્ધ રામપટેલ મોતી પાસે પહોંચી ગયા હતા. મોતી આજે જરાક ડાહી દેખાણી. 'મોતી! બેટા! રંગુજી સૂતો છે તેને જગાડે છે કે? જા સૂઈ જા. રંગુજી સૂતો છે!'

મોતી ખડખડાટ હસી : એના હાસ્યના પડઘા પ્રતાપ-મહેલમાંથી પાછા ફર્યા : 'દાદાજી! રંગુજી આજે આવ્યો હતો કે?'

વૃદ્ધ ડોસાએ ગાંડાનો વેષ ભજવ્યો : 'હા હા, મારી પાસેથી બોર લીધાં ને!'

મોતી ફરી હસી : 'હા ! હા ! કેવો લુચ્ચો દાદાજી! . . .'

'હા. ચાલ બેટા, સૂઈ જા.'

ભૈયો આવી પહોંચ્યો હતો. તેણે લાકડી ઉગામી : 'માલૂમ નહિ હય? શેઠ સાહબકા લડકા બિમાર હય! ચલે જાઓ! ચલો!—'

મોતી ખડખડાટ હસતી દોડી ગઈ : 'રંગુજી! . . .' એણે થોડે દૂર જઈ ફરી ભયંકર સાદ કર્યો.

'ભલા ભગવાન!' રામપટેલ ત્યાં બેસી ગયો. 'અરે! ભૈયા! આજે આખી રાત્રિ હું એને શાંત રાખત. આ હવે તેં રાડો પાડવા છૂટી મૂકી!'

ભૈયાએ પાછળ દોટ મૂકી.

'રંગુજી! બેટા! દાદાજી બોલાવે!—' ઝાડમાંથી ને દૂરથી અવાજ પર અવાજ આવવા લાગ્યા.

બીજી બે મોટર એકદમ પસાર થઈ ગઈ : રતિલાલની માંદગી ભયંકર હતી ને ગાંડીના સાહની કલ્પનાથી તે જાગૃત થઈ ધ્રૂજતો બેઠો થઈ ગયો હતો. ડૉક્ટરો મોટરમાં ધમાલ કરી રહ્યા હતા.

રામપટેલ આછી રોશનીમાં ધીમે ધીમે મોતી તરફ ચાલ્યો.

૮

કૂમળા પ્રભાતનું તેજ પ્રતાપમહેલ પર પડતું હતું : પણ પ્રતાપમહેલમાંથી દુ:ખના ને ગ્લાનિના પોકાર આવતા હતા. રામપટેલે આખી રાત્રિ મોતીની ચોકી ભરી હતી, અને તેને હોંસલારીને શાંત રાખી હતી. સવારમાં વહેલો રંગુજી ઊઠશે એમ આશા આપીને ગમે તે રીતે પ્રતાપમહેલનું વાતાવરણ શાંત રાખ્યું હતું ! છતાં સવારમાં પ્રતાપમહેલમાંથી અત્યંત દુ:ખના અવાજ આવ્યા.

રામપટેલ બેઠો થઈ મંદિર તરફ આવ્યો : એટલા પર ઊભો રહી આતુરતાથી શું થાય છે તે જોવા લાગ્યો.

થોડી વારમાં જ માણસો રોતા કકળતા નીકળ્યા : 'બાપા ભગવાન !—' રામપટેલ દુ:ખથી નીચે બેસી ગયો. તે જ વખતે મોતી પણ હસતી હસતી આવી. 'દાદાજી ! દાદાજી ! રંગુજી ઊઠ્યો !' ને તે ફરી ફરી હસવા લાગી.

'ઓ ! બેટા મોતી ! આજે પ્રતાપમહેલ રંડાયો છે. તને કાંઈ ખબર છે !'

થોડી વારમાં જ મોતી તો ચાલી ગઈ

રામપટેલ મંદિરમાં મહાદેવ તરફ ફર્યો : એણે પોતાની જૂની મોટી પાઘડી નાખી, હાથમાં પ્રસાદ લીધી, ને રડી પડ્યા !

'આજે હવે છેલ્લો દિવસ! મેં એને શાપ નથી આપ્યો, પણ ઈશ્વરી ન્યાય ફળ્યો છે! મોટાનું મોટું દુઃખ જોવાની મારામાં શક્તિ નથી: માટે આ જગ્યાને છેલ્લા પ્રણામ!'

ને તે પોતાની જૂની ડાંગના ટેકાથી દૂર ને દૂર ચાલતો થયો. તે ચાલ્યો જાય છે: હજી હજી દૂર ને દૂર: એણે વર્ષો સુધી એકલી શ્રદ્ધા પર દિવસ કાઢ્યા: પ્રતાપમહેલનો વૈભવ જોઈ ને એને દ્વેષ ન થયો: ઈશ્વર પરના ન્યાયની શ્રદ્ધા ઓછી ન થઈ. અને આજે એ ઈશ્વરી ન્યાય જોયો.

મંદિરમાં એનાં ત્રાજવા અને ધૂળ પડી છે: દોરા ને ગોદડીના કટકા પડ્યા છે: તૂટેલ વાસણ ને ફૂટેલ ઘડા પડ્યા છે!

બીજે દિવસે મઝુમદાર મંદિર તરફ આવે છે: તૂટેલ વાસણ ને ફૂટેલ ઘડાના કટકા મોતી વીણે છે! ગોદડીના કટકા રેશમી કપડાં હોય તેમ સાચવી સાચવીને બાંધે છે! મઝુમદારને જોતાં જ તે ખડખડાટ હસી:

'રંગુજી આવ્યો છે કે?'

ને મઝુમદાર કાંઈ બોલે તે પહેલાં તે નાસી ગઈ! 'રંગુજી! બેટા! દાદાજી બોલાવે!—' એ શબ્દોના પડઘા હજી સંભળાય છે!

નિઃશબ્દ રાત્રિ ને ચંદ્રનું એવું જ આછું તેજ ઢળે છે: પાન સૂનાં છે: ને ફૂલની પાંદડીમાં ધીમો શ્વાસ ફરકે છે: ચંદ્રના આછા તેજના કોઈક કોઈક કૂંડાળાં પાનમાંથી સરી સરી પૃથ્વી પર ભાત પૂરે છે. વાતાવરણ ફરી ભારેખમ ગંદુભર્યું છે. મઝુમદાર પેલી રાત્રિ સંભારતા ધીમેથી

ઢળે છે : મંદિર પાસે થોડાંક ખાટાં ઝાડવાંમાં ચંદની આછી રોશનીથી છાયા પડછાયા થઈ રહ્યા છે : મજુમદાર તે તરફ ફરે છે, પણ એકદમ પગ થંભી જાય છે.

બરાબર ઝાડના મૂળમાં લગભગ મંદિરના પગથિયા નીચે જૂના જૂરા કોટનો પડછાયો હાલે છે: એક વાંકી ડાંગ પર હાથ રાખી કોઈ તાકી તાકીને જુએ છે : ગોદડીનાં લટકતાં ચીંથરાં જરાક ચાલતાં દેખાય છે.

'કોણ ભૈયા!—'

મજુમદારે જરાક પાછો પગ માંડ્યો. નાનો આઠ વર્ષનો છોકરો પેલા કોટના પડછાયાથી જુદો પડતો દેખાય છે.

'જી! સાહેબ!'

સામેથી ફરવા નીકળેલ ભૈયો આવ્યો.

'ભૈયા! કોણ છે?'

અને મજુમદાર થંભ્યા : છૂટાં વેરાતાં વાદળાંમાંથી ચંદની રોશની ઝાડ પર આવે છે, ને પ્રકાશમાં બગડનાં પાંદડાં ને હાલતી ડાળીઓ સિવાય કાંઈ નથી.

'જી! આપે બોલાવ્યો?'

'હા.......' મજુમદાર જાગતા બોલ્યા. 'આ મંદિર હવે સમરાવવું છે.'

'જી!'

'પેલો રામપ્રેલ ક્યાં છે?'

'જી! અબે શનિવારે મરી ગયો.'

'હેં!'

મજુમદાર ધડકતે હૃદયે અનેક વિચાર કરતા પાછા વળ્યા.

૬

પ્રતાપમહેલમાં હવે મજુમદારે રહેવાનું છોડ્યું છે. ત્યાં રાત્રે રોશની કે દિવસે અવાજ થતો નથી.

પણ પેલાં ખુશનુમા ખેતરો ને તાજા મોલ, હિલોળે ચડતાં પાણીનાં પૂર ને હિલોળા દેતી ભેંસો, તાજાં લીલાં ઘાસ ને શ્રાવણનો આછો છાયો; દૂર દૂરથી આવતો રબારીનો વાંસળીનો સૂર ને એહુની છોકરીઓનાં ગીત... આ બધું ત્યાંથી ચાલ્યું ગયું છે. ખોખડધજ જેવો ભૂતિયો મહેલ, બિહામણાં ઝાડ ને શંકા પડતી દેરી રહી છે: પ્રતાપમહેલ પાસે આવતાં છોકરાં ઝડપથી દોડી જાય છે: ને પોતે જે વડવાઈએ હીંચકતાં તેને દૂરથી દેખાડી નિઃશ્વાસ મૂકે છે! રાત્રે હજી આ મહેલની બારીઓ ખખડે છે: પણ ત્યારે ઘણું કરીને પવન જોરથી ફૂંકાતો હોય છે! ને ચામાચીડિયાં આમથી તેમ પોતાની પાંખો ફફડાવતાં ફરતાં હોય છે!

૭

અને રામપટેલના મંદિર પાસે ક્યારેક તદ્દન શાંત રાત્રિમાં ભયંકર અવાજ આવે છે: 'બેટા! રંગુજી! દાદાજી બોલાવે!'

સર્વનાશ

ઈ. સ. ૧૯૧૭ ના માર્ચની ૨૬ મી તારીખે, જ્યારે અગિયાર ને પંચાવને, જે ટ્રેઈન આવી તે ટ્રેઈનમાં, ચંદ્રકાન્તનો એકનો એક દીકરો હર્ષવદન, આફ્રિકા જવા માટે પ્લેટફોર્મમાં દાખલ થયો. કપાળે કંકુનો ચાંદલો કરીને તેની માએ તેનાં ઓવારણાં લીધાં; આડોશીપાડોશી બધાં સ્ટેશન સુધી વળાવવાં આવ્યાં હતાં, તે તેની આસપાસ વીંટાઈ ને 'ભાઈ સાચવજે,' 'પરદેશના મામલા છે,' 'માડી! ખબર-પત્ર લખજે,' એવી એવી ભલામણ આપીને, પાંચ દસ મિનિટમાં છૂટા પડનારા જુવાન પ્રત્યેનો પોતાનો પ્યાર અનેક રીતે બતાવતાં હતાં.

ટ્રેઈન આવી. મૃત્યુની કારમી ચીસ જેવી સિસોટી વાગી, સામાન ઉપાડ્યો, ને જુવાન હર્ષવદને પોતાના ડબા તરફ જવા માટે જે વખતે પગ ઉપાડ્યો, તે વખતે આડોશી-પાડોશીની આંખમાંથી આંસુ ખરવા લાગ્યાં, ને મંગળ-પ્રસંગે—દીકરો પરદેશ કમાવા જાય છે ત્યારે—આંસુ ન

પાડવાની સૌને શિખામણ આપનાર ચંદ્રકાન્ત પોતે પણ ગળગળો થઈ ગયો.

છેટે સુધી—હાથ ને રૂમાલ ચાલતા હતા ત્યાં સુધી—બધા એકીટશે દરપળે પોતાના પ્યારા પુત્ર જેવા હર્ષવદનને લઈને ઊપડી જતી, રાક્ષસી જેવી ગાડીની પાછળ ને પાછળ જોઈ રહ્યાં. અંતે સર્વ નિશાની બંધ થઈ ને ચંદ્રકાન્તની માત્ર માનસી મૂર્તિ જ તેમના ખ્યાલમાં રહી. જીવન પર ભારે ઘા પડ્યો હોય તેમ ધીમે પગલે બધાં પાછાં વળ્યાં.

ચંદ્રકાન્તનાં પાડોશી હર્ષવદનને અત્યંત પ્યારથી ચાહતાં : અને જોકે બધાં જ ઘરમાં તો ઠીક ઠીક હતાં, છતાં, ચંદ્રકાન્તને ટાણેકટાણે જાણ્યા વિના રહેતાં નહિ. ગામને છેડે છેડે એક નાનું સરખું પરું વસાવીને સાતઆઠ કુટુંબનું જૂથ રહેતું હતું. એને આખું ગામ સુમરાવાળું ફળી કહેતું. ફળીમાં ગાડાં છૂટ્યાં હોય, બળદિયા કોટે બાંધેલી ટોકરીઓ હલાવતા હોય, ભેંસો દોવાતી હોય, વાછરડાં ઠેકતાં હોય, વહુવારુ ધમાધમ કરતી હોય, એવો હસનઅલી સુમરાનો વાસ આ ફળીમાં હતો. નજીકમાં એક વિધવા મીરાણી રહેતી. અને પાછળથી એક વિધુર મીર રહેવા આવ્યો હતો. આ મીરાણી નિત્યદર્દી હતી, પગે કાંઈ ને કાંઈ ગડગૂમડ હોય જ. ને કાળા પગ પર ધોળા પાટા બાંધ્યા જ હોય. એને પગે વાળા નીકળ્યા હતા, ને શરીરે જરા રોગી હતી : પણ એનું નાનું ઘર અત્યંત સ્વચ્છ રહેતું, જે કે સુમરાડોશીના ઘરની તોલે તો ન જ આવે. સુમરાડોશી આખો દિવસ ઘર વાળતી હોય, ને તુળસીના ક્યારાને પાણી પાતી હોય, કે પોતાના 'જગલા' માટે તલવટ

ખાંડતી હોય. જાગો [સાક્ષરી ભાષામાં જગજીવન] તેના દીકરાનો દીકરો હતો, ને બહુ લાડમાં ઊછરીને બહુ બેવકૂફ બન્યો હતો, પણ રોશી તેના માટે મરે એવી પ્રીતિ રાખતી.

સુમલની પાસે પાડોશમાં એક લંગડો રજપૂત રહેતો. એ જ્યારે જુઓ ત્યારે સુમલડોશીને ત્યાં બેસીને 'ભેંસાસુર' ને 'ખવીસ' ને 'ચૂડેલ'ની વાતો કરતો જ હોય. એ ગપ્પું મારતો કે મેં દસ ભેંસાસુરને પાણી ભરાવ્યાં છે, ને જુવાનીમાં એકલો ખેતરમાં જતો, ત્યારે ઘોરની એક વાડમાંથી નીકળીને બીજી વાડમાં ચાલી જતી અનેક ચૂડેલો નજરોનજર નિહાળી છે. પાડોશી બધા સમજતા કે લંગડો મહાગપ્પી છે. પણ લંગડો એવા રસથી વાતો કરતો કે સૌ તેને સાંભળવા માટે ભેગા થયા વિના રહેતા નહિ. તે એક આંખે કાણો, એક પગે લંગડો, ને એક હાથે ઠૂંઠો હતો, રાણા સંગની પેઠે તેના શરીર પર બીજા તો બહાદુરીના ઘા નહોતા. પણ માથામાં થોડી થોડી ટાલ હતી. બધા પાડોશી એને લંગડો જ કહેતા, અને શાંતિથી જાણે પોતાનું એ નામ જ હોય તેમ એ ચલાવી લેતો. તે કહેતો કે મને કોઈ ઠૂંઠો, લંગડો ને કાણો એમ ન કહેતાં, માત્ર લંગડો કહે છે એટલું જ બસ છે.

ચંદ્રકાન્તના આ બધા પાડોશી કાંઈ ને કાંઈ ઉદ્યોગ તો કરતા જ. હસનઅલી સુમરાને સારી ખેર હતી અને બધા પાડોશીઓને એની મોટી ઓથ હતી. વાર ટાણે સુમરો સૌને શીરડી ને હાનો ઊનો ગોળ ખવરાવે જ. ને ત્યાં ટાણે સૌને ત્યાં પોંખ ને ઓળા પહોંચાડયે જ રહેતો. એવા તે માયાળુ હતો ને દિલનો પણ ઉદાર હતો. નાના–

મોટા થઈને એના ઘરમાં તો ત્રીસ ચાલીસ માણસ હતાં. આટલાં જાડાં માણસો હોવાથી એનું ઘર રાતદિવસ ભર્યું ભર્યું લાગતું. ફળી પણ જ્યારે જાઓ ત્યારે કિલકિલ આનંદો અવાજોથી ગાજતું જ હોય. એ ફળી બગીચા જેવું જ ખુશનુમા લાગતું. રાત્રે વાળુ કરીને સૌ સુમરાના ફળીમાં ભેગાં થતાં ત્યારપછી લંગડો વાતોએ ચડે, ને મોરાસું અંદર ટેકો પુરાવ્યે જાય, ને સુમલડોશી તાલ આપતી હોય. સુમલની ખેડ એના છોકરાના મરણ પછી ભાંગી ગઈ હતી, પણ ભાંગ્યું ભાંગ્યું તોય ભરુચ, એ પ્રમાણે તેને ત્યાંથી માટલાનો ગોળ ને તલ તો નીકળે, નીકળે ને નીકળે જ. એવી એ સાચવણીવાળી ને કરકસર કરનારી હતી. છતાં લોભ એના દિલમાં કોઈ દિવસ આવ્યો સાંભળ્યો નથી. લંગડાનો અવતાર એની ડહાપણવાળી ને રૂપાળી રજપૂતાણીએ જ બનાવી દીધો. એ પણ ખેડ જ કરતો. એને ભાંગ્યું તૂટ્યું ભાંગ્યું તૂટ્યું એમનું વહાણ ચાલ્યે જતું. એ ગામમાં માન [illegible] જ 'પેનશનર' જેવી હતી, ને એને [illegible] [illegible]માંથી પેનશન મળતું તે પર નભતી. લંગડાનો [illegible] [illegible] ભરવાને એક ઓરડી [illegible] દીધી. [illegible] [illegible] [illegible] નીચે મોટાં મોટાં વેપારીઓના [illegible] [illegible] 'પંચ' [illegible] પાડોશમાં [illegible], [illegible] [illegible] [illegible] માનતાં, અને એનો '[illegible]' [illegible] [illegible] [illegible] ને [illegible]' કરી [illegible] [illegible] [illegible] [illegible] માનતાં.

[illegible] [illegible] [illegible] ત્યારે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી.

૨

ચંદ્રકાન્ત લાંબામાં લાંબું મહાકાવ્ય રોકડી આઠસો લીટીનું ને નાનું કાવ્ય છસો લીટી સુધીનું કરતો. એનાથી નાનું કાવ્ય એ ક્યારે ય કરતો નહિ: કવિતામાં તલ્લીન રહેતો; પણ તેમાં ઘણુંખરું પ્રાસાનુપ્રાસમાં જ વખત વહી જતો. આ પંદર રૂપિયાનું ઘર પણ તેણે સુમરા હસનઅલીની મદદથી જ લીધું હતું. ચારે તરફ ભીંત પર અનેક સુંદર વાક્યો લખતો ને ભૂંસતો, પણ પોતે સ્થાયી ધંધો ગોખીને ઘર જમાવવા યત્ન કરતો નહિ. તે પરણ્યો હતો, પણ પોતાના જેવી જ એક રાંક બાઈને. તે બાઈ ઉછી ઉધારાં કરીને ઘર ચલાવ્યે રાખતી, પણ આ 'પંડત' માણસ વિદ્યાના વ્યસનમાંથી નવરો પડતો નહિ, ને ઉછી-ઉધારાં ભાગ્યે જ પાછાં દેવાતાં. એની વિદ્યા પણ વાંઝણી જેવી જ હતી. એટલે દર્પવદન જતાં જ પહેલું તો આખા પાડોશને 'કાગળપત્તર' ને 'નામાંઠામાંનાં' ઠેકાણાંની મહાપીડા જાગી. ચંદ્રકાન્ત હતો, પણ તે ધૂની માણસ. દર્પવદન જેવો ઠગી ગયેલો નહિ, અને વહુવારુ એની પાસે આવતાં સંકોચાય. એટલે હસનઅલી સુમરાનું નામું ધીમે-ધીમે વાણિયાની દુકાને ચડ્યું. ને તેમાં જમાઉધાર, જમાઉધાર, થવાની શરૂઆત થઈ.

૩

સંગાથની છોકરી રૂપાળી ખરેખર રૂપાળી હતી. તેની ઉમ્મર ભાગ્યે જ તેર વર્ષની અત્યાર. સુમલડોશીનો છોકરો જગો અને રૂપાળી બન્ને સવારમાં વહેલાં પહર ઉઠતાં. ને

પછી [illegible] કરી [illegible]
સુમરાના ફળીનાં એ બંને ગોવાળ જ [illegible]. સુમરાની
ગાયો ને ભેંસો, સુમરાની ભેંસ, લંગડાની ભેંસ, [illegible]
પાડી ને ભેંસ, ને મોરારજીની ગાયો એમ નાના મોટા
પંદર [illegible] આ બંને ચોરવા [illegible] નાના મોટાં જ
પંદર ઢોરનો હતો, પણ [illegible] સુખી હતા. એટલે
[illegible] ને મોટો લાગતો.

કેમ બન્યું એ બરાબર ખાત નથી, પણ ઘણા
વખતથી, જગો ને રૂપાળી જોગાં જતાં, એટલે થોડી મશ્કરી
બંનેને સંબંધ હતો જ, અને ઘણું કરીને આ સંબંધ
જોરથી, જગાએ એક વખત રૂપાળીની વધારેપડતી મશ્કરી
કરી નાખી. કાન ગોપીમાંથી સૂઝ્યું હશે કે ગમે તેમ
પણ જ્યારે રૂપાળી નદીમાં નાવા પડી, ત્યારે જગો, રૂપાળીનાં
બધાં વસ્ત્રો લઈને બહાર દોડી ગયો. એને બિચારી
હેરાનહેરાન કરી નાંખી. રૂપાળી રોવા જેવી થઈ ગઈ
ને જગાને ધમકાવવા ને ગાળો દેવા લાગી. જગામાં બુદ્ધિ
જરા જાડી હતી, એટલે મોડેમોડે સમજ્યો કે હવે વા
હાથથી જાય છે. પણ તે પહેલાં તો રૂપાળીએ તેની બરાબ
ખબર લેવાનો નિશ્ચય કર્યો હતો.

તે દિવસે વાતોડિયા લંગડાએ રજપૂતનો ખરો વે
ભજવ્યો : ને રજપૂતાણી પણ એની પડખે ચડેલી : સુમરા
અને જાગાને એવાં તો ધમકાવી કાઢ્યાં કે બન્ને મ
દીકરો ગભરાઈ ગયાં : ' હું કોણ ? મને ઓળખતાં નથી
લંગડો લંગડો પણ હું રજપૂતનો બચ્ચો છું હો, એ

[illegible] સાત પેઢી [illegible]

૬

હજી તો પૂરું અજવાળું પણ નહિ થયું હોય, ત્યાં શુભચિંતકોની ઝૂંપડીમાં જપ્તી બજાવવા ગઈ પહોંચી.

એક સિપાઈ ફોજદાર, ને વેપારી હાજર થઈ ગયા: લંગડાને નોટિસ બજાવવા માટે ઝૂંપડીમાં ક્યાંથી ખબર આવી હતી તેને જ પૂછ્યું: 'ક્યાં છે તારો બાપ?'

લંગડો ઝૂંપડીમાં ખાટલા પર સૂતો હતો. તેણે મોં પરથી ગોદડું ફેંકી દીધું: 'કોણ છે ભાઈ?'

'કોણ છે! આ વેપારીની જપ્તી આવી બજાવવાની છે. હુકમનામું થયું છે એ ખબર છે ના?'

'હા તે બજાવો ને ભાઈ!'—કહીને રજપૂતાણી બહાર આવી. 'હું તો કહું છું અમારું ગરીબનું અન્યાયથી લીધું હશે તેનું સાત જન્મારામાં ય સારું નહિ થાય.'

'ખોટું શેનું છે? ગોળ ને ઘી, ને સાકર ખાતાં તો સારું લાગ્યું હતું હવે દેતાં જ વસમું લાગે છે કાં?'

'આના છોકરાએ જૂમજોગા કર્યા!'—વાત એમ હતી કે જગાએ લંગડાંછોકરાને ખાતે વારંવાર નામું ઉપાડ્યે રાખ્યું હતું. લંગડાએ હેતથી, કેટલીક વાર તેવાં નામાં ભર્યાં પણ હતાં; પણ હર્ષવદનના ગયા પછી જે જે નામાં થવાં લાગ્યાં—લંગડાનાં ઘરનાં ને જગાનાં—તેમાં કાંઈ હિસાબ જ નહોતો. લંગડાનું વહાણ તો તૂટુંતૂટું હતું જ એટલે વેપારીએ ઉતાવળ કરી, જપ્તી લાવીને પૈસા વસૂલ કરવાની તૈયારી કરી રાખી હતી.

એ જ વખતે, ભયંકર અવાજ સાથે, દુઃખથી ...
હતું. ... એક ગાડીમાંથી ... આવતો હતો, ...
પણ ઘર બહાર નીકળી હતી, અને પોતાના પાડોશી ...
એવું દુઃખ જોઈ, હસનઅલી બહાર આવ્યો હતો.
'શું છે!' કહેતો હસનઅલી આવ્યો, પણ સુમલના ગોરા
ત્યાં જ ત્યાં રહ્યા બેઠા. અનો મરણ પામ્યો હતો. અને
સુમલ ભિખારી એકલી થઈ ગઈ હતી. એનું ગયું હતું
ત્યારે તેનું હતું, ને લંગડાને એવું આવેલા લાખ રૂપિયા
વેરા હતા!

બીજી તરફ આ બધી ગાદ જોઈને મળી હતી.
હસનઅલી જમીન લેવા તૈયાર થયો, પણ લંગડાએ ના
પાડી. 'હવે અમને આંહીં નહિ ફાવે: આંહીં અન્ન નહિ
ભાવે.' અને તેણે પોતાની બેગ ને પોટલીપણી ભરપુરી
જવા દીધી.

એક જ દિવસે બે ઘર તૂટ્યાં.

૫

હવે તો રૂપાળી અને એની મા મજૂરીએ જતાં, ને
લંગડો ખાઈપીને ઘેર પડ્યો રહેતો કે વખતે મીરાંજીને ત્યાં
જઈ બેસતો.

સુમલને લાગ્યું હતું કે છોકરાને લંગડાએ મંત્ર મારીને
વશ કરી લીધો છે. એનો અજ્ઞાન આત્મા આ અન્યાયનું વેર
લેવા તરસ્યો બની ગયો હતો. ગગલાને સુમલ બહુ વહાલી
ગણતી હતી. અને એના વૃદ્ધ જીવનમાં એને એ એક જ
આશા હતી. ગગલાના મરણ પછી તે એવી તો બાવરી

બની ગઈ કે તેના પડછાયામાં ઊભું રહેનાર પણ ધ્રૂજી ઊઠે. તેનો સ્વભાવ જ ફરી ગયો. ને હવે તેની પાછળ કોઈ નથી એમ જાણતા છતાં તે વધારે ને વધારે લોભ કરવા લાગી. એના ફળીમાંથી સભા તો તદ્દન નાશ પામી ગઈ, પણ પહેલાં જે નિખાલસતાથી તે પાડોશી સાથે રહેતી, તે નિખાલસતા પણ સરી ગઈ. તેના મગજમાં વેરની જ ધૂન ભરાઈ ગઈ. અને તેનું હૃદય તથા આત્મા ધીમે ધીમે કરમાવાં લાગ્યાં.

મીરાણીને ત્યાં જઈને લંગડો બેસતો. ત્યાં મીર પણ આવતો. હસનઅલી પણ પોતે પાસે હોવાથી ડોકિયું કરે, ને ચંદ્રકાન્ત પણ મીર સારંગી વગાડશે, એવા સાંભળવાના લોભમાં ત્યાં જઈને બેસે. આ પ્રમાણે, એકલી પડેલી તુરત કોઈનો ધરારો નહિ છતાં, ધીમે ધીમે વધારે ને વધારે એકલી પડવા લાગી. એકલતાથી એના હૃદયમાં મોકળે બદલે વેરના બીજનો પરિપાક થવા લાગ્યો.

આ તરફ પેલો વિધુર મીર જરાક લાલચુ હતો: જરાક વિષયી હતો: મીરાણી જુવાનીમાં વિધવા થઈ હતી: અને બન્ને જણાં બેસીને મોડી રાત સુધી વાતો કરવાનો વ્યવહાર રાખતા, તેમાંથી, વખતે વખતે રૂડી રાતના ને શૃંગારની વાતોના ટહુકા પણ કરી લેતા.

એમ સંબંધ વધતો હતો. ધીમે ધીમે મીર મીરાણીની વધારે ને વધારે સેવા કરવા લાગ્યો. ને મીરાણી પણ મીરની સોડ વધારે ને વધારે સેવતી ગઈ. આ વાત પર વેર ભરેલી સુમલની આંખો સિવાય બીજા બધા ઉપેક્ષા કરી રહ્યા હતા.

આપણા કવિ ચંદ્રકાન્તે એક મહાકાવ્ય સાડાસત્તર હજાર લીટીનું શરૂ કર્યું હતું. તે કાવ્ય પૂરું થાય તે પહેલાં, તેનાં પત્ની સુવાવડ કરવા ગયેલાં તે સ્વર્ગે સિધાવ્યાં. સાડાસત્તર હજારમાં એ રીતે સાડાપાંચ હજાર લીટી બીજી ભળી. એટલે કુલ ત્રેવીસ હજાર લીટીનું મહાકાવ્ય કરવામાં પડેલા કવિરાજ પોતાની લાગવગ ચલાવીને આ અજ્ઞાન જીવને દોરવાનું ભૂલતા ગયા. હર્ષવદન જતાં સૌ પાડોશી ચંદ્રકાન્તને પૂછપરછ કરવા આવતા, પણ કવિ તો ભીંતો પર લખેલા મનુસ્મૃતિના શ્લોકો કાઢીને તેને બદલે પોતાને મન ફાવે તેવા બીજા શ્લોકો લખવામાં તલ્લીન હોય. એમ દર મહિને ભીંત ધોવાતી જાય, ને શ્લોકો બદલાતા જાય! આવું વાતાવરણ જમાવવામાં પડેલા કવિરાજ મીર, મીરાણી, સુમરો, લંગડો ને સોમલ શું કરે છે તે જોવાનું ભૂલી ગયા.

તે પછી થોડા વખતમાં ચંદ્રકાન્ત ભૂજ ગયા: ભૂજમાં તે બીજી વખત પરણ્યા ને નાની વહુ કમકાળી હોવાથી, ત્યાં જ રહી ગયા!

આ તરફ મીરમીરાણી વધારે ને વધારે વખત સાથે બેસતાં જાય છે. ક્યારેક બન્ને એકાંત પણ સેવે છે. શૃંગારનાં પદો ગાવામાં કેટલી રાત ગઈ તેનું ભાન રહેતું નથી: અને ક્યારેક મીરનો હાથ સારંગીને બદલે મીરાણીનો હાથ પકડે છે.

સુમલ ઊંડા આત્મસંતોષથી એ તાલ જોઈ રહી છે.

૬

એમ કરતાં એક દિવસ સવારમાં વહેલાં—તે જ સમય કે જે સમયે જાગો મરણ પામ્યો હતો, ને લંગડાનું ઘર

તૂટયું હતું—ફોજદારે આવીને મીરાણીનું બાર ખખડાવ્યું.

અંદર ત્રણ જણાં હતાં : લંગડો, મીર, ને મીરાણી. આ અચાનક હુમલો જોઈ, ત્રણે જણાં ગભરાઈ ગયાં.

વાત એવી હતી કે ધીમેધીમે વધતો મીર અને મીરાણીનો પરિચય સ્નેહમાં સમાપ્તિ પામ્યો હતો. સારંગીને બદલે મીરે મીરાણીના સ્વરો જ જગાવ્યા હતા. અને જો પુનર્લગ્ન થાય તો, પોતાનું પેનશન બંધ પડે એવો ભય હોવાથી, તેમણે લંગડાની સલાહ લઈ નવો જન્મ લેનાર જીવને ઠેકાણે પાડવા નિશ્ચય કર્યો હતો!

એ વાત પર સુમલ ઊંડાઊંડા આત્મસંતોષથી જોઈ રહી હતી. તેને જ્યારે લાગ્યું કે ઘડી ભરાણી છે, ને આજે લંગડો છાનોમાનો અરધી રાતે, મીરાણીને ત્યાં પહોંચ્યો છે, ત્યારે પોતે પણ ગુપચુપ ઊઠીને ફોજદારને ખબર કરી આવી.

અને ફોજદારને જરાક વધારે લાલચ જેવું લાગે માટે લંગડા સાથે હસનઅલીનું નામ પણ જોડતી આવી. હસનઅલી પૈસાવાળો માણસ ગણાય, ને આબરૂના ભયથી તે કોથળી બે કોથળી સહજમાં કાઢી આપે, એટલે આ વાવડ ઉપર સવારમાં વહેલાં આવીને ફોજદારે બારણાં ખખડાવ્યાં, ને એ અવાજથી લંગડો, મીર ને મીરાણી ત્રણે ધ્રૂજી ઊઠયાં! માત્ર એક કલાક પહેલાં જ તેમણે નવા જીવને ઠેકાણે પાડયો હતો—અને એટલામાં આ નવી આફત આવેલી જોઈ તેઓ મૂંઝાઈ ગયાં. લંગડો પાછલે બારણેથી ભાગ્યો : પણ 'ઊભો રહેજે! લંગડા—' કહીને ત્યાં ઊભેલી સુમલે બૂમ પાડી ફોજ-

દારને બોલાવ્યો ને તે આબાદ પકડાયો. સુમલ છૂટે ઊભી ઊભી હસવા લાગી. વૈરની તૃપ્તિના આનંદમાં તે ડોલી રહી હતી.

પછી લંગડાએ પણ પોતાને ન છાજે તેવું પગલું ભર્યું : હસનઅલી સુમરાએ તેમને સૌને વારંવાર મદદ કરી હતી, પણ પોતાના પર આવેલી આફત ટાળવા લંગડાએ આ કિસ્સામાં હસનઅલીને પણ સંપડાવ્યો.

ફોજદારે બે લપડાક ચોડી : ' છોકરું ક્યાં છે બતાવો !' ધ્રૂજતો ધ્રૂજતો લંગડો આગળ ચાલ્યો, ને હસનઅલીના વાડાના ઉકરડામાંથી તાજું કૂમળું બાળક કાઢી આપ્યું : પોતાના કૂતરાને બહુ ભસતો જોઈ, હસનઅલી લાકડી લઈ વાડામાં આવ્યો હતો, તે આ દેખાવ જોઈને થંભી જ ગયો.

મીરાણી સાથે આવા વ્યવહારનો આરોપ મીર ઉપર મૂકવાથી બહુબહુ તો પાંચ દસ રૂપિયા મળે. એટલે ફોજદારે લંગડાને ડરાવીને, મીરને ધમકાવીને, ને મીરાણીને ' જેલ ' દેખાડીને, હસનઅલી સામે મજબૂત આરોપ ઘડી, ખાસ્સી દસબાર કોથળી રૂપિયા કઢાવ્યા : અને હસનઅલીના ઘરનું જે કાંઈ નૂર હતું તે બધું ચુસાઈ ગયું.

બીજે દિવસે સવારે હસનઅલી ભિખારી જેવો, ભ્રષ્ટ જેવો, ચાંચ જેવો, નિસ્તેજ, નિરુત્સાહી ને નિરુદ્યમી બની ગયો. તેની દસપંદર વર્ષની જમાવટ એક રાતમાં ઊપડી ગઈ હતી. તેના બહોળા કુટુંબને પોષવાની તેની તાકાત હરાઈ ગઈ હતી. તે બોલ્યો નહિ, પણ પોતાના ખોટા ને વિશ્વાસઘાતી પાડોશીઓ પ્રત્યે હવે તેણે તિરસ્કારથી મોં ફેરવ્યું.

...શ' બરાબર મૂકી. ને પછી 'સુમરાવાળું ફળી' કહીને
...પાને તે તરફ લેવરાવ્યો.

પરદેશી જેવા જણાતા હર્ષવદન તરફ એક આશ્ચર્ય-
...ભરી દષ્ટિ ફેંકી ટપ્પાવાળાએ તે તરફ ટપ્પો હંકાર્યો.

સુમરાવાળા ફળીમાં ટપ્પો અટક્યો: પણ બધું શૂન્ય
હતું: જાણે કોઈ માણસ જ નથી.

જુવાન ખબર મેળવવા માટે લંગડાના ઘર તરફ ચાલ્યો.

'કાકા! લંગડા કાકા!'

લંગડાને હમણાં એ શબ્દ તદ્દન અપરિચિત હતો,
એટલે તે લાકડી લઈને બહાર નીકળ્યો.

'કાકા! ઓળખો છો! હું હર્ષવદન!'

'ઓ હો હો! મોટો થઈ ગયો. પણ તું ક્યાંથી!
બાપુજી તો ભૂજ છે!'

'હા, પણ મારા ઉપર કાગળ હતો કે પોતે ગઈ કાલે
આંહીં આવી ગયા હશે એટલે તો હું આંહીં આવ્યો. પણ
હસનઅલી—ને બધાં ક્યાં છે! સુમલ ક્યાં!'

સુમલ પોતાના ફળીમાંથી બહાર આવી ગઈ હતી.
પણ તેની ને લંગડાની વચ્ચે તિરસ્કારનો આખો સમુદ્ર
પથરાયો હતો!

હર્ષવદન લંગડા તરફ, સુમલ તરફ, ને પાસે ઊભેલા
કૂતરા તરફ જોઈ રહ્યો! લક્ષ્મીવિહોણી જમીન હોય, જાણે
જીવતી ભૂતાવળ જાગતી હોય, તેવા ભયાનક અવાજોથી
આખું ફળી ભરાઈ ગયું હોય તેમ તેને લાગ્યું!

'જેમ' બરાબર મૂકી. ને પછી 'સુમરાવાળું ફળી' કહીને ટપ્પાને તે તરફ લેવરાવ્યો.

પરદેશી જેવા જણાતા હર્ષવદન તરફ એક આશ્ચર્ય-ભરી દૃષ્ટિ ફેંકી ટપ્પાવાળાએ તે તરફ ટપ્પો હંકાર્યો.

સુમરાવાળા ફળીમાં ટપ્પો અટકાવ્યો: પણ ખાસું શૂન્ય હતું: જાણે કોઈ માણસ જ નથી.

જુવાન ખબર મેળવવા માટે લંગડાના ઘર તરફ ચાલ્યો.

'કાકા! લંગડા કાકા!'

લંગડાને હમણાં એ શબ્દ તદ્દન અપરિચિત હતો. એટલે તે લાકડી લઈને બહાર નીકળ્યો.

'કાકા! ઓળખો છો! હું હર્ષવદન!'

'ઓ હો હો! મોટા થઈ ગયા. પણ તું ક્યાંથી! બાપુજી તો ભૂજ છે!'

'હા, પણ મારા ઉપર કાગળ હતો કે પોતે ગઈ કાલે આંહીં આવી ગયા હશે એટલે તો હું આંહીં આવ્યો. પણ હસનઅલી—ને બધાં ક્યાં છે? સુમલ ક્યાં!'

સુમલ પોતાના ફળીમાંથી બહાર આવી ગઈ હતી. પણ તેની ને લંગડાની વચ્ચે તિરસ્કારનો આખો સમુદ્ર પડ્યો હતો!

હર્ષવદન લંગડા તરફ, સુમલ તરફ, ને પાસે ઊભેલા કૂતરા તરફ જોઈ રહ્યો! લક્ષ્મીવિહોણી જમીન હોય, જાણે જીવતી ભૂતાવળ જાગતી હોય, તેવા ભયાનક અવાજેથી આખું ફળી ભરાઈ ગયું હોય તેમ તેને લાગ્યું!

એક દુર્દિન

ગઈ રાત્રે જરા વરસાદ પડ્યો હતો ને એક બાંડિયું કૂતરું થરથરતું ઓશરીમાં ચડી આવ્યું હતું, એટલે એનું સ્વાગત કરીને પગથિયાં પાસે જરા એની 'ઓફિસ' જેવું કરી આપ્યું હતું. અલબત, રાત્રે એણે એક, દોઢ, અઢી, સાડાત્રણ ને ચાર એમ પાંચેક વખત જ્યારે એના જ્ઞાતિબંધુઓએ નૃત્ય, ગાન કે સંગીત કર્યાં ત્યારે સાથ પુરાવ્યો હતો, અને ગીતાના પેલા પ્રસિદ્ધ શ્લોક યા નિશાનું ખરું રહસ્ય સેવકને સમજાવી દીધું હતું. પછી પાંચ–સાડાપાંચ વાગે તો તેણે, ભેરવીથી ગળું સાફ કરવા માટે, કે ગમે તે કારણસર, અખૂટ વાક્પ્રવાહ ચલાવ્યા.

એટલે ઊઠવું જ પડ્યું. શ્રીમંત ભિખારીને હડસેલી કાઢે તેમ તેને ઘરઆંગણેથી રવાના કર્યું. પણ બાઈએ બાંડિયાભાઈને મારવા ધારેલી લાકડી, જોકે પોતે બાંડિયા

ઉપરાંત કાણા પણ હતા છતાં, કોણ જાણે કેમ, તેને વાગવાને બદલે પગથિયાના પથ્થરને વાગી : અઢી રૂપિયા ખરચીને છેક સીમલાથી લાવેલી લાકડી ભાંગીને બે કકડા બની ગઈ, અને બે મળીને એક થાય એ તો ગણિત વિરુદ્ધ હોવાથી હવે એની આશા છોડી. જોસથી એક કકડાને દૂર ફેંકી દીધો. એનો 'તડાંગ' સ્પષ્ટ અવાજ સંભળાયો અને વૈરતૃપ્તિનો મોંઘો આનંદ, જેવો ઋષિમુનિઓએ ઋગ્વેદમાં વર્ણવ્યો છે તેવો, કાંઈક હૃદયમાં સ્ફૂર્યો–ન સ્ફૂર્યો તે પહેલાં 'ઓયરે!' બોલીને કપાળે હાથ દઈને આવતો અમારો પટાવાળો જોવામાં આવ્યો.

'અરે! તમને વાગ્યું?—બહુ વાગ્યું?'—એમ સવાલ કરીને નીચે ઊતરું છું ત્યાં શ્રી. બાંડિયાભાઈ, તેમના ત્રણ મિત્રો વધારે પડતું સ્વાગત કરવાની તૈયારી કરે છે તે જોઈને, ઝાંપા પાસેથી જ, ઊભી પૂંછડીએ નાસતા પાછા આવ્યા ને પટાવાળાના પગમાં જ અટવાયા. લાકડીના હમણાંના જ મારને લીધે અવિશ્વાસુ જીવન ગાળવાની મનોવૃત્તિ હોવાથી 'એ કરડ્યું' કહીને તે કૂદ્યો, ને તેના હાથમાંથી નીચે પડેલ લોટાનો અવાજ ચોખ્ખો સંભળાયો. હવે તો બાંડિયાને મારવો જ એમ વિચારીને લાકડીને જરાક પાછળ સંતાડી, 'તૂ તૂ' કહીને બાંડિયાભાઈને ભોળવ્યા ને તેમના તરફ જોરથી લાકડી ફેંકી; પણ બાંડિયો ચાલાક નીવડ્યો ને માત્ર એક બે પગલાં જ દૂર હઠીને તેણે ઘા ચુકાવી દીધો : ને વ્યર્થ જતા ઘા તરફ જરાક જોઈને મસ્કરી કરવા માટે પૂંછડી હલાવતો સામે ઊભો રહ્યો, પણ ઘા વ્યર્થ ન ગયો.

મારો પાડોશીનો કૂતરો બાંડિયાને જોઈ ને દોડયો, આવતો ા તેને જ વાગ્યો. ખીજવાટમાં ને ખીજવાટમાં બાંડિયાને ડીને પટાવાળાને કેટલું વાગ્યું છે તે જોવા તરફ હું વળ્યો.

સવારની આવી શરૂઆતનો શોક ભૂલવા માટે સાત થયા ત્યાં તો બહાર નીકળી પડ્યો. વિક્ટોરિયા બાગમાં વાનો વિચાર હતો, પણ પાછળથી તે ફેરવ્યો. બરાબર એલિસ બ્રિજ નજીક આવ્યો ત્યાં સામેથી શ્રીયુત નંદનંદન અને હંસહંસન બન્ને ચાલ્યા આવે. આ બન્ને ગૃહસ્થોની ખૂબીખામી જે ગણો તે એટલી જ કે જો તમને ચોંટે તો ખાસ્સા સાડાચાર કલાકનો મેળ રાખવાનો! ' શું સમજ્યા મારા ભાઈ હેં.' એમ કહેતા જાય; તમારા ખભાને ટાપલી લગાવતા જાય; ને વાત ઉપર વાત—પોતે ' રણપિંગળ ' વાંચ્યું છે, કવિતા કરી છે, હસ્તલિખિત માસિક કાઢ્યું છે, ફક્કડ રહેતું છે, પરણવું નથી, વગેરે વગેરે,—બધી આકાશમાં રહેનારી કર્યે જાય. એમનાથી બચવા એલિસ બ્રિજ પાસેથી જ નીચે સાબરમતી તરફ વળી ગયો. ત્રાંસી આંખે, વખતે તેમને જોવાનો લાગ મળે એ ખરા હેતુથી, અને હમણાં લોકો ' કરા ' ' કરા ' બહુ ફૂટે છે માટે જરાક ક્લારસિક જણાવાની ખાતર, ત્યાં મંદિર પાસે એક બે પૂતળાં પડ્યાં છે તે જોવામાં થોડી વાર રોકાઈ ગયો. પણ હજી તો પૂતળામાં હનુમાન છે કે ગણપતિ એ પૂરા ઓળખી શકું તે પહેલાં તો ખભા ઉપર ચિરપરિચિત ધબ્બો પડ્યો. ' અમે તમને જોયા હો મહેરબાન! એટલે અમે પાછળ જ આવી ચડ્યા!' પાછો ફરીને જોઉં છું તો જેમના ભયથી ત્રાસીને, આ

ધૂળ ખાઈ ગયેલા પથ્થરના પૂતળાનું શરણુ શોધેલું, તે જ શ્રીયુતો—નંદનંદન અને હંસહંસન—ઊભેલા!

'ભારતીય કલાના અવશેષો કેવી દુર્દશામાં છે એ જોવાનું છે સા'બ!'

શ્રી. હંસહંસન કળાનો શોખ ધરાવતા. 'ભાડટી કલા' એ એમનો 'સો ખ' હતો.

સામેનાં પૂતળાં તો છેલ્લાં પાંચ દસ વર્ષમાં કોઈએ બનાવેલાં ને પછી વિસારે પડતાં, વધારે ધૂળ ખાઈને 'પ્રાચીન કલાના અવશેષ' બની જાય તેવાં દેખાતાં હતાં. મૌન જ રાખવું એવું વિચારી શ્રી. હંસહંસનને જવાબ વાળ્યો નહિ.

'સા'બ, અમે તો તમારે ઘેર જ જતા હતા હો.'

'એ . . . મ?'

પગ ઊપડતાંની સાથે જ શ્રી. હંસહંસન અને નંદનંદન પણ સાથે જ વળગ્યા.

'આજ તો નદીના પટમાંથી જવું છે!'

'હા, ચાલોને, એ તરફથી ચાલ્યા જઈએ.'

'નદીતટનું સુંદર વર્ણન કાલે મારાથી અચાનક જ થઈ ગયું છે.'

'એ . . . મ?'

આગળ વધીને એલિસ બ્રિજ નીચેથી પસાર થઈ નદીના પટમાં ચડ્યા.

હવે તો જો આ લપ જાય તો ઘેર જઈને નિરાંતે કોકો કે કૉફી કે નોફી પી 'ટાઈમ્સ ઑફ ઇંડિયા' જેવું કાંઈક

ધારું વાંચીએ એ વિચાર મનમાં ઘોળાતો હતો એટલામાં દિનંદન બોલ્યાઃ

'હવે અમને બન્નેને દુનિયા ઉપર કંટાળો આવ્યો છે. આપડી 'માનસીમ' દસા જ દુનિયાથી જુદી: ૮ ફુન જુદી!'

'એમ કે!'

'હા, જુઓને, હવે મને નોકરી ગમતી નથી: વેપલાને તો હું ધિક્કારું છું: પરચૂરણ ધંધામાં શું? અને આપણને—શું સમજ્યા?—આપણને સાચાને કોણ ઓળખે?'

'એટલે તમારે હવે શું કરવું છે?'

'મારે તો હવે સાંતિમય જીવન ગારવું છેઃ અને કરા ને કવિટાની પાછળ સ્વાર્પણ કરવું છે.'

'એમ? તમારી પાસે શું છે . . . જીવનનિર્વાહનું શું?—તમારા અભ્યાસનું શું?'

અચકાતો અચકાતો આગળ વધું તે પહેલાં તો 'મારે એ જ વાત આપને કરવી છે. મને બસ, ભલે કોઈ શ્રીમંત, કે પછી ભલે રાજા, માત્ર પચ્ચીસત્રીસ—અથવા બહુ તો પચાસ રૂપિયા મહિને આપે તો હું 'સાંતિમય' જીવન 'ગારું' અને 'વરી' 'કરા' 'કવિટા'નો પણ ઉદ્ધાર થાય. સાંતિ વિના કરા કવિટાનો 'ઉદ્ધાર' નથી જ.'

'શાંતિ અશાંતિ તો જાણે ઠીક, પણ તમારે કળા કવિતાનો ઉદ્ધાર કરવો હોય તો કાંઈ પૂર્વતૈયારી—ચિંતન, અભ્યાસ—અનુભવ—કાંઈક મેળવવાં ઘટે ના?'

'હાં, મારે આપને એ જ વાત કરવી છે. મને પ્રેરણા આવે છે.'

'એ . . . મ ?'

હવે છૂટા થવાય તો સારું એમ વિચારી જરાક ફંટાયો એટલામાં નંદનંદન બોલ્યા:

'આજે એ જ વાત કરવી છે.'

'એમ કે ?'

'આપને ક્યાં જવું છે ?'

'મારે . . . મારે . . .' કાંઈ હાથમાં આવ્યું નહિ એટલે બોલી નાખ્યું : 'દૂધેશ્વર.'

દૂધેશ્વર સ્મશાનઆરો છે ને કદાચ જવાને હજી વાર હશે એટલે બોલતાં બોલાઈ તો ગયું પણ તરત જ ઉમેર્યું: 'મારે દૂધેશ્વર બાજુ કામ છે. આપણે પછી મળીએ તો ?'

સદ્‌ભાગ્યે તેમણે કબૂલ કર્યું એટલે તેઓ ભદ્ર તરફ પાછા ફર્યા ને નદીના તટની સુંદરતા નિહાળતા ચાલ્યા ગયા.

ઘેર આવ્યો પણ જ્યાં ઓશરી ઉપર પગ મૂકીને, 'કહું છું મારે માટે—' એ શરૂઆત કરું છું ત્યાં ખુરશી ઉપરથી ઊભા થઈને 'જો જો, ઓળખાણ પડે છે કે ?' કહેતા ક ને એક ગૃહસ્થ સામે જ ઊભેલા જોયા.

'હા. આપણે ત્યાં મળેલા કાં ?'

હસતે મોંએ જવાબ વાળીને પાસેની ખુરશી ખેંચી તે પર બેઠો. મનમાં ગડમથલ હતી કે જો હમણાં પૂછી કમાં તો ખબર જ નહોતી.

એટલામાં તો પેલા ગૃહસ્થે પૂછયું જ : ' કયાં ! '

' કેમ વળી ? ત્યાં . . . આ . . . પણે—કેવું ! '

' જૂનાગઢ.'

' હાં, ત્યાં. એ વખતે તમે વીશી ચલાવતા કાં ! '

' કેમ વળી ! પંચહાટડીમાં કરસનજી મહારાજની વીશીમાં તમે જમવા આવતા. પણ એ સમય ગયો હો. એ વખતના છોકરા ને એ દેશન ને એવી રીતભાત ને એવી મોટાઈ ને એમાંનું પા ટકો પણ હવે નથી. '

' એમ કે ! '

' એક દિવસ તમને સાંભરે છે, ભાઈ ! '

હવે આ અમારા કરસનજીભાઈ, જૂનાગઢના વીશીવાળા, દસ વર્ષ પહેલાંની—આ સેવક તંગ હાલતમાં માગી ભીખીને ભણતો તે વખતની, વાત કાઢે, અને તેમાં પણ એક દિવસ—એ તે યાદ કયાંથી હોય ?

સામું જોઈને પૂછવું પડયું: ' કઈ ! '

' કેમ વળી પેલી મણિ—અમારી દૂરની સગી—રસોઈ કરવા ન આવતી ? પણ હતી ભિખારી સારી હો, તમારું ભાણું સૌથી વધુ સાચવતી. ને ભાઈશાબ, તમારો સ્વભાવ તો ત્યારે પણ એવો જ હો. વીશ છોકરાનું જૂથ તમે બાંધી લીધું એટલે અમારે નછૂટકે સારું જ આપવું પડતું. પણ મણકી તો—તમને ખબર છે નાં ! '

' ના. '

' ભાગી ગઈ. '

' હેં ! '

'હા. ને આંહીં અમદાવાદમાં જ વાણિયાના ઘરમાં બેઠી છે. અમને તો પાછળથી ખબર પડી કે...'

'શું?'

'શા'બ તે દી ખબર નહિ હો—પણ એ તો જણ્યાનો દોષ છે નાં! મણકી—જાતની—જો જે ભડકતા નહિ હો—'

'ના, ભડકવાનું શું છે?'

'વાઘરણ!'

અંગ્રેજ ઢેઢાનું રાંધેલું ને દેશી ઢેઢાનું પીરસેલું ખાઈને રીઢું થઈ ગયેલું હૃદય ધ્રૂજ્યું નહિ. પણ કરસનજીએ કરવા ધારેલી અસર ન થઈ, એટલે એનો આત્મવિશ્વાસ જરાક ડગ્યો. પણ તે આગળ વધ્યો:

'મારા મણકી પાસે અઢીસો રૂપિયા લેણા હતા. તે મારી સગી ક્યાંથી આપવાની હતી? પછી ભાઈ, આપણે તો, બસેં બીજા પણ ખર્ચ્યા; જરાક લૂગડેલતે મઠારી, થોડાક દી ચૂલાના કામમાંથી બહાર કાઢી. ગમે તેમ વાતે જરાક ધોળી થઈ કે રૂપિયા પંદરસોમાં આપી દીધી. ખાધું પીધું ને મજા કરી. ને તમારે પરતાપે પરણ્યો. છોકરાં-છૈયાં—ઘર કર્યું મજેવડીમાં—ને બે પૈસા પાસે છે તે કીધું જાત્રા કરી આવીએ—કર્યું કારવ્યું તો ઠીક પણ જાત્રાનું પુણ્ય કર્યું એટલું સાથે આવવાનું છે.'

ટેબલ ઉપર ચાના પ્યાલા આવીને પડ્યા. કરસનજીએ નિરાંતે ચાના ગામડાશાહી ઘૂંટડા લેતાં લેતાં પોતાની વાત આગળ ચલાવ્યે રાખી.

'તે તમે આંહીં શું કરો છો!'

'આંહીં ચાનો વેપાર કરું છું.'

'એમ! ત્યારે મારા શા'બ આવી અમીરી ચા પીઓ છો. અમને ગામડાના માણસને તો શું કાંઈ આવી વાતનું ભાન છે!'

જવાબ આપું તે પહેલાં તો, 'હલ્લો, મિ. રાવ' કહેતો'કને એક જુવાન નેતરની સોટી જરા વાળતો વાળતો દેખાયો.

'ઓ હો! તમે ક્યાંથી મિ. શાંતિલાલ—'

- શાંતિલાલ મેટ્રિકમાં સાથે હતા ને આજે આવી ચડ્યા એટલે થોડીઘણી નવાજૂની સાંભળવા મળશે એમ વિચારી હસતે મોંએ તેના તરફ જોયું: 'હાં, કેમ છે?'

'સાંભળ્યું ના? તમે સાંભળ્યું?' શાંતિલાલ આવતાં-વેંત જ બોલ્યા—જાણે એ બોલવા માટે જ આવ્યા હોય.

'શું!'

'ફેંકી દીધી!'—શાંતિલાલે એક હોઠ જરા દબાવીને કોઈ પરાક્રમ કર્યું હોય તેવો અભિનય કરીને જવાબ વાળ્યો. એમના આવા પરાક્રમથી અજ્ઞાત રહેવા માટે જાતને નિંદું છું ત્યાં તે ફરી બોલ્યા: 'નહિ મંગતે—તુમકુ દુસરા નૌકર મીલેગા તો હમકુ કયું દુસરી નોકરી નહિ મીલેગી! ફેંકી દીધી.'

ઠીક; ઓહો! સમજાયું. શાંતિલાલનું પરાક્રમ એ હતું કે શેઠની નોકરી એમણે છોડી દીધી હતી.

'પણ બન્યું શું!'

'અરે, બીજું શું? ટકટક કચકચ—'

'હા, મારા ભાઈ બરાબર છે—' કરસનજીએ જાણ્યા વિના ટેકો પૂર્યો.

'પ્રજાબંધુ' શબ્દની સાથે ઓશરીમાં ધબાકો થયો. ટપાલવાળાએ પેપર ફેંક્યું હતું તે ઉપાડીને ટેબલ પર મૂકતાં શાંતિલાલ બોલ્યો:

'મને ટકટક બિલકુલ પસંદ નથી—પહેલેથી જ.'

કાંઈક નવીન જાણવાના હેતુથી સ્થાનિક સમાચારના પાના ઉપર આંખ રાખીને હું ડોકું ધુણાવતો ગયો.

'હાસ્તો તમારો સ્વભા . . . વ'—છેલ્લો 'વ' લંબાઈ ગયો. સ્થાનિક સમાચારમાં શાંતિલાલભાઈ પર વિશ્વાસ-ભંગ—રકમ ઉચાપતના આળની વાત હતી. અને તે ઉપર આંખ થંભી ગઈ—

'મારો સ્વભાવ બહુ જ સ્વતંત્ર છે. તમને ખબર નથી, પણ મારા કામમાં કોઈ ડખલ કરે તે મને પસંદ જ નથી.'

'બરાબર.'

વિશ્વાસભંગ શી રીતે કર્યો તેની હકીકત આવી હતી, ને શાંતિલાલને છૂટા કર્યા છે એવી નોટિસ પણ હતી. હમણાં જ શાંતિલાલની હાજરીમાં વાત જાહેર ન થઈ જાય માટે છાપાને ઘરમાં ફેંકી દઈ શાંતિલાલ તરફ મેં જોયું. તેના મનમાં કાંઈ જ ગડમથલ નહોતી: અથવા તો તે આવા ચારિત્ર પરના હુમલાથી પર હોય તેમ વાત કર્યે જતો હતો:

'મારો સ્વભાવ ઘણો કડક છે. તમને ખબર નથી, પણ હું અનાજ વિના ચલાવી લઉં એવો માણસ છું.'

'બરાબર છે—' કરસનજીએ ટેકો પૂર્યો.

કરસનજી આમ જાણ્યા વિના ટેકો પૂરતો હતો એટલે જરાક મનમાં ખીજ તો ચડી, પણ એટલામાં તેની સામે જોતાં લાગ્યું કે કાં તો તે પણ શાંતિલાલને પામી ગયો છે અને હોંકારા પૂરીને તેને બનાવે જ છે અથવા તો બન્નેમાં એક જાતના સરખા ગુણને લીધે આવતી સહજ જ મૈત્રી છે.

'એટલે હું તો જાણવા આવ્યો હતો કે હાલમાં તમારી જાણમાં કોઈ એવી જગ્યા હોય તો—'

'મારી જાણમાં...'

'કામ ભલે ગમે તેટલું હોય. અને આપણે એક પાઈ હરામની જોઈતી નથી, પ્રામાણિકતા તો આપણો મુદ્રાલેખ છે.' શાંતિલાલે ટેબલ ઉપર જરાક હાથ પછાડીને પ્રામાણિકતાનો ઉચ્ચાર ખાસ ભાર સાથે કર્યો.

'બરાબર છે. એ તો તમારો સ્વભાવ પહેલેથી જ હું જાણું છું.'

'બસ, એટલે તો તમે ધ્યાન રાખજો. તમને કાંઈ કહેવું પડે જ નહિ. લ્યો, હલ્લો, સાહેબજી, મારે જરા આ તરફ કામ છે.'

શાંતિલાલ ત્વરાથી બેઠા થયા સાથે સાથે કરસનજી પણ બેઠો થયો ને શાંતિલાલને પૂછવા લાગ્યો:

'તમારે કઈ તરફ જવું છે?'

'કેમ?'

'આ સાથે સાથે આલ્યા જઈએ.'

'હા, હા, ચાલો મજા આવશે.'

કોણ જાણે કેવી રીતે બન્ને એક બીજાને ઓળખી

ગયા હોય તેમ લાગ્યું. કરસનજી પણ ' હું ઠાકોરજીની જાત્રા કરીને પાછો ફરીશ ત્યારે આવીશ,' એમ કહીને તેની સાથે ચાલતો થયો. ' પ્રજાબંધુ ' ઘરમાંથી લઈ ને શાંતિલાલની પૂરી હકીકત વાંચી કાઢી, પછી એમર્સનના નિબંધ કાઢીને ' ચારિત્ર ' પર બે લીટી વાંચી, ત્યાં ' મને જરાક શીખવું છે ' કહીને અમારા પાડોશીનો છોકરો સામે ઊભો રહ્યો.

' શું ?'

' આ " બ્લેક હોલ " અમારી પરીક્ષામાં આવનાર છે. માસ્તરે કહ્યું છે. પણ એટલી નાની જગ્યામાં આટલાં માણસો કેમ સમાયાં હશે ? '

' કેમ વળી ? ઉપરાઉપરી ખડક્યાં ! તમારા ઇતિહાસમાં લખ્યું નથી ? '

' ના ! '

' કેમ, તમારો ઇતિહાસ કોઈ ડેપ્યુટીએ, હેડ માસ્તરે, કે રાવસાહેબે નથી બનાવ્યો ? '

છોકરો હસી પડ્યો. એટલું નાનું મગજ ને હૃદય પણ વાતાવરણમાંથી જ જાણે આ વાત શીખી ગયાં હોય તેમ લાગ્યું.

' ત્યારે એ વાત સાચી છે કે નહિ તેની ખાતરી નથી. ખોટી હોવાનો જ સંભવ વધારે છે.'

' પણ પરીક્ષામાં શું લખવું ? '

' હા, પરીક્ષામાં તો તને પાસ થવાનો સંભવ લાગે તેમ લખવું. ' છોકરો આ સાચી ને ખોટી વાત પર હસતો હસતો ચાલ્યો ગયો.

૯

બપોરે ત્રણ ન થયા ત્યાં કાંકરિયે જ પહોંચવાનો વિચાર હતો. તે પ્રમાણે કાંકરિયે જઈને ધામો નાખ્યો. એક ઝાડ નીચે નિરાંતે બેસીને આજના દિવસના કેટલા બનાવો છે તે પર વિચાર ચલાવી રહ્યો હતો એટલામાં તો પાસે શોરબકોર થઈ પડ્યો. સામેના ઓટલા પર બેસીને પત્તાં રમતાં રમતાં બેચાર જુવાનો લડી પડ્યા: દરેક પોતે સાચો છે ને બીજો ખોટો છે એમ કહીને પોતે સાચો ઠરવા માટે બને તેટલી ખોટી ભાષા વાપરી રહ્યો હતો.

વાત વધી પડી. મૂળથી જ નબળું મન આ ઉગ્ર તાપને સહન કરવાની વ્યર્થ ઉપાધિમાં પાવા ના પાડતું રહ્યું તે પહેલાં શરીર ત્યાં ખડું થયું.

'કેમ ભાઈઓ, અમસ્તા શીદ લડો છો?'

'હવે મિસ્ટર, તમને કોઈએ બોલાવ્યા નથી હો—' પોતાની પત્તાંની રમતમાં જુગાર પણ છે એ ભાનથી ઉગ્ર બનીને એક જુવાને ખભો પકડીને હચમચાવ્યો.

'પણ ભાઈ, નાહક શા માટે લડો છો? આવું શાંત સ્થળ—'

એ ભાષણ આગળ ચાલે તે પહેલાં તો લડાઈનો રંગ જ જામ્યો.

ચાલતી પકડવામાં જ ડહાપણ ને સલામતી છે એ જોઈને તરત રવાના થયા.

હવે? ચાલો, એ ભગવાન એના એ. ઘેર ચાલો.

ઘેર પહોંચતાં સાંજ થઈ. 'મેં નવ સુવાવડ કરી પણ મારી સાસુએ કોઈ દિવસ સામે જોયું નથી'—એવો

એવી ઘરની વાતો કરતી સ્ત્રીઓ ભદ્રકાળીમાંથી પાછી ફરી રહી હતી. એક ઠેકાણે જાદુના ખેલ થતા હતા. એકાદ ઠેકાણે બે છોકરાં ગળાં તાણી તાણીને ગીતો ગાઈ રહ્યાં હતાં : ને તેમને સાંભળીને પૈસો પણ નાખ્યા વિના માણસો ચાલ્યાં જતાં હતાં.

એકલો મૂંગો ઘેર ચાલ્યો.

પૂરો ઘરમાં પેઠો નથી ત્યાં ' શાબ શાબ ' એમ બે સલામો ભરતો કરસનજી સામે આવ્યો.

' કાં, આવી ગયા છો ?,

' હા, ને ફત્તેહ પણ કરી આવ્યો ! '

' શું ? '

' આ વીશ રૂપિયા ને ખાવું પીવું. આપણે ગોપીચંદ શેઠ છે નાં ? તેનામાં. શેઠે કહ્યું છે કે તમને ઓળખતા હોય તેનું સર્ટિફિકેટ લાવજો, મનમાં કીધું આપણે ભાઈ પાસે લખાવી લેશું . . . '

સમજાઈ ગયું. કરસનજીએ ગમે ત્યાં કોઈ ધર્માનુરાગી શેઠને ત્યાં રસોઇયાની નોકરી શોધી કાઢી હતી.

કાલનો વખત થયા પહેલાં જ બાંડિયું આવીને જીભ કાઢીને ઊભું ઊભું વાતો સાંભળવા લાગ્યું. આજના આખા દિવસની નાસીપાસી તેને જ આભારી છે, એમ વહેમી સ્વભાવ નહિ છતાં, વહેમ આવી ગયો.

' એટલે તમે બે આંકડા પાડી દેજો, ' કરસનજી બોલ્યો. ' બે જ આંકડા : એમ કે આ ભાઈ સારા સદ્‌ગુણી છે એટલું જ. '

અમીર ને દેહી જુદા દેહ કરતાં ઘણા એવા આ ખલકને ધર્મની રક્ષા માટે દેહને નોકર રાખ્યો, પણ હવે એને મંટિકિટ માટે આપવું કે કેમ ?—વિચારમાંગ— એ કાબરની સાથે જ બહારના પ્રામાણિક ગાંડિવાર સાંભળી.

નજર, ધુમાવવા રેમજ ઉપરની પેન્સિલ આમતેમ ફેરવ્યા કરી.

'કેમ ભાઈ, આવ્યો નાં ?'

'હું—હા ના—પણ કરસનજીભાઈ ! તમારે તો મંદિરનો વર છે ને ભાડો ? તેની પાસેથી લેજો. મારાથી ન અપાય.'

'હા. તેમ ઠીક છે.'

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

'હા—શ ' કહીને આરામખુરશીમાં ઝુકાવ્યું, પણ હડફટમાં આવેલ પ્યાલામાંથી પાણી ઢળી પડ્યું. ને આ દિવસનો હવે આ છેલ્લો જ બનાવ થાય એવા હેતુથી આરામખુરશીમાંથી પરબારું ખાટલામાં જ પડતું મૂકી માથે ઓઢી લીધું.

' પેલા ભાઈ આવ્યા હતા.' અંદર ઘરમાંથી અવાજ આવ્યો.

' કોણ ? '

' પેલા હંસહંસનભાઈ— '

કાંઈ જવાબ આપ્યા વિના મૂંગા મૂંગા ઊંઘની આરાધના શરૂ કરી દીધી.

મૂકવાણી

સુંદર કામ કરવા આવે ત્યારથી ગાવાનું શરૂ કરે. ઠામણાં ઘસતી જાય ને ગાતી જાય. લૂગડાં ધોતી જાય ને ગાતી જાય. સંજવારી કાઢતી જાય ને ગાતી જાય. ખુરશી ઉપાડી એક જગ્યાએથી બીજે મૂકે એટલી વારમાં પણ ગાઈ લે. એને તમે ગમે તેટલું કામ સોંપો એના ચહેરા પર અપ્રસન્નતા નહિ. એને તમે જો ગાવાનું બંધ કરાવો, તો બિચારી કામ તો કરે, પણ જાણે કોઈએ ચૈતન્ય હરી લીધું હોય તેમ એનું દરેક અંગ પાંગળું લાગે. કોઈ પણ કામની એણે ના પાડી છે એવું બને જ નહિ. ઉંદરડી મરી ગઈ હોય ને ફેંકી દેવી હોય તો કહેશે: 'જી હા તૈયાર છું!' ગમે તે પ્રશ્નનો ઉત્તર વાળવા માટે એની મીઠી જબાનમાં 'જી!' તો તૈયાર જ હોય. હા, જો એનો બે વર્ષનો છોકરો ગોવિંદો

સાથે આવ્યો હોય, ને તમે એની કાંઈક પણ ખાતરી ન કરો, તો સુંદર બોલે નહિ પણ એનો જીવ મૂંઝાય ને એ ગાતી બંધ પડી જાય.

કેટલાંક મનુષ્યો કામને રસમય કરવા માટે ઘણી વખત ગૂંજે છે; તેવું ધીરું મધુરું પણ સુરીલું ગળું સુંદર છોકતી જ હોય.

મથુરાંદાસના પહેલાં વહુ મરી ગયાં ત્યારે એ કામ કરતી. એ વખતે તે જુવાન ને રૂપાળી હતી. મથુરાંદાસે જુવાન જોઈને એની સાથે મીઠી મશ્કરીનો સંબંધ પણ બાંધ્યો; પણ વાત આગળ વધી નહિ, અને એટલામાં નવાં શેઠાણી આવ્યાં. નવી શેઠાણી બે વર્ષનો છોકરો મૂકીને મરી ગઈ ત્યારે પણ એ કામ કરતી. એ ચોવીસે કલાક કામ કરતી. રજાને દિવસે વધુ કરતી. કામમાંથી જ રસ ખેંચવાની એને ટેવ પડી ગઈ હતી. એનો બે વર્ષનો છોકરો ગોવિંદો નબાપો બન્યો પણ સુંદર એની એ રહી હતી. ગોવિંદો પોતાના છોકરા સાથે રમે એનો મથુરાંદાસને વાંધો હતો. કેમ કે સુંદર હવે એકલી હતી અને પોતે એકલા હતા. એટલે પોતે બંને મોટાં છોકરાંની જેમ રમે તો વાંધો નહોતો. જેમ અધિકારીઓ કાયદો પ્રજા માટે રાખે છે, ને પોતાને માટે બારી રાખે છે, તેમ મોટાંઓ નિયમ નાનાંને માટે રાખે છે, ને પોતાને માટે અપવાદ રાખે છે.

[illegible] પુરુષનો બાપ મટે ત્યારે સ્ત્રી જેમ [illegible] [illegible] કરી શકે છે, તેમ સ્ત્રીનો બાપ મટે ત્યારે [illegible] કરી શકે છે. ગોવિંદો સાથે પોતાનો

ઠોકરો રમે તેમાં : મધુરદાસનો વાંધો ધીમેધીમે ઓછો થતો ગયો; પછી વાંધો ચાલ્યો ગયો; અને પછી તો માગણી થવા લાગી: ' સુંદર ! આ લે, ગોવિંદ માટે લેતી જા !'

' સુંદર ! આ લે, ગોવિંદાને આપ !'

અને શેઠ ધીમેધીમે ગળવા લાગ્યા. સુંદર તો હમેશાં ગાતી એ તે ગમતુંના હતા, પણ હમણાં વધારે ગાતી હતી, તે ગોવિંદ માટે છે એમ માનવાને બદલે, મારે માટે છે એમ તેમને લાગવા માંડ્યું.

૭

' સુંદર ! હવે આ જેટલી શેઠાણી લાવું એટલી મરી જાય, માણું મારે તે શું કરવું ? '

સુંદર જવાબ આપ્યા વિના હસી રહી.

' આ જો ને, તું ધણી વિનાની થઈ, હું ધણિયાણી વિનાનો થયો. આપણા બેનો તે કાંઈ સંસાર છે ! '

સુંદર ગાતી બંધ પડી ગઈ. એની નજર શેઠના ચહેરા ઉપર થઈને એકદમ ગોવિંદા ઉપર જઈને ફરી શેઠના ચહેરામાં એણે, પહેલાં અનુભવેલો, મીઠી મશ્કરીનો ગજુરો ઓળખ્યો કદાચ.

' બોલતી કેમ નથી સુંદર ! તારી પહેલી શેઠાણી મરી ગઈ એ દિવસો સાંભર્યા કે શું ? '

પહેલી શેઠાણી મરી ગઈ ત્યારે સુંદર જુવાન હતી. શેઠે એની મશ્કરી કરેલી એ એને સાંભર્યું અત્યારે રાતુંચોળ બનેલું એનું મોં શેઠ જોઈ રહ્યા.

' એ સુંદર ! આ ગોવિંદાને આપ ! ' શેઠે બારીનો કાંટો પકડ્યો.

સુંદરે બરફીનો કકડો લીધો, પણ શિકારી પ્રાણી જેમ મનુષ્યની ગંધ કળી જાય તેમ સુંદર શેઠની વિકારી આંગળી કળી ગઈ. જે જગ્યાએ આટલાં વર્ષ નોકરીમાં કાઢ્યાં હતાં ત્યાં હવે જમીન સરતી લાગી. તે ભવિષ્ય માટે ધ્રૂજી ઊઠી; પણ તેણે બીજી જ ક્ષણે સ્વસ્થતા મેળવી લીધી.

૭

દુર્ગુણના પડછાયામાંથી પસાર થયેલું મનુષ્ય ઘણી વખત હમેશને માટે ચારિત્રબળ ધરાવતું થઈ જાય છે, જાણે એટલી તાલીમથી એનામાં હૃદયબળ જન્મે છે. સુંદર જુવાન હતી ત્યારે મથુરાંદાસ શેઠે એની મીઠી મશ્કરી કરી હતી. ક્યારેક અજાણતાં ગાલ ઉપર વહાલ પણ કર્યું હશે, વખતે જાણી જાણીને ઠેશ આવી હોય તેમ સુંદર સાથે રમત કરી લીધી હશે, અને તે સઘળું સુંદરે હસતે હસતે ઝીલ્યું હતું. પણ એટલી તાલીમથી જ હોય તેમ એનામાં પોતાની જાતનું રક્ષણ કરવાનું અને આ વિષય પરત્વેની મર્યાદાનું ભાન આવી ગયું હતું. એટલે હંમેશાં પુરુષો સાથે જ કામ કરનારાં બૈરાં જેવાં હસમુખાં ને મશ્કરાં હોય છે તેવી એ પણ હસમુખી હતી; પણ પુરુષને રમાડવાની, જાતને રક્ષવાની, નિયમબહાર પગ ન મૂકવાની અને કળથી કામ કાઢીને પુરુષને બનાવવાની જે શક્તિ આવા કામધંધામાં પડેલાં બૈરામાં આવે છે તે શક્તિ પણ સુંદરમાં હતી. એ જ્યારે પરણી ત્યારે મથુરાંદાસને મનમાં આનંદ થયો હતો. સુંદર સુખી થશે એનો એ આનંદ ન હતો, સુંદરને સારો ધણી મળ્યો એ વિષે પણ એ આનંદ નહતો; એ આનંદ

વાણિયાશાહી હતો. હવે કદાચ સુંદર સાથેના સંબંધને લીધે ઊંધુંચત્તું થઈ જાય, તો એક રક્ષણદાર મળી ગયો. તેથી મથુરદાસ આનંદ પામ્યા હતા. દુનિયા આંગળી ચીંધી ન શકે. સમાજમાં રહીને પ્રતિષ્ઠિતપણે સુંદરનો ખાનગી સંબંધ પોતે રાખી શકે એવો પડદો આ વિવાહથી થઈ શકે, માટે એમને આનંદ આવ્યો હતો. પણ શેઠની ધારણા ખોટી પડી હતી. સુંદરના જેઠે મૂળાના પતીકા જેવા રૂપિયા સાડા ચારસો સુંદરના વરને ઊછીના આપ્યા ત્યારે એ પરણી શક્યો હતો. એ પૈસા ન ભરાય ત્યાં સુધી, સુંદર વરનું નામ સાંભળીને રાચે, પણ કામ તો એના જેઠને ત્યાં જ કરે એવી ગોઠવણ હતી. સુંદરનો વર એને મળ્યો ત્યારે એણે કહ્યું, કે મારો જીવ તારી સાથે બહુ ગોઠી ગયો છે, ને તું આવી ચાંદા જેવી રૂપાળી છે એનો તો મને ખ્યાલ પણ નહિ. તારી આવી દેહ છે એવી ખબર પડી હોત તો બે વરસ અગાઉથી મજૂરી કરીને પૈ પૈ ભેગી કરીને પૈસા ભરી દેત. પણ હવે આપણે બંને મહેનત કરીએ. પૈ પૈ કરીને ભરી દઈએ ને પછી એક દી ભગવાન એવો દેખાડશે કે ઘરે બેસીને ગોઠણે ગોઠણ દબાવીને, બગાચોખા ખાતાં હઈશું.

તે દિવસ પછી સુંદર મથુરદાસ શેઠને ત્યાં કામ કરવા આવે. પણ જાણે એ સપનામાં કોઈ પ્રેમદર્શન હોય તેમ ગાતી ગાતી કામ કરે, ને કામ કરતી કરતી સાથે દરેકે દરેક મિનિટ પોતાના પ્રિયદર્શન વચ્ચેનું અંતર ઘટાડી રહી છે, એમ માનીને ઉલ્લાસથી કામ કરે. ઉલ્લાસ એનો જ છે. પણ મથુરદાસની મશ્કરીને સોંસરવા કાઢ

નાખે છે. કામ એનું એ કરે છે, પણ શેઠનો પડછાયો પણ લેતી નથી. પૈ પૈ નો હિસાબ રાખે છે. પણ મહેરબાનીનો પૈસો તરત પાછો ફેંકી દે છે. દરેક કામ માટે તૈયારી બતાવે છે, પણ જાતને ફરતી ચોકી મૂકી દીધી છે. મથુરાંદાસ શેઠની ધારણા તદ્દન ખોટી પડી. વિવાહ પહેલાંની મશ્કરી સહન કરનારી અને કદાચ એમણે ધાર્યું હતું તેમ શરીર આપનારી સુંદર આજે એટલી જ હસમુખી છે, પણ પોતાની જાતની એવી ચોકી કરે છે, કે શેઠની જીભ બંધ થઈ ગઈ છે. સુંદરના વરે રાતનો દિવસ કરીને અને સુંદરે જોડજોડાણીનું મન સાચવતાં સાચવતાં થાય તેટલું કામ કરીને સાડી ચારસો રૂપિયા બે વરસમાં ભરી દીધા. પણ તે પછી સુંદરનો ઘરવાસ માંડ ત્રણ વર્ષ ચાલ્યો એટલામાં એનો વર ગુજરી ગયો. પોતે એકલી પડી. અને બે વરસનો છોકરો સાચવવાનો આવ્યો. પોતે આ સઘળો વખત કામ તો મથુરાંદાસને ત્યાં જ કરતી, પણ વધારે સાચવણથી એ નોકરી જાળવવા મથતી હતી. એટલામાં શેઠનાં બીજી શેઠાણી બે વર્ષનો છોકરો મૂકીને મરી ગયાં હતાં. વિધુર શેઠ, વિધવા સુંદર અને બે નાનાં છોકરાં, એટલાં જ ઘરનાં માણસો રહ્યાં હતાં. પણ સુંદરને આજે લાગ્યું કે મથુરાંદાસે, જુવાનીમાં જે મીઠી મશ્કરી કરેલી, તેનો સૂતેલો વિકાર, શેઠાણીઓની હાજરીમાં દબાઈ રહ્યો હતો, તે હવે ફરી જાગે છે. એને પોતાની નોકરી, છોકરાનું રક્ષણ, જાતનું રક્ષણ, અને શેઠના છોકરા સાથે થયેલો વહાલભર્યો સંબંધ સઘળાં સાંભર્યાં; અને બીજી બાજુ, શેઠની આંગળીમાં ઓગળતો વિકાર અનુભવ્યો. એણે પોતાના મન

છોડતાં એનો જીવ કપાતો હતો. એણે એના અંતરમાં શું કરવું એનો નિશ્ચય કરી લીધો હતો.



એટલામાં એક અકસ્માત થયો, અને સુંદર બચી ગઈ. એક રાતે કોઈ નાતીલાએ આગળના વેરઝેરથી પ્રેરાઈને સુંદરનું નાક કાપી નાખ્યું. સુંદરનું નાક જતાં એનો દેખાવ પણ ફરી ગયો; અને મથુરાંદાસની વાણીમાંથી મશ્કરીનો રણકો પણ અદૃશ્ય થઈ ગયો. સુંદરને આ મીઠી આફત આશીર્વાદ સમાન નીવડીઃ એ વારંવાર કહેતી, કે 'મારે પીટચે, મોંએ ડૂચો મારી, ચીભડું વાઢે એમ નાક વાઢી લીધું.' મથુરાંદાસ શેઠ એ સાંભળીને હસતા અને સુંદરને દયાથી નિભાવ્યે જતા, પણ ગોવિંદાને મીઠાઈ આપવાની બંધ થઈ હતી. અને પોતાનો છોકરો એની સાથે રમે તો શેઠ આંખ કાઢીને એને રોકતા. સુંદર સઘળું દીઠું અદીઠું કરતી, અને પોતાના કામમાં એટલા જ ઉલ્લાસથી ધ્યાન રાખતી. ગાવું અને કામ કરવું, કામ કરવું ને ગાવું. હવે એનું ગાવું તો આગળના અવાજની મશ્કરી જ ગણાય; પણ જાણે આ બાઈને કાંઈ દુઃખ પડ્યું નથી, એમ જોનારને તો લાગે. સુંદર ઘણાં વરસ એમ ને એમ વટાવી ગઈ. જુવાની પણ ચાલી ગઈ.



ગોવિંદાની વહુ આવી ત્યારે ઘરમાં કંકાસ આવ્યો.

ગોવિંદાની વહુ ખરાબ ન હતી, પણ તોછડી બહુ હતી. નકટી સાસુ જોઈને એનું નાક ચડતું. વળી જેણે નાક કપાવ્યું તે પોતાના ઉપર હકૂમત કરે એમાં પણ એને નાનમ

ખામતી. એણે તો સાસુને મોઢામોઢ બેચાર વખત સંભળાવી પણ દીધું, કે 'બાઈજી! ગમે એવાં છીએ, નાક તો નથી કપાવ્યું!'

સુંદરને આ ઘા વસમો પડતો. પણ શું કરે! ગોવિંદાને વાત કરે તો ગોવિંદો ધાગધાગાં થઈ વખતે વહુને મારે. એટલે પોતે મૂંગે મોંએ સઘળું સહન કરતી. બહુ થાય ત્યારે ગાતી ગાતી કામ કામ કરવા લાગી જતી. 'વ્યાધિ હજાર પણ ઔષધ બાર' જેવો આ એનો રામબાણ ઇલાજ હતો. દુઃખ સહન નહિ થાય એવું લાગે ત્યારે એ ગાતી ગાતી કામ કરવા મંડી પડતી.

પણ ગોવિંદો એક દિવસ અચાનક આવી પહોંચ્યો ત્યારે વહુએ પાણીપતનું રણક્ષેત્ર જમાવ્યું. સુંદર ચૂપચૂપ ઊભી હતી. એની દૃષ્ટિ સ્થિર હતી. પણ એની આંખમાંથી આંસુની ધાર વહી રહી હતી.

એણે પોતાનું પોટકું બાંધીને તૈયાર રાખ્યું હતું. ગોવિંદાને દીઠો એટલે એનું અંતઃકરણ પીગળી ગયું. જેને નાનપણમાં [illegible] જાગીને મોટો કર્યો તેને આજે પોતે જ દુઃખ આપી રહી છે, એ વિચાર આવતાં સુંદર ગળી ગઈ. તેણે ગોવિંદાને કહ્યું: 'બેટા મારો આશીર્વાદ છે; તું સુખી થા ને મને જવા દે.'

'પણ જતી હો તો જા ને, તને રોકે છે કોણ!' ગોવિંદાની વહુ બોલી ઊઠી.

ગોવિંદાએ ઠળિયાળો દંડ ઉપાડ્યો, પણ સુંદરે તેને વાર્યો.

'હા મારી નાખ, મારી નાખ, માવડિયો! બીકણ

તો તારાથી શું થાય!' એમ કહીને ગોવિંદાની વહુએ તો રોવું શરૂ કર્યું.

બીજે દિવસે સવારે ગોવિંદો મૂંઝતો મૂંઝતો મથુરાંદાસ પાસે આવ્યો.

'મારી મા આવ્યાં છે?'

'ના.'

'ત્યારે ગયાં ક્યાં? કાલે રાતે વહુ બોલી હશે. સવારે ઊઠીને જોઉં છું તો ખાટલો ખાલી છે. ને મારી મા નથી.'

'હેં! કાંઈ નામનિશાન? પગલાં? કાંઈ સગડ?'

'ના. કાંઈ નથી. આટલી, એક આ ચબરખી મૂકતાં ગયાં છે.'

મથુરાંદાસે ચબરખી હાથમાં લીધી:

'ગોવિંદા, વહુ તને વેણ મારશે કે તારી માએ કાળાં કામ કર્યાં એટલે કાક નાતીલાએ નાક કાપી લીધું. એવું નથી, બેટા. જુવાનીને ને તને બેયને સાથે સાચવવા, મેં મારે હાથે જ એ કામ કર્યું હતું.'

'હેં!' મથુરાંદાસથી ગોવિંદો ન સમજે એવો આશ્ચર્યકારક ઉદ્ગાર નીકળી ગયો, એના હાથમાંથી ચિઠ્ઠી નીચે જઈ પડી. તે થોડી વાર કાંઈ બોલી શક્યા નહિ. ગોવિંદા સામે ટગરટગર જોઈ રહ્યા:

'ગોવિંદા, છોકરા, તારી મા ક્યાં ગઈ? સુંદર! ક્યાં છે?'

ગોવિંદો ભીની આંખે પેલી ચબરખી સામે જોઈ રહ્યો.

શાંત તેજ

દાદો જુએ ને દાદી મૂળવે;
દાદો જુએ ને દાદી મૂળવે.

બેત્રણ છોકરીઓ, એક આધેડ વયની ગરજાપ તેવી બાઈ, અને એક જુવાન સ્ત્રી સાથે ત્રણચાર પુરુષો આખું ખાનું રોકીને બેઠા હતા. એમનાં કપડાં, ને કોથળા ને પોટલાં ચારે તરફ ખડકાઈ ગયાં હતાં. એટલે હવે ખરી રીતે તો એક તસુ પણ જગ્યા ન હતી. પણ દુનિયામાં રબરની શોધ થયા પછી માણસો વધુ સ્થિતિસ્થાપક બન્યાં છે, એટલે અમે તે રીતે મારો સમાસ પણ મેં એ જ ખાનામાં કરી લીધો. છોકરીઓ પેલી વહુ ને આધેડ વયની બાઈ, સૌ એક જ રાગે, અત્યારે ને અત્યારે જાન જોડવાની હોય તેમ ગાતાં હતાં:

દાદો જુએ ને દાદી મૂળવે . . .

પેલા પુરુષો કાંઈ વ્યવહારની ગડમથલમાં પડ્યા હતા. એટલામાં એક બાવો પણ આ ખાનામાં જ ચડી આવ્યો

મેં હાથ જોડ્યા; 'બાવાજી! હવે આંહી એક તસુ પણ જગ્યા નથી.'

'અરે, બાબા, દો ઘડીકા મામલા હય. દુસરે સ્ટેશન ઊતર જાયગા.' બાવાજીએ સોટાસોટી, તંબૂરો ને કમંડળ સાથે પ્રવેશ કર્યો. ક્યાંય બેસવાની જગ્યા ન હતી. પેલી જુવાન સ્ત્રીએ એક પોટકું ખોળામાં લઈ લીધું. ચાર તસુ જેટલી જગ્યામાં બાવાજી પણ સમાઈ ગયા.

'દાદો જુએ ને દાદી મૂલવે.'

બૈરાંઓનું ગીત પાછું શરૂ થઈ ગયું. પેલા પુરુષો પણ પાછા વ્યાવહારિક ગડમથલમાં પડ્યા.

એટલામાં ગાડી ઊપડી.

ધીમેધીમે જેમ ગાડી આગળ વધી તેમતેમ ગાનારીઓનો ગાવાનો મોહ ઊતરી ગયો. સ્ટેશનમાં તો કોઈ હરતુંફરતું માણસ જોતું કે આ ડબામાં જાન છે, પણ સીમમાં અંધારામાં કોઈ જુએ એમ ન હતું એટલે એમણે ધીમેધીમે ચૂપકીદી પકડી.

મેં ચારે તરફ ખાનામાં નજર ફેરવી. ખાનું અલગ હતું અને બીજું કોઈ આવેજાય તેવું ન હતું.

'આ ખાનું આપણને ભારી મળી ગયું હો, રામલા!' પુરુષમાંથી એક જણ બોલ્યો. છોકરડા જેવા રામલાએ ડોકું ધુણાવ્યું: 'આ ટેસણમાં તો વાંધો નો' આવે.'

'એલા પણ તમે સાંકળાંનું કાંઈ નો કર્યું; લ્યો હવે, માળા સમજે નહિ ને ડાહ્યા થાવા જાય.' પ્રૌઢબાઈ અચાનક બોલી. તે સૌમાં મુખી જેવી લાગી.

'ના, એમાં કેનો વાંક ! મેં તો રામવાની વહુને કહ્યું,' એક પુરુષે જવાબ વાળ્યો.

પેલી જુવાન વહુએ અરીસી જેવી લાજમાંથી પોતાની મોટી આંખો, ગોઠ વચની આઈ તરફ ફેરવી : 'મેં આંકડા લઈ લીધાં છે.'

'ત્યારે બોલની કેમ નથી ! આ રામવાની વહુ તો મીંઢી ભારે.'

વહુ જવાબ આપ્યા વિના નીચે જોઈ ગઈ. પછીથી ડબામાં શાંતિ થઈ ગઈ.

એટલામાં મને સાંભળ્યું : 'બાવાજી ! તમે તો બીજે સ્ટેશને ઊતરવાના છો ને ?'

બાવાજી ચોરી કરતાં પકડાયા હોય તેમ ગભરાઈ ગયા. એમની નજર જુવાન વહુને નિહાળી રહી હતી.

'અમારી ટીપ જાઈએ બાબા, સાધુલોક કો સબ ભૂમિ ગોપાલકી . . .'

'ટિકિટ છે ?'

'ટિકટ તો, બાબા, હમ સાધુ લોગ કો ઐસી ઉપાધિ . . .'

'ત્યારે નીચે બેસો . . .'

રામલાએ સાથ પુરાવ્યો : 'મા'રાજ ! નીચે બેસો નીચે, બૈરાં માણસ પાસે તમ સાધુલોકને—ભેખધારીને—કાંઈ ફાવે ?'

સાધુએ કચવાતે મને નીચે જગ્યા લીધી.

ધીમેધીમે છોકરીઓ તો ઊંઘવા માંડી. પેલા બે પુરુષો પણ બીડીના ધુમાડા કાઢતા વાતોમાંથી ઝોકાં ઉપર આવવા લાગ્યા. ને થોડી વાર પછી તો રામલો, તેની મા, ને પેલી જુવાન વહુ સૌની આંખમાં ઊંઘ આવવા માંડી.

રામલાની માને અચાનક સાંભર્યું હોય તેમ બોલી: ‘એલી વૌ, તેં કોઠલાનું બારણું દીધું ? ને તાંસળી ફળીમાં પડી હતી ?’

વહુ ઊભી થઈને સઘળાં પોટલાં એક તરફ મૂકી છોકરીઓને બરાબર સૂવાની જગ્યા ગોઠવી રહી હતી, તેણે લાજમાંથી જ ડોકું ધુણાવ્યું: ‘હા.’

રામલો બોલ્યો : ‘અક્કલવિનાની છે. પાંચ વાત કરીએ ત્યારે અરધી વાતમાં સમજે.’

રામલાનું પાતળું છોકરડા જેવું સૂક્કું શરીર વહુએ એક વખત ઠપકાભરેલી આંખે પગથી માથા સુધી નિહાળી લીધું : જાડા સશક્ત ને રૂપાળા ઘાટીલા હાથની એક આંગળીથી તોછડી લાજ કાઢી, નાકની અરધી દાંડી દેખાય તેમ, વહુએ રામલા સામે જોઈ લીધું. રામલાની માએ આ તો જોયું ન જોયું કર્યું, કારણ કે ગુજરાતમાં આવ્યા પછી એ પણ લાજની જરાક છૂટ ચલાવી લેતી; અને એમાં આ રામલાની વહુને તો પરણ્યાં પણ સાતઆઠ વર્ષ થઈ ગયાં હતાં.

‘ભાનવિનાની છે,’ રામલાની માએ ટકોર કરી; ‘નકર કાંઈ મુકાદમ કાઢી મૂકે.’ વહુ મિલમાં કામે ગઈ હશે પણ આઠ દીમાં જ મુકાદમે રજા દઈ દીધી એ વિષે ડોશીએ ઉલ્લેખ કર્યો હતો.

'અરે! આકાશવિનાની છે! પેલી કાજુરાને પંદર દીધાં તો હાથમાંથી કરી દીધી,' રામલે જવાબ દીધો.

વહુએ સખણું બારણું ભોગી લીધું હતું એટલે ઠીક-ઠીક હિસાબ મુજબ તેની જમા થઈ હતી, તેમાં રામલાએ ઠીક લાંબું કર્યું. એના પગ વહુના શરીર સાથે ભટકાયા તે રહી શક્યો નહિ, એટલે એણે મોટેથી 'હવે જવાબ આપી દેજને' એમ કહીને પણ ખરી રીતે મનના આક્રા ઉભરાથી વહુને પગ વડે જવાબ આપી દેથી. વહુએ હાથથી એના પગનો અંગૂઠો મરડ્યો કે રામલાએ તરત પગ ખેંચી લીધો.

'તારી વહુમાં એક રોકડાની અક્કલ નથી. નકર કાંઈ માસ્તર ગેરહાજરી મૂકે!'

'કેવાં છો!' હવે હું રહી શક્યો નહિ, એટલે બોલ્યો.

'આમડિયા!'

'વણકર!'

'ના. આમડિયા અમારે બાજુ વેવાર પણ બેટી-વેવાર નહિ.'

'એમ?'

'ક્યાંનાં છો?' 'જમનગરનાં.' 'રેશમાં ભણો છો!'

'હં. વિવા કરવા. વણકરમાં દેવાના રૂપિયા વધુ બેસે. અને અમારે આમડિયામાં ભડભડ તો બસેં. મેં મારા રામલાને પરણાવ્યો, તે આ વહુનો બાપ ગોલો એટલે એણે વળી પચાસ વધુ લીધા. પણ એનું તો કોક જ નીકળે.'

વહુ શરમથી નીચે નેણે જોઈ રહી.

એટલામાં રામલો બોલ્યોઃ 'ઈ તો આ મોંકીનાં બધાંય કારસ્તાન. જુઓને બોલતી નથી.'

'શું બોલે?'

જુવાન વહુનો ચહેરો શરમથી લેવાઈ ગયો. એટલામાં પેલા સાધુ બોલી ઊઠ્યા :

'આપ લોગ કૈસે હો?'

'ભંગી જેવા મહારાજ,' મેં કહ્યું; 'આપ લોક એમની છાયાથી પણ અભડાઓ.'

થોડી વારમાં સ્ટેશન આવ્યું ને મહારાજ ઊભા થયા : એમનો ચહેરો ક્રોધથી લાલઘૂમ થઈ ગયો હતો : 'મેરે ભજનમેં ભંગ કર દીયા. મેરી સારી રાત બીગડ ગઈ. અબ, હમ યે ભ્રષ્ટ લોક મેં નહિ ઠેરેંગે.'

મહારાજ તો ઊઠ્યા.

પણ બારણા પાસે પહોંચ્યા ત્યાં તરત પેલી જુવાન વહુએ બારણું પકડ્યું :

'અબ છોડ દે બાઈ, અમારા સારા ભજન બીગડ ગયા.'

'વહુએ દૃઢતાથી જવાબ વાળ્યો : 'ઝોળીમાં વાટકી મૂકી છે, તે પાછી આપી દે.'

મુદ્દામાલ સાથે પકડાવાથી સાધુજી જરા ગુંચવાયા. પણ તે હોંશિયાર હતા. 'તો અબ કયું લે સકતી નહિ? તુમેરી વાટકી, હમેરી ઝોલીમેં મૂકનેસે તુમકુ ક્યા ફાયદા હૂઆ?'

વહુએ હાથ નાખીને વાટકો કાઢી લીધો.
પાણી જોયા વિના આખું ટાપણી અદૃશ્ય થઈ ગ

બે ચૂસ્ત મારવા. રોટી ખાઈને પાટિયે જઈ ને સૂ
રામલો ને વહુ એકબીજા જ્યાં મેં ઉપલે પાને જઈ પથા
પથરી સોડ નાખી. પણ ઊંઘ આવવી મુશ્કેલ હતી. આં
મીંચીને પડખાં ફર્યો કેટલી વાર પછી એ સૂરે છે
જોઈને રામલાએ વહુની લાજ ખેંચી કાઢી.

'અરે! પણ, નાનો જોઈ જશે.'

પણ બધાને નિદ્રાનું ઘેન હતું. રામલો છેક વહુની પાસે આવ્યો. પાટિયા ઉપરથી ઊતરીને વહુ નીચે બેસી ગઈ.

'લ્યો, હવે હું આંહી બેઠી, તમને ટોકારો આપું છુ. વાર્તા માંડો.'

'વાર્તા તો નારી માગતી છે.'

'હા, લ્યો, મારી વાર્તો માંડો.'

'તારામાં અક્કલ કેમ નથી?'

સાથવારી છોકરાના આ સવાલનો વહુએ કાંઈ જવાબ આપ્યો નહિ. ઉપરના પાટિયેથી મેં અરધી ઉઘાડી આંખે નજર માંડી તો જુવાન વહુનો રૂપાળો ચહેરો નજરે પડ્યો. વહુના આંખ, કાન, નાક, હોઠ સઘળા અવયવમાં એક જાતની સ્ત્રી ન કહાય તેવી, રૂપ, ઉપરાંત મીઠાશની છાયા હતી. ઘણી વખત મનુષ્યના રૂપમાં, અમુક જાતની કઈ-સતા ભરેલી હોય છે. ને અણિશુદ્ધ નાક કે મોટી આંખથી ચહેરો રૂપાળો લાગવાને બદલે ઊલટો જરાક કડક લાગે છે. પણ આ ચહેરામાં મીઠાશ હતી: નિત્યની કસરતથી આવેલી

લાલી પણ હતી: અને જરાક શ્યામ છતાં ચહેરાનો સમગ્ર દેખાવ ઘાટીલો ને મોહક હતો. જુવાન વહુ રામલા સામે હેતથી કે મશ્કરીમાં હસી રહી હતી:

'હું તમારા કરતાં અક્કલમાં ઓછી હોઉં તેમાં જ સારું.'

રામલાએ બીડી સળગાવી.

'પછી તને કેવુંક લાગ્યું? મને ધ્યાન નો' રીયું ને સળગતું લાકડું ફેંકાઈ ગયું.'

'ફેંકાઈ તો કાંઈ નથી ગયું. માર્યું છે એમ સાચી વાત કરોને. હું સળગી ગઈ હોત તો તમારે વળી બીજી જુવાન વહુ આવત.'

રામલો હસ્યો.

'હસો છો શું? હું સળગી ગઈ હોત તો!'

'તો મારે બીજી વહુ આવત.'

'તમારું મન રાણકીમાં ભમે છે, એ મને ખબર છે હો!'

રામલો બોલ્યો નહિ, પણ હસ્યો: એ હાસ્ય એવું મૂરખ જેવું લાગ્યું કે હું ઊંઘી ગયો છું એમ મારે બતાવવું હતું, છતાં મારાથી, રામલાનો હસતો હોય તે વખતનો ચહેરો જોયા વિના રહી શકાયું નહિ: અતિશય બુદ્ધિશાળી એટલે જેમણે લાગણીજીવન હણી નાખવામાં જ બહાદુરી માની હોય એવા તર્કવાદીઓ, અને મૂરખાઓ—બન્ને ઘણું કરીને નિષ્ઠુર મોઢું, પણ ભયંકર ક્રૂરતાનો પડઘો પાડતું અને ખોટું હાસ્ય કરે છે: 'હા, હા હા હા...' એવું... રામલો એવું હસ્યો.

વહુની આંખમાં નુકર ગોરી જેવાં આંસુ આવ્યાં.
'હશે બો શું ! ઠમકાતા નથી ! રાણુજીમાં શું ભાગ્યું છે !'

'તારામાં અક્કલ નથી.'

'અને રાણુજીમાં છે !'

'તો હોય તો કોઈ પંદર દીવા આગળ કામ કરી દે !'

'પણ રાણુજી કરે એવું કોઈ નો કરે ને !'

'એમાં જ હું કહું છું કે તારામાં અક્કલ નથી.'

'રાણુજી તો મુકાદમ ને માસ્તરને એમને રમાડે છે. મુકાદમને માર પડતો રહી ગયો. ને માસ્તરને તો હનેવાં રમાડે છે.'

'એટલે જ મા કહે છે તારામાં અક્કલ નથી. એટલે જ માસ્તર ને મુકાદમ હાંકી મૂકે છે.'

'તે શું મેં મંત્રો નો'તો આપ્યો !'

'મ આપ્યો નો કેવાય !'

'મને તે દી બરાબર સાંભરે છે. મુકાદમે મારે પીટવે મને કાઢી મૂકી. મારું કેવું કામ નો'તું કરતું. મારે પીટવે રાણુજીને મારી પાસે મોકલી. 'ઓલી ગોરી વહુને કંઈ તમને મુકાદમ બોલાવે છે.' અરે, જરે મારા પીટયા . . . રાણુજી રાક મને કાનમાં કે' છે ' તને મુકાદમ ખાનગીમાં બોલાવે છે.' હું તે દી સાંજે ઘેર આવી, અને કેટ છે તમને કે, માનું કહેવું માનીને મને બગનું લાકડું માર્યું. આ એનો લાવ હજી રહ્યો.'

વહુએ પોતાનો ગોરો હાથ લાંબો કર્યો. ચામડી બળીને ધોળો ડાઘ થઈ રહ્યો હતો.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

“હું!” રહુએ હોંકારો વાળ્યો. પણ તેમાં તરવાર-ના ધાર જેવી ઝીણી ધાર હતી. ‘મુકાદમનું મન સાચવવું! માસ્તરનું મન સાચવવું! હું!... શું કરું એવા રામલા!...’ રહુએ ભાન ભૂલીને પોતાના મનમાં નામથી બોલાવવાનો પ્રસંગ ઉપાડી લીધો: ‘રાતના બાર વાગ્યા સુધી ત્યાં ચાકરી કરું, આખી રાત માસ્તરને ત્યાં હું ઢેઈ કામ કરું–પણ એવા મારી પાસેથી પરસેવે રેબ-ઝેબ થઈએ એટલી મજૂરી લે, પણ તારા વિના બીજો કોઈ મને ગોરી વહુ કહીને બોલાવતો જાય, તો તો ઊભો ને ઊભો ચીરી નાખું સમજ્યો! આ તેં તો એક લાકડું માર્યું છે નાં! બીજાં દસ મારજે ના; પણ હું સંચે કામ નથી કરવા જવાની, તે નથી જ જવાની.’

આટલું બોલતાંમાં તો વહુની આંખમાંથી આંસુ ખરવા માંડયાં : એનું હૈયું ભરાઈ આવ્યું : રામલો મોડો મોડો વહુનું કહેવું સમજ્યો હોય તેમ ઓચિંવાળા જેવો થઈ ગયો.

'પણ મને શું ખબર, કે તને મુકાદમે આટલાં વાનાં કર્યાં હશે !'

'તેં તો, મુકાદમે કાઢી મૂકી, એટલે મને બળતે લાકડે લાકડે મારી ઈ તો સંભાર.'

'પણ મેં તો કીધું તને કામ નથી આવડતું.'

'મુકાદમે તો મને કીધું કે રાણીએ રામલાને રાખ્યો છે માટે તું . . .' વહુ વધારે બોલી શકી નહિ.

રામલો ધૂંઆંફૂંઆં થઈ ગયો : 'તેં મને કેમ કીધું નહિ !'

'એમાં તને શું કે'વાનું છે ? મારી જાતની ચોકી તો હું કરી લેંઇ. તું તારે તારી જાતને સંભાળને.'

'મારી જાત તો મેં સંભાળી છે. મને કાંઈ કોઈ કામમાંથી કાઢી મૂકે તેમ નથી.'

રામલાનો ઉત્તર સાંભળીને હસવું કે રડવું તે મને ખબર પડી નહિ. પણ વહુ તો બિચારી થોડી વાર આ કમઅક્કલના આદમી સામે જોઈ રહી.

'કામમાંથી કાઢી મૂકવાની ક્યાં વાત છે ?'

'તઈ !'

'તને આ રાણુકીનો છંદ લાગ્યો છે ઈ કાંઈ જાત સંભાળવાનાં લખણ છે ! તે દી ભજનમાં શું આવ્યું'તું ઈ કાંઈ સમજ્યો નહિ !'

'ના.'

'તને એમાં આવ્યું'તું કે મનખાદેહ ફરી ફરી મળતો નથી. હું ને તું આ જનમારામાં પશુ પક્ષિમાંથી ઉર્ધ્વ આવી જન્મે જેવો જેવું જાતની નોકરી કરી હતી એનો ફેર મળ્યો. નરસમરના ભંડ છોડી દે તો સારું.'

'પશુ રાખુડી છે આરે હો.'

'અને હું?'

'તું તો ક્યાંય ચાલી નથી.' રામલાએ હસતાં હસતાં કહ્યું.

'અરે, ભાઈ, નકકર, તારાં કારસ્થાન હું [illegible] [illegible].' [illegible] રામલાને [illegible] [illegible]

[illegible]

'લે, તારા દેખતાં જ પાણી મૂકું.'

'હા . . . લે, રામલા, પાણી મૂક.'

વહુએ રામલાના હાથમાં પાણી આપ્યું. રામલે પાણી ડેડે મૂક્યું. રામલા સામે વહુ હસીને જોઈ રહી.

'પાછો રાણીને જોઈશ એટલે મને ભૂલી જઈશ.'

'ના, હવે તો ભૂલું શેં!'

'ઝટ ડેડાણે શાપ તો ખાવ.'

'હવે તો ચોક્કસ શાપું જ.'

એટલામાં ડોશીમા સળવળતાં લાગ્યાં, [illegible] ચોકી બારમાં ડોશી [illegible].

'રામલા! તું ક્યાં ગયો?'

'આ તમારી પાસે બેઠો, [illegible].'

'તું પાણી આપ ના, બોળું પીવું છે.'

[illegible]

વહુએ પાણી આપી લીધું એટલામાં તો છોકરાં પણ ઊઠ્યાં. પેલા પુરુષો પણ સળવળ્યા.

'વહુ છોકરાંને પાણી આપ તો—'

વહુએ ભંભલીમાંથી પાણી કાઢવા માંડ્યું પણ તેમાં ખલાસ હતું.

'અરે, આ રામલાની વહુ તો રોઝ જેવી છે.' પુરુષો બોલી ઊઠ્યા. 'છોકરાં માટે ટાઢું પાણી પણ નથી. શિયાળો ઉનાળો કાંઈ સમજણ મળે નહિ.'

'વહુમાં તો કાંઈ ચપળતા જ નથી. જો ને રાણકી આના જેવડી છે પણ કાંઈ હોશિયાર છે. આ તો રોઝ જેવી. કાંઈ સમજે નહિ.' ડોશીએ પાછું ચરૂ કર્યું.

રામલો બોલ્યો: 'રાણકી તો ગજબની છે. આ તો રોઝ જેવી છે.'

સર્વાનુમતે ઠર્યું કે વહુ રોઝ જેવી છે. વહુ કાંઈ બોલી નહિ. પણ રામલો પેલું મૂરખાઈ ભરેલું હાસ્ય હસતો હસતો ખીસામાંથી બીડી કાઢવા માંડ્યો.

વહુએ નીચાં નેણ ઢાળી ઠપકાભરેલી આંખે ફરી રામલાને નિહાળ્યો:

'પાછો એટલો મળવા આવ ત્યારે વાત છે.' વહુની આંખો રામલાને કહી રહી હતી. રામલાએ ને જોયું ન જોયું કર્યું અને બીડીની વાત કાઢી.

'બાઈચંદની બીડી, હમણાં ટેસદાર નથી આવતી હો.'

'અરે, ખોટા છે ખોટા. વાળતાં જ ક્યાં આવડે છે!'

'આવો વિચારો છે, પણ વહુ છોકરાં કોઈને ઊજમ છે! અને પરણ્યાં ત્યારે તો સીમ ગાજતી આવે.' ડોશી બોલ્યાં.

છોકરાં ને વહુ સૌ એક રાગ કાઢીને તરત ગાતાં ગાંગાં

કાકો ઝુએ ને કાકી મૂતે,
કાકો ઝુએ ને કાકી મૂતે,

રામશાસ્ત્રી, મહારાજ, પેટું સિરચિત્રિત મૂર્તું ...
એક જબર દીવો હતું.

એનું શાંત મૃદુ સ્મિતભરેલી દેવાણ આંખે ... સાંભળે
નિકળી રહી હતી.

ઝ

... ...

[illegible] સ્વામી [illegible] વિષય [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] હાથ [illegible] [illegible] [illegible]
[illegible] તેમ [illegible] [illegible] માટલામાં પાણી [illegible] શક્યો. [illegible]
[illegible] [illegible] વિના [illegible] [illegible] હોય તેમ [illegible]
[illegible] એ [illegible] [illegible] રહી!

પાણી શાંતિ થઈ ગઈ.

એ શાંતિમાં [illegible] કોઈક અવાજ જેવું સાંભળ-
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
છે: 'હાશ [illegible]!' [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] હાથ હોય તેવો [illegible] [illegible]
સિપાઈ [illegible] [illegible] નારકુટ [illegible] હતો.

'બીજુ કોઈ છે!'

બોલ્યા વિના જ આંખથી જવાબ વાળતી હોય તેમ
નારકુટની વહુ પેલા માટલા સામે જોઈ રહી.

'બા! પાણી!' જીવનની જરાક નિરાંત અનાવવા
માટે જ પેલો કમાન છોકરો ધીમેથી બોલતો હતો. 'બા!
પાણી!' મરણોન્મુખ બનેલા ચેતનનો આટલો અવાજ
પણ જડ પદાર્થની હાજરીમાં વધુ ભયંકર લાગ્યો.
[illegible] માટલામાંથી બાઈએ પાણીનું વાપનું લીધું: છોકરાના
[illegible]માં નાખ્યું. છોકરો પડખું ફેરવીને સૂઈ ગયો.

એક જણાએ નગન માટલું પણ ઉપાડી લીધું.

જીવનમાંથી રસનાં છેલ્લાં બિન્દુ પણ નિચોવાઈ જવાની
[illegible]વાની હોય તેમ માટલામાંથી રહ્યું-સહ્યું પાણી નીચે
[illegible] પડ્યું.

છોકરાં ને વહુ સૌ એક રાગ કાઢીને તરત ગાવા માંડ્યાં:

દાદો હગે ને દાદી મૂતરે,
દાદો હગે ને દાદી મૂતરે,

રામલાએ, અકારણ, પેલું ચિરપરિચિત મૂરણું ગાન એક વખત ફરીથી કર્યું.

પણ શાંત મૂક કપડાંભરેલી હેતાળ આંખે વહુ રામલાને નિહાળી રહી હતી.



રામલો જાણે રામલો હોય તેમ બીજો કોઈ નો

એક શબ્દચિત્ર

ઘરના ખૂણામાં એક માંદલા ખાટલા ઉપર ઘણાં વર્ષોનો જૂનો ગાભો પડ્યો હતો. તેના ઉપર જેમ તેમ પડેલ લૂગડાનો ડૂચો હોય તેવો કેવળ હાડમય દર્દી પડ્યો હતો. તેનામાં જીવનનું દર્દ જાણવાની શક્તિ પણ રહી ન હતી. અર્ધમીંચેલાં નેત્રે પોતાના પ્રાણ મુક્ત થવાની રાહ જોતો તે પડ્યો હતો. બે ફૂગાએલ વાસણો—લોટો ને થાળી—રસ્તામાં પડ્યાં હતાં. થોડે છેટે ત્રણ પથરા પર માંડેલું માટલું ચૂઈ રહ્યું હતું : ને તેની પાસે એક કાળી બિલાડી સૂતી હતી. એક નાનો સરખો છોકરો, જીવન છે એટલું જણાવવા પૂરતા જ, હાથ પગ હલાવતો નીચે પડ્યો હતો : અને દીન મ્લાન વદનથી, આથમી જતા સૂર્યનું છેલ્લું કિરણ જોતી એક બાઈ, જેને કોઈ પણ આકારનું નામ ન આપી શકાય એવી અતિકાય બારી પાસે ઊભી રહી હતી.

'નારણજી સાહેબ!' [illegible] [illegible] અને [illegible] જમીન પર [illegible] [illegible]. અને તરત જ [illegible] ફરી [illegible]: 'નારણજી સાહેબ!' [illegible] [illegible].

બોલ્યા વિના પેલી બાઈ [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આંખો [illegible] [illegible] ગયો. [illegible] પેલા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

'અમે.' પેલી બાઈએ ધીમેથી જવાબ વાળ્યો.

પીળા [illegible] બે સિપાઈ આવ્યા. નરી દીનતા જેવી સ્ત્રી—[illegible] ને મૃત્યુના પડછાયા જેવા ઘરના બારણામાં—[illegible] [illegible] [illegible] [illegible] સિપાઈઓની સામે ઊભી રહી. જાણે [illegible] વિકૃતિ પામેલા વિચારો પાસે પવિત્ર ભાવના ઊભી હોય. વાઘને પિગળાવી નાખે એવી દીનતાથી બાઈ ઊભી હતી: રાક્ષસને કંપાવવા હોય એટલી ફાટી આંખે સપાઈઓ જોતાં હતાં.

'નારણજી બાઈજી તમે?'

એક મિનિટ પછી ચાલ્યા જનારા નારણજીને બાઈએ દૃષ્ટિથી બોલ્યા વિના બતાવ્યો. અને ફરી એ જ ટૂંકો જવાબ ધીમેથી વાળ્યો: 'અમે.'

'તમારા ઉપર જપ્તી છે.'

નારણજીએ એક વખત અવાજની કર્કશતાથી ચોંકીને કે કોણ જાણે કેમ આંખ ઉઘાડી. પેલી બાઈ તેના તરફ ફરી. જેને સમજવાનું ભાગ્યે જ અરધું ભાન હતું, તેને સહજ જ પ્રશ્ન કર્યો:

'નારણજી! દંડ આપવો છે?'

ફાટેલી અરધી આંખ મિચાય તે પહેલાં છેક મૂડદાલ જેવો થયેલો નારણજીનો હાથ છેલ્લા બળથી ઊંચો થતો હોય તેમ ઊંચો થયો. બાટલામાં પાછો નીચે પડ્યો. અને નારણજી બોલ્યા વિના આંગળીથી બતાવતો હોય તેમ પેલાં ફૂટેલાં બે વાસણો બતાવી રહ્યો!

પાછી શાંતિ થઈ ગઈ.

એ શાંતિમાં બૂટનો કર્કશ અવાજ જાણે સામ્રાજ્ય-પતનને માટે દૂર દૂરથી ધસતા જગના પૂર જેવો સંભળાયો. જાણે સિપાઈઓના બૂટ નથી બોલતા: પણ ભવિષ્ય બોલે છે: 'કડડડ બૂસ!' બારીમાંથી પડતું સૂર્યનું છેલ્લું કિરણ માંદા માણસના કપાળ પર આવ્યું હતું: કાળીધબ અંધારી રાત્રિમાં લોહીનો ડાઘ હોય તેવો નારણજી દેખાતો હતો.

સિપાઈઓએ બન્ને વાસણ લઈ લીધાં.

'બીજું કાંઈ છે?'

બોલ્યા વિના જ આંખથી જવાબ વાળતી હોય તેમ નારણજીની વહુ પેલા માટલા સામે જોઈ રહી.

'બા! પાણી!' જીવનની જરાક નિશાની બતાવવા માટે જ પેલો કંગાળ છોકરો ધીમેથી બોલતો હતો. 'બા! પાણી!' મરણોન્મુખ બનેલા ચેતનનો આટલો અવાજ પણ જડ પદાર્થની હાજરીમાં વધુ ભયંકર લાગ્યો. પેલા માટલામાંથી બાઈએ પાણીનું ચાપવું લાવું છોકરાના મોંમાં નાખ્યું: છોકરો પાણી પીને સૂઈ ગયો.

એક જમાએ તરત માટલું પણ ઉપાડી લીધું.

જીવનમાંથી રસનાં છેલ્લાં બિન્દુ પણ નિચોવાઈ જવાની નિશાની હોય તેમ માટલામાંથી રહ્યું-સહ્યું પાણી નીચે ઢળી પડ્યું.

[illegible]

[illegible]

[illegible]

તેનું આંખો [illegible] આંગળાની ક્રિયામાં ભયંકર શૂન્યતાના [illegible] બે [illegible] હતા. વારસામાં ઝૂંપડી [illegible] હતાં. [illegible] એ ઘરમાં માત્ર ખાટલો હતો.

'આ ખાટલો !' નારણજીના ખાટલા તરફ આંગળી કરીને એક સિપાઈ બોલ્યો. તેના સાથીએ તેના આ સંસ્કૃતિ કે વીરતા વખાણી હોય તેમ મૂછમાં હસીને તેની પીઠ થાબડી.

જેણે જીવનભર ઘર જ ઘર જાણ્યું હતો તેના મૃત શરીરને વળી જમીનની કર્કશતા શી ?

બારીમાંથી આવતું પ્રકાશનું છેલ્લું કિરણ ઝાંખું પડતું પડતું ભૂખરા સાંધ્ય રંગોમાં ભળી સામાન્ય બની ગયું. નારણજીની વહુ ધ્રૂજતે હાથે સોડિયું વાળી, શ્રીની સ્નેહશક્તિ રડતી હોય તેમ—માતૃત્વ રડતું હોય તેમ—શૂન્ય ફાટી આંખે સિપાઈ સામે જોઈ રહી. તે બોલી નહિ: પણ એની હજાર વેદનાભરેલી આંખ પેલા પથ્થરને પિગળાવ્યા વિના આખી ને આખી એના હૃદયમાં પેસી ગઈ: બેસી ગઈ.

કેસરી દળનો નાયક

નાના છોકરાને સખ્ત તાવની બિમારીમાં મૂકીને આવ્યા હોય તેથી, કે પછી બીજીવારનાં નાનાં વહુ પાસેથી ઊઠીને આવવું પડ્યું હોય તેથી, ગમે તેમ, મૅજિસ્ટ્રેટ સાહેબે પ્રવેશ કર્યો ત્યારે તેના મોં પર કંટાળો હતો. વધારે ઝીણવટથી તપાસી જોતાં વખતે માલૂમ પડે કે આજના દિવસ માટે કે અકસ્માતને લીધે આ કંટાળો નહિ હોય, પણ આ કંટાળો જ એમનો પ્રિય જીવન સંગાથી બન્યો હશે. ઠંડું ખુશનુમા પ્રભાત હતું, અને બહારના મેદાનમાં આંખ ઠરે તેવી લિલોતરી દૂર દૂર સુધી દેખાતી હતી. મૅજિસ્ટ્રેટ સાહેબે, ચાવી દીધેલા પૂતળાની પેઠે કોર્ટમાં પ્રવેશ કર્યો ને બહાર નજર ફેંકવાની પણ તસ્દી લીધા વિના, 'અજવાળું રોકો નહિ' એમ બારી આગળ ઊભેલા લોકો પ્રત્યે બૂમ પાડી. એ બૂમનો અવાજ ઝીણો, ચીડિયો ને થાકથી

ભરપૂર હતો. વધારે ઊંડાણથી જુઓ તો એ અવાજ દર્દનો લાગે : દર્દી જાણે બૂમ પાડતો હોય—'વધારે અજવાળું વધારે અજવાળું !'—ને અજવાળું આવે તો પણ વર્ષોનાં વર્ષો અંધારામાં રહેવાની ટેવને લીધે તેને હજી બૂમ પાડવાનું મન થાય કે : 'વધારે અજવાળું !'

સલ્તનત ઉખેડી નાખનારા જુવાનોને પકડી પાડયા હોય તેમ બહાર ભરી બંદૂકે પોલીસ આંટાફેરા કરતા હતા: કેટલાકને એ આંટાફેરાને લીધે પોતાનું મહત્ત્વ વધ્યું હોય તેમ ઊંડા સંતોષ થવાથી, ચહેરા પર અભિમાનભર્યો રોફ આવી ગયો હતો, અને એવા ખોટા 'રોફ' નો વેષ વારંવાર ખુલ્લો થઈ જાય છે એ ભાનથી ક્રોધ પણ ચડયો હતો. બે–ચાર પોલીસ અફસરો પણ, મહત્ત્વ કપડામાં છે, માણસમાં નથી, એવો ખુલ્લો એકરાર કરતા હોય તેમ, અક્કડ ને અક્કડ આમતેમ આંટા મારી રહ્યા હતા.

મૅજિસ્ટ્રેટ સાહેબે ડોકું ઊંચું કર્યું. આખી કોર્ટ ચિકાર ભરી હતી. બીજાને જોવાના ન હોય તેમ તેમણે અપરાધી પર આંખ ફેરવી.

એ આંખ તદ્દન ભાવવિહીન હતી. હાસ્ય કર્યું, પણ તે લુખ્ખું ને ચામડી પર પરાણે કાઢેલા લિસોટા જેવું હતું.

'તમારું નામ ?'

'મારું નામ . . .' જવાબ મળ્યો.

'ઉમ્મર ?'

'બાવીસ.'

'વતન ?'

'સાહેબ, મારે ઘર નથી !'

જીતનારું સાદું ને સાચું સ્મિત કર્યું. તીખાશ કે કડવાશ વિના જવાબ વાળ્યો:

'ના.'

'બચાવ કરવો છે?'

'ના.'

—અને તરત જ કોણ જાણે ક્યાંથી—મૅજિસ્ટ્રેટની ખુરશી પાસેથી જ—'ઇન્કિલાબ ઝિંદાબાદ'નો અવાજ આવ્યો. મૅજિસ્ટ્રેટે કંટાળીને પાછળ જોયું. એનો નાનો છોકરો ઊભો થઈ ને બોલી રહ્યો હતો: 'ઇન્કિલાબ ઝિન્દાબાદ.' હમેશાં કોર્ટમાં ચુપચુપ બેસી જવાની તેને ટેવ હતી, અને હમેશાં કોર્ટમાં પોતાના બાપા સવાલજવાબ કરે તે પછી આમ બોલાતું તેણે સાંભળ્યું હતું, પણ આજે કોઈ બોલ્યું નહિ, એટલે પોતે એ બધાની ભૂલ સુધારે છે એમ ધારીને સાબાશી મળવાની આશાએ તે બોલી ઊઠ્યો હતો: 'ઇન્કિલાબ ઝિંદાબાદ!'

મૅજિસ્ટ્રેટ સાહેબની ખુરશી પાસે બેઠેલા ફોજદાર સાહેબ, હમેશની ટેવને લીધે, બોમ્બ પડ્યો હોય તેમ અર્ધા બેઠા જેવા થઈ ગયા, પણ મૅજિસ્ટ્રેટના નાના છોકરાને જોઈને, તે પાછા બેસી ગયા.

'લછમનસિંહ!' મૅજિસ્ટ્રેટે બૂમ પાડી.

'જી!'

'ઉસ છોકરે કુ ઘર ભેજો. ઉસકુ બી, પાંચ ફટકા લગાને કી શિક્ષા ચાહીએ.'

'પણ સાહેબ,' અપરાધી જુવાન બોલ્યો. 'નવ વર્ષની નીચેના છોકરા માટે માબાપને શિક્ષા થાય છે.'

'ત્યારે ફોજદાર સાહેબને કહીએ મને પાંચ ફટકા મારે!'

પ્રેક્ષક, અપરાધી, પોલીસ અફસરો સૌ હસી પડ્યા. કદાચ, અત્યાર સુધીના ભારેખમ વાતાવરણમાં માણસો બેઠાં છે—એકબીજાની સાથે હમેશના રહેવાવાળા, એ ભાન હમણાં જ સૌને થયું હોય તેમ લાગ્યું.

લછમનસિંહ મૅજિસ્ટ્રેટના છોકરાને લઈને ચાલ્યો. પણ છોકરાના મનમાં અપરાધ જેવું કાંઈ વસ્યું ન હતું, ને આવી રીતે અપરાધીની પાછળ સિપાઈ ચાલે છે, ત્યારે 'ઇન્કિલાબ ઝિન્દાબાદ' ની બૂમો તેણે સાંભળી હતી, એટલે તે તો પગથિયાં ઊતરતાં 'ઇન્કિલાબ' એમ જુસ્સાથી બોલી ઊઠ્યો ને ઊભેલા લોકોએ 'ઝિન્દાબાદ' પોકારી તેની બૂમ ઝીલી લીધી.

વાતાવરણમાં જોઈએ તે કરતાં વધારે આનંદ ફેલાય છે, તે જોઈને મૅજિસ્ટ્રેટ સાહેબ એકદમ કંટાળેલો ચહેરો કરીને 'અજવાળું આવવા દો' એમ બૂમ પાડીને, બીજા અપરાધીઓને ઠંડે કલેજે નિયમિત પ્રશ્નો કરવા લાગ્યાઃ

'તમારું નામ?'

'બાપનું નામ?'

'વતન?'

'ઉમ્મર?'

'ધંધો?'

—અને એ ને એ—વકીલ સાહેબો જે ચાર પાંચ પ્રશ્નોના જ સાચા જવાબો અસીલો પાસેથી અપાવે છે તે ક્રિયા ચાલી. મૅજિસ્ટ્રેટ સાહેબ પોતાના છોકરાનો વિચાર કરતા હતા, છતાં જ્યારે અપરાધીએ કહ્યું કે, મારું નામ

ઇન્કિલાબ, બાપનું નામ ઝિન્દાબાદ, વતન જ્યાં જ્યાં અન્યાય હોય ત્યાં, ઉમ્મર અમરયૌવન, અને ધંધો જૂનાં ખોખડધજ છાયો ન આપે તેવાં ઝાડવાં પાડવાનો—ત્યારે મૅજિસ્ટ્રેટ સાહેબ પણ કંટાળાભરેલું હાસ્ય કર્યા વિના રહી શક્યા નહિ.

આટલી ક્રિયા પૂરી થઈ કે તરત હાથથી ચશ્મો સરખો કરતા, ખૂડી મૂછવાળા, ઝૂલણુ હાથી જેવા સરકારી વકીલ ઊભા થયા, પોલીસ અફસરને સવાલ પૂછ્યો:

'આ જે ચલવલ ચાલી છે તેથી તમારે ત્યાં શાંતિ છે કે અશાંતિ?'

'અશાંતિ, સાહેબ.'

'બહુ છે કે થોડી?'

'બહુ.'

'બહુ એટલે શું?'

'બહુ એટલે ઘણી.'

'ઘણી શબ્દથી તમે શું કહેવા માગો છો તે બરાબર સમજાવો.'

અને તરત જ પોતાનો ચશ્મો સરખો કરી, અપરાધીઓ તરફ એક નજર નાખી, સરકારી વકીલ પાછા ઝૂલવા માંડ્યા.

હવે મહાભાષ્યકાર પણ મોંમાં આંગળી નાખે તેવી ચતુરાઈથી પોલીસ અફસર 'ઘણી' શબ્દની વ્યાખ્યા કરવા લાગ્યો:

'ઘણી અશાંતિ છે એટલે બહુ જ અશાંતિ છે.'

સરકારી વકીલ તરત જ બોલ્યા: 'તમે બહુ 'જ'

કહો છો ?'—' જ ' ઉપર કોઈ વૈયાકરણીને સ્વપ્ને પણ આવેલો નહિ એટલો ભાર વકીલ સાહેબે મૂક્યો. કદાચ ' જ ' અક્ષરની વચ્ચે જે મીંડું દેખાય છે તે જાણે કોઈએ હથોડો મારી મારીને સાણશીથી પકડીને વળાંક આપ્યો હોય તેવું છે, તે આવા આવા પ્રસંગોને લીધે જ આવ્યું હશે. ખરેખર, ' જ ' બિચારો કમનસીબ અક્ષર લાગે છે.

' હા જી, બહુ જ—ઘણી જ—અશાંતિ છે.'

' ઠીક વારુ, ' સરકારી વકીલે દાઢીએ હાથ ફેરવ્યો, ને દાઢીએ વાળ નહિ હોવાથી, ભોંઠા પડેલા હાથને મન મનાવતા હોય તેમ બીજા હાથથી ચોળવા લાગ્યા—શબ્દ સંભારતા હોય તેમ, અથવા સાબુથી હાથ ધોતા હોય તેમ.

' ઠીક વારુ, આવી અત્યંત જ અશાંતિ તમે ક્યારેય જોઈ છે ખરી ? '

' જી ના. મારી પાંત્રીસ વર્ષની નોકરી દરમિયાન નહિ.'

' વારુ, આવી અત્યંત જ અશાંતિ તમે ક્યારેય જોઈ નથી ? '

' જી ના.'

' હવે તમને એમ લાગે છે કે આ અત્યંત જ અશાંતિ દબાવી ન દઈએ તો લોકોને નુકસાન થાય. '

' જી હા.'

' વારુ, આ અશાંતિ ન દબાવીએ તો શું થાય ? '

' તો લોકોને નુકસાન થાય.'

' ત્યારે આ અત્યંત જ અશાંતિ દબાવવા માટે જ તમે સખ્તાઈ કરેલી ?'

'અત્યંત જ' એમ પાંચેક વાર બોલવાથી જાણે અશાંતિ વધી હોય તેમ, કોર્ટની પાછળના વરંડામાંથી કમબખ્ત ગધેડું ભૂંક્યું.

હવે હું ગધેડાશાસ્ત્રમાં પ્રવીણ નથી એટલે કહી ન શકું, પણ ગધેડાં જે જાતની અશાંતિ ફેલાવે છે તે ઘણી ભયંકર હશે તેથી જ મેજિસ્ટ્રેટ સાહેબે 'ગધેડાં' વિષે સિપાઈઓનું ધ્યાન ખેંચવા મારી તરફ નજર કરી: ને ત્યાં ઊભેલા લોકોને જોઈને નિયમ પ્રમાણે 'અજવાળું આવવા દો' એમ બોલી ઊઠ્યા.

'ઉસકુ હટા દો,' એવી જમાદારે એક બૂમ મારી. અને 'ઉસકુ' એટલે 'ગધેડેકુ' કે 'માણુસકુ' એમ સિપાઈને ખબર નહિ પડવાથી, તે માણસને હટાવીને પછી ગધેડાને હટાવવા દોડ્યો. હજી, એમ તો, માણસો પ્રત્યે, સિપાઈ-સપરાં, ગધેડાના કરતાં વધારે માનભરી દૃષ્ટિથી જુએ છે, એટલે જ માણસોને હટાવ્યા પછી તે ગધેડાને હટાવવા દોડ્યો. અને એની આ માણસાઈ પર ફિદા થયું હોય તેથી માનપત્ર આપતું હોય તેમ એક કૂતરું પણ ભસતું ભસતું તેની સાથે દોડ્યું!

'ઠીક વારુ,' ગધેડું ભૂંકતું બંધ પડ્યું ત્યાં સરકારી વકીલ બોલ્યા. 'એટલે તમને લાગે છે કે કાયદાથી સ્થાપિત થયેલી સરકારને ઉથલાવી પાડવા જે ઘણા જ નાખુશ દેખાવો થાય છે, તે ઘણા જ નાખુશ દેખાવો દાબી દેવા માટે, તમે જે કર્યું તે તે સમયને માટે જરૂરનું હતું!'

'જી હા.'

'તમે સખ્તાઈ વાપરેલી?'

'ના, અમે જરૂર જેટલું જ બળ વાપરેલું—'

'તમે આ નાખુશ દેખાવો દાબી દીધા ન હોત તો શું થાત?'

'તો લોકો ઉશ્કેરાઈ જાત, ને પતંગિયાની પેઠે મરી જાત!'

'લોકો ઉશ્કેરાવાથી શું થાય?'

'તોફાન થાય.'

'તોફાન શી રીતે થાય છે?'

'લોકોના ઉશ્કેરાવાથી.'

'લોકો ક્યારે ઉશ્કેરાય છે?'

'આવા નાખુશ દેખાવો જોવાથી.'

'આવા નાખુશ દેખાવો કોણ કરે છે?'

પોલીસ અફસરે એક પછી એક નામ દઈને અપરાધીઓને ગણાવ્યા.

'ઠીક વારુ, ત્યારે આ અત્યંત જ અશાંતિ, આ અત્યંત જ નાખુશ દેખાવો કરનારા, આ અત્યંત જ અશાંત લોકોને આભારી છે એ સાચું કે ખોટું?' સરકારી વકીલ 'જ' ઉપર ખૂબ ભાર દેતા ગયા. બિચારો 'જ'!—એ ચાર વર્ષમાં તદ્દન સાફ થઈ જશે—બહુ ભાર આવવાથી દેખાવ વિનાનો સપાટ બની જશે.

'સો ટકા સાચું!' પોલીસ અફસર ફુલાઈને બોલ્યા. સો ટકા બોલતાં તેમને સો ટચ સોનાના સ્પર્શ જેવો આનંદ થયો.

અંતે સરકારી વકીલે પોતાની તપાસ પૂરી થયાનું

હેર કર્યું. મેજિસ્ટ્રેટ સાહેબ તરત ઉભા થયા ને પોતાની ચેમ્બર માં ચાલ્યા ગયા.

પોણી વાર પછી બહાર આવ્યા ત્યારે એમનો જીવન-નો સંગાથી કંટાળો સાથે જ બહાર આવ્યો.

'અપરાધી નં. ' એમ પાછળથી બોલી, અપરાધી-ઓને સજા ફરમાવીને જરા સ્મિતભર્યું મોં અપરાધીઓ સામે ફેરવી, મોટા કામની મુશ્કેલીમાંથી છૂટ્યા હોય તેમ તે તરત રવાના થઈ ગયા. બિચારા! વરુનું મોં આ અઘોનિના સમયમાં સવારે સાડાઆઠ વાગે જોતા. અને પછી છેક સાંજે સાડાચારે! પછી જીવનસંગાથી કંટાળો જ સાથે પૂર્ણ કરે એમાં શી નવાઈ!



રાત્રે મેજિસ્ટ્રેટ સાહેબ વાંચું કરીને સૂતા હતા ત્યારે, અચાનક કોણ જાણે કેમ, પણ કદાચ દરેક નરમ વસ્તુ બહુ સુંવાળી હોવાથી, ઘણી જ સહેલાઈથી કઠણમાં કઠણ પદાર્થ સાથે પોતાનો મેળ સાધી શકે છે તેથી, કે, ગમે તેમ પણ મેજિસ્ટ્રેટ સાહેબના અંતઃકરણમાં પેલા જુવાન અપરાધીનું સાચું નિર્દોષ સ્મિતભર્યું મોં ઉગી નીકળ્યું. ખાટલામાં પડ્યા પડ્યા પોતાના નાના બચ્ચા સાથે વાતો કરતા કરતા તે બીજી અનેક આડીઅવળી વાતો કરવામાં પડ્યા, પણ કેમે કરીને પેલા જુવાનનો ઝુલ્ફાંવાળો, ખુશનુમા ચહેરો તેમની નજરમાંથી ખસે નહિ.

'લછમનસિંહ!' તેમણે બૂમ મારી. એ જુવાનની વિશેષ હકીકત જાણવાની ઇચ્છાથી તેમણે લછમનસિંહને બૂમ મારી. પણ લછમનસિંહ ત્યાં હતો નહિ.

‘ આજે બિચારા કેટલા જુવાનોને તમે સજા કરી !— એમને માબાપ કોઈ નહિ હોય !’—કહેતાંક ને મૅજિસ્ટ્રેટ સાહેબનાં પત્ની આવ્યાં. તેમની સોનાની બંગડીનો રણકાર મૅજિસ્ટ્રેટના અંતઃકરણને કવિતાના શબ્દ જેવો મધુર લાગ્યો.

‘ આજે તો બા, એક છોકરો એવો સરસ હતો—પેલો ઝુલ્ફાંવાળાનો—અને ઝુલ્ફાંવાળો જુવાન પોતે પણ—’

‘ હા, હા. એનાં બિચારાનાં સગાં ખોબે પાણીએ રડતાં હતાં. કેવો સુંદર છોકરો હતો ! ’

મૅજિસ્ટ્રેટ સાહેબ બગાસું ખાઈ, વાતને આડીઅવળી કરવા લાગ્યા. વખતે અંતઃકરણ ઢીલું પડે ને આવી એશઆરામની જગ્યા છોડવાની કુબુદ્ધિ જાગી ઊઠે : અથવા ન્યાય પ્રમાણે કરવા જતાં, સત્તાધીશોનો ખોફ વહોરી, કોઈ રણવાટમાં બદલી થઈ જાય !

એટલામાં તો એમનો નાનો છોકરો, આ અનુકૂળ વાતાવરણ જોઈ, પોતાના જીવનની મસ્તી દાખવતો હોય તેમ, વાવટો લઈ ઓરડામાં ફરવા લાગ્યો:

‘ ઇન્કિલાબ ઝિન્દાબાદ ! ઇન્કિલાબ ઝિન્દાબાદ !’

મૅજિસ્ટ્રેટ સાહેબનાં વહુ હસવા લાગ્યાં; પણ મૅજિસ્ટ્રેટ સાહેબ, જરાક ગભરાતા ગભરાતા બોલ્યાઃ ‘ રહેવા દે હવે, બેસી જા. બહુ રમતાં શીખ્યો છે ? કોર્ટમાં પણ બૂમ પાડે છે ! ’

‘ હવે એમાં તમારું શું જાય છે ? છોકરું છે તે રમે નહિ ? ’

'આ તે કોઈ રમત છે ?—આ તો અગ્નિની રમત છે.' પાછળની નદીમાં રેતીના મેદાનમાં જુવાનિયા 'ઈન્કિલાબ ઝિન્દાબાદ !' બૂમ મારી રહ્યા હતા.

અને ઉછળી ઉછળીને મૅજિસ્ટ્રેટનો છ વર્ષનો છોકરો તેમને જવાબ આપતો હોય તેમ ઓરડામાં ધૂમાધૂમ કરી રહ્યો હતો.

ઘડીભર મૅજિસ્ટ્રેટ સાહેબ શાંત થયા. એમનાં વહુ ખાટલા ઉપર એમની પાસે બેઠાં.

'તમને શું લાગે છે ? આ લડાઈનું પરિણામ શું આવશે ?'

'લડાઈનું પરિણામ ગમે તે આવે.' મૅજિસ્ટ્રેટ સાહેબ જરા ગળગળા થઈને બોલ્યા. પાછળ નદીમાં ઈન્કિલાબનો અવાજ દૂર દૂરના પડઘાના પડઘા જેવો આછો થતો જતો હતો. અને કોઈ માણસ ગજબની વાંસળી વગાડી રહ્યો હતો.

'પરિણામ ગમે તે આવે . . .' મૅજિસ્ટ્રેટ બોલ્યા—બોલતાં અટકાયા. પણ તેમના નબળા હૃદયમાં એક વાત ઊગી હતી. 'પેલા ઝુલ્ફાંવાળા જુવાન જેવાં બલિદાન અફળ જાય—તો પછી સત્ય, શ્રદ્ધા, ઈશ્વર—' અને તે મુંઝાવા લાગ્યા. તેમની કોર્ટમાં, દૂધ હોઠ ઉપરથી ન સુકાયું હોય તેવા, જુવાન બાળકો હમેશાં આવતાં હતાં : જેના હૃદયમાં ક્યાંય કડુતા ન હોય—જે સર્વ દોષ પ્રણાલિકા ઉપર ઢોળી પ્રણાલિકા સાચવનાર વ્યક્તિને સાધારણ મનુષ્ય જેમ જ નિહાળતા હોય, તેવા મધુર જુવાનો પણ આવતા હતા. આજે એ બધું દૃશ્ય તેમની સામે ખડું થયું.

‘ પરિણામ ગમે તે આવે—તમે શું કર્યું ?’—મૅજિસ્ટ્રેટ સાહેબનાં પત્ની બોલ્યાં.

‘ પરિણામ ગમે તે આવે—હાર થાય, જીત થાય, ગમે તે થાય—પણ આ ૭ ૭ વર્ષનાં છોકરાં આજથી દસ વર્ષે સામી છાતીએ રણમાં પડશે—અને આ—આપણો જ છોકરો એક દિવસ હણાઈ જશે.’

બહારથી પગરખાંનો અવાજ આવ્યો. ‘ ઇન્કિલાબ ઝિન્દાબાદ ’ ની બૂમ પડી, ને પટાવાળાએ આવીને કહ્યું કે ‘ ૭ જુવાનો પકડાયા છે. ’ મૅજિસ્ટ્રેટ કંટાળીને બહાર નીકળ્યા. હથિયારબંધ સિપાઈઓએ સલામ કરી : અને તેમની વચ્ચે મૅજિસ્ટ્રેટે દૂબળા જુવાનોને ઊભેલા જોયા.

સિપાઈઓને સૂચના આપી વિદાય કર્યા અને મૅજિસ્ટ્રેટ પાછા ઘરમાં આવ્યા.

‘ આપણો આ છોકરો હણાઈ જશે ? ’—મૅજિસ્ટ્રેટનાં પત્નીએ નાના છોકરાનો હાથ પકડી રાખી ગળગળે અવાજે પૂછ્યું.

મૅજિસ્ટ્રેટ છોકરા તરફ ફર્યા: ‘ શંકર ! તું મોટો થઈને મારા જેવો મૅજિસ્ટ્રેટ થાય ત્યારે શું કરીશ ? ’

છોકરો જવાબ આપે તે પહેલાં લછમનસિંહ અંદર આવ્યો.

‘ લછમનસિંહ, હમણાં વાંસળી કોણ વગાડતું હતું ? ’ શંકરે પૂછ્યું.

‘ અલ્યા તું ? ’ મૅજિસ્ટ્રેટ બોલ્યા.

‘ જી હા. ’

‘ લાવ, મને વાંસળી દે. ’ કહીને શંકર તેને વળગ્યો,

ને ખીસામાંથી વાંસળી કાઢવા જતાં તિલક મહારાજનો ચાંદ નીચે ઢળી પડ્યો. વધારે જોર કરીને શંકરે વાંસળી ખેંચી ને શિવાજી મહારાજનો ચાંદ નીચે પડ્યો.

મૅજિસ્ટ્રેટ જોઈ રહ્યા: 'અલ્યા તું નોકરીમાંથી નીકળી જશે હો!' લછમનસિંહે શંકરના હાથમાં વાંસળી જપ્ત કીધી: તે સજ્જા નેને બોલી ઊઠ્યો: 'સાહેબ! હું પણ મરો છું. આટલું તો કરું! જેમણે મારા દેશને જીવન આપ્યું તેનું નામ તો પાસે રાખું!'

'અલ્યા પેલો આગ્લાવાળો જુવાન કોણ હતો?'

'પેલો ઝુલ્ફાંવાળો!—' શંકર બોલ્યો.

'પેલો,—જેની પાસે બહુ રકઝક થઈ હતી તે—' મૅજિસ્ટ્રેટનાં પત્ની બોલ્યાં.

'સાહેબ, એ મિઠ્ઠો જુવાન તો કોઈ અજબ માણસ છે. આપણા ફોજદાર સાહેબે એક વખત એક બાઈ પર હુમલો કર્યો ત્યારે તેણે એકલે હાથે પાંચ જણને રોક્યા હતા. એવો નરમ દેખાય છે. પણ ક્યાંય અન્યાય દીઠો કે તરત પતંગિયાની પેઠે પડે છે.'

'અરેરે, એવાને કેદમાં શું કરવા મોકલો છો!' મૅજિસ્ટ્રેટનાં પત્ની બોલ્યાં. શંકરે તેની માનો હાથ પકડ્યો.

'મા! હું તને—મારા બાપુએ પૂછ્યું કે હું મોટો થઈને શું કરીશ!—હું કહું તને?'

'હા, કહે.'

'હું મોટો થઈને ઇન્કિલાબ ઝિન્દાબાદ કરીશ. પછી મારા બાપા મને શાબ ફરમાવશે. પછી તું રોજે. પછી હું

કહીશ કે રૂઓ છો શું ? પછી તમે સૌ બોલજો ' ઇન્કિલાબ ઝિન્દાબાદ.' લછમનસિંહ, તું પણ બોલજે—તને સજા નહિ થાય—તું પણ બોલજે—'

મૅજિસ્ટ્રેટ સાહેબ હસી પડ્યા, પણ તરત જ તેમના અંતઃકરણમાં એક ઊંડો મર્મભેદી ઘા પડ્યોઃ ' આ છોકરો દસ વર્ષ પછી ગોળીએ વીંધાશે—અરેરે !—'

' સાહેબ, આ એક આપું ? ' લછમનસિંહ તક જોઈ ને બોલ્યો.

' શું છે ? '

' આ ગુલાબનું ફૂલ. પેલા જુવાન કેદીએ શંકરભાઈ ને માટે આપ્યું છે. '

મૅજિસ્ટ્રેટ ગંભીર બની ગયાઃ ' લછમનસિંહ, પેલી બારી ઉઘાડ, ને દીવો કર.' હમેશની ટેવ પ્રમાણે તેમનાથી ઉમેરાઈ ગયુંઃ ' અજવાળું આવવા દો. '

શંકરે ડેકડો મારીને ગુલાબનું ફૂલ લઈ લીધું.

પરશુરામ

[નાટક]

૧

સ્થળ : નર્મદાનો તીરપ્રદેશ　　　　સમય : સૂર્યોદય

[વનરાજિની સુંદર પરંપરામાં ભગવતી નર્મદાનો વાંકોચૂકો પટ શોભી રહ્યો છે. તાપસીના વેશવાળી બે સ્ત્રીઓ ફૂલો ચૂંટતી દેખાય છે. એક રેણુકા છે; બીજી તેની સખી સુવર્ણા. ઊછળ્યા પગથાર પર આવેલા યૌવનને રેણુકા કાંઈક વધારે લાલસાથી પકડી રહી હોય તેવું એના ચપળ નેત્રો અને રમતભરેલા અવયવો કહી આપે છે : પ્રવેશ કરતાં યૌવનને નાથવા મથતી સુવર્ણા વધારે શાંત ને વિચારવંત દેખાય છે.]

રેણુકા: સુવર્ણા ! આ ઋતુમાં રેવાતટ તો ફૂલોથી મહેકી રહેવાનો. પેલી અતિમુક્તાવલિની વેલ તો જો !

સુવર્ણા: (ફૂલ ચૂંટતી ચૂંટતી) હાસ્તો.

રેણુકા: આવો સુંદર તીરપ્રદેશ હોય, ફૂલની સુગંધથી વાતાવરણ સભર બન્યું હોય, નદીનાં પાણી ચાલ્યાં જતાં હોય,

ત્યારે તો...(અટકે છે. નદીને ઉપવાસે કેટલીક સ્ત્રીઓનો અવાજ સંભળાય છે.)

સુવર્ણાઃ ત્યારે તો ! કેમ અટક્યાં ?

રેણુકાઃ ત્યારે તો, અલી ! શું ગમે ?

સુવર્ણાઃ (જરાક હસીને) નહાવાનું.

રેણુકાઃ એકલાં ?

સુવર્ણાઃ (કાવરી રીતે) ના રે બહેન! એકલાં હોય ? તમે સાથે હો તો મઝા પડે. (કાંઈ સમજતી ન હોય તેમ ફૂલ ચૂંટયાં કરે છે.)

રેણુકાઃ (મનમાં ખિન્નય છે. સ્વગત) જંગલાંના તે ગાયોના હમેશના સહવાસથી ઉડવાને પાણી પાઈ પાઈ ને શરીર નિચોવી નાખવાથી, અને વસ્ત્રાભૂષણ, સુગંધ, લેપ વગેરે રસજીવનને પોષનાર વસ્તુઓનો ત્યાગ કરી એકલી વૃક્ષની છાલ પહેરવાથી મનુષ્ય કેવું નીરસ બની જાય છે ! (મોટેથી) તું આવી નીરસ કેમ છો ? આ ઋતુમાં તો કોઈ રસિક પ્રિયતમની સંગે જાણે જલની રમત કર્યા જ કરીએ એવું થાય છે, કાં અલી !

સુવર્ણાઃ (તેની સામે આશ્ચર્યથી જુએ છે : તેના બોલેલા બોલ મનમાં ઘૂંટે છે : કો...ઈ રસિક પ્રિયતમની સંગે..કો..ઈ..અહો ! ઋષિપત્ની ! પછી મોટેથી ..કટાક્ષ કરતી હોય તેમ) પણ એવું સ–રસ જીવન મારા ભાગ્યમાં ક્યાંથી હોય ?

રેણુકાઃ (મનમાં ખિન્નય છે) જડ ! પાષાણમૂર્તિ ! (મોટેથી) સુવર્ણા, તને જીવનના ઉલ્લાસની બહુ ગમ નથી લાગતી.

સુવર્ણાઃ (શાંતિથી) મને નાં? હાસ્તો. પહેલેથી જ, રડ્યું, વિલાસની ખબર નહિ, અને ઉલ્લાસ . . . એ તો આપણાથી બહુ દૂર છે!

[રેણુકાનો ચહેરો ક્રોધથી લાલચોળ થઈ જાય છે. તે મનમાં ને મનમાં ચમકતી રહે છે: 'મૂર્ખી! આ . . પ . . ણાથી બહુ દૂર છે. તારાથી બહુ દૂર હશે. મારા જીવનમાં તો ઉલ્લાસ જ ભર્યો છે.' તે વિલાસભરેલી રીતે પોતાના વાળ સમારે છે. દૂર અડધાં કેસૂડાંથી ઢંકાયેલા એક ખાખરાના ઝાડ પર તેની દૃષ્ટિ જાય છે: 'શી જીવનવસંત ખીલી છે!']

સુવર્ણાઃ (વાત બદલાવવાના હેતુથી) એક નવી વાત હાલે પરશુરામે કહી તે સાંભળી કે?

રેણુકાઃ (ધીમેથી) શું?

સુવર્ણાઃ રાજા કાર્તવીર્ય પાસે અગ્નિદેવે ભિક્ષા માગી છે—

રેણુકાઃ કે—

સુવર્ણાઃ કે શું! અગ્નિદેવને ઘૃતની લાખો ને કરોડો આહુતિઓ મળી છે. એનું શરીર રોગી બન્યું છે. ને એણે માગ્યું કે મને વનદહન કરવા દો . . .

રેણુકાઃ અરર! પછી?

સુવર્ણાઃ કાર્તવીર્યે ભિક્ષા આપી, એમ સંભળાય છે.

રેણુકાઃ હેં! અરર! કેટલા ઋષિમુનિઓના આશ્રમ

ભસ્મ થાશે. નિર્દોષ કુરંગો ! કેવાં કેવાં સરસ્વતીમંદિરો ! રાજાને આવું ક્યાંથી સૂઝ્યું !

સુવર્ણાઃ કહે છે કે ઇંદ્રને પણ ધમકાવીને તેણે મેઘરાજાને પાછા વાળ્યા : ને અગ્નિદેવે નિશ્ચિંત મને વનદહન કર્યું.

રેણુકાઃ અરેરે ! કીર્તિ માટે આવો અઘટિત સંહાર કરાવ્યો ?

સુવર્ણાઃ ધન, યૌવન, સત્તા અને વધતી ઇચ્છા એ ચારે પાપ ભેગાં થાય ત્યારે પૃથ્વી રસાતાળ જાય છે.

રેણુકાઃ પૃથ્વી તો રસાતાળ જાય ત્યારે, પણ અત્યારે તો હજારો નિર્દોષ બાલ-ચકુરડુંઓ નિરાધાર થઈ પડ્યાં છે. પ્રભુ ! પ્રભુ !

[બન્ને જણીઓ ઘડીભર મૂંગે મોંએ ફૂલો વીણતી આગળ ને આગળ વધે છે : નદીના તીરપ્રાંતમાં ઉપલે કાંઠે સ્ત્રીઓનો કોલાહલ વધતો જાય છે : રેણુકા આગળ છે તે એક આંબાના ઝાડને અઢેલીને કુતૂહલવૃત્તિથી આંખઆડે હાથ રાખી દૂર જુએ છે.]

રેણુકાઃ (સુવર્ણાના શબ્દો સંભારીને વનદહન વિષે વિચાર કરે છે.) સુવર્ણાએ કહ્યું તે સાચું છે. ધન, યૌવન (દૂર કોઈ સ્વરૂપવાન ગંધર્વને અપ્સરા સાથે ફરતો જુએ છે)—કેવું સુખી યુગલ ! ઋતુ ઋતુના યથેચ્છવિહાર . . આ તો ચિત્રરથ ગંધર્વ લાગે છે . . કી . . ક.

[પાસેની કેસરની સુગંધી કળી પર ભ્રમરનો ગુંજારવ સાંભળે છે. તેની તરફ રેણુકા જોઈ રહે છે. આંબાની ડાળમાં ઉપર

કોયલ ટહુકે છે. દૂરથી મયૂરનો કેકના જેવો
કંઈક રવ સંભળાય છે. પેલા સરોવરમાં હંસને
પકડવા માટે કેટલીક અપ્સરાઓ પાછળથી
દોડતી દેખાય છે. રેણુકા આજે શરીરે અપૂર્વ
રોમાંચ અનુભવે છે ને સુવર્ણોને જોવા માટે
આસપાસ નજર કરે છે. સુવર્ણોને એક
કિલ્લોલ તરફ પોતાથી દૂર જતી જુએ છે]

રેણુકા: (સ્વગત) અરે ના ! .. યૌવનને બાંધવામાં સંયમ છે એવું કહેવાયદીન બોલવાની, એ જડમૂર્તિને ટેવ છે ! . .

[ગંધર્વ ચિત્રરથ અને અપ્સરાઓ
જળક્રીડા કરવા નર્મદામાં પ્રવેશ કરે છે:
કમળ કુંડોમાં અનેક ચંદ્રમુખી સ્ત્રીઓ
પાણીમાં તરે છે. આસપાસ જળ ઉછાળે છે :
ને ચિત્રરથને પાણીના વરસાદથી મુંઝવીને હેરાન
કરે છે.]

રેણુકા: (આસપાસ સુવર્ણોને જોતી) એ તો દૂર છે એ સારું થયું. અરેરે ! જડ ઋષિ જ, મને ક્ષત્રિયાણીને જડ ઋષિને ત્યાં આપવામાં મારા પિતાએ શું લાભ માન્યું હશે ?

[ચિત્રરથ પાણીથી મુંઝાય છે, છતાં
ડૂબકી મારીને પાણી ઉડાડનાર મુખ્ય અપ્સ-
રાને પકડે છે, ને તેના રેશમી વાળનાં
ગૂંચળાથી તેનું મો પૂરી તેને હસતી બંધ
કરવાની રમત રમે છે.]

રેણુકા: (અત્યંત દર્દથી આંખ આડે હાથ દઈ દે છે) .. અરેરે ! આ જડ ઋષિ .. તેં મને આને કોઈ

દિવસ રમાડી જ નહિ ! (તે વિહ્વળ બનીને મોટેથી બૂમ પાડવા જાય છે .. ઓ પ્રિય .. ચિત્ર ..)

[પાછળથી સુવર્ણાનો નાદ સંભળાય છે.]

રેણુકાઃ હા . . . ય ! હવે ? આને મૂકીને પાછા છાલથી વીંટાયેલા ઋષિને જોવા કે ?

સુવર્ણાઃ (દૂરથી તેને બોલાવે છે) બહેન ! આવો, જલદી આવો. એક ખેલ દેખાડું !

રેણુકાઃ (ખિન્નઈને મનમાં) તારા પથ્થરના ખેલમાં શું હશે ?

[પાછળ ચિત્રરથ ને સ્ત્રીઓના હસવાના સ્વરો આવે છે. રેણુકા અત્યંત કષ્ટે જવા માટે પગ ઉપાડે છે. પણ બે ચાર ડગલાં જઈને જ એક સુંદર ફૂલઝાડમાંથી ફૂલ ચૂંટવાના મિષે ઊભી ઊભી એકીટશે ચિત્રરથની રમત જુએ છે.]

સુવર્ણાઃ (ધીમે ધીમે રેણુકા તરફ આવતી) કેમ બહેન ! વળી શું થંભ્યા ?

રેણુકાઃ (મનમાં) તારું કપાળ . . . મૂઈ, આજે આ લપ ભેગી ક્યાંથી આવી ? (મોટેથી) આવી આવી, તું ત્યાં રહે, જો આટલાં ફૂલ લીધાં ને હું આવી. (ઝપાટાબંધ ફૂલો તોડવા માંડે છે.)

સુવર્ણાઃ પરશુરામને જોયા ?

રેણુકાઃ (ભડકે છે) હેં ! ક્યાં ?

સુવર્ણાઃ જુઓને, આ તરફ જ સમિધ લેવા નીકળ્યા છે. પે . . . લા (આંગળીથી બતાવે છે) ઝાડ નીચે ફરશી લઈને બેઠા હતા.

[રેણુકા ક્યાંક નજર ચોંટાડી ઊભી છે, અને આજુબાજુ ફેલાયેલાં વસ્ત્ર ભીંજવી પણ ઉપાડે છે. તે ઉતાવળી થઈને કાદવ વાસણને નિર્મળ નહિ થતાં છે. તે તે પણ ફેંકી દઈ ફેંકે છે.]

સુરસુંદરી: આવી ગંધર્વમાંથી ભાગી ગયાં તાકું ગયા.
રેણુકા: કેમ કે ! આજ તો આપણું પણ મોડું થયું.
સુરસુંદરી: આ આટલાં બધાં ભાગવાન શું ! ઉપર તારું કોઈ નદીમાં નહાતા પડ્યું છે !
રેણુકા: હોઃ આપણે આપણું શું કામ ! આજ તો પૂજા મોડું થયું છે.

[જાય છે.]

૫

ભૃગુકચ્છની સાનિધ્યમાં : આશ્રમ જમદગ્નિ

જમદગ્નિ: ૐ હરિ: ૐ ! બીજ ને પ્રાણનો વ્યવહાર એટલો ઓતપ્રોત છે કે બીજ ફેરવતાં જાણે પ્રાણ ફરી જાય ! (કંપીને) આહા ! આ શું જોઉં છું ! અરે એનો પ્રતિષ્ઠ ગર્જસ સ્વભાવ ફૂટી રહ્યો છે. જીવન એ ગુરુનું સમતોલપણું છે એ એને ક્યાંથી ખબર ! અને હવે એ પાછો લક્ષ્મી ગુમાવે છે ! .. વિદ્યાની પવિત્રતા ધનિક-સ્વભાવ નહિ જ સમજે !

[રેણુકા પ્રવેશ કરે છે.]

રેણુકા: આજ તો આટલાં જ પુષ્પો ભેગાં થઈ શક્યાં . . . અને . .

જમદગ્નિ: રુમણ્વાન તમને શોધવા નીકળ્યો છે. બહુ વાર થઈ.

રેણુકા: (મનમાં) હું પણ જીવનને નવી જ રીતે શોધી રહી છું.

જમદગ્નિ: આજ તો તમે સવારથી જ ગયાં છો. પુષ્પો હવે ઓછાં થયાં કે શું ? તમે પુષ્પછોડને પવિત્રતાથી જાળવો છો તો ખરાં કે ?

રેણુકા: (મનમાં) જીવનનો રજ જેવડો દોષ પણ આનાથી અજાણ્યો નહિ રહેતો હોય ? મારો દોષ એ જાણતા લાગે છે. (ધ્રૂજે છે) આર્યપુત્ર ! મારો એટ— એટલો દોષ.

જમદગ્નિ: (હસીને) એમાં દોષ શો ? ભૂલ.

રેણુકા: (મનમાં) આવા મહાનુભાવ પાસે પાપ કબૂલ કરવું એ પણ પુણ્ય છે. (મોટેથી) ઋષિવર ! મારો દોષ તો આપને જ્ઞાત છે જ.

જમદગ્નિ: (સાશ્ચર્ય) ખાલી લક્ષ્મીનું ઐશ્વર્ય તમે ખરે જ ગુમાવ્યું લાગે છે !

રેણુકા: એટલો—દોષ . . .

જમદગ્નિ: ઋચીક અને સત્યવતીના અમર આત્માને દોષની છાયા સ્પર્શે એ ઠીક નહિ.

રેણુકા: (ધ્રૂજતી) મારો એટલો માનસિક . . .

જમદગ્નિ: માનસિક ? (હસીને) આંહીં રાજ્યની સમૃદ્ધિ મુખ્ય મનાય છે કે મનની ? તમને ક્યાં ખબર નથી કે ત્રણ ત્રણ પેઢીથી જળવાતી મનની વિશુદ્ધિ જ ભૃગુના આશ્રમનું સર્વસ્વ છે.

[રુમણ્વાન પ્રવેશ કરે છે.]

જમદગ્નિઃ પુત્ર ! રુમણ્વાન ! આ તારી માના સામે જો ! (રેણુકા નીચે જુએ છે.)

રુમણ્વાનઃ કેમ પિતાજી ! શું છે ?

જમદગ્નિઃ (અત્યંત શાંતિથી) પ્રસેનજિતની પુત્રીએ ભૃગુનો આશ્રમ ભ્રષ્ટ કર્યો છે : માનસિક વ્યભિચારથી આખો લક્ષ્મી ગુમાવી છે : એનું જીવન હવે મૃત્યુથી જ વધારે સારું જિવાય. તારા હાથથી એનો જીવનપ્રવાહ પૂરો થાય એમ ઇચ્છું છું.

રુમણ્વાનઃ (આશ્ચર્ય) પિતાજી ! તમે શું બોલો છો ? હું માતૃહત્યા કરું !

જમદગ્નિઃ સિદ્ધાંતની ખાતર સર્વસ્વ હોમતાં પાછો હઠે તે જામદગ્ન્ય ન હોય. રુમણ્વાન ! જ્યારે મૃત્યુથી પવિત્રતા જળવાતી હોય. ત્યારે દેહ એ ફેંકી દેવા જેવી ને પવિત્રતા એ જાળવવા જેવી વસ્તુ છે. એનું માથું ઉડાવી દે !

[રુમણ્વાન ઊભાઊભો મૂઢ બનીને ઊભો રહે છે. સુષેણ, વસુ અને વિશ્વાવસુ પ્રવેશ કરે છે.]

રુમણ્વાનઃ (દયાર્દ્ર અવાજે) પિતાજી ! માફ કરો. એ નહિ બને. એનો એવો શો દોષ છે ?

જમદગ્નિઃ દોષ ! એને જ પૂછી જો ને. અથવા રહે, તને મારી ન્યાયબુદ્ધિમાં દોષ લાગે છે ?

રુમણ્વાનઃ એમ તો નહિ, પિતાજી ! પણ—સંકલ્પ-મન માત્ર . . .

જમદગ્નિઃ મન માત્ર દૂષિત થયું એમાં શું એમ તું કહે છે ! આ તારી વિદ્યા છે ? તેં તો શૂદ્રની પેઠે શરીર દૂષિત થાય ત્યારે દંડ આપવો એવી ન્યાયપ્રથા ધારણ કરી

લાગે છે ! પણ—(કિંચિત્ હસીને) વિદ્વાન પુત્ર ! બ્રાહ્મણ એટલે જ શીલ : ક્ષત્રિય એટલે શૌર્ય : વૈશ્ય એટલે સાહસ : ને શૂદ્ર એટલે સેવા. એમાંથી જે જે ચ્યુત થાય, તેનું મૃત્યુ જ થયું કહેવાય. તારી માતાએ . . . આત્માને તો મારી નાખ્યો છે; તું હવે એના દેહને મારી નાખ !

રુમણ્વાનઃ (શાંતિભરેલી દઢતાથી) એના ચહેરામાં ઈશ્વરનો સ્પર્શ છે : હું પુત્ર છું : એ માતા છે.

જમદગ્નિઃ (ક્રોધથી) વંશપરંપરાથી ચાલી આવતી બ્રહ્મવર્ચસ્‌ની ભાવના જે ન સમજે તે કોઈક દિવસ ભૃગુના આશ્રમને રાક્ષસી માયારૂપે બનાવી દે. રુમણ્વાન, તારો નાશ થાઓ !

રુમણ્વાનઃ જીવન આપનાર માટે જીવન હોમ્યું એનાથી વધારે સુંદર શું ? (તે રેણુકાને પગે લાગે છે.) પિતાજી ! આપની આજ્ઞા શિરસાવંદ્ય છે ! (તે નીચે ઢળી પડે છે : રેણુકાનો હાથ એને ટકાવવા વ્યર્થ પ્રયત્ન કરે છે.)

રેણુકાઃ (રડતી) ઋષિ ! ઋષિ ! પુત્ર ન મારે તો આપ જ મને શાપ આપો ને ! હું મૃત્યુ માટે તૈયાર છું. આ બાળકનું મૃત્યુ મારાથી જોઈ શકાતું નથી.

જમદગ્નિઃ (શાંતિથી) એમ ન બને. ભૃગુઆશ્રમના ભવિષ્યના સંચાલકો જીવનની ભવ્યતા સમજનાર હોવા જોઈએ ! પુત્ર સુષેણ !

[સુષેણ આગળ આવે છે. તે પોતાના ભાઈ તરફ જોઈ રહે છે : પિતા સામે જુએ છે : ને રેણુકાને રડતી નિહાળે છે.]

જમદગ્નિઃ તારી માતાનું માથું ઉડાવી દઈને એનો માનસિક વ્યભિચારદોષ ધોઈ નાખ !

ગુપેશુ: (હિમ્મતથી) હું એનો દોષ શું પીઉં ? એ મારી માતા છે. માતામાં રહેલી તીર્થની કલ્પના કેમ નાશ પામે ! એ જીવન્ત તીર્થ છે

રેણુકા: (એકદમ) સુષેણ ! પુત્ર ! મને મારી નાખ : હું કહું છું . . . કે તું મને મારી નાખ. મારું મૃત્યુ આનંદથી ભરી દે, લે તું જીવતો રહીને—(તે આગળ આવી માથું ધરે છે)

ગુપેશુ: (પગમાં પડે છે) તું જીવતી સરસ્વતી છે : આત્માને પ્રથમ શબ્દોચ્ચાર તેં પઢાવ્યો, મા ! . . .

જમદગ્નિ: રમણવાનની દશાને . . .

રેણુકા: (એકદમ ગાજી ઊઠે છે) ઋષિ ! ઋષિ ! જુઓ, હું આ મરું . . . (કેશ છોડે છે).

જમદગ્નિ: (શાંતિથી) સુષેણ ! તું રમણવાનની દશાને પ્રાપ્ત હો ! (સુષેણ નીચે પડે છે).

રેણુકા: ભૂલને વિચારવી એના જેવી બીજી પવિત્રતા નથી : (રડે છે) મારાં બે બાળકો ! ઓ ઋષિ ! આ ક્રૂરતાને ભવ્ય જીવનનું નામ આપી હવે કોને કોને રેંસી નાખવા છે ! આવો બેટા ! વસુ ! વિશ્વાવસુ ! આંહીં આવો.

જમદગ્નિ: વસુ ! વિશ્વાવસુ !

રેણુકા: (અત્યંત દુઃખથી) ઓ મારા પ્રાણ હવે . . તમે જાઓ. જાઓ, અને મારા આત્માના આત્મા જેવાં બે બચ્ચાંને બચવા દો ! ભવ્ય ઋષિ ! મારો આ પ્રાણ સ્વીકારો, અને લ્યો : એને રેંસી નાખો. પણ તમારી ભવ્યતા અખંડ રાખવા લોહીનો યજ્ઞ શા માટે કરો છો ?

જમદગ્નિ: (શાંતિથી) આત્મા અમર્ત્ય છે. અને ભાવના માત્ર બલિદાનથી જ પ્રકાશે છે,

રેણુકા: (રડતી) બે પુત્રોને યજ્ઞમાં હોમ્યા છે. હવે મને શાપ આપો : મને હોમી દ્યો. હું તમને પગે પડું છું. પણ આ છોકરાની પહેલાં મને મારી નાખો ! (વસુ તરફ ફરે છે) વસુ ! બેટા ! તું મને મારી નાંખ ને ?

વસુ: (રડતો) ઈશ્વરીને કોણ મારે ?

જમદગ્નિ: વિશ્વાવસુ ! ભૃગુકુલને પવિત્ર કરો !

રેણુકા: (આર્તનાદથી) ઋષિવર ! સ્યો આ દેહ ... (નીચે પડે છે) વિશ્વાવસુ ! બેટા ! ઘા કર તો ! જો તારો ઘા મને વહાલો લાગે છે !

વસુવિશ્વાવસુ: (બન્ને સાથે) પિતાજી ! એના સ્પર્શથી જ અમે પવિત્ર છીએ !

જમદગ્નિ: રુમણ્વાનની ગતિને પ્રાપ્ત કરો.

[બન્ને સાથે પડે છે. રેણુકા એમને વળગી રહે છે, એટલામાં સમિધ લઈને પરશુરામ આવે છે.]

પરશુરામ: (નીચે પડેલાને જોતાં જ આશ્ચર્ય) આહ ! પિતાજી ! આ શું છે ? અને મારી માતા કેમ નીચે પડ્યાં છે ! રુમણ્વાન ! ભાઈ !

[ભાઈઓનાં શબ પાસે બેસી જાય છે.]

જમદગ્નિ: પરશુરામ ! આ સર્વ તારી માતાની મનોદશાનું ફળ છે.

પરશુરામ: મનોદશાનું ફળ ?

જમદગ્નિ: હા. પ્રથમ તો જાણી લે કે તારી માતાએ માનસિક વ્યભિચાર કર્યો છે. ભૃગુકુલમાં એવી સ્ત્રીને સ્થાન ન હોય. એ વંશપરંપરાની વિશુદ્ધિ જાળવવા, તારા

ાઈઓને મેં કહ્યું કે તેનો નાશ કરો. સિદ્ધાંતનું ભાન
ેમનાથી સમજાયું નહિ. અને તેઓ તે ન કરી શક્યા.
ે ભાવના જાગવતા મેં એ બધાઓનો નાશ કર્યો છે.

પરશુરામઃ કઈ ભાવના, પિતાજી! જેમાં પિતાપુત્રનો
ુદરતી પ્રેમ ચૂરે એ ભાવનામાં શી પવિત્રતા હોઈ શકે!
પ્રેમના કરતાં વધારે પવિત્ર શું છે!

જમદગ્નિઃ બેટા! પ્રેમના કરતાં વધારે પવિત્ર કાંઈ નથી, પણ પ્રેમ જ્યારે વિકાર પામે ત્યારે તેના કરતાં વધારે અધમ પણ કાંઈ નથી. આપણી ભૃગુકુલની પવિત્ર મર્યાદામાં દોષ ન જોઈએ.

પરશુરામઃ પિતાજી! આ ભૂલ છે કે દોષ?

જમદગ્નિઃ પૂછને, તારી માતાને.

રેણુકાઃ દોષ, બેટા, દોષ: ભૂલ નહિ.

જમદગ્નિઃ શરીરથી થાય તે ભૂલ: મનથી થાય તે દોષ.

પરશુરામઃ (શરીર ટટાર કરીને અત્યંત ગૌરવથી) ખરેખર, દોષની છાયા ભૃગુકુલમાં ન જોઈએ. દોષ જ્યાંથી આવે ત્યાંથી હણવા યોગ્ય છે.

રેણુકાઃ (સહર્ષ બેઠી થઈને) મારો આત્મા છુટકારા માટે તલસે છે. પરશુરામ! મને માર. તું મારો એક દીકરો તો જીવતો રહી જશે. બેટા! મને માર.

પરશુરામઃ તમને મારું! માતા, તમે મરી ચૂક્યાં છો. અને આત્માને છુટકારો! બંધન તો તમે જ બાંધ્યું છે! તે તમારાથી જ છૂટે. મૃત્યુ એ બંધનનો નાશ નથી!

જમદગ્નિ: ભૃગુકુલનંદન! પરશુરામ! તું એ વાત સમજી શક્યો : પિતાપિતામહની સોંપેલી વિશુદ્ધિ એટલી જ દોષરહિત વંશપરંપરા ઉતારવી જોઈએ. એનું નામ જ જીવન. તારી માતાએ જીવન ગુમાવ્યું છે. એણે ... વાળી લક્ષ્મી ફેંકી દીધી છે! હવે તું એને માર!

પરશુરામ: (દઢતાથી હાથમાં ફરશી લે છે) માતા! ખરા જીવન માટે તૈયાર બનો.

રેણુકા: તારા હાથનું મૃત્યુ એ જ ખરું મૃત્યુ હતું! જેમણે મને જીવનમાં બધા દોષ સાથે પૂજ્ય માની છે, તે આ રુમણ્વાનાદિને ભેટી લઉં. (ભેટે છે) ઓ! કેટલા સુંદર આત્માઓ! પાપીને પૂજીને પાપનું પણ પુણ્ય કરી નાખે! મારા પાપ માટે એમણે કરેલા સ્વાર્પણમાં ભૃગુકુલની કેટલી વિશુદ્ધિ ઝળકી રહી છે! ... (ચૂમે છે). બેટા રુમણ્વાન! સુષેણ! સુખે સૂઓ! તમારી સુખભરી નિદ્રા જ તમારા આત્માનું ગૌરવ દર્શાવે છે .... ચાલો ... હવે (બેઠી થાય છે). આવ બેટા ! પરશુ! તારા હાથમાં ફરશી પણ કેવી રૂપાળી લાગે છે! આવ, હું તૈયાર છું.

પરશુરામ: (નરમ પડી જાય છે) માતા! તમારો ખોળો તો હું પણ નથી ભૂલ્યો હો!

રેણુકા: (હસીને) એ હું જાણું છું, બેટા! તું નાનપણથી જ મને સૌથી વહાલો છે!

પરશુરામ: ભૃગુઆશ્રમમાં તમે જીવન્ત કલંકરૂપે રહો, એ કરતાં વિશુદ્ધિના બલિદાનરૂપે રહો એ તમારું ખરું જીવન છે.

રેણુકાઃ બેટા મને જીવન આપ !

[પરશુરામ ફરશી ઉપાડે છે : રેણુકાનું માથું ઊડી જાય છે. યોગીના પ્રભાવથી જમીન જીવતી થાય છે]

જમદગ્નિઃ ધન્ય છે ! ધન્ય છે ! આવા પુત્રો સિદ્ધાંતને આખી પૃથ્વીમાં સ્થાપી શકે. જે હું ખરેખર પ્રસન્ન છું. તું મારી પાસે કાંઈક માગી લે.

પરશુરામઃ સિદ્ધાંતનાં કાંટા બદલવા માટે તો સ્નેહની ફરે લેઈએ. પિતાજી ! મારી માતા જેવી બીજી કોની ફરે હોય ! આપને હું પૂછું છું : એને હું આપું છું : એક વાર એ ખોવાયેલ બેઠાય તેવું કરો.

જમદગ્નિઃ તથાસ્તુ !

પરશુરામઃ અને આ મારા ભાઈઓ પણ જીવે !

જમદગ્નિઃ તથાસ્તુ.

પરશુરામઃ પિતાજી ! આપે મારા જીવનમાં યુદ્ધનો રેખ રેડ્યો છે. ખાલી લક્ષ્મી માટે આપે માતૃહત્યાનું તત્ત્વજ્ઞાન દર્શાવ્યું : ને એમાંથી હું યુદ્ધનું તત્ત્વજ્ઞાન પણ શીખ્યો. હવે એ જીવનધર્મ થાય તો કહો કે પરશુરામ યુદ્ધમાં પરાજય ન પામે !

જમદગ્નિઃ તથાસ્તુ.

[રેણુકા, રુમણ્વાન, વગેરે આળસ મરડી બેઠા થાય છે.]

રેણુકાઃ ઓહો ! આજે તો બહુ નિદ્રા કરી : રુમણ્વાન, સુષેણ, કેમ હજી ઊંઘમાં જ ઊભા ?

પરશુરામ: (સાશ્ચર્ય) માતા ! તમારા સ્વભાવમાં દોષ ભૂલવાનું સહજ સૌન્દર્ય ભર્યું છે. બાકી તો તમારી મૃત્યુની જ નિદ્રા હતી.

જમદગ્નિ: ચાલો, ચાલો, હવે એ ભૂલી જાઓ. હવે સૌ બલિદાનનો જ મહિમા ગાઓ : ને બીજું બધું ભૂલો !

રેણુકા: (સાંભર્યું હોય તેમ) હા ! હા ! ત્યારે તો પરશુ, તું ભારે જબરો.

જમદગ્નિ: ચાલો,

સૌ સાથે: દેવો કહે છે : બલિદાન આપો.
અમે તમને શ્રદ્ધાનું સામર્થ્ય આપશું.
દેવો કહે છે : બલિદાન આપો.
અમે તમને સિદ્ધાંતની પ્રતિષ્ઠા આપશું.
દેવો કહે છે : બલિદાન આપો.
અમે તમને વિજય આપશું:
અ મ ર્ત્ય ભા વ ના આપશું.

ત્રીહૃદય

ટ્રેઈન ઊભી રહી. બીજી ગાડી સવારે દસે મળવાની, એટલે રાત્રે સાડા અગિયારે કુટાતા પિટાતા અમે બેજણ ધર્મશાળામાં જવા માટે નીકળ્યા. રસ્તા પરના દીવાનો ઝાંખો પ્રકાશ પડતો હતો. પણ રાત્રિ અંધારી હતી ને તેથી વારંવાર ખાડો કે ટેકરો સંભાળવો પડતો હતો. મારી સાથે આવનાર બાઈનું નાનું છોકરું ખભે માથું નાખીને ઊંઘી ગયું હતું ને મન નહિ છતાં વિવેકની ખાતર પણ મારે બાઈનાં પગલાં સાથે મેળ રાખવો પડતો હતો.

આખે રસ્તે કોઈ બોલ્યું નહિ. હું મારા વિચારમાં મશગૂલ હતો. બાઈના ચહેરા પર તો મેં ગાડીમાં જ ઘણા ભારે આઘાતની સ્પષ્ટ નિશાની દેખી હતી. હજી ચાલતાં ચાલતાં પણ ઘડીએ ઘડીએ તે ઊંડો નિઃશ્વાસ મૂકતી હતી. અંતે ધર્મશાળા આવી.

બુધવાર હોવાથી, કે કવખત હોવાથી, ધર્મશાળામાં ‘મા'રાજ’ સિવાય કોઈ ઉઘાડે ફરતું દેખાયું નહિ.

ધોતિયું ઓઢીને મા'રાજ હરીકેન ફાનસ પાસે બેઠા બેઠા તુલસીકૃત રામાયણ વાંચતા હતા.

'કોણ ? કેવા છો ભાઈ ?' મા'રાજે મારી સામે જોઈને પૂછ્યું. મા'રાજની એક આંખ મોટી ને ખોટી હતી. બીજી નાની ને નકશીદાર હતી. નકશીદાર એટલા માટે કે એના પોપચાં પર ઉઝરડો હતો. જવાબ મળે તે પહેલાં મા'રાજે નાની આંખ બાઈ ઉપર ફેરવી: 'આ બાઈ કોણ છે ?'

'મિયાણાં છે બાપુ !'

'મિયાણાં ?' મિયાણાનું નામ સાંભળીને મા'રાજ જરાક ચમક્યો. 'ક્યાંનાં છો ?'

'માળિયાનાં ?'

'આમ ક્યાં જાવું છે ?'

'કેશોદ.'

'શું ?'

'છોકરાના બાપ ત્યાં જમાદાર છે. જમાદારની નોકરી કરે છે.'

'અને તમે ?—'

'હું તો વાણિયો છું. બાઈ બિચારી ગાડીમાં ભેગી થઈ ગઈ, આખે રસ્તે લોચતી'તી કે ધર્મશાળામાં સથવારો મળે તો રાત રહેવાય.'

મા'રાજે તુલસીકૃત રામાયણ બંધ કર્યું. હરીકેન હાથમાં ઉપાડ્યું, અને આગળ ચાલ્યો.

'મસલમાનને રે'વાનો હુકમ નથી, પણ અત્યારે બાઈ માણસ એકલું ક્યાં જાય એટલે મારે નછૂટકે હુકમ તોડવો પડે છે. આ ધરમશાળા હિંદુની છે.'

'અરે ! મારા'જ ! હિંદુ મુસલમાન સૌ માણસ તો છે નાં ?'

'ઈ સાચું. તમારું કહેવું સોળ વાલ ને એક રતી. પણ આપણે હુકમના દાસ.'

'હા, બાપુ હા.' બાઈએ ટેકો પુરાવ્યો.

'બાજરાનું બાજરણ નહિ મળે હો.'

'અમથું ઘેર કે'દી પાયધું છે? બાપુ! એતરના દેહામાં પચા રઈ છઈ.'

'એક છે!'

'અરે માડી! હતું ત્યારે બધું હતું. બેક હતી, જમીં હતી, ઢોરઢાંખર હતાં, બધું હતું.'

મા'રાજે ધર્મશાળાનું એકઢાળિયાનું બારણું ઉઘાડ્યું. ખપાટની સીસી જાળીથી એકઢાળિયાને બંધ વાળ્યો હતો. સામે ચાર પાંચ ઓરડા હતા. પણ દરેક ઓરડાને તાળું લગાવ્યું હતું.

'આમાં એક પડ્યો છે, કાળી જેવો. એ.. ખૂણામાં પડ્યો. કાલનો આવ્યો છે. તાવે ફફડતો'તો. આજે ઠીક છે. એ ખૂ..ણામાં પડ્યો.'

ખૂણામાં કોઈ માણસ માથે ઓઢીને સૂઈ ગયું હતું. પણ હરિકિનનું તેજ જોઈ ને તેણે જરાક કપડું ઊંચું કર્યું. અકસ્માત તે વખતે તેના પર મારી નજર પડી. ચહેરો કરેલ હતો ને ચોર જેવો હતો. પોતે જાગતો જ નથી એવો ડોળ કરવા તેણે તરત કપડું પાછું માથે ઓઢી લીધું ને પડખું ફરી ગયો. અમે ઉતારો કર્યો. પેલી બાઈએ એક ખૂણામાં સાડલો પાથરી છોકરાને સુવારી દીધું.

'પાવણુંક પાણી આપે તો પી લઈં.'

મા'રાજ કાંઈક ઠીક લાગ્યો. પાણી લઈ આવ્યો.

'શેઠ, તમારે પાગરણ ?'

'હોય તો લાવો.'

મા'રાજ લાવ્યો તે પાગરણ પાથર્યું. પોટલું ઓશિકે મૂકી લાંબો થઈને સૂતો. 'માલમતા સંભાળજો,' એમ કહીને ફરીકેન લઈ મા'રાજ ચાલ્યો ગયો.

પેલી બાઈ હજી ક્યારેક ઊંડો નિઃશ્વાસ નાખીને કાંઈક બોલતી હતી. દરેક ધર્મશાળામાં હોય છે તેમ ભોંતળિયે કેટલાક ખાડા હતા, ને એવો એક ખાડો મારી પથારી નીચે જ હતો, એટલે મેં પથારી બદલી.

'આંહીં પથારી કરું તો તમને વાંધો નથી નાં, બેન ?'

'ના રે, મારા વીરા! મારે શો વાંધો હોય ?'

મારી પથારી બાઈથી દૂર પણ પહેલાં હતી તેના કરતાં થોડીક જ વધારે પાસે થઈ. ત્યાં ઉપર બારી હતી. તેમાંથી પવન તો સરસ આવતો હતો, પણ બારીનાં મજાગરાં ઢીલાં પડી ગયાં હતાં ને સ્ટૉપર હતી નહિ, એટલે તે વારંવાર ભટકાયા કરતી હતી. દૂરથી ઘૂવડનો ભયાનક અવાજ પણ આવી રહ્યો હતોઃ 'ઘૂ ઘૂ . . ઘૂ.'

'અ રે રે ! માડી !'

બાઈ થોડી વાર પછી પોતાને સંભળાવતી હોય એમ બોલી. તેના મનમાં ઊંડું મંથન ચાલી રહ્યું હશે તેમ અવાજ ઉપરથી લાગ્યું.

આકાશમાં ચંદ્ર ઊગવાની તૈયારી કરતો હતો. તેના આછા ઉજાસમાં મેં બાઈ તરફ નજર કરી તો તે સૂતી સૂતી છાપરા તરફ તાકી રહી હતી. મને બીક લાગી કે સાળું વળગાડ જેવું હશે તો રાત આખી શે જશે.

'બાઈ!'

'કેમ!'

'તમને ઊંઘ નથી આવતી ભૂખે પેટે, તે કાંઈ ખાવું? મારી ભેગું ખાવું છે.'

'ના રે બાપુ! કાંઈ ખાવું નથી. પેટનાં જખ્યાં આવ્યાં છે તે ઊંઘ તે ક્યાંથી આવે!'

માર્યા! આ તો નક્કી કાં ગાંડી ને કાં વળગાડ! દૂરથી પેલા ઘુવડનો હવે વધારે ભયંકર બનેલો અવાજ પણ આવ્યા કરતો હતો: 'ઘૂ ઘૂ.. ઘૂ.'

'મિયાણાં છો!'

'હા.'

'આમ કેશોદ જાવું છે, કેશોદ!'

'ના, ના.'

'કેમ તમે હમણાં કહ્યું નહિ! છોકરાના બાપ ત્યાં જમાદાર છે.'

'આ છોકરાના બાપે તો, માડી! ગજબ કર્યો છે. મોટું ગામતરું લીધું ને મને રખડતી મૂકી. અમારી મિયાણાની જાત!'

'છોકરાનો બાપ કેશોદ છે એમ તો તમે હમણાં કહ્યું ને!'

'તમે તો બાપુ, સારું માણસ છો, પણ ઠેકાણું ન આપીએ તો તો અમને મિયાણાને ઊતરવા જ કોણ દે!'

મિયાણા વિષે લોકોમાં સાધારણ રીતે ભય હોય છે એ મને યાદ આવ્યું. બાઈ સાચું કહેતી હતી.

'ત્યારે તમારે ક્યાં જાવું છે?'

'જાવું છે ગર કાંઠે.'

'છોકરાના બાપ ત્યાં છે!'

'છોકરાના બાપ તો, ભાઈ! એનું ખાતરું સાંપડ્યું છે. હું તો કંઈ દુનિયામાં એકલી અટૂલી રહી ગઈ છું... નાખેલી નજર પહોંચતી નથી. મોટો છોકરો ઘરમાં છે, એના સમાચાર છે એટલે જ અહીં ત્યાં જાઉં છું.'

'સારી! મિયાંભાઈની જાત. ભાગી મારા સુધી બેઠી, જોયું!' મનમાં ને મનમાં હું તો મૂંઝાયો. 'બીજું કંઈ નહિ, સોનાની એક લગડી સાથે હતી. ને એ આ બાઈને જરા પણ ખબર પડશે, તો મારે નકામું કરી દેશે. આખરે તો ખૂનમાંથી ભાગ્યો છે! ને ચોર ગજવે એક વધુ ભાર! બહુ ખોટું થયું. લગડી લીધી હતી કાનું ખરડું ન પડે ને ગુપચુપ ઘરમાં પેસી જાય માટે, દાણચોરી કરવા. ત્યાં આંહીં જ એ ચોર ગજવે માર્યું ખાતું ક્યાંથી પડ્યું? હાં તો આંહીં જ દાખ્યું ને લગડી ખૂંચ મૂકવું પડશે. હવે તો આખી રાત ગનવા છે.' મનમાં વિચાર આવ્યો. જોરથી બોલ્યો: 'તમારો છોકરો ઘરમાં છે! ત્યાં શું કરે છે?'

'હા બાપુ! એવા વાવડ છે. આ નાના છોકરાના બાપને મારીને ભાગી ગ્યો છે!'

હું તો ચૂપ જ થઈ ગયો. કોઈ ખૂનમાં સંડોવાયેલ ઓરતની સાથે વાત કરું છું એ જાણવી શરીર ધ્રૂજી ઊઠ્યું.

'જરબજારે બંધૂકે દઈ દીધો!' 'બંધૂક' શબ્દ તો બાઈના મોંમાં મને ભરેલી ગોળી જેવો લાગ્યો. અને તેમાં પણ 'દ' ને બદલે 'ધ.' 'બંદૂક' નહિ પણ 'બંધૂક.' અને પાછી કચ્છી ભાષાની અસરવાળો ભારાસ્ચારણ. તોબા! આજ લગડી ઘેર પહોંચવાની નથી, બીજું શું?

'તારે કોઈને બાપને મારો? આ વાત કેમ થાય?'

'કોનો બાપ? આ નાના છોકરાનો બાપ. સમજતો નહિ! અમારે સિપાઈઓમાં તો મરવાનું હોય કે નહિ! એટલે હું પેશવાથી ધરમાંથી થઈ નહીં ભાગે મોટો છોકરો અને નવ વરસનો જ હતો. બાકી એનો છું હું.'

'એને ઘરમાં મૂકીને હું આ નાના છોકરાના બાપને પરણી. આ છોકરાનો બાપ મારી પર મોટો મોટો કરે. એ વખતે મારું પણ જોબન. અમને બેયને એક બીજાની માયા લાગી. માયા તો, શેઠ, તમે વાણિયા લોક, મુંજવાતું વરણ, એટલે તમારે મોઢે શી વાત કરું? પણ જેમ પાણી ને મરચાંનો મોત જાને એવી પ્રીત લાગી હો. છોકરાને મૂકીને પરણી. તે તો કોઈ ચોરો રોવો છે, કોઈ રોવો છે, માડી, પથ્થર પીગળે એવું રોયો. આ જ છોકરો નાનો હતો. જોબન આવ્યું. શું કહું, એ...ને શરીર જેવું હોય તો અલમસ્ત. ભગવાને બનાવેલો કે તારી માને ઉપાડી જનાર તો કુલાઓ મિયાંઓ થઈ ગયું. એનેય પણ નાનપણનું સાંભર્યું હશે કે કોનું જન્મે છું. ભાઈ, આખરે આ છોકરાના બાપને ગોળીએ દઈ દીધો!'

'ગોળીએ દઈ દીધો!'

'ઠાર દઈ દીધો!'

'પછી?'

'પછી શું? જાગી ગ્યો. વાવડ છે કે ગરમાં છે એટલે ત્યાં જાઉં છું. એક વરસ થયાં હેરાન હેરાન થાઉં છું.'

'હવે શું કરવું છે ત્યાં જઈને?'

કરવા લાગી. પેલો માણસ નક્કી ચોરી કરવા બેઠો થયો હતો. લગડીને બરાબર સંભાળીને હું જાગતો સૂતો રહ્યો.

કાળા જેવો પેલો માણસ ધીમેથી બેઠો થયો. માથેથી લુગડું કાઢીને નીચે મૂકયું. થોડી વારમાં તો એના એક હાથમાં મોટી છરી દેખાઈ. ચંદ્રમાનો પ્રકાશ પડતાં તેનું પાનું ચળકી ઊઠયું.

મારો શ્વાસ થંભી ગયો. હમણાં આવીને છાતીએ ચડી બેસશે એ ભયમાં ને ભયમાં હું ફાડી આંખે એના તરફ જોઈ રહ્યો.

તે ઊઠયો ને ચુપચુપ આગળ વધ્યો.

વખતે બહાર જતો હશે એમ ધારીને હું એનું દરેક પગલું નિહાળી રહ્યો.

પણ તે તો મારી તરફ જ આગળ વધતો હતો ! જોરથી બૂમ મારવાનું મન થયું પણ અવાજ નીકળ્યો નહિ. બાઈ તરફ નજર ફેરવી તો તે પડખું ફરીને સૂઈ ગઈ હતી.

તેના પગનો ઘસારો તીક્ષ્ણ ખંજરની ધાર નીકળતી હોય તેવો લાગ્યો. ઠેક પાસે, પથારી સાથે તેનો પગ દેખાયો. કપડાં સાથે તે પગ અથડાયો! મારી ઉપર નીચો વળીને તે જોઈ રહ્યો હતો. 'એ. . .લગડી ગઈ!' એવો મોટો અવાજ મારા મનમાં થઈ રહ્યો.

પણ ચાર તેટલું જોર કરીને હું આંખો મીંચી ગયો. સહીસલામતીનો એ એક જ માર્ગ હતો, હું ભરનિદ્રામાં હોઉં તેમ પડયો રહ્યો.

કેટલીવાર આંખો મીંચી રાખી તે માલૂમ રહ્યું નહિ. કારણ કે દરેક પળ કલાક જેવડી લાંબી લાગતી હતી. પણ

'અરે માડી! અમારી તે કાંઈ જિંદગી છે? જોતાં છાતી ઠરી જાય એવા જુવાનજોધ મિયાણા કૂતરાને મોતે માર્યો જાય છે, માડી! હવે તો આ જોવાતું નથી. હવે તો અમે બૈરાં ધરતી માગ આપે તો સમાઈ જાઈ. આ મારા પડખામાં સૂતું છે પોટું, ઈ પાછું મોટું થઈને, મોટા છોકરાને ગોળીએ દેશે. હવે આ બેય જણ્યાં સલામત રહે, એટલા માટે આ દખ વેઠું છું!'

'તે તમે શું કરશો?'

'શું કરીએ અમે બાઈ માણસ? મોટાને ગોતીને નાનો સોંપીશ ને બેયની રખેવાળી કરીશ. થાવાનું તે થઈ ગ્યું. હવે તો મોટો બચી જાય—બાપા, સરકારનો પણ લાગ ધાક છે—એમાંથી મોટાને બચાવવો છે.

'જો છતો થાય તો મારા પીટ્યા સપાઈ પકડીને મારી નાખે, એટલે સંતાતો ફરે છે. વાવડ છે તે ગરમાં જાઉં છું. થાય ઈ ખરું. આ નાના સાથે એનો ભેટો કરાવવો છે. અમારે બાઈયુંને નથીએ આવા મિયાણા સાચવવાનું કરતારે લખ્યું હશે. જુઓને, આ પડખામાં સૂનો સૂનો ગોઠણિયાં મારે છે!'

ચંદ્રમાનો ઉજાસ હવે વધારે આવી રહ્યો હતો. મેં ધર્મશાળામાં ચારે તરફ નજર ફેરવી તો હું સૂતો હતો તેના કરતાં વધારે સારી જગ્યા બીજે ક્યાંય દેખાઈ નહિ. બોલ્યા ચાલ્યા વિના ગુપચુપ સૂતો ને જાગતો પડ્યો રહ્યો.

બરાબર એકાદ કલાક વીતી હશે, એટલામાં પેલો બીજો માણસ ધીમેથી બેઠો થતો લાગ્યો. મારી છાતી થડક થડક

જ્યારે આંખ ઊઘડી ત્યારે પેલા માણસને બાઈની પાસે બેઠેલો જોયો. આશ્ચર્ય થયું કે વખતે બન્નેને ઓળખાણ તો નહિ હોય નાં?

મનમાં વાણિયાશાહી આનંદ પ્રગટ્યો: 'સાલો કાળો! મિયાણીમાં મોહ્યો છે. એટલે હવે લગડી તો બચી ગઈ! પણ મિયાણી માથાની ફરેલ છે, તે જો કાળાને ફટકારશે તો મફતની સાક્ષી દેવી પડશે.'

એટલામાં પેલા માણસે છરી નીચે મૂકી મિયાણીનો હાથ પકડ્યો!

'કાળો હમણાં મરશે, આપણે નિરાંતે કાંઈ ન હોય તેમ જોયા કરો. આવો તાલ જોવાનો ક્યારે મળે?'

લગડીને જરાક દબાવી જોઈ. સહીસલામત હતી. લૂગડું વચ્ચે છતાં સ્પર્શથી મળેલો આનંદ અદ્ભુત હતો. કંચનમાં હું મોહ્યો હતો. કામિનીમાં પેલો માણસ મોહ્યો હતો.

પણ એટલામાં તો અગ્નિ અડકે ને જેમ માણસ ઝબકે તેમ મિયાણી ઝબકીને બેઠી થઈ ગઈ. 'એલા કોણ એ?' મિયાણીનું રૂપ ફરી ગયું હતું.

'કાળો મર્યો'—મારા મનમાં વિચાર આવ્યો.

'કેવો છો? બાઈ માણસને હાથ અડાડતાં શરમાતો નથી. એ... શેઠિયા ... ભાઈ! આ જુઓ તો.'

હું સાચું. શેઠિયાભાઈ જોશે? ગાંડા હોય તો જુએ! ડાહીમાના દીકરા જોશે! આપણે કાંઈ ગાંડા ન હતા કે બોલીએ? જાણે કાંઈ નથી. ગુપચુપ!

'ભા... ઈ!' બાઈનો અવાજ ફાટી જતો લાગ્યો.

પેલું ધુરક, સાળું એટલું પણ સમજતું ન હતું કે આવે વખતે બોલવું ન જોઈએ, એટલે બોલ્યા કરતું હતું: ઘુ.. ઘૂ.. ઘૂ.'

પેલા માણસે હાથમાં છરી લીધી.

'ઓ ય મા ડી રે!' પેલી બાઈથી બોલાઈ ગયું, પણ ણે જોરથી પુરુષનો હાથ પકડી લીધો ને મને બૂમ પાડી:

'એ સોંડિયા ભાઈ!'

મારે ઘણા દિવસનો ઉજાગરો હતો, એટલે હું ભર-નેદામાં પડ્યો હતો!

પણ એક શબ્દ સાંભળતાં તે જાગ્રત નિદ્રાવસ્થા ઊડી ગઈ. પેલો માણસ અત્યંત ધીમે ગળગળે અવાજે બોલ્યો: 'માં! એ તો હું તારો કરીમ! કરીમને તું નથી ઓળખતી? માં!'

મિયાણી અવાક્ બનીને તેની તરફ જોઈ રહી.

'હેં! મારો કરીમ! દીકરા! દીકરા! તું છો? તું આંહીં ક્યાંથી?'... મિયાણીનો અવાજ એવો તો દર્દથી ભરેલો હતો, અને 'દી ક રા' બોલતાં તેણે એવી કંપારી અનુભવેલી લાગી કે હું પરત પડખું ફરીને બાઈ સામે જોઈ રહ્યો. પણ મિયાણી કે કરીમ બેમાંથી કોઈને મારા તરફ જોવાની ફુરસદ ન હતી.

બાઈ છોકરાને બે હાથે વળગી રહી હતી.

'દી ક રા! તું ક્યાં ઓળખાય છે? આ તારું શરીર છે? અ રે રે માડી! તું આંહીં ક્યાંથી?'

'માં! જરાક ધીમે બોલજે હો. મારા ઉપર તો વારંટ ફરે છે. હું તો ફાંસીએ જઈશ, પણ તને છેલ્લું છેલ્લું મળી

તો લીધું! હવે ગામમાં રહેવાય એવું રહ્યું નથી, એટલે ભાગ્યો છું!'

'હેં માડી!' બાઈ વધુ બોલી શકી નહિ. તેનો કંઠ રૂંધાઈ ગયો.

'આના માથા ઉપર સરકારે ઇનામ તો કાઢ્યું નહિ હોય નાં?' મારા મનમાં વિચાર આવી ગયો.

'હું ખૂની છું ને સપાઈ પાછળ ફરે છે એ ખબર છે નાં? માડી! ધીમે બોલ. વાત કર, તું આંહીંથી ક્યાં જવાની છે?'

'જ્યાં તું ત્યાં હું.'

'મારો શો ભરોસો? હું તો આવતી કાલે ન હોઉં. પણ હું તને એક વાત કહી દઉં.'

'શું?'

'મેં તારો ગનો કર્યો છે, માડી! તું આ છરી લઈને મને મારી નાખ. સરકાર મને પકડશે ને ફાંસીએ ચડાવશે એના કરતાં તો તારે હાથે મરું તો સારું થાય.'

મિયાણી છોકરાની જુવાન દેહ તરફ જોઈ રહી. તેની આખી કાયા ટટ્ટાર થઈ જતી લાગી. તેણે છરી ઉપાડી. મારા મનમાં મોટો ચિરાડો પડ્યો. મારશે કે શું? એટલામાં મિયાણી બોલી:

'કોને તને મારું? તારા સારુ તો આ ખોળિયાના જોડા શિવડાવવા છે, દીકરા! કે'તો ચામડું હમણાં ઊતરડી દઉં!'

'પણ હું ગુનેગાર છું. મેં તારો ગનો કર્યો છે! સરકાર મારે એના કરતાં તું જ માર.'

'ગુનો તેં ભલે કર્યો. પેલો ગુનો મેં કર્યો છે.'

'તેં?'

'ત્યારે નહિ ! મારાથી વિખૂટો પડતાં તું કેવું રોયો'તો. અરેરે ! દીકરા, મારામાં એટલું રોવાનું બળ હોય !'

'મા ! ફાંસીએ જતાં પહેલાં તને જોઈ લીધી, હવે મને સરકાર ભલે ઘાણીમાં ઘાલીને તેલ કાઢે.'

'તેલ તો હવે નીકળી રહ્યું. જ્યાં સુધી હું જીવું છું ત્યાં સુધી તારી આડે જીવતી દેહનો કિલ્લો બાંધી દઉં.'

મિયાણો કાંઈ બોલ્યો નહિ. પણ એનું માથું મિયાણીના પગ પાસે ઢળી પડ્યું. ઊંડાણમાંથી આવતો હોય એવો ધીમો અવાજ સંભળાયો:

'મા !'

મિયાણીએ એનું માથું ખોળામાં લઈ લીધું. અત્યંત પ્રેમથી તેના માથાના વાળ ઉપર હાથ ફેરવવા લાગી.

'મા !'

'શું બેટા ! કરીમ ! કેમ મોળો પડી જાય છે !'

'મને . . . એ ક વ ખ ત નાનો હતો ને લીધું'તું એવું . . .'

મિયાણીએ તેનું માથું બે હાથમાં લઈને ઊંચું કર્યું. મીઠું જીવનના રસબિંદુ જેવું પ્રેમભરેલું એક ચુંબન લીધું.

'બસ હવે હું ભલે મરું. મને હવે જાગવા દે, માડી ! આ શી જાગે છે, ને આપણી વાત સાંભળે છે, પણ ભલે બિચારો સાંભળી લ્યે. મારા તકદીરમાં નોંધ્યું હશે એમ થાશે.'

'હવે તો જ્યાં તું ત્યાં હું.'

મિયાણો બેઠો થયોઃ 'તંઈ હવે મા! . . .'

'હવે શું? હાલ્ય મારી ભેગો. હું જીવું છું ત્યાં સુધી રાત દી તારું રખોપું કરીશ. અને આ સૂતો ઈ તારો ભાઈ! બેય મોટા થઈ જાવ.'

સૂતેલા નાનકડા છોકરાનો હાથ કરીમે હાથમાં લીધો. મીઠું ચુંબન કર્યું. તેની આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં.

'મા! હવે થોડા દીનો મેમાન છું. વારંટ ફરે છે!'

'ભલે ફરે! મારી ભેગો હાલ. ગર ભેગા થઈ જાઈં.'

'પણ સપાઈને ખબર પડી ગઈ છે!'

'તો પછી ડરછ શું? આ છોકરાને મોટો કરજે. બેય ભાઈ સંપીને રે'જો. મોટા થાય તંઈ મારી વાત કે'જે ને આ છોકરાના બાપને તો મેં માર્યો છે. તેં નથી માર્યો. સપાઈસફરાં મળે તો મારું નામ દઈ દેજે! સમજ્યો?'

'અને મારે માટે તને જીવતી નરકમાં નાખું? આ છોકરાના બાપને માર્યો. હવે માને પણ મારી નાખું?'

'તું બેટા! તે દી રોયો, તને તરછોડ્યો તે દી, ઈ દી સાંભરે છે? મેં જ ભૂલ કરી. તને તરછોડીને મેં જાણે જીવતો અં ગા રો જ તને ખાવા આપ્યો, પણ તમે ભાયડા બંધૂક ખાઈ જાણો. કાંઈ જીવતા અંગારા ખાઈ જાણો? જી વ તા અં ગા રા તો અમે બાઈ માણસ જ જીરવીએ.'

'બંધૂકમાં સું ખાવું'તું? બંધૂક તો જનાવર પણ ખાય છે. પણ તમે, કોણ જાણે કઈ દુનિયાનાં માનવી છો તે જીવતા અંગારા ખાઈને પાછા અમને જિવાડો છો!'

'લે, બેટા કરીમ! મારું કર્યું માન. સાંભરવા નીકળી જઈ તો હાલ બધુ ભેગા થઈ જઈ. ન નીકળાય ને વચ્ચે પકડાઈ જઈ તો આ છોકરાને સાચવજે. ને સુનો હું ઓઢી બેઠું છું!'

'માડી, તું નહિ! તું અહીંથી ઘેર પાછી જા. ને મારા ભાઈને મોટો કર.'

બાઈની આંખમાંથી આંસુ પડી રહ્યાં હતાં.

તે ગળગળે અવાજે બોલી: 'દીકરા! હવે હું તને નહિ છોડું. થસે જે થવાનું હોય તે થાય.'

મિયાણાએ કાંઈ બોલ્યા વિના માત્ર ડોકું ધુણાવ્યું. એટલામાં હું ધીમેથી પાસું ફર્યો. એટલે મિયાણો સજાગ થઈ ગયો.

'આ કોણ છે?'

'શેઠિયો છે. સારું માણસ લાગે છે.'

મિયાણાએ ફરી મારા ચહેરા સામેથી આંગળી નાક ઉપર મૂકી એની માને છાના રહેવા કહ્યું. થોડી વારમાં મિયાણી છોકરાને તેડી બેઠી થઈ ગઈ.

'ચાલ, ક્યાં જાઉં? શેઠિયો જાગતો લાગે છે, એને જગાડશું?'

મિયાણાએ નાક ઉપર આંગળી મૂકી.

થોડી વારમાં બંને જણાં બહાર નીકળવાની તૈયારીમાં પડ્યાં.

'માડી! તું અહીં પડી રહે, મને જવા દે!' મિયાણો હજી કહેતો હતો.

'ના, ના, હવે તો જ્યાં તું ત્યાં હું. ને તમારું રખોપું હું કરું. પછી ગાડી ચાલશે એટલે પાછી આના બાપની કમર સંભાળીશ.'

કાંઈ બોલ્યા વિના મૂંગા મૂંગા બન્ને બહાર નીકળી ગયાં. મિયાણો ધર્મશાળાની વંડી ભીંતેથી ઠેકી ગયો. તેણે બે હાથે ટેકો આપી મિયાણીને પણ ઉપર લઈ લીધી. મારા મનમાં વિચાર આવ્યો: 'હવે જાય છે તો જવા દો. ભલે જાય. પણ આના માથા ઉપર ઇ ના મ તો નહિ હોય નાં?'



બે મિનિટ પછી હું ઊઠ્યો ને બારીમાંથી બહાર નજર કરી જોયું તો ચંદ્રમાના અજવાળામાં રસ્તા ઉપર બે જણાંને દોડતી ચાલે જતાં જોયાં. એક બીજાની પડખે રહીને આ ખી આ લ મ સા મે લ ડી કા ઢ વા નું બ ળ એ વેગભર્યાં પગલાંમાં સ્પષ્ટ દેખાઈ આવતું હતું.

પેલું ઘુવડ હજી બોલી રહ્યું હતું:

ઘૂઘૂ . . . ઘૂ . . . ઘૂઘૂ . . . ઘૂ
ઘૂઘુ . . . . ઘૂ

અદૃશ્ય સત્તા

બોડાના ગરાસિયાના છોકરાને દીઠો એટલે હમીર થોડી વાર ઊભો રહી ગયો. માથે સાફો લગાવી, હાથમાં બે નેતરવાળી ચાબુક, ચમચમતા બૂટ પહેરીને બોડાના ગરાસિયાનો છોકરો દાનસંગ 'ફોટુ' ખેંચાવવા ઊભો હતો. છ આઠ આનામાં છબી પાડનારો એક પંજાબી ગામમાં આવ્યો હતો, અને આખા ગામમાંથી આબાલવૃદ્ધ સૌ સવારે, બપોરે, સાંજે બાગમાં ભેગા થઈ ને એની પાસે 'ફોટુ' ખેંચાવવા ઊભા રહી જતા. હમીર ભરવાડને ભાન ન રહ્યું કે ચારનો વખત થયો છે, હમણાં પાંચ વાગશે, અને એનો સાથી સામળો સીમમાંથી આવશે ત્યારે બિચારી ધોળી, એટલી દોરને પહોંચી વળશે નહિ. દાનસંગ, હજુ તો 'માળી અચાજર તસવીર આવી છે હો!' એમ ટીકા કરતો હતો, એટલામાં ડ્રેસ પહેરેલો સેનનો એક સિપાઈ હમીરને ઓળખતો હતો. તેણે હમીરનો વાંસો થાબડ્યો: 'હમીર, તું તો ધોળી હારે ફોટુ પડાવ તો સારો લાગે હો!'

'અરે, બાબા, અમારે જંગલના રોઝને વળી ફોટુ કેવા!' હમીરે જવા માટે પગ ઉપાડ્યો પણ એટલામાં પેલા ત્રણ કોળી જુવાન તસ્વીર ખેંચાવવા માટે ગોઠવાયા, એટલે જરાક વધુ રોકાયો.

વચ્ચે એક જુવાન ખુરશી ઉપર બેઠો હતો. તેણે સીસી સુરવાળ, સીવું પહેરણ ને ચુંદડી જાતનો લીલી કોરવાળો સાફો બાંધ્યો હતો. પહેરણને પાંચ બટન હતાં ને તેમાં બે બટન તો ગળેબંધ કરવા માટે હોય તેમ ઉપરના ભાગમાં પાસે પાસે લગાવ્યાં હતાં. તેણે લીલી પછેડીની ભેટ બાંધી હતી. ને એક જમૈયો ને એક છરી એમ બે શસ્ત્રો પણ લગાવ્યાં હતાં. હાથમાં બંદૂક પકડી હતી. મૂછે વળ દેતો હતો, ને બાબરીના વાળ સાફાની બહાર કાઢીને કપાળ પર વાંકી આકૃતિમાં ગોઠવ્યા હતા. બીજા જુવાને સાદો કોટ ને સુરવાળ પહેર્યાં હતાં. પણ તેણે હાથમાં કુહાડી ને સોટી બે રાખ્યાં હતાં. ત્રીજો સાદો હતો, પણ તેણે માથા પરનાં ઓડિયાંને બન્ને બાજુ ઓળીને સેંથો પાડ્યો હતો. તેના હાથમાં આંકડીયાળી ડાંગ હતી.

હમીરને ઘડીભર મનમાં એવો વિચાર પણ આવ્યો કે જંગલના રોઝની માફક ભટકવું ને પાંચ વાગે ધોળીની હારોહાર કામે પહોંચવું એના કરતાં આ નફકરું જીવન હજાર દરજ્જે સારું! મહિનો થાય કે ફટ અગિયાર રૂપિયા પટકાવી લેવા. કોઈના બાપની સાડીબાર નહિ. અને નવરા ને નવરા. જોને કેવા 'ફોટુ' લેવરાવવા ઊભા છે!

એટલામાં પેલા પંજાબીએ જાણે જાદુનો ખેલ કરતો

હોય તેમ, એક, બે ને ત્રણ 'રેડી' બોર્ડને ઝાંપ ઉપ
થોડી વારમાં 'ફોટુ' પણ તૈયાર થઈ ગયો.

'વાહ! વાહ! બહુ અચ્છો આવ્યો છે!'

પાસે જ એક બેન્ચ ઉપર, પંજાબીએ ગોઠવો ખરગાએ
હતી એટલે થોડી વાર માટે મિત્ર બનેલ એક બાપુ
એવા હતા બગીચામાં ફરવા આવે છે તેવા એ પણ નફકરા
અને નવરા હતા.

'હવે એની બીજી કોપી લેવરાવવા નહિ, એના કરતાં તો 'બસ્ટ' જ લેવરાવો.' પેલા નફકરા બાપુએ જ સૂચના કરી. એટલે પાછો બીજો ફોટો 'બસ્ટ'નો લેવાનું નક્કી થયું. ફોટો સારો આવ્યો છે તેનું પ્રમાણપત્ર પણ તે નફકરા સદ્‌ગૃહસ્થે જ આપી દીધું.

'ફોટો અસલ તો ગોકળીનો આવે ઊભો છે એમ ને એમ હો!'

માણસને કોણ જાણે શું છે, પોતાનું ચિત્ર, પોતાની પ્રતિમા, પોતાનો ફોટો, પોતાનું ભવિષ્ય, પોતાનાં વખાણ બહુ જ પસંદ પડી જાય છે. હમીરે મલકાતાં મલકાતાં પૂછ્યું: 'કેટલા પૈસા બેસે?'

'કેટલા શું? તારી પાસે કેટલા છે?'

'મારી પાસે તો હવે, સવાપાંચ આના — છોકરાનો ફોટો કરાવવા લાવ્યો છે.'

'ઠીક લે, જોજે હો, એક, બે . . .'

'અરે, પણ મને ઠીક ઠીક તો થાવા દે.'

હમીરને મનમાં એક વિચાર પણ આવી ગયો કે આ 'ફોટુ' પોળાને બતાવવું ને નવાઈની ચીજ તરીકે છબી

ખેંચવાની કરામત વિષે વાત કરશું. એટલામાં તો પંજાબીનો અવાજ આવ્યો : 'રેડી.'

અને જંગલમાં દુહા ગાઈને જીવન વિતાડનારો હમીર પણ 'ફોટુ'માં આવી ગયો.



હમીર ઘેર આવ્યો ત્યારે શામળો ભેંસ દોઈને માંકડી દોવાની તૈયારી કરતો હતો. શામળો હમીરનો સાથી હતો. અને એક બીજી છોકરી કાળી પણ કામ કરવા રાખી હતી. ધોળીને ચાર છોકરાં થયાં પણ એકે ઊજર્યું ન હતું, એટલે એ પોતાના પાંચમા ધાવણા છોકરાને બહુ જાળવતી. એની હારે રમવા કૂતરાનું બચોળિયું પણ પાળ્યું હતું. હમીર આવ્યો ત્યારે ફળીમાં નેતરાના મારની રમઝટ બોલતી હતી ભેંસનું ખાણુ માંકડી ખાઈ ગઈ કે તરત શામળે નેતરાં લગાવ્યાં. હમીરને આવેલો જોતાં જ ધોળી બોલી:

'છોકરી, ખાટલો ઢાળી દે, મેમાન આવ્યા છે.'

છોકરી સાચે જ ખાટલો લેવા દોડી, ત્યાં હમીરને જોઈને અટકી ગઈ.

'આજ માળું જરાક મોડું થઈ ગયું!'

'આખો દી બેઠા રીયોને એટલે પછી વે'લું થાશે.'

હમીરે મૂંગે મોંએ ખાણનો સૂંડલો ઉપાડી એક ગાય દોવા માટે બોઘરું લીધું.

'નૂકી દ્યો આજ તમે,' ધોળી બોલી. 'કામ કરવું ભારે પડતું હોય તો આટલા જીવ રાખો છો શું કરવા?'

'અરે, આ વખતે, બે ચાર ઉતારી નાખવા છે. આખું મળે તો નોકરિયાતને છે. મહિનો થાય ને ખડંગ રૂપિયા આવે.'

'તો સપાઈની નોકરી કરવા જાવ; ભરવાડનો દીકરો સાંસણાં નહિ મારે તો બીજું શું કરશે!'

હમીર મૂંગો મૂંગો ગાય દોવા લાગ્યો.

પણ હમીર બોઘરામાં શેડ પાડે તે પહેલાં ડાકર ટેલ નાખનાર બાવાજીએ પ્રવેશ કર્યો :

'હાં હમીરભાઈ, રામરામ. આણીકોર નીકળ્યો તે કીધું થાતો જાઉં.' બાવાજી આવીને એક તરફ ઊભા રહ્યા. બીજે વરસે ને બીજે વરસે બે ત્રણ રૂપિયાની ટેલ વસૂલ કરતા.

'ઓણ તો કાંઈ અદકા જીવ લાગે છે.'

'હાં, ઓણ તો બહુ અદકા છે. પણ હવે તમારા બાઈને ઉતારી નાખવા છે.' પોગીએ ઘૂંઘટા વાળીને થાનેલામાંથી દૂધનાં ટીપાં છોકરાની આંખમાં નાખતાં કહ્યું.

'રામ રામ કરો. એ શું બોલ્યાં?'

'મંદિરમાં કેટલા જીવ છે?'

'ત્યાંની શી વાત કરવી? ત્યાં તો અકારી હગ હાલે; પાંચ જીવ આવે, વળી બે ચાર સાધુ-સંત લઈ જાય.'

'લ્યો, બાવાજીને ટેલ આપો.' હમીરે કહ્યું.

પોગી બેઠી થઈને ઘરમાં ગઈ. પણ ઘરમાંથી દોકડોય મળ્યો નહિ.

'પાછા ફરો ત્યારે લેતા જાજો.'

'ઘોડીનું જોગાણ તો આપો.'

'બાવાજીને જોગાણ આપો.'

'ઘરમાં તો દાણોય નથી. ફુલચંદના રૂપિયા ચડ્યે જાય છે. તમારી પાસે પૈસા હતા ને? આપો એમાંથી બે આના.'

'પછી લઈ જજો.' હમીરે પૈસા ખરચી નાખ્યા હતા એટલે જવાબ વાળ્યો.

'હવે પછી ને હમણાં આપવું છે નાં? તમારી પાસે પૈસા છે તે આપી દ્યો ને. ધર્માદાનો પૈસો જેટલો વહેલો નીકળે એટલું સારું.' પણ હમીરે તો પૈસાનું 'ફોટુ' ખેંચાવ્યું હતું. અને સાડાપાંચ આનાનો કાગળિયો એના ખીસામાં પડ્યો હતો.

હમીરે માથું ધુણાવ્યું: 'મારી પાસે પૈસા નથી.'

'ક્યાં ગયા?'

'ફોજદાર સાહેબ મળ્યા હતા, એનો છોકરો હારે હતો, ને આ તરફ આવતા હતા.'

'તે?—'

'તે શું? ડબાડંડ કેટલો ભરવો પડે છે? છોકરો હારે હતો તે ફુલચંદને હાટેથી પેંડા લઈ દીધા.'

'ફુલચંદને હાટે તો નામું રાખ્યું છે ને?'

હમીર બિચારો સપડાયો. 'પણ કાંઈ એમ અમલદારના દેખતાં વેપારીના ઓશિયાળા થવાય?' હમીરે હાંક્યે રાખ્યું.

તે દિવસ રાત્રે વાળુ કરીને સૂતા પછી હમીરે ઝાંખા ઝાંખા દીવામાં પોતાનો ફોટો ચુપચુપ કાઢીને જોઈ લીધો. બિચારો 'આર્ટ પેપર!' ભાંગીને તેવડો વળી ગયો હતો.

અને 'ફ્રોડુ'માં તો હમીરના ચહેરા પર ગોમૂત્રનો પીળો રંગ ઝળકતો હતો.



એક જાંબલી રહી. માંકડી વેચી, ગોરડી વેચી, ખાંડી વેચી, રતૂંબડી કાઢી, ખાંડી ઉતારી, ઘેણુ વેચી, વેણુ ગઈ, નંદુ પણ દેણામાં ડૂબી, છેવટે એક જાંબલી રહી. ફુલચંદના દેણામાંથી છૂટા થઈ ગયા. હીરજી કડિયાનો છોકરો રવજી પચાસ રૂપિયે ઈંટનાં ઘર ચણી ગયો હતો, તેના ત્રીસ રૂપિયા બાકી હતા તે દેવાઈ ગયા. સાથીને મુસારો ચૂકવી દીધો. છોકરી બીજે ગઈ. માત્ર એ ઘર, બકરીના વાળના વાણથી ભરેલા ચાર ખાટલા, કૂતરાનું બચ્ચું, જાંબલી ગાય, ઘોળી, હમીર ને નાનો છોકરો એટલાં રહ્યાં.

ઘોળીએ માલને જાળવવા થાય તે સઘળી મહેનત કરી જોઈ, પણ નવું ઘર કર્યું એનું ખરચ, દુકાળ, મહેમાન, ફુલચંદ, ઠાકરટેલ, નાતવરા, સઘળાનો બોજો મારો એનાથી સહન થઈ શક્યો નહિ. એક વખત દેણામાંથી છૂટી જવાય તો પછી નવેસરથી માલ વસાવશું કરીને એક પછી એક જીવ કાઢ્યા ને દેણામાંથી છૂટી ગયા. હમીરને તો એટલું જ જોતું હતું. નફકરો બન્યો એટલે એ તો સવારે 'પરેટ' જોવા જાય, બપોરે રોટલા ખાઈને સૂએ, રાંઢ સપાઈ દોસ્તોને મળવા જાય, ને સાંજે આવીને સૂઈ જાય. એના મનમાં એક અદસ્ય મનોભાવના બળવાન થતી જતી હતી. એક વખત બે જોટાળી હાથમાં લઈને ડ્રેસ પહેરીને 'ફોડુ' ખેંચાવવો. એક વખત એવો ફોટો પડાવ્યો પણ ખરો.

પણ પટાનો નંબર ઊકલ્યો, ને ઉપરી અમલદાર જુએ તો ખોટું થાય, એટલે એના દોસ્તે ફડાવી નાખ્યો.

એક દિવસ બગીચામાંથી સાંજે પાછો ફર્યો ત્યારે પેલા ત્રણ કોળી જુવાનડાઓએ એને આમંત્રણ આપ્યું હતું કે તું કાલે આવજે, નવા સપાઈ પૂરવાના છે, ને પછી નોકરી મળે તો આપણે હારે એક ફોટુ ખેંચાવશું.

બીજે દિવસે હમીર બપોરે બહાર જવા નીકળ્યો ત્યારે ધોળીએ કહ્યું: 'આજ વે'લા આવતા રહેજો.'

'કેમ?'

'મારે કામે બહાર જવું છે.'

'પણ શું કામ? આજ મારે બહુ કામ છે.'

'ફુલચંદ પાસે તેર રૂપિયા છે, પાંચ મારી પાસે છે, અને ત્રણ કાળીના ઉછીના લઈને રતુંબડી ગાય, ટીકા જોડને ત્યાંથી લાવવી છે.'

'પાછો તારે માલ કરવો છે?'

'હા.'

'ઠીક.' કહીને હમીર ચાલતો થયો. તે દિવસે એનું નામ સપાઈમાં નોંધાઈ ગયું. ડ્રેસ ચડાવી, હાથમાં બે જોડાણી લઈ, ચમચમ કરતા બૂટ પહેરીને પેલા કાળી જુવાનડા સાથે સૌ 'ફોટુ' ખેંચાવવા આવ્યા. એક બે ત્રણ 'રેડી' થયું. ને હમીર પોતાનો ફોટો લઈ, પરબારો ધોબણને ત્યાં બતાવી, શેરબંધ ઘેર આવવા નીકળ્યો. જાણે એની ગામમાં પોતાની હકૂમત ચાલતી હોય તેમ જાણે, ઠક્કર તો રહ્યા, ફોજદારને, નીચી સલામ લીધી.

ત્યારે એને લાગ્યું કે પોતે જંગ જીતી ગયો છે. ઘેર આવતાં એને શેરીઓ નાની થતી હોય તેમ જણાયું. ઘર નાનું બનતું લાગ્યું અને જે શેરીમાં સઘળું કાયદેસર જણાતું ત્યાં એને સઘળું ગેરકાયદેસર લાગવા માંડયું. ઘર પાસે આવતાં કૂતરું દોડીને આવ્યું, એને સોટીએ હટકાવી કાઢયું. 'કાંઈ, કાંઈ, કરતું બિચારું' આ જૂના માણસને નવા વેશે આપેલો પથરો ગુંજારતું ભાગી ગયું.

ઘરમાં પેઠા ત્યાં, રતૂંબડી ગાયને કૂંકુનો ચાંદલો કરીને પાસે બેસી ઘોળી ધજાનું પૂછું ને ગોળ ખવરાવી રહી છે. એનો હાથ પોતાના જૂના માલ ઉપર પ્રેમથી ફરી રહ્યો છે. ને રતૂંબડી એ પ્રેમ જાણતી હોય તેમ હરખભેર ખાવા માંડી છે. ભાઈ હમીર તો એક ઘડીભર થોભી જ ગયા. પોતે જે વસ્તુને બહુ ઉપયોગી ધારેલી તેની સામે પણ કોઈ જોતું નથી એ વિચારથી એને ક્ષોભ થયો. ઘોજીએ તો કાંઈ બન્યું જ ન હોય તેમ રતૂંબડી નીચે બેસી, બોઘરું રાખી, પરમેશ્વરનું નામ લઈ પહેલી શેડ પાડી. હમીર પાસેના ખાટલા ઉપર બેસી ગયો.

'લ્યો હવે વરરાજા થયા છો તો વાઘા ઉતારો, ને જાંબલીને દોઈ કાઢો.'

'મને અગિયાર રૂપિયામાં નોંધ્યો!'

'બહુ સારું કર્યું. મહિનો પૂરો થાય ને રૂપિયા દેખો ત્યારે કેં'જો.'

'બેમવાળા ગરાસિયાના છોકરાને તો દસ આપ્યા. ઊંચાઈ ન મળે નાં!'

'બહુ સારું કર્યું.'

'મેં એક ફોટું લેવરાવ્યો છે.'

'હરામના પૈસા તે હરામમાં જ જાય નાં ?'

'પણ માળી, કારીગરી ભારી છે. તમે ઊભા ને તમા ફોટુ. બરાબર તસબીર ખેંચી લ્યે છે. જો તો.'

હમીરે છબી કાઢીને ઘોળીને દેખાડી. ઘોળીનું ધ્યા તો રતૂંબડીના ખાણમાં હતું. જેવી તેવી છેટથી જોઈ ને બોલ 'બહુ સારી છે.'

'મારે એક તારી છબી પડાવવી છે. તું ને હું ઊ ઊભા રહીએ.'

'સપાઈડાંને બીજું શું સૂઝે ?'

'અરે! પણ એની કારીગરી તો જો.'

'મારે નથી જોવી. તમે જાંબલીને દોઈ કાઢો.'

હમીરે તો વેશપલટો કરી, ગાય દોઈ, છબીને ઘર ગોઠવી. રાધાકૃષ્ણની એક જાહેરખબરિયા છાપ ભીંત પ ચોડી હતી તેની ઉપર છબી લટકાવી દીધી.

હમીરે જાણ્યું કે ઠીક થયું. ટૂંકમાં પત્યું. પણ ઘોળીને શું કરવું તેનો વિચાર કરી રાખ્યો હતો. હમીર સવારે સા વાગે તૈયાર થઈ ચાલ્યો ત્યાં ખાડી ગાયને લઈને ગો દરબારી આવ્યો હતો.

'ઘોળી વહુ! એ ઘોળા વહુ!'

'કેમ ?'

'આ તમારી ગાય, તમારે લેવી હોય તો આ બદલ અમારે કાંઈ નાખવી છે.'

'કેમ !'

'આ કેમ શું ! બહુ માલ સચવાતો નથી.'

'તો ભલે. આવતે મહિને રૂપિયા પંદર આપું.'

'ભલે'

હમીર જોતો રહ્યો ને ઘોળીએ ત્રીજી ગાંઠ પણ બાંધી. ચમચમ કરતા બૂટ ચમચી હમીર બહાર નીકળ્યો. ઘોળીએ ખડકી દસાવી: દસાવતાં કહ્યું: 'આવતે મહિને રૂપિયા અગિયાર મારા હાથમાં આવે હો, નકર આ ખાંડી હાથથી જશે.' આટલું બોલીને એણે ખડકી દસાવી દીધી ને દસાવતાં દસાવતાં એક કાગળિયો પણ હમીર ઉપર ફેંક્યો.

હમીરે કાગળિયો ઝીલી લીધો, નિર્દયતાથી કોઈએ પોતાની જ છબી ફ્રેમમાંથી કાઢી લીધી હતી.

'અરે, આ તેં શું કર્યું ?'

'મારે એવી વરણાગી ઘરમાં નથી જોતી.' ઘોળીએ તીખાશથી જવાબ વાળ્યો. 'મારા ઘરમાં ગાય ચારતા કાનની છબી છે એટલી બસ છે. તમારા મારા કાચામાં તે શું નિહાળવાનું છે !'

ચુપચુપ બનીને હમીર ચાલ્યો ગયો. સાંજે ઘેર આવ્યો ત્યારે ધારા વેરમાં જ હતો. બોલ્યા ચાલ્યા વિના જાંખલી દોવા બેસી ગયો.

નં. ૩૭૪૫

સાહેબ ખુરશી ઉપર બેઠા હતા. સામે એક વૃદ્ધ ડોશી હાથ જોડીને ઊભી હતી. પાછળ ઊભેલો બુઢ્ઢો કેદી સીધો અને અક્કડ ઊભો રહીને પવન નાખતો હતો. હિમાલયના જંગલમાં જેમ ઝાડ ઉપર નંબર નોંધી રાખ્યા હોય છે તેમ તે કેદીના કઢંગા ટૂંકા ફૂડતા ઉપર નં. ૩૭૪૫ દેખાતો હતો. તેને આ દુનિયાની કોઈ પણ વસ્તુમાં રસ ન હોય તેમ તે યંત્રની માફક પવન નાખ્યે જ જતો હતો.

'સરકાર! માબાપ! અમારે તો તમે જ મોટા સા'બ!...' ડોશીનો છોકરો મેટ્રિકમાં ભણતો હતો લાંગી વળી જેલમાં ઇતિહાસ શીખવા લાગ્યો હતો. તેથી ડોશી તેને મળવા આવ્યાં હતાં. કાગળ તો એમ હતો કે મોહનલાલ બહુ માંદો છે માટે તમે જલદી આવજો. તમારું જ નામ જપે છે. નાસમજની ડોશીએ વળી છોકરાને 'મેટ્રિક' થવા મોકલ્યો હતો. કરમચંદ શેઠનો બાલાનંદ 'મેટ્રિક' થઈ ને જ મોટરવાળો થયો એટલે ડોશીને પણ પૂરા ગમેલી. પણ એનો ભિખારીનો એકનો એક છોકરો આજ [illegible] પડ્યો હતો.

ને ત્રીસ પાંત્રીસ વરસ થયાં અંગ્રેજનું મોં પણ નહિ જોયેલાં ડોશી 'સા'બ સરકાર' પાસે કરગરતાં હતાં: 'સા'બ, જેવું અમારું તેવું તમારુંય છોકરું છે ના!' સા'બને તો ઈશ્વરકૃપાથી પોતાનું પણ છોકરું ન હતું એ જો સા'બને હતાં તે, જેમ કોઈને એકાંત દેદ આપતા, તેમ છોકરો તોફાન કરે તો તેને પણ એકાંત કેદ જ આપતા. એ સૌ કેદમાં જ માનતા થઈ ગયા હતા. એટલે આવી તો અનેક ડોશીઓ હમેશાં આવે અને જાય તેમાં એક મોહનલાલનો હિસાબ પણ ન હતો.

'સા'બ છોકરાને હવે સારું છે!—પહેલેથી જ રોયો આવો તોફાની હતો તો. અરે પાંચ વરસનો હતો ત્યારે સળગ્યો'તો તો.' ધબધબ કરતો એક સિપાઈ આવ્યો. સીધો ઊભો રહ્યો ને સીધી સલામ કરી ને સાહેબના હાથમાં ચિઠ્ઠી આપી.

નં. ૩૭૪૫—એને કેદી કહેવો, માણસ કહેવો કે એનું નામ આપવું એ સઘળું વ્યર્થ છે—નં. ૩૭૪૫ તરત નીચે બેસી ગયો. તેના મોં પર પંખો નાંખવાના એક ધારા વ્યવસાયનો પ્રાણ હરી લે તેવો કંટાળો સ્પષ્ટ દેખાતો હતો: તેને જીવનની કોઈ પણ વાતમાં રસ નહિ રહ્યો હોય. દિવસો થયાં દર મિનિટે, દર સેકંડે, આ જ જગ્યાએ, આ જ વખતે, અને આવી જ રીતે આ જ પંખો તેણે નાખ્યો હતો. આટલા દિવસોમા તે એક જ વાત શીખ્યો હતો. સાહેબ આવે ત્યારે પંખો નાખવો: જાય ત્યારે બેસી જવું. સાહેબને ગયેલા જોઈ તેણે ડોશીમાની સાથે જરા

વિનોદ વાર્તા કરવાનો પ્રયત્ન કર્યો. આવો વિનોદ પણ એના જીવનમાં ક્યારેક જ આવતો હતો. અને જ્યારે આવતો ત્યારે તે બમણા ઉત્સાહથી પંખા નાખ્યા કરતો.

'ડોશીમા ! બહાર શું ચાલે છે ?'

'એનું એ માડી ! 'ઇન્કિલાબ ઝિન્દાબાદ.' કોણ જાણે જવાનિયા શું બોલે છે, પણ સાંભળતાં જ સપાઈસફરાં ને કોળી વાઘરી જેવા અમલદારો ધૂવાંપૂંવાં થઈ જાય છે.'

'કે' છે લડાઈ બહુ ચાલે છે.'

'બૌ : અરે, માડી તોબા. કાંઈ કોઈ ગાંજે તેમ છે ! પણ પીટ્યા મારકૂટ ન કરતા હોય, તો તો જાણે ઠીક.'

'ડોશીમા ક્યાંનાં છો ?'

'હું માડી . . . .' ડોશીમાએ ગામનું નામ આપ્યું. કેદી કાંઈ બોલ્યો નહિ પણ ઊંડા વિચારમાં પડી ગયો.

'માડી !—વીરુ ડોશીને ઓળખો છો ?'

'હં, માડી. વીરુ ટોશાને કેમ ન ઓળખું !—હું એને ત્યાં બજર દેવા બેસું છું. એ મારે ત્યાં આવે છે. એનો દેવ્યો પીટ્યો આંહીં ક્યાંક છે. પીટ્યે કુંભારને માર્યો ને હાડકાં ખોખરાં કરી નાખ્યાં—કુંભાર હમણાં આ સરકારની કેદમાંથી છૂટીને આવત ત્યાં, જે એરી તાવ આવ્યો તે કેદમાં જ મરી ગયો—શું માડી લોક મળ્યું'તું એને દેન દીધું ત્યારે.'

કેદી બોલ્યો નહિ, પણ ઊંડા વિચારમાં પડી ગયો.

'માડી ! કાનો કુંભાર સરકારની ગડામાં હતો !'

'હા, માડી. પીટ્યે કેક કજાયા કર્યા—પછી કોણ જાણે શું થયું કે સરકારખાતામાં પકડ્યો. ને જે દિવસે ટકરાવો કર્યા તે દિવસે જ મર્યો.'

'માડી! ... વીર ડોશીનો બેટો છું પોતે!'

'હું માડી તું પોતે!—'

કાનાકુંવારને લાકડીઓ મારીને ખત્મ કરવાથી પોતે જેલમાં આવ્યો હતો. તકરાર તો ભૂખ જેવી કોઈ બાબતીને લીધે થઈ હતી. પણ પોતે હજી જેલમાં હતો—ને કાનો કોણ જાણે કેવા જ્ઞાનથી, સ્વરાજની લડતમાં પડ્યો ને મર્યો. નં. ૭૦૪૫ નું હૃદય ઊંડું ઊંડું પોતાના ગામની ભાગોળ પાસે જઈને ઊભું રહ્યું! . . .

એટલામાં નિયમિત પગલાં સંભળાયાં. તે પહેલાં તો કેદી ઊભો થઈને પોતાના જડ હાથથી ખાલી હૃદયે, ખાલી ખુરશીને પંખો નાખી રહ્યો હતો. પણ તેના રોમરોમમાં તેના દુશ્મનનું મરણ ખટકી રહ્યું હતું. પોતે પણ વખતે આ જેલમાં જ મરશે—પણ—

સાહેબ આવ્યા: એક સિપાઈને હુકમ કર્યો એટલે તે ડોશીને લઈને નીચે ગયો.

તૃષ્ણાભરી આંખે કેદી ડોશીને જતી જોઈ રહ્યો. એના હોઠ સુધી શબ્દો આવ્યા—પૂછી જોઉં કે કાનો છેવટે શું બોલ્યો! પણ તે મોંમાંથી હરફ કાઢી શક્યો નહિ. કોઈ સ્વજન આપણું જતું હોય એવો શોક એના હૃદયમાં હતો. ડોશી બે ચાર પગથિયાં નીચે ઊતરી દેખાતી બંધ થઈ એટલે તે શાંત બની ગયો. શૂન્ય અને શાંત. માત્ર યંત્રની પેઠે પેલો પંખો ચાલ્યા કરતો હતો.



થોડી વારમાં બીજું વધારે માણસોનું ટોળું સાહેબ પાસે

આવ્યું. ગમે તેમ નં. ૩૭૪૫ ને આટલા જુદા જુદા ચહેરા જોવાના મળ્યા તે પણ એક પ્રકારનું આશ્વાસન હતું.

એટલામાં વળી પેલો પીળા ડ્રેસવાળો સીધો સિપાઈ યંત્રવત્ સલામ કરતો સાહેબની સામે ઊભો રહ્યો. એ સલામ જેટલી ભયંકર હતી તેટલી જ મનુષ્યત્વહીણી—સી—ધી—હતી. આંગળાંનું છેલ્લું ટેરવું પણ એ ગુલામી શીખી ગયું હતું.

સાહેબ ઊઠ્યા. ગયા. યંત્રવત્ નં. ૩૭૪૫ નીચે બેસી ગયો. આ વખતે બની શકે તો જરાક ડોક નમાવીને પોતાના ભૂતકાળ પર નજર ફેરવવાની એને ઇચ્છા હતી. કાનો ને પોતે મિત્ર હતા. બાયડી માટે લડ્યા. પોતે કાનાને ઘાયલ કર્યો, અને કેદ મળી. કાનો સાજો થયો—એ હમણાં કેદમાં સવરાજ માટે મરી ગયો. પોતે હજી જીવે છે. વાત તો એટલી જ હતી. પણ તેના અંતરમાં એક ઊંડો સળવળાટ થતો હતો. 'પોતે કાનાને મારી નાખ્યો કહેવાય કે નહિ?'

ખુરસી તો જવાબ આપે નહિ. ટેબલ ને સાહેબ તો સરખાં, આંહીં પૂછવું પણ કોને?—પોતાને કાંઈ ગમ પડી નહિ. કાનો કેદમાં મર્યો એમાં મારો શો ગુનો?—પણ કેદમાં કેમ ગયો?—કેમ વળી સવરાજમાં જાગ્યો. પણ સવરાજમાં કેમ જાગ્યો?—ફીટડી—કાનાની વહુને—પોતે ભગાડી બેઠો—! હા—કેદીને લાગતું નથી પણ લાગે છે કે પોતે જ કા ના ને મા રી ના ખ્યો ક હે વા ય.

એટલામાં આવનાર સૌ વાતો કરતા હતા તેમના તરફ એનું ધ્યાન ગયું.

'મિયાંજી! એની બાએ કહ્યું, મને એનું મોં છેલ્લું જોઈ લેવા દો.'

જરાક નીચે ડોક નમાવતો નં ૩૭૪૫ અટકી પડ્યો. તે સ્થિર બનીને સાંભળી રહ્યો.

'પણ ચોખ્ખી ના પાડી: મનુષ્ય મરણ પછી વધારે ભયંકર બનતો હશે એમ સત્તાવાળા માનતા લાગે છે.'

'હારતો. જે મૃત્યુ સિદ્ધાંતની ખાતર થયું છે તે મૃત્યુથી તો સિદ્ધાંત વજ્ર જેવો મજબૂત ને શૌખી જેવો તીક્ષ્ણ બને છે.'

કેદીને આ મોટી વાતોમાં કાંઈ સમજ ન પડી. પણ તે હવે રહી શક્યો નહિ:

'ભાઈ ! કોની વાત કરો છો !'

જવાબ મળ્યો: '... કેદીની. બિચ્ચારાને ફાંસી દીધી. અને એની માને મૂડદું પણ જોવા ન આપ્યું.'

નં. ૩૭૪૫ નાનો હતો ત્યારે તેણે જોયેલું એક દૃશ્ય યાદ આવ્યું. ફાંસી પછી મળેલું મૂડદું—સગાં સંબંધીઓને કેટલું હૃદયવિદારક હોય છે તે જેણે અનુભવ્યું હોય તેને ખબર: પણ પેલાં નાનાં છોકરાંને થાય છે કે મૂડદું નહિ—પણ જીવતો બાપ પાછો આવે છે—એ સ્થિતિએ તો બાળ-બાળાને રોવાવી દીધાં છે: મા ણુ સો ને ને સિં હા સ નો ને.

નં. ૩૭૪૫ ધીમેથી બોલ્યો: 'ભાઈ તમે શાની ને વાતો છો મારી એક શંકા કાઢશો !'

'શી !'

'ખૂનનું પાપ કેમ ધોવાય !—'

કોઈ ડાહ્યાએ જવાબ વાળ્યો: 'સાચું રડવાથી—'

ધબધબ અવાજ આવ્યો. સાહેબ આવ્યા. ચાવી દીધી

હોય તેમ નં. ૩૭૪૫નું શરીર ઊંચું થયું ને પાછું પંખો નાખવા મંડ્યું. તેની આંખમાંથી પડતું એક આંસુ, મળવા આવનારા સૌ આશ્ચર્યચકિત બનીને જોઈ રહ્યા.

થોડી વારમાં વળી સાહેબ પાછા ગયા. કોઈ હિંદુ સ્ત્રીએ સૌભાગ્ય ચિહ્નો ખસેડવાની ના પાડી હશે તેને ધમકાવવા કે સમજાવવા.

'અને છેવટ સુધી અણનમ રહીને મર્યો.' પાછી મંડળની વાતો શરૂ થઈ.

કેદી રિવાજ મુજબ નીચે બેસી ગયો હતો.

'પણ . . . આ . . . ને શું હશે!—અંદર અંદર પ્રશ્નોત્તર થવા લાગ્યા—'પૂછવું છે? આપણે શું કામ?—પૂછોને.' મળવા આવનારા અંદર અંદર બોલી રહ્યા હતા. એક જણાએ હિમ્મત કરી.

'જે કેદીને ફાંસી થઈ તે તમારો કાંઈ સગો થાય?'

કેદીએ ઊંચું જોયું: એના મોં પર ઉગ્ર શોક હતો.

'ના, મેં તો તમારા જેવા પાસેથી વાતચીતમાં તેનું નામ સાંભળેલું.'

મોટા શહેરીઓ અને સુધરેલાઓ એક બીજાની સામે અર્થભરી દૃષ્ટિ નાખી ચૂપ થઈ ગયા.

પણ નં. ૩૭૪૫ એક તરફ માથું ઢાળી આંસુ લોતો હતો—કોના માટેનાં કે ફાંસી કેદીનાં!

આદર્શ

૧

મૂળ તો એમની જ્ઞાતિ બહુ જ નાની: એમાં પાછું વર કરતાં કન્યાઓ વધારે: એટલે જ રા. 'પરિમલપ્રકાશ'ને પણ દેશાવરથી કહેણ આવ્યાં તે પાછાં વાળવાનો વખત આવ્યો હતો. પણ ઉજ્જવળ કહેણ તેમની જ્ઞાતિમાં સારી સ્થિતિના ગણાતા મોભાદાર આદમીનું હતું. પ્રીતમલાલ-દીવાન ઑફિસના હેડ કલાર્ક હતા. પણ રા. 'પરિમલપ્રકાશે' એ કહેણ પણ પાછું વાળ્યું. તેમની વિધવા માતાએ ઘણી વિનંતી કરી કે, 'ભઈ! આ તક પાછી નહિ મળે' પણ 'તકને પુરુષ સરજે છે' એ સોનેરી સૂત્રથી પરિમલપ્રકાશે તેની વાત ઉડાવી દીધી.

રા. પરિમલપ્રકાશમાં કાંઈક શક્તિ હતી એટલે તેને આગળ વધારીને પોતાની પુત્રી મેના આપવાનો પ્રીતમલાલે વિચાર કરેલો: બે ત્રણ વખત વિનંતી પણ કરેલી: પણ રા. પરિમલપ્રકાશે ચોખ્ખી ના સુણાવી: 'જે કુટુંબમાં આદર્શ નથી, તે કુટુંબની કન્યા મારે ન ખપે.'

હવે મારે તમને કહેવું જોઈએ કે ‘પરિમલપ્રકાશ’ એ તો તખલ્લુસ છે. ખરું નામ બાલાશંકર નંદરામ મહેતા. પોતે મેટ્રિકમાં એક વર્ષ નાપાસ થયેલા : બીજી વખત પ્રયત્ન કરતા હતા : પણ આદર્શવાદી હતા. એટલે કે માસિકોમાં ‘પરિમલપ્રકાશ’ એ તખલ્લુસથી કવિતાઓ લખતા. જનતાના સ્વભાવથી પોતે કંટાળી જતા. લુચ્ચાઈ જોઈને ત્રાસી જતા. ફૂલનો શોખ રાખતા : રંગના ઉપાસક હતા. શિરીષ પુષ્પ વિષે કહેતા કે એ મારું માનીતું છે—એ ફૂલ એમણે જોયું ન હતું. કારણ કે શિરીષ એટલે સરસડો એ એમને ખબર ન હતી. એક પત્રના તંત્રીએ તેમના હસ્તાક્ષરોમાં છપાવેલું:

તમારું માનીતું ફૂલ :	શિરીષ.
તમારું માનીતું પક્ષી :	બુલબુલ.
તમારો માનીતો રંગ :	ગુલાબી.
તમારો પ્રિય વિનોદ :	કાવ્ય.
તમારો પ્રિય વિષય :	ફિલોસોફી, ઇતિહાસ, સમાજશાસ્ત્ર, કલા, સાહિત્ય, અને વિજ્ઞાન.
તમારું પ્રિય પુસ્તક :	ઓમ્મર ખય્યામ અને કલાપી.

ટૂંકમાં પોતે આદર્શમાં માનતા.

પરિમલપ્રકાશની કવિતાઓ પ્રગટ થવા લાગી. બે ત્રણ વર્ષમાં જાણીતા લેખકોની હરોળમાં તેમનું નામ પણ આવ્યું. માસિકના પહેલા પૃષ્ઠ ઉપર ઘણી વખત, તેમની નકલ કવીનાં વખાણ આવતાં. કોઈ વા. ચાંદનીપ્રકાશે,

'પરિમલપ્રકાશને!' એ કાવ્ય પણ લખેલું. રા. પરિમલપ્રકાશને લાગ્યું કે પોતે આદર્શ જીવન ગાળે છે! સાહિત્યસૃષ્ટિમાં પણ તેમનો દક્કો છે: દીવાળી ટાંકણે ઓછામાં ઓછા ડઝન દોઢડઝન 'કાર્ડ' પણ આવે છે: અને પોતે બીજું બધું ભૂલી સ્વપ્નસૃષ્ટિની વચ્ચે રહેવા લાગ્યા.

મૅટ્રિકમાં પાંચમી ફેરે પાસ થયા એટલામાં તેમનાં વૃદ્ધ માતા મરણ પામ્યાં. એટલે રા. પરિમલપ્રકાશને ગમે તે ભોગે નોકરી સ્વીકારવી પડે તેવી સ્થિતિ ઉત્પન્ન થઈ.

૨

પરિમલપ્રકાશને નોકરી તો મળી: એક બૅંકમાં કારકુન તરીકેની. પણ રૂપિયા, આના, પાઈ સાથે એ રસ-સાહિત્યફળાનો મેળ શાનો જામે! મિત્રોએ ઘણું સમજાવ્યું કે 'ભાઈ! પડ્યા રહો, ધીમે ધીમે આગળ વધવાની તક આમાં છે.' પણ સાહિત્યસૃષ્ટિમાંથી ખસી જવાની બીકે પરિમલપ્રકાશે એ નોકરીને પાણીચું આપ્યું. અને તે દિવસે તેમણે બે કવિતા લખી: એક 'તને' અને બીજી 'મને.' 'તને' એટલે કવિતા દેવીને. 'મને' એટલે મને પોતાને.

પછી તે એક સ્કૂલમાં ઍસિસ્ટન્ટ માસ્તર બન્યા. છોકરાઓ સલામ ભરે, 'સાહેબ!' કહીને બોલાવે, પોતાની 'કવિતા' ક્લાસમાં સમજાવવાની તક મળે, અને વધુમાં કેટલાક છોકરા જેવા મિત્રો મળવા આવે, આ સઘળું રા. પરિમલને એવું સ્વર્ગીય લાગવા માંડ્યું કે તેમનું જીવન સુખમાં પસાર થવા લાગ્યું: એમને કોઈ 'મોટા' ગણાતા માણસો ઓળખતા નહિ: અને એ કોઈને ઓળખતા નહિ.

શાંત એકધારું જીવન શરૂ કર્યું.

પણ એમનો રસિક જીવડો એમ કાંઈ શાંતિ રાખે તે તો સર્જન જૂની સૃષ્ટિમાં સર્જન જ શાનું થાય?—એક દિવસ ફરતાં ફરતાં જઈ ચડ્યા કન્યાશાળા પાસે. એ જોવા તો ગયા હતા નિર્દોષ કન્યાસૃષ્ટિ: પણ સાથે સાથે કન્યાશાળાનાં મહેતીજીઓ પણ જોવાઈ ગયાં. એમાંથી એક એમને પ્રેમમૂર્તિ જેવાં લાગ્યાં. એમની આંખમાં મદઘેરા વિલાસ લાગ્યો: અને વિલાસની પાછળ પ્રેમની સંતાકૂકડી—નેનમાં રમતા તારલિયા જેવી દેખી. તારલિયાવાળી એ તારાને પોતાની કરી ત્યારે જ તેમને શાંતિ થઈ.

પણ આ સૃષ્ટિમાં એક દુઃખ છે. દરેક મહા ચીજનાં પૈસા બેસે છે અને વેપારીઓને કમબખ્ત માસ્તરોએ ગણિત શિખવાડ્યું છે એટલે એ તો પૈસા વિના ચીજ આપતાં ના પાડે છે. શ્રી પરિમલપ્રકાશ જરાક હાથના છૂટા. વળી રહ્યા સાહિત્યકાર. એટલે બે ચાર મિત્રો એમના જેવા મળે ત્યારે તો એ છૂટ પણ રાજામહારાજા જેવી થઈ જતી. કોઈને કાગળ લખવો પડે એ કાંઈ સરકારી પૈસાનું કવર ન વપરાય: એમાં તો સુંદર કવર, સુંદર 'ડિઝાઈન' અને પાછો પોતાનો મુદ્રાલેખ 'त्वं [illegible] काञ्चनेन'—એ પણ જોઈએ. પરિમલપ્રકાશનાં વહુ [illegible] ઘણું કહેતાં કે તમે હવે તો કાંઈક ધંધોપાણી કરો તો સારું. પણ '[illegible]'ના [illegible]માં, એક નિબંધ, એક નવલકથામાં અને એક કવિતામાં એમ ચાર ઇનામોની રંગ [illegible] સાથે, અને તંત્રીઓના ધડામાર લેખો મ[illegible]

ડાગળાની સામે, શ્રી. પરિમલપ્રકાશ કાંઈ આગળ વધી શકયા નહિ. એ હતા તેવા ને તેવા જ રહ્યા. ને સર્જનજૂના સાહિત્ય સાથે સર્જનજૂનો પ્રશ્ન—' હું ઢીંચોળું કે ઉઠાડું !' આવીને ઊભો રહ્યો.

૩

બિચારા પરિમલપ્રકાશ ! અંતે નર્મદે પેલી કલમ સામે શિર ઝુકાવ્યું હતું તેમ ઝુકાવતા છતાં—એક સવારે સાડા આઠે—સાડા આઠ વર્ષના સાહિત્યજીવનના ગાળા પછી, અને દોઢ ડઝન દિવાળીના ખાસ અંકોના લેખો માટે માગણી છતાં—હાથમાં પેલી રસિક લાકડી લઈને પાન ચાવતા ચાવતા 'ટયુશન' કરવા નીકળ્યા. દુનિયાની ઘટમાળ જ એવી છે. નહિંતર કલ્પનાના આ સ્વામીને, આ સૃષ્ટિની ઉપાધિ—વિજયકાંત, હર્ષકાંત, સુધાકાંત—એમ ત્રણ ત્રણ 'કાંત'ની 'ત્રયાણાં પૂર્તાણાં' જેવી બાલસૃષ્ટિ જ શા માટે હોય ? દુનિયાની ઘટમાળ જ એવી છે.

જે ઘેર ગયા ત્યાં ઓશરીમાં આરામખુરશી ઉપર એક આધેડ વયની રૂપાળી સ્ત્રી બેઠી હતી : તેની પાસે આઠ-દસ વર્ષનો ગૌર છોકરો રમતો હતો.

પરિમલપ્રકાશને જોતાં જ 'આવો માસ્તર સાહેબ !' કહીને, હાલના જમાનામાં જે ઠગાઈભરેલો વિવેક 'માસ્તર સાહેબ !' પ્રત્યે લોકો બતાવે છે, તેવો વિવેક કરીને બાઈ બેઠી થઈ ગઈ. તેનું સશક્ત ઘાટીલું સુંદર શરીર પરિમલપ્રકાશ જોઈ રહ્યા.

'માસ્તર સાહેબ !—અમારો વિજુ જરાક ગણિતમાં નબળો છે, એટલે આપને બોલાવ્યા હતા.'

કમબખ્ત ગણિત ! એ પાછું એનું એ. લોકોને 'ટ્યુશન' પણ ગણિતનું જ જોઈએ. રૂપિયા, આના, પાઈ. ત્યાં પણ પરિમલપ્રકાશને એ જ ઉપાધિ.

'સારું.' પરિમલપ્રકાશ મોટેથી બોલ્યા. એમના અંતઃકરણની આંખ સામે વિજયકાંતે મંગાવેલા બૂટ અને સુધાકાંતનાં મોજાં બન્ને તરવરતાં હતાં. અને મોચી અભણ છે તેથી પરિમલપ્રકાશને ન ઓળખતાં, ને વેપારી ભણેલો હોય તેથી ઓળખીને—બન્ને પૈસા તો લેવાના જ.

બીજે દિવસથી પરિમલપ્રકાશ નિયમિત સાડા આઠે ઘેરથી ઊપડે છે. અને ચક્રવૃદ્ધિ વ્યાજના પેલા માથાફોડ દાખલાઓ કૂટી ઘેર આવે છે. એક દિવસ નિયમ પ્રમાણે 'ટ્યુશન'થી પાછા આવતા હતા, ત્યાં તેમના પિતાના મિત્ર, વૃદ્ધ નરભેરામ મહેતા, લાકડીનો ટેકો લઈ સામે આવતા દેખાયા. પરિમલપ્રકાશ એને મળવાના હેતુથી જરા થોભ્યા.

'કોણ ?'—ડોસા પાસે આવતાં આંખ પાસે હાથ રાખી પરિમલપ્રકાશને નિહાળવા લાગ્યા.

'એ તો હું પરિમલપ્રકાશ.'

'કોણ બાલો ?'

'હા. હા. હું બાલો.'

'આમ ક્યાં જઈ આવ્યો ?'

'જરાક મેનાબહેનને ત્યાં ગયો હતો.'

'એ . . .ય '—ડોસા જરા ઘંભાઈને બોલ્યા. ' સાંભરે છે ગયા, અમે સૌએ કહ્યું હતું કે બાઈ રૂપાળી છે, ઘર સારું છે, મે આવું નહિ મળે, પણ એક મારું ઉંહું—આજ તો ભણી કારવીને બાજરો બની ગયો હોત. અને એ જ મેના બાઈ તારાં ધણિયાણી હોત. અપસરા જેવી છે. આજ હવે એને ત્યાં છોકરાને ભણાવવા જાતો હઈશ. '

' હા. ' ક્ષીણ સ્વરે પરિમલપ્રકાશ બોલ્યા. મેનાનું મોહક રૂપ તેમની આંખ સામે ખડું થયું. પણ એ બધું હવે મૃગજળની સૃષ્ટિ જેવું હતું.

ડોસાથી છૂટા પડી, જરાક મંદગતિથી, અને ભૂતકાળનો પશ્ચાત્તાપ કરતા ઘર તરફ વળ્યા : પણ એટલામાં ' રા. પરિમલપ્રકાશ ' એ સરનામાના, પોસ્ટમેને સામે ધરેલા કવરથી, તેમની વિચારસૃષ્ટિ ઘેરાઈ ગઈ.

સામે પોસ્ટમેન ઊભો હતો. ' આ નામ તમારું છે ! ' —નવો હોવાથી પૂછવા ઊભો રહ્યો.

' હા '

પરિમલપ્રકાશે કવર ફોડ્યું. કવરમાંથી નીકળ્યું—જેમ ડુંગર ખોદતાં ઉંદર નીકળે તેમ—એક તંત્રીનું ફરફરિયું.

' રા. શાસ્ત્રીશ્રી,

' આ વખતનો ' હુતાશનીનો અંક ' સર્વાંગ સુંદર બનાવવાનો છે. તેમાં તમારો લેખ અગ્રપૃષ્ઠ પર મૂક્યો છે. તો હવે છેલ્લા પૃષ્ઠ પર મૂકવાનો બીજો એક લેખ તુરત મોકલી આભારી કરશો. '

સામે સાઈકલ સાથે ભટકાતા બચી જવા માટે પરિમલપ્રકાશ એક તરફ ફરી, કાગળ હાથમાં લઈ તેની ઝીણી

ન દેખાય તેવી કરચ કરી નાખી, પાસેની ગટરમાં ફેંકી ચાલતા થયા : એમના ગુસ્સાથી બોલાયેલા ‘ આમાં જ બધું ગયું ’ એ શબ્દો સાંભળીને સાઈકલવાળો જુવાન હસતો હસતો પાછો ફર્યો. ‘ કેમ પરિમલપ્રકાશ ! શાના ઉપર ગુસ્સે થયા છો ? ’

પરિમલપ્રકાશે ઊંચે જોયું. પોતાનો અન્નદાતા—એક વખતની પોતાની મેનાનો વર—સામે ઊભો હતો.

‘ અરે ! ભાઈસા’બ હું તો આ કાગળ ફાડીને નાખી દીધો તેની વાત કરતો હતો—સહેજ અમસ્તો. ક્યાં જઈ આવ્યા ? ’

‘ મકાન બંધાય છે તેની તપાસ કરી આવ્યો. ’

‘ એમ ! ’ ‘ કેમ મજામાં છો ના ?—’

પરિમલપ્રકાશને હવે સામે ઊભું રહેવું અસહ્ય લાગ્યું.

‘ હા. ’

‘ ચાલો સાહેબજી ! ’

સાઈકલ ઊપડી ગઈ; પરિમલપ્રકાશ થોડે સુધી તેની પાછળ જોઈ રહ્યા. પાસેના ટાવરમાં સાડા દસનો ટકોરો થતાં જાગીને ઉતાવળે ઘર તરફ દોડવા લાગ્યા ! પણ તેમના મનમાં ભયંકર મોટો અવાજ થયા કરતો હતો. ‘ મારી મેના ! ’

માછીમારનું ગીત

જ્યાં ભૂરા વ્યોમ જેવો નિર્મળ દરિયો છે, જ્યાં ચોખ્ખાં અગાધ પાણી, સ્વચ્છ મનુષ્યના મનની માફક હેલે ચડે છે પણ તોફાને ચડતાં નથી, જ્યાં સંધ્યાનાં લાખો રંગથી ભરેલો સાળુ દરિયાની દેવી હમેશાં પહેરે છે, જ્યાં નીલમ જેવા જળમાં સોનેરી, રૂપેરી તારાની માફક માછલીઓ કૂદી રહે છે, એક એક કરોડ તરંગમાં ઊછળતાં સમુદ્રફીણ જ્યાં પવિત્ર મનુષ્યના સ્મિત જેવાં સુંદર દેખાય છે, જ્યાં નાખી નજર ન પહોંચે એટલે દૂર જલસુંદરીઓ હરઘડી અને હરરોજ નૃત્ય કરે છે, જ્યાં મૂંગા શબ્દોમાં સચરાચર પ્રાણ ભર્યો છે, જ્યાં પવન નહિ પણ પ્રેરણા ને પવિત્રતા જ આવ્યા કરે છે, જ્યાં રસસુંદરી જેવી ઉષા, દરિયાની ભૂરી ચાદર ખસેડતાં પહેલાં, ઋગ્વેદની ઋચા જેવું સંગીત બજાવે છે, ત્યાં હિંદી મહાસાગરને કિનારે મદ્રાસ પાસે માછીમારોના નાના નાજુક ઝૂંપડાંથી વસેલું એક અત્યંત સુંદર ગામ હતું. તેને ફરતી નાળિયેરીનાં ઝાડોની

ઘટા હતી. આસપાસ જંગલ હતું. છીપમાં બેઠેલ મોતી જેવું તે સુંદર દેખાતું.

આ ગરીબ ગામમાં એક વૃદ્ધ માછીમાર રહેતો હતો. સાઠ સિત્તેર વર્ષ થયાં દરરોજ સવારે ને સાંજે, એણે હિંદી મહાસાગરના રૂપને નિહાળ્યું હતું. એ બાળક હતો ત્યારે મહાસાગર યુવાવસ્થાનું રૂપ ધારીને ગર્જતો હતો. આજે જ્યારે તે વૃદ્ધ થયો ત્યારે દરિયો સ્વચ્છંદી બાળકના જેવું રૂપ ધારી રહ્યો હતો. એમાં પાણી એટલાં જ હતાં, કાંઠો એવો જ ચોખ્ખો હતો, રેતીમાં એટલી જ સોનેરી રૂપેરી છીપો હતી, માછલીઓ એની એ જ હતી, માત્ર એકલો માછીમાર જ વૃદ્ધ બન્યો હતો.

આ માછીમારની પાસે એક બે અમૂલ્ય વસ્તુ હતી. એની પાસે દુનિયાની ઝવેરાત તુચ્છ લાગે. ભરદરિયે નીલાંકાળાં પાણીમાં અકસ્માત હાથ પડેલી છીપમાંથી મળેલું, રતિની નશાભરેલી આંખ જેવું, એક સુંદર મોતી તેની પાસે હતું. જ્યારે એ જુવાન હતો, જ્યારે મહાસાગરનાં પંદર પંદર માઈલનાં પાણી કાપીને સાંજ પડચે પોતાના ચાપાને કાંઠે પહોંચાડવાની એનામાં શક્તિ હતી, જ્યારે દરિયો રમવાના મેદાન જેવો લાગતો હતો, ત્યારે એની વહુના ગળામાં પહેરાવવા માટે મોટા શહેનશાહજાદાને પણ ન મળે એવું આ મોતી તેણે હાથ કર્યું હતું. એ વખતે એની જુવાની હતી. એને જમીન કરતાં દરિયો વધારે વહાલો લાગતો. જમીન ઉપર એ મૂંઝાઈ જતો, હલેસાં મારીને મોજાં ઉપર ચડવા ઊતરવાની મજા માણવામાં જ એણે જીવન વિતાવ્યું હતું. એ ખરેખર દરિયાનો જ બન્યો

હતો. જુવાનીમાં તો એ બે જ જણાનો ભક્ત હતો : દરિયાનો અને એની જુવાન વહુનો. એ બેમાં કોણ વધારે વહાલું એમ જો કોઈ માછીમારને પૂછ્યું તો એ બિચારો મૂંઝાઈ જતો; એ કાંઈ બોલતો નહિ. બન્ને સરખાં વહાલાં, પણ કોણ વધારે વહાલું એ કેમ ખબર પડે ! જેમ માતા બે બાળકમાં કોણ વધારે વહાલું એનો જવાબ નથી આપી શકતી તેમ આ માછીમાર પણ કાંઈ જવાબ આપી શકતો નહિ. એક રહે ને એક જાય, એવી અવસ્થા સાચો પ્રેમ ક્યારેય કલ્પી શકતો જ નથી. પણ માછીમારને દરિયા કે વહુ વિષે ન પૂછો તોપણ પેલા મોતી સિવાય એક બીજી એવી જ અમૂલ્ય વસ્તુ એની પાસે હતી. જીવનની કોઈક પળે જ, બહુ સાચવી સાચવીને પ્રેમથી એને એ લડાવતો, પોતે આનંદ પામતો, ને પાછો ધીમેથી એને મૂકી દેતો. એ વસ્તુ પણ દરિયામાં જ મળી ગઈ કહેવાય. રત્નાકર વિના બીજે ક્યાંથી આવાં રત્નો મળે !



આ વસ્તુ તે એની વહુએ એક સાંજે દરિયામાં ગાયેલું ગીત હતું. એ જુવાન હતો ત્યારે તેને એ મળ્યું હતું. અને હજી સુધી તેણે એને જતનથી સાચવ્યું હતું. એક વખત સ્વચ્છ ચાંદની ખીલી હતી. ભૂરું વ્યોમ, દૂધ જેવા દરિયા પર, અનેક તારાઓથી ભરેલું વસ્ત્ર ધરી રહ્યું હતું. આવી રળિયામણી રાતે મેદાનમાં ફરવાનું મન કોને ન થાય ? માછીમારને પોતાના મેદાન પર, બે ઘડી ફરવાની મરજી થઈ. અને જુવાન વહુ વિના એકલા ફરવાનું ફાવે જ નહિ,

એટલે એને પણ સાથે લીધી. ઘાટા જાંબુડિયા રંગની આકાશી કોરવાળી સાડી પહેરીને એ પણ દરિયાના મેદાને બે ઘડી સફર મારવા ચાલી. હોડકું દરિયાના શાંત તરંગો પર ધીમે ધીમે આગળ ને આગળ ચાલતું ગયું.

માછીમારને પોતાના કાંડા પર તો વિશ્વાસ હતો જ, પણ એથી વધુ તો પોતાના દોસ્ત દરિયા પર એને અનહદ વિશ્વાસ હતો. એ વારંવાર કહેતો કે દરિયો મને કોઈ દિવસ દગો નથી દેવાનો. એનાં પાણી જોઈને મને પ્રેમ છૂટે છે. એનાં તોફાન જોઈને મને નાચવાનું મન થાય છે. એની શાંતિ જોઈને ગાવાની ધૂન ચડે છે. દરિયો મને કોઈ દિવસ નહિ ડુબાવે એ વાત ચોક્કસ છે.

આજ તો રળિયામણી રાત હતી. દૂધ જેવી ચાંદની; શાંતિભર્યો સાગર; ઠંડો મધુર પવન; લાખો તારાથી શણગારેલી રજની રાણી; અને માછીમાર પ્રેમની પ્રતિમા જેવી જુવાન વહુની નવી સાડીની સુગંધી સોડમાં ભરાઈને બેઠો હતો. વહુનું કાળું તેજસ્વી વદન હસું હસું થઈ રહ્યું હતું. વહુની આંખમાં પણ આજે કાંઈ અજબ તેજ હતું. રાગ અને પ્રેમની વચ્ચે હીંડોળે ચડી હતી. રાગ હતો કે પ્રેમ એ ખબર નથી, પણ માછીમાર વહુનો તંદુરસ્ત હાથ મરડીને ગાલ પર બે ચાર દંતની નિશાની મૂકવા અધીરો બની રહ્યો હતો અને વહુ આવા તોફાનની આશા રાખીને મસ્તીખોર નશાભરી આંખે માછીમારને નિહાળી રહી હતી. અથવા માછીમારને તોફાન કરવા આમંત્રી રહી હતી.

જેવું હોડકાંની બધી રમત જાણનાર માછીમાર પોતાની વહુને ગાલ પર દાંતથી જરા ટાપલી લગાવીને જ

અટકી ગયો. સમતોલપણું ખોઈને પાણીથી તરબોળ થવાની સજા ભોગવવાની ઇચ્છા ન હતી.

તેણે વહુનો હાથ પકડ્યો; વહુએ હાથ પાછો સેરવ્યો છતાં માછીમારે તે છોડ્યો નહિ. 'રખ્ખી! રખ્ખી! આજ તો હવે એક ગીત ગા.'

'કયું ગાઉં!'

'પેલું—તારી દાદીએ શિખવાડ્યું છે તે; એવું કોઈને નથી આવડતું. એ ગીત એકલું જ છે અને તને એકને જ આવડે છે. બસ, આજ તો એ ગીત ગા.'

રખ્ખીની દાદીએ જૂના વખતથી મોંપાઠમાં જળવાઈ રહેલું એક અદ્ભુત હલકવાળું ગીત રખ્ખીને શિખવાડ્યું હતું. દાદી મરી ગયા પછી રખ્ખી સિવાય બીજા કોઈને તે આવડતું નહિ. રખ્ખીએ એ ગીત એક જ વખત શરદપૂનમની રાતે ગાયું હતું, અને તેની હલક, નીઠાશ, તેજ અને વાતાવરણથી માછીમારો ગાંડા ગાંડા થઈ ગયા હતા. એ લોકગીતમાં પ્રેમની, રાગની, મસ્તીની એવી એવી વેદના ભરી હતી કે ફરીવાર એ ગીત કોઈ માછીમારને રખ્ખીએ સંભળાવ્યું ન હતું. સંભળાવ્યું હોત તો, સોમરસના અનધિકારીની માફક કે સિંહણના દૂધની જેમ માછીમારોના નબળા દેહ આટલું રસાયન જીરવી શક્ત નહિ. એ લોકગીતમાં વીંધી નાખે તેવા હજારો શબ્દો હતા. માછીમારો સોમરસ માટે તૈયાર ન હતા. રખ્ખીએ કોઈ દિવસ એ ગીત ગાયું ન હતું, નહિ તો અપાત્રે રેડેલી વિદ્યાની માફક કૈક તોફાનો જાગત.

આજે રુખ્ખીને માછીમાર કનૈયા જેવો રૂપાળો લાગતો હતો. રાતની રાણી તો 'રાધા તું ગોરી ગોરી'ની જેમ કાંઈ અજબ બની રહી હતી. અને રુખ્ખી પોતે સ્ત્રીની આખી જુવાની વીતી જાય ત્યારે એકાદ વખત દર્શન માત્ર દઈ જાય છે એવી, પ્રેમ અને રાગની હીંડોળ ભરેલી અવસ્થામાં હતી. હોડકું સ્થિર બન્યું હતું. માછીમાર ભૂરા ભૂરા પાણી ઉપરથી નજર ફેરવી લઈ વહુને નિહાળવા લાગ્યો. અને રુખ્ખીએ પોતાની દાદીએ બતાવેલી હલકથી એ અજબ અને અદ્ભુત લોકગીત છેડ્યું.



છેલ્લામાં છેલ્લી ટોચ પર ચડેલા સાચા દિલના શબ્દો મૂળતત્ત્વો જેવા છે: અવિનાશી.

રુખ્ખી જે ગાઈ રહી હતી, તેમાં ઘણું ઘણું ભર્યું હતું. એ હલક અજબ હતી, પણ શબ્દોની સરળ મીઠાશ તો હૃદય ભેદી નાખે તેવી હતી. મૃત્યુ કરતાં પણ વધારે બળવાન એવા પ્રેમનું એ ગીત હતું. સાત સાત સાગરને વીંધીને મેઘલી રાતે પ્રિયતમને મળવા જનારી પ્રિયતમાનું અને આજ જ રાત્રે મળવા માટે પ્રિયતમને આમંત્રણ કરનાર પ્રિયતમાનું—એવું એવડું રસાયન એક જ ગીતમાં ગૂંથેલું હતું. મળવા આવે તો આજ જ રાતે આવજે, બીજી રાતે આવતો નહિ એમ આહ્વાન કરી રહેલી પ્રેમની મૂર્તિ એમાં ખડી થઈ હતી. અને એ ગીતમાં પ્રેમનાં તોફાન, વેદના, વ્યથા, વિરહ અને નર્યાં [illegible] ઝળકતાં હતાં. પ્રેમનું રૂપ ન

ફરીફરીને ગાવા લાગ્યાં. ફરીફરીને ઝીલવા લાગ્યાં. એકનું ગીત તે બન્નેનું બની ગયું. માછીમારને એ ગીત આવડી ગયું.

પણ વહુએ કહ્યું હતું કે 'જોજે માછીમાર! આ ગીતને આવી હલકથી ક્યારેય ગાતો નહિ. કોઈ એને સમજશે નહિ. એ ગીત સાંભળીને, માછીમારો તાડી પીવા દોડશે, દારૂ પીવા દોડશે, ઇશ્ક કરવા દોડશે, અને જેમ શેતાનની સેના છૂટે તેમ વિકારમાત્ર છૂટા થશે. એ ગીત સાંભળનારાઓમાં અજબ જોર ને અજબ સંયમ જોઈએ; જોજે, ભૂલેચૂકે આ ગીત ગાતો નહિ. દાદીએ ગાવાની ના પાડી છે. છોકરાંથી છાશ પીવાય નહિ. કોઈને આપતો નહિ એના કરતાં તો દરિયામાં જ ડૂબાવજે.'

એ દિવસે ગાયેલું ગીત વહુએ પછી ફરી વાર ક્યારેય ગાયું નહિ. માછીમારે એને ફરીફરીને મનમાં સંભાર્યે રાખ્યું. અને જેવું એનું મોતી હતું. તેવું આ ગીત બની ગયું. મોતી જેમ વહુની યાદ આપતું, તેમ ગીત વહુને સંભારી આપતું. પછી કાળે કાળે વહુ તો ગઈ, માછીમાર વૃદ્ધાવસ્થામાં એકલો થઈ ગયો. પણ દરિયો રહ્યો, પેલું મોતી રહ્યું ને આ ગીત રહ્યું.



જુવાન માછીમારે વૃદ્ધાવસ્થા સુધી જે એક બે અમૂલ્ય ચીજોને સંઘરી હતી તેમાં એક તો પેલું મોતી હતું ને બીજું આ ગીત હતું. વહુના મરણ પછી તો માછીમાર દરિયા કાંઠે જ બેસતો હતો. મોતી નિહાળતો, ગીત ગાતો ને દરિયો નીરખતો. બસ, એ વૃદ્ધ બન્યો ત્યાં સુધી આટલો જ ક્રિયા

કંઠે રાખતો. આ બધા જીવનમિત્રોને પોતે પ્રેમથી સમરતો ને તેમની પાસેથી પ્રેમ મેળવતો. જ્યારે પૂરા દરિયામાં એકલો હોય ત્યારે જ માછીમાર એ ગીત ગાતો.

એક દિવસ માછીમારોનો ઉત્સવ દિન હતો. નવા હથિયાર સજીને અજાણ લોકની આનંદ પ્રદર્શિત કરવાની રીત પ્રમાણે મીઠાઈ ઉપરાંત દારૂની મજા ચાખવા સૌ સજ્જ થયા હતા; એટલામાં એક જુવાને કહ્યું ને સૌએ ઝીલ્યું કે ચાલો વૃદ્ધ માછીમાર પાસે; એને એની વહુ પાસેથી જે ગીત મળ્યું છે તે ગવરાવીએ.

માછીમારો આવ્યા ત્યારે સાંજ પડતી હતી, અથવા પૃથ્વીના મનુષ્યો દિવસે જેટલા જુદા જુદા રસ અનુભવે તે બધામાં પીડા બોળાને કોઈએ આકાશને રંગી દીધું હતું. જેનું હૃદય લાગણીપ્રધાન હોય તેને માટે આ સમયે અનેક સંદેશા, અનેક વાતો, અનેક શુભમંત્રો ભર્યાં હોય છે. માછીમાર પોતાની જુવાન વહુની સાડીના રંગ આકાશમાં નિહાળતો બેઠો હતો, એટલામાં આ ટોળાના નાયકના જેવો પેલો જુવાન માછીમાર આવ્યો. બેસતાં જ બોલ્યો:

'આજે સૌ શોખમાં છે. તમે પેલું ગીત ગાશો?'

'કયું?'

'પેલું તમારી વહુ પાસેથી શીખ્યા છો તે.'

'હા—પે..લું..કાં?...પણ બીજું ગાઉં તો?'

'ના એ તો એ જ. આજ સૌને સાંભળવું છે.'

'એમ!'

તે ઘડીભર જવાબ આપ્યા વગર આકાશમાં જોઈ

રહ્યો. સાંજ એવી સુંદર હતી કે રાત્રિ ક્યારે સુંદર [illegible] આનંદો આપતી રહી હતી. આથી રાત્રે એ [illegible] [illegible] જોવા ગયો.

'[illegible]' [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

આવી સફેદી સરખી ગુલાબ [illegible] [illegible] તેણે ગોઠિયારમાં [illegible] જ્યારે [illegible] [illegible] કેડો [illegible] મૂકી ને તેને મૂકીને [illegible] [illegible] આવી ગયો. તે [illegible] તેવું [illegible] [illegible] [illegible]



[illegible]

તેને હવે તે સાંભરી. 'આહા હા! ત્યારે એ ગીત—એ ગીત તો ખોયું!'

'કેમ ક્યાં છે એ? ક્યારે ગાય છે?'

'વૃદ્ધ માછીમાર તો દરિયામાં પહોંચ્યો. હું જ તેને મૂકી આવ્યો.'

'બસ ચાલો, પીછો પકડીને આજ એની પાસેથી સાંભળવું છે તે ચોક્કસ છે. આ મોતી આપીને તેણે તને ઠગ્યો. ચાલ, એ પાછું એને આપી દેવું છે.'



માછીમારો ઝપાટાબંધ દરિયા તરફ ઊપડયા. થોડી વારમાં શબ્દો સ્પષ્ટ ન સંભળાય તેમ ગીતના સ્વર આવવા લાગ્યા. વૃદ્ધ માછીમાર ગાતો હતો. પણ આજે એ ગાન ને ગાનારો બન્ને જુદા હતા. આજે એ ગીત મટી ગયું હતું. આજે તો જાણે માછીમારનો આત્મા શબ્દરૂપ બનીને ધીમે ધીમે ઊંચે ને ઊંચે ચઢી રહ્યો હતો!

માછીમારો પાસે ને પાસે જવા લાગ્યા. ગીત વધારે સ્પષ્ટ થવા લાગ્યું. વિરહ ને વ્યથા એટલાં હતાં, પ્રેમ ને વિયોગ એવાં ભર્યાં હતાં કે સાચી વ્યથાનો; સાચા પ્રેમનો, સાચા આંસુનો જાણે વૃદ્ધ માછીમાર સાદ કરી રહ્યો હતો! એ ગીત ન હતું; સાદ હતો.

એણે દૂર દૂર પોતાના દોસ્ત દરિયાના તરંગ પર, હજારો રંગની સાડી પહેરીને નૃત્ય કરતી પોતાની જુવાન વહુ જોઈ હોય કે ગમે તેમ પણ તે સાદ કરી રહ્યો હતો અથવા સાદ થઈ રહ્યો હતો.

પહેલેથી છેલ્લે સુધી

૧

ખુશાલ જ્યારે બહાર આવ્યો ત્યારે લીલાંછમ ઝાડવાં પર સોનેરી તડકો ચળકતો હતો. મેંદીના વાડમાં ફૂલચકલીઓ રમી રહી હતી. એક લીમડાની ડાળ પર બેસીને અજાણે કોયલ બોલતી હતી. સૃષ્ટિ નવો વેશ પહેરીને આનંદ કરી રહી હતી.

એને પુરેપુરા રૂપાળી ન હોય તોપણ રૂપાળી લાગે તેવી ખુશાલની સ્થિતિ હતી. [illegible]

[illegible]

આજે દેહનો રાજા 'પ્રાણ' આવે છે માટે પૃથ્વી રૂપાળી રૂપાળી બની છે.'

"અને એ સાત આઠ વર્ષનો છોકરો આનો વાક્યનો મર્મ સમજ્યો હશે કે નહિ એ કહેવું મુશ્કેલ છે, પણ જે અગાધ કલ્પના ને સહાનુભૂતિથી અમ્મ્યાં મોટાની વાતનો સાર પકડી કાઢે છે, તેવું કંઈક ખુશાલ પણ સમજ્યો હશે; કારણકે તે તરત જ બોલ્યોઃ 'મા! હવે હું જીવતો રહી ગયો હોં!-હું મરી જાત તો તારે રોવું પડતનાં?'

જવાબ ન આપવા માટે, ને બીની આંખ છુપાવવા માટે, ફળીમાં જીભ કાઢીને એક કૂતરું ઊભું હતું તેના તરફ મા ફરી અને 'કૂતરું જો તો—જો તો' કહેતી ત્યાંથી આઘી ખસી ગઈ.

પણ ખુશાલ ખુશ ખુશ હતો. એક તો પોતે જીવતો રહ્યો એ જાણથી, પણ એવી વધારે તો પોતાના જીવનને અતિ મહત્ત્વનું માનનાર કોઈ છે એ જ્ઞાનથી. આત્મગૌરવથી કે અતિ સંતોષથી, તે શહેનશાહની માફક આનંદભર્યા ચહેરે આમ તેમ જોવા લાગ્યો. અને એમ જોવામાં જ પોતે કોઈના પર મોટો ઉપકાર કરી રહ્યો છે એ સમજણથી તેનું જોવું પણ બહુ જ ગૌરવભર્યું હતું. અને એટલું ગૌરવ નૂરી બાળકના દેહમાં વધારે પડતું લાગતું હતું.

'કંગલી! કંગલી!...' બે ચાર ટીખળી છોકરાં પસાર થતાં હતાં. ખુશાલના લેવાઈ ગયેલા ચહેરા પર ને નૂરી બાળકના દેહ પર વિવેચન કર્યા વિના રહી શક્યાં નહિ.

'જો, જોવું હોય તો, આ ખુશાલિયો કેવો લાગે છે!'

છોકરાં રમત ગમત મૂકીને ત્યાં ઊભાં રહી ગયાં... અશક્ત શરીર પર આવાં સશક્ત છોકરાં ટીકા કરે તે ન ખમાયાથી કે પછી, જે માબાપે આવાં છોકરાં પેદા કર્યાં તે માબાપની લગ્નગ્રંથીની ક્રૂર મશ્કરી કરવાના હેતુથી, ફળીમાંથી પાછું ફરેલું કૂતરું એક બે વખત ભસ્યું ને છોકરાં સામે ભસે છે એ જોઈને શરમથી શાંત બની ગયું. મનુષ્ય જાનવર જેવું વર્તન કરે છે ત્યારે જાનવરો ઘણી વખત ધિક્કારભરેલી શાંતિ જ ગ્રહણ કરી લે છે.

૨

છાના છાના દર્પણમાં જોવાથી જે દેહની નિર્બળતા ખુશાલને ખૂંચી ન હતી, તે જ્યારે આવી રીતે જાહેરમાં વિવેચન પાત્ર બની, ત્યારે ખૂંચવા લાગી. અને પછી જેમ ઠીંગણો માણસ ઊંચા માણસની હાજરીમાં હમેશાં એક જાતની નાનપ કે ઝીણી ઝીણી શરમ અનુભવે છે એવી શરમ તે પણ, બહાર નીકળતાં, વાતો કરતાં, કે રમતાં અનુભવવા લાગ્યો. શરમમાં ઘણી વખત છાનો વિકાર પણ હોય છે.

એટલે ખુશાલ જેમ જેમ [illegible]

[illegible]

દયા એટલે પ્રીતિ નહિ પણ ખિન્નતા—ક્ષોભ હતો. કારણ ન સમજી શકવા છતાં ખુશાલ બીજાથી નિરાળું રહેવાનું જ વધારે ને વધારે પસંદ કરવા લાગ્યો.

થોડા દિવસો પછી ખુશાલ પોતાનું દફતર, ખડિયો, ચોપડીઓ લઈ 'નવા વાઘા' સજી ખુશખુશાલ બનીને નિશાળે આવ્યો. રસ્તામાં સૌ છોકરાં તેની સામે જોતાં આવતાં હતાં: કેટલાંક છાનું છાનું હસતાં હતાં: કેટલાંક વળી દોડીને પોતાના આગળ જતા મિત્રને પકડી ઊભો રાખી, ખુશાલ પસાર થાય ત્યારે હસવાનો લહાવો લેતાં હતાં. આમ ટીખળી બનીને છોકરાંઓ મજાક કરતાં હતાં. ટાલવાળું મોટું માથું, તેમાં નાની પાતી ટોપી, હાડકાં જેવા હાથપગ અને એમાં પાછો ખુશાલનો રોફ. કોઈની સામે જોવાનો નહિ, કોઈની સાથે વાત કરવાનો નહિ, પણ પોતાના પાટલૂન ને બૂટના ગૌરવ પર અધ્ધર ને અધ્ધર ચાલવાનો. નિશાળનાં પગથિયાં આવ્યાં, ત્યાં સુધી છોકરાઓએ પેટભરીને તેની મશ્કરી કરી. અને એટલામાં તો એને 'ગાબ્રો-સંગ' 'ભૂદાલ' 'ગીધડું' 'સાપોલિયું' ને એવા એવા કેટલાય, ઢંગધડા કે અર્થ વિનાના ભાડૂતી ઇલકાબો જેવા ઉપનામ પણ મળી ચૂક્યા!

ખુશાલ જ્યારે ક્લાસમાં દાખલ થયો ત્યારે જૂના માસ્તરને બદલે નવા માસ્તર દેખાયા.

જૂના માસ્તર સાડાસત્તર રૂપિયાના હતા, નવા માસ્તર સાડાતેર રૂપિયાના હતા. ખુશાલને આવતો જોઈ ને તેમણે ખુરશી પર બેઠાં બેઠાં જ પૂછ્યું:

'કોણ છો?—ક્યા ક્લાસમાંથી આવ્યો?'

ખુશાલ તો 'એ. બી. સી. ડી.' બધું ભૂલી ગયેલો એટલે ઉતાવળમાં તેનાથી બોલાઈ ગયું 'સાહેબ' હું ક્લાસમાંથી.' છોકરા ખડખડાટ હસી પડ્યા!

બેંડો, પુડેલો અને ચરસિંદો તથા ધૂંવાંપૂંવાં સોતે: ખુશાલ તેમની સામે જોઈ રહ્યો. તેનું ચાલે તો સૌને ઉડાવે. પણ એટલામાં તો માસ્તર સાહેબ બોલ્યાઃ

'ભાંગ બાંગ તો નથી પીધી નાં!'

ખુશાલે ભાંગ પીધેલી નહિ, પણ જે પ્રજા, પોતાનાં જ્વાહિરો સાડાતેર રૂપિયાના હાથમાં સોંપે તેણે ઝેર પીધેલું ખરું. અથવા, અમદાવાદી વાણિયાની પેઠે, પણ લખતાં એક તાકો કપડું ને એક છોકરું એ બધાં સરખી કિંમતનાં જ થાય છે!

'હેઠા બેસ. હેઠા બેસ.'

ખુશાલ ભૂતની માફક ઊભો રહ્યો.

છોકરાઓ બોલી ઊઠ્યાઃ 'સાહેબ કહે છે હેઠા બેસી જા, હેઠા બેસી જા.'

અને અમેરિકાના નેકસીફોનાં કૂતરાં [illegible] અમદાવાદી [illegible] છોકરાંને, સાહેબ, [illegible]

[illegible]

ને તેના મારા વિષે જ વાત કરે છે, તેમ લાગવા માંડ્યું. ઉકરાતે વધેલો વધેલો તિરસ્કાર કરવા માટે આખાયે તેને નિશાળે મૂક્યો હતો, એટલે પુરાવ પાને પાને સાનો થાય તો થવા લાગ્યો. પણ નિર્દય સેવન સિવાય બીજા બધા ઉત્સાહમાં વિખૂટા પડવા લાગ્યો.

૩

મંદવાડથી આવેલી નિર્બળતાને લીધે જરાક ચીડિયા સ્વભાવનો બનેલો પુરાવ, નિશાળની પજવણીથી, વધારે ને વધારે એકલો પડતો ગયો. ક્યારેક એને રમાડતાં રમાડતાં પણ ખીજવ્યા વિના રહેતાં નહિ: માસ્તર, જ્યારે જ્યારે પુરાવની ચિડિયતા દેખાય ત્યારે ત્યારે 'તારો દેખાવ ઢીંગના જેવો છે, પણ અક્કલ તો ગધેડાની છે. એમ કેમ!' એવું કોઈક સુંદર વાક્ય બોલીને, તેનો ઉત્સાહ પડ્યેથી જ વધારી દેતા! પણ સૌથી વધારે ભયંકર બીના તો અમદાવાદની પોળની, નવરી ઓઓ વિષે હતી. ઘરઆંગણે નળ, એટલે પોળમાં જ્યાં હજારો લોકના થૂંક પડ્યા હોય એવી ખૂણામાંથી, પોતાનાં વાસણ આમલાં જેવાં સાફ કરવામાં, પોળમાં રહેનારી ઓઓ પાવરધી ગણાય છે! એકાદ ખૂણામાં જ્યાં સડી ગયેલ ભાત, દાળ, થૂંક, દાતણની ચીરો, 'પ્રજાબંધુ' કે 'ગુજરાતી પંચ' ના ડૂચા, દીવાસળીનાં ખાલી ખોખાં, લીપ્ટનનાં ફૂટેલ ડબલાં કે બીજાં પણ એવાં જ અનેક રત્નો, અમૂલ્ય ભંડારની જેમ હમેશાં સર્જાય છે ત્યાં એ ભંડારની ચોકી કરતી ઓઓ, સામે સામે બેસીને, 'વેજીટેબલ ઘી વિષે ડૉક્ટરો સારો

મેળવી શકું એ જ ધ્યેય સમજનારો, પૈસા વિનાનો પણ સ્વભાવે પૈસાવાળા શ્રીમંત જેવો બની ગયો !' મેળવવાની એની તૃષ્ણા—બીજા પર સરસાઈ ભોગવવાની એની ઇચ્છા આવા જીવનમાં જન્મી, વિકાસ પામી, વધી, ને સ્વભાવરૂપ બની ગઈ.

નિશાળના આ જીવનને તો વર્ષો વહી ગયાં. પણ જેમ અદશ્ય દેખાતા મૂળ ઉપર જ ઝાડનું અસ્તિત્વ છે, તેમ અદશ્ય જણાતા જીવનના પ્રસંગો ઉપર જ માણસ ઘડાઈને ઊભો હોય છે. એટલે ખુશાલ નિશાળમાંથી નીકળતાં પહેલાં, માણસની ઉમ્મરનો ન હતો, પણ માણસ તરીકે ઘડાઈ ચૂક્યો હતો : એ માણસ બની જ ગયો હતો. એમાં વધવા ઘટવાનું થોડું રહ્યું હતું, તે તેના હવે પછીના જીવનમાંથી ઘડાવાનું હતું.

વર્ષોની મહેનત પછી અને કદાચ લગભગ એકલવાયા અથવા ઉપરટપકેની સુધરેલી દોસ્તીવાળા જીવન પછી તે બી. એ. એલએલ. બી. એડવોકેટ તરીકે અને વકીલ તરીકે બહાર આવ્યો. તેની હોશિયારી અપ્રતિમ મનાતી. જ્યાં અર્થ ન નીકળતો હોય ત્યાં તે અનેક અર્થ કાઢી શકતો. તેને પોતાના ધંધામાં એક વસ્તુ ખાસ આનંદ આપી રહી હતી; અથવા કહો કે એ જ એનો જીવનસ્રોત હતો. બીજાની વસ્તુ પોતાની બને છે, અને એ રીતે પોતે બીજાને બનાવી જાય છે, એ વસ્તુસ્થિતિ એના સઘળા આનંદના મૂળ રૂપે હતી. પોતાના પાડોશીનું ઘર પોતાનું શી રીતે થાય, પેલી વિધવા સ્ત્રી એને દરદી કઈ રીતે નીમે,

પેલી કંપનીમાં પોતે 'ડાયરેકટર' શી રીતે થઈ જાય, નવી સ્થપાતી સભામાં સેક્રેટરી શી રીતે થવાય—બસ, એને એક જ ધૂન હતી : હું શી રીતે કાંઈક પણ મેળવી શકું! મેળવવું, મેળવવું ને મેળવવું એ જ એનું જીવનધ્યેય બની રહ્યું.

આવા જીવનધ્યેયવાળા માણસો પોતે શી રીતે મેળવે છે, એની એની માસ્તરના ઉપદેશમાં શોભે તેવી ફિલસૂફી ડોળવા નવરા નથી હોતા. તે તો મેળવ્યે જ જાય છે. હજી એલએલ. બી. નહિ થયેલો ત્યારે ખુશાલ એક નિશાળમાં થોડો વખત માસ્તર હતો. ત્યારે પણ, એને વાત માત્રની ગંધ આવે કે અમુક માસ્તરને અમુક ટ્યુશન મળવાનું છે, ત્યાં રાત્રે એ પહોંચી જાય ને બીજે દિવસ તો પેલા માસ્તરને ખબર પણ આપે કે મેં એક ટ્યુશન મેળવી લીધું છે!

હોશિયારી એ જીવનનો એક ભાગ છે એમ માનવાને બદલે હોશિયારી એ જ આખું જીવન છે એમ કેટલાક માની લે છે.

ખુશાલને પ્રતિષ્ઠિત ગૃહસ્થ ધારીને એક માણસે તેને ત્યાં પૈસા મૂકેલા.

માણસ મરી ગયો ને પૈસા રહી ગયા. પેલાની વિધવા પૈસા લેવા આવી. ખુશાલ દિલગીર થયો. મિત્રના મરણ માટે અફસોસ કર્યો. પણ પૈસાની વાત કાઢી નહિ! બાઈએ સંભારી ત્યારે રોકડો જવાબ આપ્યો કે 'તમારી ભૂલ થાય છે!' હોશિયારી!

ઘણી વખત એવું જ બને છે, [illegible]

સ્ત્રી આવામાં અનેક પુરુષને મળી જાય છે. એમાં અકસ્માત થાય છે. ખુશાલની સ્ત્રીનો સ્વભાવ અત્યંત સુંદર હતો. તે જિથારી એક રીતે કહીએ, તો ખુશાલના સ્વાર્થી સ્વભાવની હાથરાજમાં જ મરી ગઈ હતી. ખુશાલનો પુત્ર વિનોદ ખુશાલના પ્રકૃતિનો સુંદર જુવાન હતો. ખુશાલ પોતે પણ ઘણી વખત એની હાજરીમાં થોડી વારને માટે પોતાનો સ્વભાવ ભૂલી જઈ શકતો.

વિનોદનું સગપણ થવાની તૈયારી થઈ. વળી હવે તો ઘરમાં કંઈ નહિ, એ રીતે પણ સગપણની ઉતાવળ હતી. એક નાના સરખા ગામડામાં ખુશાલે કન્યા શોધી કાઢી. ગામડાની ધરતી એટલે જરાક ભીને વાન હતી, પણ તંદુરસ્તીભર્યો યૌવનની લાલી એ રંગને કાંઈ ઓર પલટો આપતી. જાણે વસંતઋતુની શરૂઆતના ખીલેલા આમ્રપાનનો રંગ એની દેહને શણગારી રહ્યો હોય. નાક નમણું, હોઠ અત્યંત રસભીના ને મધુરા, આંખ ચપળ પાણીદાર. ખુશાલે પોતાના પુત્ર માટે આ કન્યાની પસંદગી કરી. કન્યા દેખાવડી હતી અને એ ઉપરાંત દેખાવે મોટી હતી. આવતીવેન ઘરનો કારભાર ઉપાડી શકે એવી જોરવાળી હતી.

તડામાર તૈયારી થવા લાગી. ઘરેણાં તૈયાર થયાં. લૂગડાં તૈયાર થયાં.

ખુશાલ ભાની વેવાઈને ગામડે પહોંચ્યો.

પણ કન્યાને જોયા પછી ખુશાલનું પેલું માનસ ધીમે ધીમે ભળવો કરવા લાગ્યું. પહેલી વખત તેને લાગ્યું કે બહુ ખોટું થાય : વિનોદની તૈયારીનો હું લાભ લઉં તો

પ્રતિષ્ઠા જાય. પણ સવાલ પ્રતિષ્ઠા જવાનો હતો, નૈતિક અધઃપતનનો ન હતો. વાત્સલ્ય વચ્ચે આવે તે પહેલાં તો 'હું મેળવું છું : ગુમાવતો નથી' એ જીવનધ્વનિએ નિશ્ચય કરાવી દીધો. ને પુત્રને કન્યા મોટી પડે ને કન્યા બીજે જાય તે ઠીક નહિ માટે ખુશાલે પોતાનું જ સગપણ કરી નાખ્યું!

અને વિનોદને માટે બીજી વધારે સારી કન્યાની શોધમાં પડ્યા.

વળી આજ દિવસ સુધીની સઘળી કમાણી વિનોદને નામે ચડાવી દઈ પોતાની શુદ્ધ નિષ્ઠા દેખાડી દીધી.

પણ એટલું છતાં જુવાન વિનોદના કોમળ અંતઃકરણમાં એક ઘા પડ્યો હતો: 'આ સઘળી સમૃદ્ધિનું મૂળ આવું ને આવું ગૌરવભર્યું હશે તો?'

૪

આ તરફ ખુશાલના જીવનમાં એક નવા આનંદે પ્રવેશ કર્યો હતો. અમસ્તુ પણ જ્યારે એ કેસ જીતતા, પાડોશીને દંડાવતા, જ્યારે સભામાં પોતાનું દૃષ્ટિબિન્દુ સચોટ દલીલથી સિદ્ધ કરી શકતા, ત્યારે તેમના અંતઃકરણમાં ધીમો પણ મીઠો ને ન સંભળાય તેવો આનંદધ્વનિ ચાલ્યા કરતો. એમના માનસમાં દલીલનો વિજય—અને પછી તો વિજય—એવો ઓતપ્રોત થઈ ગયો હતો કે ઘણી વખત તો સમજે છતાં ન સમજવામાં જો વિજય મળતો હોય તો તે ન સમજતા, અને સામાને કહેતા કે તમારી ગેરસમજ થાય છે!

વિનોદને પણ તેમણે કહ્યું હતું કે, 'ગેરસમજ ન થાય એટલે મારે કહેવું પડે છે કે મેં લીધેલું પગલું આપણા

સામાન્ય હિત માટે જ હતું!' જો કે પોતે તો આ વિજયને અંતઃકરણમાં છાની રીતે ભોગવી રહ્યા હતા!

પણ જુવાનીમાં એક દોષ છે. દલીલ જ્યારે આખા જગતને જીતી શકે છે ત્યારે શુદ્ધ સો ટચના સોના જેવી એકલી સચ્ચાઈ જ જુવાનીને જીતી શકે છે. વિનોદનું અંતઃકરણ ખુશાલથી જુદું પાડ્યું તે પાડ્યું જ.

પણ તેથી શું?—ખુશાલની પ્રતિષ્ઠા એટલી જ રહી હતી. માનઅકરામ એનાં એ હતાં. પોતે ઘરના સુખી હતા. ઘરમાં બૈરું હતું. બહાર પૈસો હતો. વકીલાત ચાલતી. સભાઓ થતી. એમના અંતઃકરણને ક્ષોભ પામવાની ટેવ જ ન હતી.

એક દિવસ દસ વાગ્યે વકીલ સાહેબ કોર્ટમાં જવાની તૈયારી કરી રહ્યા હતા.

નવાં વહુ 'હીઝ માસ્ટરર્સ વોઈસ'માં 'ગાંધી તૂં આજ હિન્દકા એક શાન બન ગયા' સાંભળી રહ્યાં હતાં, અને વકીલ સાહેબ પણ વચ્ચે વચ્ચે સૂરમાં સૂર પુરાવતા 'સાચું છે હો' એમ ટેકો પુરાવી રહ્યા હતા. એટલામાં એક માણસે પ્રવેશ કર્યો. તેના હાથમાં ચિઠ્ઠી હતી.

'કોની છે?'

'વિનોદભાઈએ આપી છે!'

'ક્યાં છે?'

'હમણાં જેલમાં ગયા!'

વીજળી પડે તેમ ખુશાલ સ્થિર ઊભો રહ્યો.

એના જીવનમાં આ પહેલો જ વખત પોતાની

યોજના અફળ ગયાનું સ્વપ્ન આવ્યું હતું. તેમણે ઉતાવળે ચિઠ્ઠી વાંચી કાઢી.

'પિતાજી !

'તમારા જીવનનું ધ્યેય 'મેળવવું' એ છે. મારા જીવનનું ધ્યેય 'તજવું' એ છે. એટલે આપણો મેળ મળી શકે જ નહિ. હું મારે પંથે કામ કરું છું, તમે તમારે પંથે કામ કર્યે જજો . . . વિનોદ'

ચિઠ્ઠી વાંચીને ખુશાલ મોટેથી હસી પડ્યો. એટલું મોટેથી હસ્યો કે નવી વહુએ પણ ગ્રામોફોન બંધ કરીને પૂછ્યું કે, 'શું છે?'

'અરે! કાંઈ નહિ, એ તો અમસ્તું જ. આપણા વિનોદને જરાક હવાફેર કરવાનું મન થયું લાગે છે!'

'હવાફેર?'

'અરે, એ તો આ પવનનું જોર છે, તે વિનોદને પણ મન થઈ આવ્યું. ચાર છ મહિના કેદમાં જશે એટલું જ.'

'પણ છે શું?'

'અરે કાંઈ નથી. વાતમાં શો માલ છે? વિનોદની ચિઠ્ઠી છે કે હું કાયદાભંગમાં પડું છું. તમે કાયદાસ્થાપનમાં રહેજો. એમાં કાંઈ નથી, કાંઈ નથી.'

ખુશાલ કાંઈ ન બન્યું હોય તેમ હમેશના નિયમ પ્રમાણે કપડાં પહેરી તૈયાર થવા લાગ્યો.

ગ્રામોફોન પાછું શરૂ થઈ ગયું.

'જીસકુ લગી હવા તેરી ઈનસાન બન ગયા:'

ખુશાલે પાન ચાવતાં ચાવતાં સાથે સાથે ગાયું:

'જમકુ લગી હવા તેરી ઈનસાન બંન ગયા.'

'કાંઈ કંઠ છે. ગજબ છે હો.'

નવી વહુએ ડોકું ધુણાવીને અનુમતિ બતાવી.

'આના કરતાં પણ પેલું સરસ છે હો!'

'કયું!'

'મેરી માતા કે સર પર તાજ રહે.'

એ રેકર્ડ ચડી. વકીલ સાહેબ ખુરશી પર બેસી પાંચ
મિનિટને માટે પગવડે તાલ દેવા લાગ્યા. ગાયન આગળ
વધતું જતું હતું.

એટલામાં વકીલ સાહેબને સાંભર્યું હોય તેમ અચાનક
બોલ્યા: 'આ આપણો વિનોદ તો હમણાં ચાર છ મહિના
ઘેર નહિ આવે, તો એના 'રૂમ'માં પેલી સેંટ જોનની
જ્ની છે તે આ રૂમમાં મુકાવી દેજો. મફતની ધૂળ ચડી
મટી જશે.'

બીજી ક્ષણે કાગળિયાં બગલમાં મારીને તે કોર્ટમાં
વા માટે રવાના થયા.

સત્યનું દર્શન

છેક છેલ્લી પળે અને તે લગભગ મૃત્યુની શય્યા પર માત્ર થોડો વખત એનું મોં અનિર્વચનીય આનંદથી ઝળઝળી ઊઠયું હતું, એમ કેટલાકે કહ્યું હતું.

એક પછી એક સઘળા ડગી ગયા હતા. જ્યારે સીતાપુર અને માણેકનગર વચ્ચે મોટરબસ શરૂ થઈ ત્યારે સઘળા ટપ્પાવાળાએ પહેલાં તો સંપ કર્યો. પછી અયોગ્ય હરીફાઈ કરી. પછી અદેખાઈ શરૂ કરી. અંતે 'મોટર' વિષે, પોતપોતાની રીતે, ઉતારુઓને કહેવાના ખોટા રિપોર્ટ પણ તૈયાર કર્યા. એટલું છતાં છેવટે તો હાર્યા : ભાગ્યા : ને હરીફાઈમાં ન ટકવાથી જુદે જુદે ધંધે વળગી ગયા. કોઈએ મજૂરી શોધી લીધી; કોઈએ ઘોડો વેચીને બળદ લીધો ને એક્કો કર્યો. કોઈએ ઘોડાને વેચીને હાટડી માંડી. માત્ર ધનોભગત છેવટ સુધી ટકી રહ્યો. એ પહેલેથી જ ટપ્પાવાળાની ટોળીમાં ભળ્યો ન હતો. એણે કોઈની અદેખાઈ ન કરી; હરીફાઈ ન કરી; જૂઠાણું ફેલાવ્યું નહિ. બસ, પોતાનો ટપ્પો, ધોળો ઘોડો ને પોતે ત્રણે નિયમસર હમેશાં સ્ટેશને

…જર રહેતાં કોઈ ઉતારુ મળે તો લઈ લે. કોઈ ન આવે …ા ભજન ગાતો ગાતો પાછો ફરે. ક્યારેક રાતના દસ વાગે …ણ મફતનો ધક્કો થાતો; પણ ધનોભગત પોતાનાં ભજનને …થી માનીને આનંદથી પાછો ફરી જતો. એને પહેલેથી જ …બર હતી કે આપણો ટપ્પો કાંઈ મોટરબસની હરીફાઈમાં …ી શકે જ નહિ.

અને તે છતાં ધનાભગતના ટપ્પામાં બેસવાવાળા પણ નીકળતા. ઘેર મોડા પહોંચવા માટે જ કેટલાક એમાં બેસતા. …ો કોઈક વળી ધનાભગતના ભજનના રસિયા પણ નીકળી આવતા.

ધનો જાતનો કોળી હતો. નાનો હતો ત્યારે ચોરી કરતો. મોટો થયો ત્યારે ખાતર પાડતો. ચોમાસામાં એની વહુ ઝમકુડીની સાથે નદીકાંઠે વાડો કરે, શિયાળામાં બકાલું વેચે, ને ઉનાળામાં ચોરી કરે. એમ એણે જુવાની વટાવી નાખી. એની પ્રૌઢ અવસ્થા થઈ ત્યારે ઝમકુડી હજી જુવાન જેવી હતી એટલે ધનાભગતને મૂકીને એ ભાગી ગઈ.

ધનાએ તે દિવસથી ટપ્પો કર્યો હતો. અને બાર મહિનાનો એકધારો ધંધો મળવાથી એનું ચિત્ત કાંઈક સ્થિર થયું હતું. પછી તો એને ટપ્પાના ઘોડા સાથે મૈત્રી બની ગઈ કારણ કે હંમેશાં સવારમાં જ એના સંગમાં એને બે ઘડી આનંદ આવતો. વળી સીમમાં લહેર કરતાં ચાલ્યું જવું ને ભજન ગાતાં જવાં એ અનેરો આનંદ પણ એના જીવનમાં નવો રસ પૂરતો હતો. લોકોએ એના ભજન સાંભળ્યાં માટે ધનોભગત એવું નામ આપ્યું. એને પણ પોતાના નામની

સાથે જોડાયેલ 'ભગત' શબ્દની પ્રતિષ્ઠાનો એવો લોભ લાગ્યો કે એ ખોટા ખોટા થાતાં સાચો જ ભગત બની ગયો. એમાં એનો એકધારો કાંઈક નિરાંતનો ધંધો ને હમેશાં સીમમાં બે ચાર માઈલનો ફેરો બહુ મદદરૂપ થઈ પડ્યાં. ધનો ચોરી કરતો કારણકે નવરાશનો વખત એને રહેતો અને લોકોની બેદરકારી ભરેલી રીતભાત અને વિલાસનું પ્રદર્શન બન્ને એને ચોરી કરવા ઉશ્કેરતાં. વળી ચોરીમાં મળેલો વિજય અને ચોરી કર્યા પછી ઝમકુડી સાથેનો આનંદ એને વધારે સાહસિક થવા પ્રેરતાં. પણ ઝમકુડીએ આપેલો વિશ્વાસઘાતનો ઘા ભૂલવા તે એકધારા ધંધામાં પડ્યો. અને તેમાં એ ઘા ભૂલવાની એને તક મળી ગઈ. ખરી રીતે તો, ચોરી કરતાં તે કોઈ દિવસ પકડાયો નહિ, માટે જ ચોર થાતાં રહી ગયો. પછી તો ધનાભગતનો ટપ્પો બહુ જ માનભર્યું સ્થાન ભોગવતો થયો. અને ધનાએ પણ જ્યારે સઘળા ટપ્પાવાળા ડગી ગયા ત્યારે પણ પોતાનું ગાડું ચલાવ્યે જ રાખ્યું !

સીમમાં જ્યારે બે જણા ચાલ્યા જતા હોય—કોઈ ઉતારુ ન હોય ને ધનો તથા તેનો ટપ્પો હોય, ત્યારે ધનો ભજન લલકારે તેમાં ઓર ખૂબી આવતી. સીમનો છુટ્ટો પવન આવતો હોય ને ધનો ગાતો હોય, એ વખતે ધોળો ઘોડો પણ ધનાને સમજતો હોય તેમ પોતાની ચાલમાં અમુક જાતનો ફેરફાર કરી નાખતો. ધનાને ખબર હતી કે ઘોડો બધુંય સમજે છે. જે રસ્તા પર વીસ પચીસની કતાર ચાલતી ત્યાં પોતે એકલો જ ચાલે છે. ને એક દિવસ ધનો

। થાકીને મને તજી દેશે. ધનો માનતો કે ઘોડો આ ત સમજે છે.

પણ ધનો પોતાની જરૂરિયાત વધારેમાં વધારે ઘટાડીને ણુ ઘોડાને નિભાવી રહ્યો હતો. કારણ કે વિશ્વાસ-ાતનો ઘા કેવો સોંસરવો નીકળી જાય છે, એ ધનાએ નુભવ્યું હતું. ઘોડાને જિંદગી સુધી ટકાવવાની એની મહેનત ણ એ વિશ્વાસઘાતના દોષથી મુક્ત રહેવા માટે જ હતી.

હવે ટપ્પો રાખવામાં ડહાપણ તો ન જ હતું. પણ નતને ડહાપણ કરતાં વિશ્વાસઘાતનો ઘા વધારે ખૂંચતો હતો. એ સાચા દિલથી કહેતો કે ઈશ્વર અમને નભાવ્યે જાય છે, ત્યાં સુધી તો મારે ઘોડો કર્યાંય દેવો નથી.



પણ અંતે યંત્રની સામે જેમ હરીફાઈ મુશ્કેલ હતી તેમ ટકવું પણ મુશ્કેલ હતું. લોકોએ સમય અને સ્થળ વિષે યુગનું સ્વરૂપ સમજીને તે પ્રમાણે વર્તવામાં ડહાપણ ને સદીસલામતી માન્યાં હતાં. એટલે એક વખત એવો આવ્યો કે કાં તો ધનાએ ધંધાનો ત્યાગ કરીને બીજો ધંધો લેવો જોઈએ, અથવા બીજો ધંધો ચલાવીને ટપ્પાનું નામ રાખવાની ખાતર વ્યર્થ પ્રવાસ કરવો જોઈએ, કે પછી પોતાની જરૂરિયાત ઓછામાં ઓછી કરીને માની લીધેલા ધર્મ વાટે અગવડો વેઠવી જોઈએ.

ધનાએ ઘણું ઘણું મંથન કર્યું. પણ એનું મન કોઈ રીતે માનતું ન હતું. હું આજે આટલાં વર્ષે ઘોડાને દગો આપીશ તો દગાખોર તો નહિ ગણાઉં?—ધનાના જીવનમાં મહાન

ત્યાગનો, ભયંકર રણક્ષેત્રનો કે સાહસનો કોઈ પ્રશ્ન ક્યારેય આવ્યો ન હતો. એના જેવા ગરીબના જીવનમાં લાખેણા ત્યાગની કે કતલ થઈ જવાની પળ તો ક્યાંથી આવે! એને તો આજે આ એક જ નાનો પ્રશ્ન આવ્યો : 'ઘોડાએ મારી ખૂબ સેવા કરી. હવે એને આ ઘડીએ તજું તો પાપ કહેવાય કે નહિ?—માણસ, માણસ પ્રત્યે એમ કરે તો પાપ કહેવાય. ત્યારે આ પાપ કેમ નહિ?'

અને એ બીજે દિવસે નિયમ પ્રમાણે સ્ટેશને ઊભો હતો! કેટલાકે એની મશ્કરી કરી : કેટલાકે એને મૂર્ખ માન્યો : ધનાએ કહ્યું કે, 'ગમે તેમ મને સૂઝ્યું તે હું કરું છું. ઘોડા ને ટપ્પો ચાલવાં જ જોઈએ.'



એક દિવસ રાત અંધારી હતી.

મોટર બસ ખોટવાઈ જવાથી જરા મોડી આવી. બે ઉતારુ ઊતર્યાં તે ધનાભગતના ટપ્પામાં બેસીને ચાલી નીકળ્યાં. એક બૈરી હતી. બીજો ચૌદ પંદર વર્ષનો છોકરો હતો.

ટપ્પો તેની મંદગતિ પ્રમાણે ધીમે ધીમે ચાલ્યો. ધના-ભગતે રસ્તામાં ભજન ગાવાં. ઘોડા સાથે વાતો કરી: 'જાન! આવતી કાલે હું નહિ હોઉં તો તને કોણ સાચવશે? તું ચાર ચૂંટી ચરી ખાજે ને ધનાભગતને ભૂલી જાજે.'

'ભગત! કોઈ ઘોડાની [illegible]
[illegible] ' [illegible]
[illegible]

'હું [illegible]'

'હા.'

'અને આજ તારું જોમ જોઈને તને શું નોકર રાખે,
…ને ગળે ધરો શા એટલે કાઢી મૂકે, ઈ ન્યાં, કયનો !'

'ગલા થાઈ તંઈ બે પૈસા પાસે હોય તો ખાઉં.'

'પણ આ ઘોડું શું ખાય!—અને એવું જુવાનીમાં
ફરીર તોડીને મને ખવરાવ્યું એનું શું! અને આજ એને
ઊભો દઉં તો એની મૂંગી વાણી કાંઈ ન બોલે!'

'મૂંગી વાણી તો બોલતી હોય ઈ બોલે એટલે કાંઈ
ટાણા પાછળ હેરાન થવાય!'

'ઈ તો પાળે એનો ધરમ. તમારે હેરાન ન થવાય.
મારે ભગતને થાવું જોઈએ.'

ભગત ત્યાર પછી કાંઈ બોલ્યો નહિ. પણ એનું મન
અકારણ ઉદાસ બની ગયું હતું.

ટપ્પો ઊભો રહેવાનો વખત આવ્યો. છોકરો નીચે
ઊતર્યો. બાઈ પણ પોતાનું પોટલું સંભાળીને નીચે ઊતરી:
રસ્તા પરના ફાનસના ઉજાસમાં ભગતનો ચહેરો જરા જરા
દેખાયો.

'ભગત! ઓળખો છો! હું ઝમકુડી.' બાઈ ભગતની
સામે આવીને બોલી.

'મને ખબર છે, બાપ! તું ટપ્પામાં બેઠી છો, ઈ,
મને ખબર પડી ગઈ'તી. તારું બાડું ન લેવું જોઈ, પણ
મારા ઘોડાને શું ખવરાવું! તું કયાંથી આવી?'

ઝમકુડી કાંઈ બોલી નહિ. પણ છોકરાના માથા પર
હાથ મૂકીને ભગતની સામે જોઈ રહી: 'આને આશીર્વાદ
આપો. આ મારો છોકરો.'

ભગતે છોકરાની સામે એ પૈસા ધર્યા: 'અત્યારે તો આટલી પહોંચ છે!'

'રહેવા દો, રહેવા દો, તમારું અમતનું [illegible]! રસ્તે તમારી વાત સાંભળી ઈ થોડું છે. ગુજીને, [illegible] બાપે મને કાઢી મૂકી. તમને ખબર છે ના?'

'એમ! શો વાંધો પડ્યો! મને ક્યાંથી ખબર [illegible]!'

'વાંધામાં તો ઈ જ. જુવાન ને પેગી [illegible] ગઈ! આપણું વરણ! બાઈડિયું હાડહાડ છે! એટલે મને કાઢી મૂકી. મારી આટલા વરસની મહેનત [illegible] અને હવે કાઢી મૂકી. એટલે પાછો [illegible] આવી. મા દીકરો મજૂરી કરી ખાશું.'

'[illegible], તારે કાંઈ [illegible]'

[illegible] કાંઈ [illegible] નહિ. [illegible]

[illegible]

૨

[illegible]

[illegible]

'મરવા તો પડ્યો છે।'

એટલામાં તો દૂર દૂરથી ટપ્પો આવતો દેખાયો. આના રૂપ મૂઠીને મોટર બસવાળા સૌ હસી પડ્યાઃ 'મારો બેટો!'

બીજાં વિશેષણોને અભાવે સૌ સામે સામે જોઈને આ એકજ વિશેષણ ભગતને લગાવી રહ્યા હતાઃ 'મારો બેટો!'

પણ ટપ્પો પાસે આવ્યો ત્યારે ખબર પડી કે ભગત નથી.

'ભારે થઈ! એવા ભગત તો નથી લાગતો.'

'કોણ છે ત્યારે! હાથે કરીને જૂખમરો વેઠવાવાળો!'

'એ લા! આ તો ઝમકુડીનો છોકરો! મારો બેટો ભગત પણ ભારે છે. ઝમકુડીને સમજાવી લાગે છે.' એટલામાં ટપ્પો છેક પાસે આવ્યો. ઝમકુડીનો જુવાન છોકરો નીચે ઊતર્યો. સૌ એની સામે જોઈ રહ્યા. અંદર અંદર હસવા લાગ્યાઃ 'કોણે મોકલ્યો છે પૂછો તો ખરા!'

'કોણે મોકલ્યો છોકરા! ભગત કેમ નથી આવ્યા!'

'ભગત બહુ માંદા છે. ને ઘોડો હવે અમે સંભાળી લીધો છે.' છોકરે નિખાલસ જવાબ વાળ્યો.

'તમે! તમે કોણ!'

'મારી મા ને હું.'

'હાં, હાં.' પૂછનારે જવાબ વાળ્યો. 'હાં હાં'માં તો તીખાશ ને કટાક્ષ બન્ને ભારોભાર હતાં. પણ તે ઉપરાંત ઉચ્ચટના ભાગમાં મીઠાશભરેલું ઝેર પણ મૂક્યું. 'હા, મારા ભાઈ, ઘરનો ધંધો તો થયો ને તે પણ પાંચ પૈસા મળે એવો'—બીજા ભાઈબંધ સામે આંખ મારીને તે હસતો હસતો ખસી ગયો.

છોકરે સઘળું જોયું ન જોયું કર્યું. ટ્રેઈન આવી. તેમાં ઉતારુ એના ટપ્પા તરફ આવ્યા નહિ. પણ તેણે કાંઈ ન બન્યું હોય તેમ ધીમેથી ટપ્પો ઘર તરફ વાળ્યો.

'જો જો, ભાઈ! ટપ્પાવાળાને મારગ આપો, આપણી મોટર ઊંધી વળી જાશે!' દરેક જણ મશ્કરી કરતો ગયો. છોકરો રડવા જેવો થઈ ગયો. એટલામાં એક બાઈ ને માણસ તેના ટપ્પામાં ચડી બેઠાં.

અજબ સ્ફૂર્તિ આવી હોય તેમ છોકરો ટપ્પો હાંકી રહ્યો હતો.

ઉનાળાના દિવસોમાં [illegible]



[illegible]

ખૂની કોણ ?

રાત અંધારી હતી.

વરસાદ પડતો હતો.

એક ઘરમાં ઝાંખો દીવો બળતો હતો. ઘરને ઘર ન કહેતાં ગટર કહેવાય કારણકે લાખો મચ્છરથી ભરેલું ગટરનું પાણી ઘર પાસેથી જ નીકળતું હતું. નીકળતું ન હતું; પણ ભર્યું રહેતું.

એ ઘરમાં ધૂળી ને કેશવો બેઠાં હતાં.

આજે જ એ ઘરમાંથી જીવનપ્રદીપ હોલવાઈ ગયો હતો.

આજે જ એમણે રમકડું ગુમાવ્યું હતું.

આજે જ એમનું એકનું એક છોકરું મરી ગયું હતું.

"ડાક્ટર કયે કે તમે માર્યું. એવા અમે શું ભગવાન હઈ, તે જિવાડી દઈ.'

'ઈ કયો ડાક્તર !'

કેશવાનો છોકરો માંદો હતો. પણ એણે તો લારીની નીચે દોયણો બાંધી છોકરાને ફેરવ્યે રાખ્યો. ને એમાં ને એમાં છોકરો મરી ગયો. જેની દવા લેતા હતા એ ડૉકટરે

સાચું જ કહ્યું હતું કે છોકરાને તમે માર્યો છે. પણ એટલી ચાડી વાત આ ઘરમાં આજે મોટી ચર્ચા અને પશ્ચાત્તાપનો અગ્નિ—બે ઉત્પન્ન કરી રહ્યાં હતાં.

'હું તો તને કે'તી 'તી.'

'તે હું શું કરું! તેં કહ્યું કે તાવ મોળો છે.'

'તે, તાવ તો મોળો હતો.'

'તોય. એમ સમજને. ડાક્તર કાંઈ ગામનો દીકરો છે!'

'આપણા નસીબમાં નહિ હોય બીજું શું!'

એટલામાં એનો પાડોશી જેઠો આવ્યો.

'કેમ કાંઈ ખાધું!'

'કાંઈ મન નથી.'

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

નવુ રૂપિયાની તો દવા કરી. ચાર દી થ્યાં પેર ફેંગ્રો કોણ લાવ્યું છે!'

'બાપુ, ઈ તો, કોઈ ને કોઈ બાનું જોઈ. ભગવાન કાંઈ ઓછો'ક આવે ઓરે છે.' કેશવો બોલ્યો.

'લે હવે હાલ ખાવા.'

'ના, અટાણે નથી ખાતું.'

જોરો થોડીક વાર બેસીને ચાલ્યો ગયો.

દીવો ઝાંખો પડવા માંડ્યો.

ધૂળીની આંખ પણ થાક ને શોકથી ઘેરાતી હતી.

અચાનક દીવાની જ્યોત હાલી. કેશવાને છોકરાનો પડછાયો દેખાયો. તે બેબાકળો બની ગયો.

'ધૂળી—એ . . ધૂળી!'

ધૂળીએ અરધો શોકમાં, અરધો થાકમાં જવાબ વાળ્યો; જાણે છોકરાને જવાબ વાળતી હોય તેમ તે બોલી:

'હવે સૂઈ જા, મારા પીટ્યો, ચૂસ ચૂસ જ કરે છે!'

પોતાની પડખે છોકરું સૂતું છે એમ ધારીને ધૂળીએ ઊંઘમાં હાથ ફેરવ્યો. ખાલી જમીન સાથે હાથ અટકાતાં તેની અર્ધ નિદ્રા ભાંગી. અને સત્યનું ભાન થાતાં એણે મોરથી ઠૂંઠવું મૂક્યું: 'એ મારા ભનિયા!'

કેશવો ધૂળી પાસે સર્યો.

'ધૂળી . . . કોને બરકછ?'

'ભનિયાને!'

'લે હવે સૂઈ જા.'

ધૂળી ઊંઘમાં પડખું ફરી.

ફરી છોકરાનો પડછાયો કેશવાએ જોયો. તે ઊભો થઈને ઉતાવળે આંટા મારવા લાગ્યો : કેશવાને વિચાર કરતાં લાગ્યું કે પોતે ખૂની છે.

'છોકરાને મેં જ માર્યો છે. મેં જ ખૂન કર્યું છે. મેં જ ધોળીને કહ્યું કે છોકરાને ઝોળીમાં સુવાડી રાખ, કાંઈ થાતું નથી. હું જ ખૂની છું!' કેશવો બોલવા લાગ્યો અને તે પોતે જ ખૂની હોય તેમ ગાલને તમાચા મારવા લાગ્યો.

એટલામાં દીવો ઓલવાઈ ગયો.

તમાચાના અવાજથી જરાક જાગ્રત બનેલી ધોળીને લાગ્યું કે કોઈ દારૂડિયો ઘરમાં પેસી ગયો છે.

'તમે જાગો છો?'

'હા કેમ?'

'આ કોક દારૂડિયો, મારો પીટ્યો, આણી કોર ફરતો લાગે છે,'

'ઈ તો હું પોતે ખૂની છું!'

ખૂનીનું નામ સાંભળીને ધૂળી બેઠી થઈ ગઈ.

'ખૂની?— ...'

'હા હા, મેં જ ભનિયાને માર્યો. મેં જ તને કહ્યું કે ઝોળીમાં સુવાડી રાખ.'

ભનિયાનું નામ સાંભળીને ધૂળી પાછી મોટેથી રડી પડી: 'એ મારા રમકડા! બેટા!'

કેશવો ધૂળી તરફ આવવા લાગ્યો, પણ અંધારામાં દીવો ઠેબે આવતાં, દીવા નીચે પડી ગયો.

'કયાંક તેલ ઢોળ્યું ના ?' પૂછતી આવી.

'આજનો દીવો એમનો છે!'

બંને જણીને વાતો બંધ થઈ ગઈ.

અંધારામાં પાછો રસ્તાનો અવાજ સંભળાવા લાગ્યો.

'મેં દીવાને ખાધો' . . . કહેતા રડતી રડતી

જી આવી.

'તું કે મેં દીવાને નથી ખાધો. આપણું આખું કાંઈ

તું મરે છે! આપણે શું કરીએ. ઘર રહી તો ખાઉં છું!

ભુ મારા પીટયા માણસ માનૂની શરમાવે આપવી દોષ!

એ ને બાપ ખોલવા દે કે એ આનામાં કેટલા સાળા સૂંઘ્યા!

એવા દાતાર જવાક ક્યાંનો બેઠો રાખતા દોષ! અરે

રે! બનેલા!'

રસ્તા ઉપર દારૂડિયાનું તોફાન થયાથી, કોલાહલમાં,

દેવતાનો જવાબ દબી ગયો.

નેપાળની રાણી

[illegible]

બનીને નીકળી હતી : નવામાં નવો જાંબુડા રંગનો મખમલનો કબજો, ઓઢણી, અને કાળા ઘાઘરા પર લીલો રૂમાલ કેડે વીંટીને ગોપી પણ બદામતમથી નીકળી. પગમાં કલ્લી, ડોકમાં કંઠા, અને નાકમાં એનાં વહાલાં 'મૂરી' અને 'બૂલી' પહેરી તથા પોતાનાં 'ડુંગરી' અને 'છાતા' લઈ, તે ધીમી ચાલે રસ્તા પર ચાલી જતી હતી ત્યાં રસ્તામાં જ એક જગ્યાએ ચોરવાટથી દલબહાદુર પણ તેની સાથે મળી ગયો અને બન્ને વાતો કરતાં દાર્જીલિંગ ચાલ્યાં.

બદામતમની પાસે દલબહાદુરનું પોતાનું ખેતર હતું. મકાઈની ઊપજ થતી અને તેમાંથી પોતાનું, કુટુંબનું અને જીવનના આધાર જેવા બે બળદોનું ગુજરાન ચાલતું. કોબી, ગાજર, મરચાં વગેરે વાવતો, અને રવિવારના બજારમાં તે વેચવા માટે, અઠવાડિયે અઠવાડિયે દાર્જીલિંગમાં તેને આવો તો ખરો. આજે પણ તે માટે જ તે જતો હતો. ગોપી બદામતમ પાસે ચાનાં ખેતરોમાં રોજે જતી : દસ પૈસા લાવતી. તેનો ધણી ચૌદ પૈસા લાવતો : અને એ રોજના ૭ આના ૭ દિવસ ભેગા થાય, ત્યારે સાતમે દિવસે રવિવારે દાર્જીલિંગ જઈ, મકાઈ, ચાવલ, આલુ, કાંઈક પરચૂરણ ખરીદી લાવતી. અને એમ અઠવાડિયે અઠવાડિયે જીવનનાં વર્ષો કાઢવાની એને ટેવ પડી ગઈ હતી.

આજે દલબહાદુર અને ગોપી બન્ને સાથે ચાલ્યાં જતાં હતાં, પણ બન્ને પાડોશી છતાં બન્નેના ઘર વચ્ચે એક હજાર ફૂટની ઊંચાઈનો ડુંગર અને

એટલી જ ઓછી ખાર્યું આતી રહેતાં [illegible] નજરની મિજાજ ભરી, પણ પરિણામ તો [illegible] રસખાકુર [illegible] મોટું [illegible] અને [illegible] ઓ: [illegible] અને [illegible] તો [illegible]

[illegible]

[illegible]

[illegible]

બન્નેના ઘરમાં અશાંતિ વધી છે. અવ્યવસ્થા પણ વધતી જાય છે. ડગલે ને પગલે તીખાશ દેખાય છે. પાર્વતીને લાગ્યું છે કે દલબહાદુર હવે દર રવિવારે શરાબથી ગંધાતે મોંએ પાછો ફરે છે: અને બીજે રવિવાર આવતા પહેલાં પણ તેનું મોં બે ચાર વખત ગંધાય છે! ડુંગરાઓમાં બકરાં ચરાવતાં ચરાવતાં, સામેના ડુંગરા પર આવેલ ઝૂંપડા તરફ એ ટગરટગર જોઈ રહે છે અને ક્યારેક તો છેક સાંજે ખીલતાં લીલાં ઝાડ આસમાની બની જાય ત્યારે તે ચોરપગલે સામેના ડુંગરા ઉપર ચડવાનું શરૂ કરતો હોય છે!—ઘર ભાંગવાનાં આ બધાં પ્રાથમિક લક્ષણો પાર્વતીએ જોઈ લીધાં છે, પણ તે બાઈ સાચી હતી. અને તેણે દલબહાદુરની બધી બેદરકારી સહીને પણ ઘરમાં તો જીવનની મીઠાશ જ જાળવી રાખી.



છઠ્ઠું આવાહિયું ભયંકર હતું. આજે ગોપીના ચહેરામાં અજબ નૂર હતું. તેણે ઘટ્ટ જાંબુડિયા રંગના મખમલના કબજામાં યૌવનને ઢાંક્યું હતું. મીઠો પીળો રેશમી રૂમાલ, ચીંટના ઘાઘરા પર વીંટી લીધો હતો, અને ફૂલગુલાબી ઓઢણી ઓઢી હતી. આજે તેનો ચહેરો પણ ખૂનેગુલાબ જેવો તંદુરસ્ત જુવાનીની લાલીથી ચળકતો હતો. દલબહાદુર આ હુમલો આજે નહિ સહી શકે, એવી ગોપીને ખાતરી હતી. અને બન્યું પણ એમ જ. જ્યારે ગોપીએ પાન ચાવીને હોઠ લાલ કર્યા, ત્યારે તો દલબહાદુર લગભગ પરવશ બની ગયો હતો. આજે રાતે ત્રણ જણને, ગોપી પોતાનું

ઘર છોડી, દલબહાદુરને ત્યાં આવવાની હતી અને કોઈ ન જાણે તેમ હમેશને માટે દલબહાદુરને ત્યાં જ રહેવાની હતી. બન્નેએ રાગભર્યાં નેણુથી એ વાત કરી લીધી હતી. સંકેતસ્થાન પણ ગોઠવાઈ ગયું હતું. યોજના તૈયાર થઈ ગઈ હતી. અને ફરી દલબહાદુરે રાયમલની દુકાનેથી, ગોપીને મખમલના સારામાં સારા કકડા કઢાવી આપ્યા હતા. સાંજે ચાર બજ્યે જ્યારે બન્ને પાછાં ફરતાં હતાં, ત્યારે દલબહાદુરે નાટક જોવાની વાત કરી. ગોપી તો આજે તૈયારી કરવાની હતી, એટલે રોકાણી નહિ. એને બદામતમનો રસ્તો આજે લાંબો લાગ્યો હશે, પણ તે એકલી પાછી ફરી. દલબહાદુર નાટક જોવા રોકાઈ ગયો. તે રાતે પાછો ઘેર ફરવાનો હતો. દલબહાદુરે નાટકઘરમાં પ્રવેશ કર્યો ત્યારે રાતના નવ થયા હતા. ‘સીતાવનવાસ’નું નાટક હતું. ઊજળા લોકથી માંડીને મેલા લોક સુધીના બધાં માણસો રામના નામથી, નાટકઘર તરફ આકર્ષાયાં હતાં.

દલબહાદુર થોડો વખત કલકત્તામાં એક બાબુને ત્યાં રહી આવ્યો હતો, અને બંગાળીનું પૂરેપૂરું તો નહિ, પણ કામચલાઉ ઠીક જ્ઞાન ધરાવતો.

સીતા સૂતાં છે, અને રામચંદ્ર તેની પાસે બેઠા બેઠા અત્યંત પ્રેમથી પવન નાખે છે, એ દૃશ્યથી નાટક શરૂ થયું. પ્રેક્ષકવર્ગ અત્યંત શાંત હતો : જેમ ઘેરા આસમાનમાંથી ઠંડી રાતે વરસાદનાં ટમટમ ટીપાં પડે, તેમ શબ્દે શબ્દ વીણી શકાય તેટલો સ્પષ્ટ હતો : પહેલા અંકને અંતે, જ્યારે સીતા વનવાસ ગયાં ને ઘેલા જેવા રામ, ‘સી તા—શી તા’

બોલતા બાળ અંધારામાં ને પડદા પાછળ અદૃશ્ય થયા, ત્યારે ભાઈઓ, જુવાન ને વૃદ્ધની આંખમાંથી આંસુ નીકળવા માંડ્યાં; બાઈઓ રડતી હતી; પુરુષો ડૂસકાં ભરતા હતા; છોકરાં અજાણ્યાં તેને પડદા તરફ જોઈ રહ્યાં હતાં.

બહાર વિલાપી સ્વરની એક જ ધૂન
'કો ય ન આવો, કો યા ન આવો,
આશા જીવન કાળો ન કાળો–'

જામી હતી : રાત્રિ આજે અકસ્માત અસાધારણ શોભતી હતી. દલબહાદુર થોડો વખત બહાર નીકળ્યો ત્યારે કેટલીક ઘરડાગી ચીની સ્ત્રીઓ મગફળીનાં પડીકાં વેચવા ફરી રહી હતી; પણ તેનું ધ્યાન, ઉપર ઝૂમતા સ્થિર ઊડતા તારામાં, કે નીચે વિલાપી સ્વર છોડતી ચરણાઈમાં હતું! સર્વત્ર એક જ સ્વર હતો - વિલાપ!

આંસુ લુછાયા પછી બીજો અંક શરૂ થયો. અને ઉત્તરે ત્રીજો અંક આવ્યો.

સોનાની પ્રતિમા ઘડાવી રામચંદ્ર પોતે એકાંત વાસ સેવે છે ને એવે વખતે જ લવ, સીતાવનવાસની વાત સાંભળીને, આવેશમાં, અયોધ્યાપતિને હણવા વનવાસમાંથી દોડતો આવે છે! . .

લક્ષ્મણ ને ભરત રામચંદ્રના દરવાન બન્યા છે. ઉન્મત્ત લવનો સ્વર આવે છે : 'ક્યાં છે રાઘવ ?' માનસીસૃષ્ટિમાં તલ્લીન રામચંદ્ર આ સ્વર સાંભળીને એવું અનુભવે છે કે જાણે સીતાજી આવ્યાં ને બોલ્યાં કે, 'રાઘવ!'

એટલે તે એકદમ બહાર આવે છે: ‘કોનો અવાજ? અને, આ ચિરપરિચિત સ્વર જેવો સ્વર કોનો છે?’

પિતાપુત્રની પહેલી ભેટનો, અને લવ એકદમ રામને છોડી નાસી જાય છે ત્યારે અનાધાર, એકલ બનતા રામનો કરુણ સ્વર, પ્રેક્ષકગણમાંથી સોંસરવે સોંસરવો નીકળી ગયો . . . ચોખ્ખાં આંસુથી મલિનતા ધોવાય તેમ ફરી ફરી પ્રેમની આ કથા સંભારીને માણસો રોવા લાગ્યાં!

પરંતુ હજી બાકી હતું. જ્યારે ત્રીજો અંક પૂરો થવા આવ્યો, ને વનમાંથી પાછાં આવતાં સીતાને મળવા હરવડીએ ઉત્સુક બનેલા રામચંદ્રને, રાજસભામાં, વારંવાર સીતા નજીક ને નજીક આવવાના સંદેશા મળવા લાગ્યા, ત્યારે દલબહાદુર પોતાના આસન પરથી બેઠો થઈ ગયો!

‘સીતા સરયૂ નદીના કિનારા પર આવ્યાં . . . અયોધ્યામાં આવ્યાં . . રાજચોકમાં આવ્યાં . . દરબારમાં આવ્યાં . . આવ્યાં . . એ . . . આવ્યાં . . . .’

પ . . . ણ . . .

આખો પ્રેક્ષકવર્ગ ચિત્રમાં આલેખ્યા જેવો, આંસુથી ભરપૂર, પ્રેમની આ મહાકથામાં તલ્લીન હતો : સભામાં વસિષ્ઠે સીતાની પરીક્ષા કરવા આગ્રહ કર્યો ને જ્યારે અત્યંત કરુણ સ્વરથી સીતાએ ‘ભૂતધાત્રિ ધરિણી, જનની’ શરૂ કર્યું અને પૃથ્વીમાતાને પોતાની સંભાળ લેવા પ્રાર્થના કરી ત્યારે પ્રેમની આ કથાનો કરુણ અંત આગળથી જ જાણનાર પ્રેક્ષકવર્ગનાં આંસુ ખાળ્યાં ન રહ્યાં! દલબહાદુર બે હાથથી મોં ઢાંકીને ધ્રૂસકે ધ્રૂસકે રોયો! . . . અને છેલ્લો દેખાવ ન

જોવાપાથી, એકદમ બહાર દોડયો ગયો. એને એની 'સી તા' સાંભરી હતી. અને પોતાનું દગાખોર વર્તન અત્યારે એને ડંખ દેતું હતું.

બહાર એવા જ વિલાપી સ્વરોથી વાતાવરણ સભર બન્યું હતું! . . . .

તે ઊભી બજારે, પોતાને માર્ગે—રંગિત બજારને રસ્તે દોડયો! નાટકઘરમાંથી બહાર નીકળેલો દલબહાદુર હજી 'સી . . તા' . . . એ પવિત્ર શબ્દની ધૂનમાં જ હતો. તે ઉતાવળો ઘર તરફ ચાલી રહ્યો હતો—'સી તા'ને મળવા અને શરણે પડવા.

અત્યારે ઝીણાં ઝીણાં વાદળમાંથી આછી ચાંદની પૃથ્વી પર પડતી હતી : આસપાસનાં ચાનાં ખેતરો તદ્દન શાંત ઊભાં હતાં : કોઈનો પણ સ્વર સંભળાતો ન હતો : સામે ડુંગરાના ડુંગરાની હારો, આછા ઘેરા આસમાની રંગમાં હસાઈ ગઈ હતી : અને હિમાલયનાં ઘોળાં ઘોળાં બરફભર્યાં આછાં શિખરો, ચાંદનીમાં ઊજળા દૂધ દાંત જેવાં ચોખ્ખા દેખાતાં હતાં.

બદામતમમાં પોતાના મકાઈના ખેતરમાં દલબહાદુર પહોંચ્યો ત્યારે રાતના ત્રણ થવા આવ્યા હશે.

પોપૈયાં ને કેળના ઘેરાની વચ્ચે થઈને તે પોતાના ફળીમાં આવ્યો : ઘાસથી છવાયેલાં તેના ઘરના છાપરા પર બે ત્રણ આગિયા ઊડતા હતા. અર્ધંઢાંકેલાં મજૂરનાં ફૂલોથી, પવનમાં એક જાતની નવી સુગંધ ભરાતી હતી : પતરાની ચીમનીથી શણગારેલું તેના ઘરનું બારણું બંધ હતું ને અંદરથી દવાની ગાંજાના અજવાળા સિવાય બીજો

અવાજ આવતો ન હતો. તેણે બારણા પાસે કાન ધર્યો : કાંઈક ખખડતું લાગ્યું : આશ્ચર્યથી તે આયો ઊભો રહ્યો : અને એક જ સપાટે હતો ત્યાંથી ઠેકડો મારી દૂર ખસી ગયો. તેના હાથને પાછળથી કોઈનો હાથ અડ્યો હતો, ને પાપથી ન ડરનારો માણસ ભૂતથી બહુ ડરતો હતો.

એટલામાં મીઠું ધીમું હસીને ગોપીએ તેનો ખભો હલાવ્યો ! તે વખતે દલબહાદુરને આજે રાતે ગોપીને દીધેલો કોલ, સંકેતસ્થાન, અને યોજના સાંભર્યા !

અને . . . સાથે સાથે પેલી નાટકઘરની 'સી . . તા' સાંભરી.

પવિત્રતાના સ્પર્શે જેમ પાપ પીગળી જાય, તેમ દલબહાદુર ગોપીની પાસે ઊભો ઊભો—પેલા શબ્દસ્પર્શે પાપથી દૂર દૂર ખસવા લાગ્યો.

તે ગોપીની સામે જોઈ રહ્યો : તેણે અજબ મોહિની-રૂપ ધાર્યું હતું. શાંત ડુંગરાઓ અનેક નિશાની કરી રહ્યા હતા. પવન ધીમો હતો. એકાંત હતી. રાત્રિ હતી. મનને બહેલાવે તેવી ઠંડી ચાંદની હતી !

અચાનક એક કૂકડું અંદરથી બોલ્યું, ને પાર્વતીનો પડખું ફરવાનો અવાજ થયો.

જાણે આ અવાજથી નિશ્ચય કર્યો હોય તેમ દલબહાદુર ગોપીને પાછળ આવવાની નિશાની કરીને એકદમ ચાલી નીકળ્યો.

ક્યાં જવું છે એ ગોપીને ખબર ન હતી : દલબહાદુર આગળ વધ્યો, ને ગોપી પાછળ પાછળ ચાલવા લાગી.

ધીમે પગલે અને કુંવરની પગદંડીએ પગદંડીએ નીચે ને નીચે ખીણમાં ઊતરવા માંડ્યાં.

ચારે તરફથી ઉજાસ વધવા લાગ્યો. હિમાલયનાં શિખરો થોડાં થોડાં વધારે સ્પષ્ટ દેખાવા લાગ્યાં.

ખીણમાં પહોંચ્યાં ત્યારે ગોપી શ્વાસ ખાવા થંભીઃ 'દલબહાદુર! તું ક્યાં જાય છે?'

દલબહાદુરે માત્ર હાથથી નિશાની કરી, તેને આમળ વધવા કહ્યું. ચાનાં ખેતરો વચ્ચે થઈ તે રસ્તો ચડવા મંડ્યો. કુંજાની ટોચ પર પહોંચ્યાં ત્યારે કાંચનગંગા પર ઊગતી આશા જેવું, પ્રેમના સ્મિત જેવું, પવિત્રતાની કલગી જેવું સૂર્યનું પહેલું કિરણ ફૂટ્યું હતું! અને જોતજોતામાં બે ત્રણ શિખરો પર, એ આછો ગુલાબી, સુનેરી રંગ પથરાઈ ગયો!

દલબહાદુર ત્યાં ઊભો રહ્યો.

તેણે ગોપીને પાસે આવવા નિશાની કરી. ગોપી હસતી હસતી પાસે આવી. પ . . ણ—પણ આ શું?

દલબહાદુર અચાનક ગોપીના પગ પાસે પડ્યો. તેના પગ નીચેથી ધૂળ લઈ, પોતાના માથા પર ચડાવવા લાગ્યો—અને તે ધીમેથી, પણ સ્પષ્ટ અવાજે, બોલ્યો : 'ગોપી! આપણી ભૂલ થઈ છે. તું મારી બહેન . . થા. હું તારો ભા . . . ઈ થાઉં!'

એક પણ શબ્દ બોલ્યા વિના, તિરસ્કારની એક દૃષ્ટિ ફેંકીને ગોપી ચાલતી થઈ ગઈ.

બીજે દિવસે ખબર પડી કે ગોપી નેપાળને તરફ ગઈ છે.

✿

બદામતમથી ઠીક ઠીક દૂર સુંદર ઝરણા પાસે ર
નાનું સરખું ચા-ઘર બન્યું છે. ઊંચી જગ્યા પર આ
એ ઘરની બારી, નીચે રસ્તા પર ચાલનારને અત્યંત આકર્ષ
લાગે છે. એક તો આસપાસ સુંદર ફૂલછોડ વાવેલા
એટલે, અને બીજું બારીમાં ગોઠવેલ લાંબા ચકચકિ
પિત્તળના પ્યાલા મીઠી કોરીની આગાહી આપે છે માટે. બારીમાં
અરધું મોં દેખાય અરધું ન દેખાય તેવી રીતે, નેપાળની
રાણી બેસતી. આસપાસના ભૂતિયા ને લેપચા એ ચા-ઘરની
માલિક ગૂરખા સ્ત્રીને 'નેપાળની રાણી' કહેતા. અને કોઈ
વટેમાર્ગુ પૂછે તો 'નેપાળની રાણી'નું 'ચા-ઘર' બતાવતા.

પરંતુ એ જગ્યા સુંદર હતી તેના કરતાં 'નેપાળની
રાણી' વધારે સુંદર હતી. પ્રમાણમાં જરાક લાંબી સશક્ત
ઘાટીલી એવી એની ગોરી દેહ વનમાં જાણે વનલક્ષ્મી હોય
એવી ભાત પાડતી.

એનું શરીર એટલું બધું પ્રમાણસર હતું કે કોઈને
એમજ લાગે કે સઘળાં અવયવોને બરાબર માપીને ઘડ્યા
પછી જ કોઈ સ્વમશિલ્પીએ આખી દેહને તેજની રજથી છાઈ
દીધી છે. 'નેપાળની રાણી' અર્ધવિકસેલી અર્ધઅણુવિકસેલી
કળી જેવી ત્યાં બેસતી. અને ઇચ્છા ન હોય છતાં પણ
સ્થળ, સમય ને સુંદરી એ ત્રણ જબરજસ્ત આકર્ષણથી
ખેંચાઈને દરેક રસ્તે ચાલનાર ત્યાં ચા કે કોરી પીવા જતો!

એક દિવસ એ ચા-ઘર ઉપર એક સુંદર જુવાન ચા
પીવા ચડી આવ્યો.

તેણે સિપાઈ જમાદારનો 'યુનિફોર્મ' પહેર્યો હતો.
તેના માથાની પાઘડીમાંથી સોનેરી કલગી બહાર નીકળી

પછી તેના ચાર વદનને શોભાવી રહી હતી. આમણાનાં આક-ર્ષિત 'કોસ્મૂટ' ઉપર હાથમાં પકડેલી નેતરની સોટી વારે-ઘડીએ અમરતી જ તે અફાળતો હતો. તે ચા-ઘરમાં આવીને બેઠો. 'નેપાળની રાણી' પોતાનું ગૂંથણકામ મૂકી જરાક બહાર નીકળી: હમેશના નિયમ પ્રમાણે તેણે સસ્મિત સહજ પૂછ્યું:

'કયા ચહીએ? આ કોરી!'

જુવાન સિપાઈ તેની તરફ જોઈ રહ્યો. 'નેપાળની રાણી' પણ તેની સામે જોઈ રહી: 'અ રે! આ તો દલબહાદુર!'

'કયું ગોપી! તુમ તો અબ રાણી બન ગઈ!'

ગોપી જરાક હસતે મોંએ આગળ આવી: 'દલબહાદુર તું ક્યાંથી? તું તો જંગમાં ગયો'તો ને?'

'જંગમાં જઈને પાછો પણ આવ્યો!' દલબહાદુર ફ્રાન્સની ભૂમિ પર લડવા ગયો હતો. આખું બહામતમ લડવા ગયું હતું. ગોપીનો ધણી નાનુ પણ ગયો હતો. ગોપીએ સાંભળ્યું હતું કે જે જે જુવાન ગયા હતા તે સઘળા કપાઈ ગયા હતા. 'બહામતમથી આવે છે?'

'હા.'

ગોપી ઘરમાં જઈને લાંબા પિત્તળના પ્યાલામાં ચા લઈ આવી. દલબહાદુરની સામે બેઠી. જે દિવસો ગયા તેમાં ગોપી વધારે સુંદર બની હતી.

'તુ આહીં શું કરે છે?'

'હું ચા-ઘર રાખું છું. ગૂંથું છું. થોડાંક ડુક્કર ને મરઘાં પણ રાખ્યાં છે.'

'બિચારો નોજુ ! તને ખબર છે નાં ?' દલબહાદુરે ગોપીને પૂછ્યું. ગોપી દલબહાદુર સામે જોઈ રહી : કાંઈ બોલી નહિ, પણ નોજુના નામસ્મરણથી તેનું અંતઃકરણ નરમ બન્યું. નોજુના માઠા સમાચાર હશે એ એણે અનુમાનથી જ જાણી લીધું.

'તું તો લડાઈમાં હતો ને બિચારી પાર્વતી તો મરી ગઈ!'

'પાર્વતી મરી ગઈ, ભાગીરથી મરી ગઈ, કુકુછિન જંગેલા મરી ગયો. કેટલાં બધાં મરી ગયાં!'

'હવે બદામતમમાં કોણ કોણ રહ્યું છે?'

'જુવાનમાં હું ને તું બે જ!' દલબહાદુરે કહ્યું. 'બાકી છોકરાં છે, ગલઢાં છે, અપંગ ને અશક્ત છે.'

'આખું ગામ ઉજ્જડ લાગતું હશે?'

'આખું ગામ ઉજ્જડ જેવું ખાવા દોડે તેવું બન્યું છે. ખેતર એમ ને એમ પડયાં છે. ગામમાં કોઈ જુવાન નજરે ચડતો નથી. કોની સાથે વાત કરવી તે ખબર પડતી નથી. ઘેર ઘેર અપંગના ખાટલા પડયા છે!'

'અરર!'

'નોભુ બિચારો આવતાં આવતાં રસ્તામાં મરી ગયો.'

ગોપી વિચારમાં પડી ગઈ; એને નોભુ સાંભર્યો. ગમે તેમ પણ નોભુ સારો હતો. એણે એને કોઈ દિવસ દગો દીધો ન હતો. તે સાદો ને સાચો હતો. આજે એનું મરણ ગોપીને ખટકી રહ્યું. અને નોભુની સાદાઈ એને ડંખ દઈ રહી. 'કેટલો સાદો ને સાચો!' એના મનમાં મોટો અવાજ થઈ રહ્યો હતો.

'શો વિચાર કરે છે?'

'નોભુ મને સંભારતો'તો?' ગોપીએ જરાક ગળગળા અવાજે પૂછ્યું.

'નહિ ! મારે બિચારા એમ કામનું નામ જ નહિ. તેમ ઊલટું ધ્યાન જ્યાં હોય ત્યાં રહેતા હતા કે એક વખત હું અદાલતમાં ઊભો થઈ જઈશ, એક વખત ગોપીને જોઈશ, એક વખત એને જોઈશ ને એના ગુનામાંથી છૂટી જઈશ. એક વખત ગોપી મારી પાસે આવે . . . એમ કહેતા કહેતા જ કેદીખાનામાં મરી ગયો. બિચારાને બહુ તલખાટ હતો હો.'

'પછી !'

'પછી દરિયામાં ફેંકી દીધી. બીજું શું થાય !'

ગોપીએ પોતાની હથેળી હડપચીએ મૂકી ઊંડો નિઃશ્વાસ મેલ્યો. અને ક્યાંય સુધી ઘણી વાર સુધી બોલ્યા ચાલ્યા વિના એક બીજાની સામે જ જોઈ રહ્યાં. અંતે રણબહાદુર બોલ્યો :

'ગોપી હું તને પૂછવા જ આવ્યો'તો. અદાલતમાં હું ને તું બે જ જીવતાં છીએ. પાર્વતી મરી ગઈ, ને નાથુ પણ મરી ગયો.'

ગોપી થોડી વાર તો બોલી નહિ. પછી નીચે જોઈને માત્ર ટૂંકું પૂછ્યું :

'નાથુ બિચારો મરી ગયો કાં !'

'જેને જીવતાં રાખો ટપિયા, તેને હવે મર્યા પછી સંભારે છે ! નાથુ મરી ગયો, અને કોણ જીવવું રહેવાનું છે ! હવે એવું સંભારવાથી શો ફાયદો ! — ગોપી હવે તો તું અદાલતમ આવી જા.'

ગોપીએ કાંઈ પણ ઉત્તર ન વાળ્યો. ઊભી થઈને ચાનો પ્યાલો લઈ તે ઘરમાં ચાલી ગઈ.

રણબહાદુર સિગારેટ પીતો પીતો ત્યાં બેસી રહ્યો.

ગોપી પાછી આવી ત્યારે દલબહાદુરે પૂછ્યું:

'કાં ગોપી! શો વિચાર કરે છે? બહામતમ આવવું છે નાં?'

ગોપી થોડી વાર તેની સામે જોઈ રહી: 'હું તને કાલે કહીશ.'

દલબહાદુર ધીમે ધીમે સિગારેટ પીતો પીતો બીજે દિવસે આવવાનું કહી ચાલ્યો ગયો.



બીજે દિવસે દલબહાદુર ત્યાં ફરવા આવ્યો ત્યારે ખબર પડી કે ગોપી ચા–ઘર બીજા કોઈ ને સોંપી ત્યાંથી નોહની માને ગામ ચાલી ગઈ છે.

સ્વાર્પણ

હું આજે આટલાં વર્ષે જ્યારે સંભારું છું ત્યારે એ માયાળુ ચહેરો મારી નજરે પડે છે. અમે ચાર બાંડું હતાં, બે ભાઈ અને બે બહેન. મારો મોટો ભાઈ વિનાયક રૂપાળો, મજબૂત ને ચાલાક હતો : મારી બહેનોમાં મારી માનું સૌંદર્ય ઊતર્યું હતું. આ સપગાંની વચ્ચે કઢંગો, ખૂધો ને કદરૂપો એવો હું બેસતો ત્યારે સૌના આનંદ ઉપર એક જાતનો પડદો પડતો. ઘેર કોઈ ચા પાણી પીવા માટે આવે તો મને તોતડાને સંતાડવો પડે. મારા બાપાને કોઈ મળવા આવે ત્યારે હું સંતાઈ જતો. મારાં ભાઈબહેનો આનંદ કરતાં હોય ત્યારે મને જોઈને તેમનો ઉત્સાહ ઓસરી જતો. કોઈ સારે નરસે અવસરે મારા વિષે સૌને ચિંતા થતી.

. . .પણ જ્યારે બાપા ચિંતા કરતા હોય, ભાઈબહેનો કોઈ મજા જવાથી દિલગીર થયાં હોય ત્યારે એક અખૂટ પ્રેમરસભરી માની નજર મારા ઉપર ઠરતી હોય! જાણે હું કદરૂપો જ નથી—કઢંગો પણ નથી—પણ સુંદર જ છું એમ એ વહાલસોયો હાથ વાંસા ઉપર ફરતો હોય! જ્યારે

બહાર જવું પડે ત્યારે આ સીદીભાઈ જેવું કાળું મોં મીઠું તેલ નાખીને વાળ ઓળી, તેણે વધારે સુંદર બનાવવાનો યત્ન કર્યો જ હોય !

પણ હું કદરૂપો છું—કઢંગો છું—એ ભાન ધીમે ધીમે એટલું તીવ્ર બન્યું કે હું શેરીમાં રમવા જતો બંધ થયો. મારાં ભાઈબહેન તો મને જોઈને 'તું જતો રહે' એટલું જ કહેતાં. હું તરત ભીની આંખે ત્યાંથી પાછો ફરી જતો. મારા પિતા મને જોઈને 'જાઓ, મજા કરો' એમ ઉપરના વહાલથી કહેતા, પણ મને એ ખોટું વહાલ વજ્રપ્રહાર કરી જતું. તમને ખબર નહિ હોય પણ છોકરાં ખોટું વહાલ એકદમ ઓળખી કાઢે છે. મારે માટે રમનાર મિત્ર, રમવાના રમકડાં, માતા, પિતા, બંધુ જે કાંઈ કહો તો તે માત્ર મારી મા હતી.

સૌ આનંદ કરતાં હોય ત્યારે પણ એ મારી પાસે બેસતી. મને સાંભરે છે કે રામસીતાની વાત તેણે પહેલા-વહેલી મને કહી, અને સીતાજી પૃથ્વીમાં સમાયા એ ભાગ આવ્યો, ત્યારે તો મારી અને એની આંખમાં આંસુ ખાળ્યાં જ રહે નહિ. કોણ જાણે કેમ તેને મારા ઉપર મારી કદરૂપી સૂરતને લીધે જ, વધારે વહાલ હતું. તે દિવસે તેને મને ખોળામાં બેસાર્યો હતો. 'બેટા ! હું પૃથ્વીમાં સમાઉં' એટલું બોલતાંમાં તો તેની આંખમાં ખળખળ આંસુ આવી ગયાં હતાં. તે વખતે તેણે તો માત્ર અનુમાન જ કર્યું હતું પણ તેનામાં એવો શુદ્ધ પ્રેમ હતો કે જાણે તે ભાવિ જ બોલી રહી હતી.

મને એક બીજો દિવસ પણ બરાબર સાંભરે છે. કોઈ મોટા માણસને ત્યાં મારાં ભાઈબહેનો જવાનાં હતાં : મારા પિતાએ ધાર્યું હતું કે હું મારી રમવાની ઓરડીમાં જ બેઠો છું, પણ હું બહાર ઓશરીમાં બે ચાર ગોદડાંનો ઓઠો ફિસ્સો કરી તેની પાછળ ભરાઈ ને બેઠો બેઠો બધું સાંભળતો હતો : પિતાએ મારી માને કહ્યું:

'બધાં જવાનાં છે તે તું કેશવને જરા પાડોશીને ત્યાં કે રમવા તેડી જા.'

'અરે ! એ બિચારો ક્યાં જવાનો આગ્રહ કરે છે ! પણ એનેય જીવ તો છે ના ! જાય તો શું ખાડું મોળું . . . ?'

'તેમાં તું ન સમજે . . . આપણી આબરૂ . . . તોતડું મોઢું જોઈને . . .'

મારા પિતાના આટલા શબ્દો મેં બરાબર સાંભળ્યા, પણ પછી બહારનાં ઘોંઘાટમાં વધુ સંભળાયું નહિ. થોડી વારમાં જ મારી મા બહાર આવી ત્યારે તેનો ચહેરો આંસુથી સાફ ને પવિત્ર લાગતો હતો. તેણે આવીને મને કહ્યું: 'કેશવ ! ચાલ, મારી સાથે આવે છે—નંદુ માશીને ત્યાં બેસવા.'

ગોદડાં ફેંકીને હું એકદમ બેઠો થયો. મને જતો જોવા ને હું જાઉં એટલે બહાર નીકળવા તલસી રહેલાં વિનાયક વગેરેને એ પાસેના ખંડમાં લુગડાં પહેરીને તૈયાર થઈ ઊભેલાં ને ઘડી ઘડીમાં ડોકિયાં કરતાં જોયાં. મને આંખમાં આંસુ આવ્યાં, પણ હું મા સાથે ચાલી નીકળ્યો.

મારી મા થોડી વાર પછી ઘેર આવી ત્યારે તેણે મને 'કેશુ ! ચાલ બેટા. તને પક્વાન કરી આપું' કહીને

ઊનું ઊનું પકવાન કરી આપ્યું. આજે આટલાં વર્ષે, એ ચહેરો, એ મધુરતા, એ પ્રેમ ને એ માતા—જાણે કાલે જ એના ખોળામાં રમતો હોઉં તેટલાં—તાદૃશ ને તાજાં દેખાય છે!

પરંતુ તે પછી અમારા ઘર પર આફત આવી.

મને બરાબર સાંભરે છે, જ્યારે મારી માએ, તેમને પિયરથી તેડવા માટે આવેલ ટપ્પામાં પગ મૂક્યો, ત્યારે મારા માથા પર હાથ ફેરવ્યો. એણે મારા માથા ઉપર ઘણી વખત હાથ ફેરવ્યો છે, પણ તે દિવસે એ સ્નેહ-ભરેલા હાથમાં કોણ જાણે શું હતું પણ જાણે એ સ્પર્શ છેલ્લો જ હોય એમ બીજું કોઈ નહિ, પણ હું ને એ બન્ને જાણી ગયાં હોઈએ તેમ લાગ્યું. તેમણે ટપ્પામાં પોટલું મૂક્યું. મને પાસે બોલાવ્યો. એક મીઠું ચુંબન લીધું. જુગજુગાંતરમાં પણ ન ભૂલી શકાય તેવું મિઠું. અને પછી રડતે ચહેરે મને—અમને સૌને—મૂકીને પિયરમાં ગયાં. એ જ એની છેલ્લી મુલાકાત હતી—એ સુવાવડ કરવા ગયાં તે પાછાં આવ્યાં નહિ. માનો હાથ ટપ્પાની બારીમાંથી હાલતો રહ્યો ત્યાં સુધી હું એકીટશે નિહાળી રહ્યો. છેવટે ટપ્પો દેખાતો બંધ થયો. તેણે ઉડાડેલી ધૂળ પણ શમી ગઈ ત્યારે અમે સૌ જાણે લક્ષ્મીવિહોણા ઘરમાં પાછાં ફરતાં હોઈએ તેમ પાછાં ફર્યાં. ત્યારપછી એ ઘરમાં મેં માત્ર માની છબી પાસે બેસીને સુખ દુઃખ કહી શકાય તે કહ્યાં છે અને આશ્વાસન પણ મેળવ્યું છે.

થોડા વખત પછી મારી નવી મા આવ્યાં, ત્યારે મને ખબર નથી શા માટે પણ અમે સૌ બાંડુ—વિનાયક, હું ને

કરી બે બહેનો—નાનું એક પારણું આવે એટલે બધાં દૈવીએ તેમ એકત્ર થઈ ગયાં, તે દિવસે પહેલવહેલો અમારો કૃત્રિમ એકભાવ તૂટ્યો. તે દિવસે પહેલવહેલા વિચારો અને ક્ષુદ્ર 'આહ! આની ચોટલી તને ગાળી આવી કે નહિ!'

મેં મોઢું ફુલાવવાને હા પાડી.

પણ અમે તો એક બીજાની આંખમાં એક બીજાનાં દુઃખ વાંચી રહ્યાં હતાં. અમે સૌ બાળુ પાસે પાસે બેસીને કે ઊંચે પથારીમાં પડ્યાં પડ્યાં અમારાં સુખ દુઃખની કથા કરતાં. અગિયારથી પાંચ ઑફિસ, પાંચથી છ ફરવાનું, આઠથી દસ મિત્રો સાથે બેસવાનું ને સવારે નવથી દસ ઑફિસ, આવી રીતે કામમાં ગોઠવાયેલું મારા પિતાનું મગજ કોઈ બીજી વાત માટે ભાગ્યે જ નવરું હતું. તમને ખબર નહિ હોય, પણ મોટા મોટા પ્રતિષ્ઠાવાળા ઘરની અંદરની વાતો જાણો તો તમારું શરીર કકુમાર થઈ જાય! મોટાં મોટાં માણસો ફરે છે, એમનાં ઘરનાં બૈરાં બાળકો માટે દોરાધાગા કરાવવા આંટા ફેરા કરતા જ હોય છે.

અમારું ઘર પણ આવી ખોટી પ્રતિષ્ઠાની દીવાલોથી રૂંધાયેલું સાચું નરકખાનું હતું. ત્યારપછી તો ઘણો સમય ગયો. દરમ્યાનમાં મારી નવી માને છોકરો પણ આવ્યો હતો, ને હવે તો તે પણ ત્રણ ચાર વર્ષનો થયો હતો. અને અમે બધાં ભાઈબાંડુ એની પાસે જ રમતાં. હવે મોટી ઉમ્મરનાં છોકરાંને નાના ત્રણ ચાર વર્ષના છોકરા સાથે આખો દિવસ રમવું પડે—અને દરેક રમત એની હાજરીમાં જ શરૂ કરવી પડે, એ બંધન અસહ્ય છે; એટલે મારાં ભાઈબહેન સૌ ધીમે ધીમે સરી જતાં, પણ હું નાનું—

એનું નામ નાનુ પાડ્યું હતું—સાથે રમતો જ હોઉં ! નાનુ પણ જાણે મને ઓળખતો હોય તેમ સૌમાં મને ઓળખી કાઢતો; પરંતુ તમે નસીબમાં ન માનતા હો તો કાંઈ નહિ, હું માનું છું. કેટલાંક મનુષ્યો જાણે કામ કરવા માટે—સેવા કરવા માટે—અને ઉપરાંત અપયશ લેવા માટે જ જન્મ્યાં હોય છે.

હું કાંઈ મારી ફરિયાદ નથી નોંધાવતો, કારણકે એમ કામ કરીને પછી અપયશ વહોરવામાં આનંદ લેવાની મને જાણે કે ટેવ જ પડી ગઈ છે. પણ નાનુને રમાડું હું—મારાં ભાઈબહેન સૌ આડાંઅવળાં થઈ જાય, પણ જો નાનુ પડે તો વાંક મારો જ નાકળે ! સૌ જમવા બેસે ત્યારે પણ નાનુને રમાડતો હું જ બેસું. કૂતરું આવીને ઘંટીનું થાળું ચાટી જાય ને હું લાકડી લઈને તેને હાંકવા જાઉં તે વખતે જો નાનુ જરાક રડે તો 'મારા પીટ્યા કેશવા !'—એ સાદું સંબોધન જ મને મળે !

નોકરચાકર સૌ મારા વિષે ખોટું કહી શકે. મારા બાપને મારી અશક્તિ અને કમઆવડત વિષે ખાતરી જ હતી. કદરૂપો એટલે કમનસીબ, અને તેથી નાનુ એના સંગમાં ન રમે તો જ સારું એવો, અમારા બહારથી પ્રતિષ્ઠિત લાગતા ઘરમાં બેઠેલ, મારી માતાને વહેમ હતો !

'આ એક મારો પીટ્યો કેશવો ઘરમાં ન હોય, જુઓને નાનુને બગાડનાર જ એ છે.'

નાનુને બે ત્રણ દિવસ થયાં તાવ આવતો હતો; મારી માને એવી ટેવ હતી કે નાનુ ખાવા ન બેસે તો 'ખાવા બેસે છે કે બાવાને બોલાવું ?' એમ કહીને એને ધમકાવતાં.

એમાંથી નાનુની કલ્પનામાં બાવાનું ભયંકર ચિત્ર ખડું થયું અને જ્યારે જ્યારે માંદો પડે ત્યારે 'એ બાવો!'—કહીને ઊંઘમાંથી ચમકી ઊઠે!–મારી માને કોઈએ કહેલું કે એ તો દેશવાની મા મરી ગઈ છે તે નડતી હશે. એટલે તો પછી અમે બધાં થોડું એની દૃષ્ટિએ વિઘ્નરૂપ બન્યાં: પણ એ ઉપરાંત મારે લીધે એમની પ્રતિષ્ઠા પણ ઘટતી, એટલે સૌથી વધારે સહન તો મારે જ કરવું પડતું. વિનાયક અને મારી બહેનો પણ જ્યારે લાગે કે માનો તાપ સહન નહિ થાય, ત્યારે વાંક મારા ઉપર ઢોળી દેતાં મને પણ જાણે સૌના દોષ માટે સહન કરવાની ટેવ પડી ગઈ. અરે, એક દિવસ તો એ નાનુએ પણ રમત કરેલી. પોતે દૂધ ઢોળ્યું: ને એટલામાં માને આવતી જોઈ કે તુરત જ બૂમ પાડી ઊઠ્યો: 'મા! મા! હું . . . કે શું'

'અરે, એ તો છે જ મારો પીટયો એવો, એનું નામ મૂકોને. અભાગિયો—નાનો હતો તે મા મારી ને હવે આ છોકરાને મારશે.'

બહાર કોઈ જોશી પાસેથી જ મારી મા નાનને ફેરેલાં: આ ભોગળભટિયાએ અમારા કુટુંબની સઘળી હકીકત ભેગી કરી અને પછી મારી માનો હાથ જોઈ જોઈ ને, જાણે ધન-મકર કરતાં કરતાં, સઘળી પાછી કહી. તેના જોશમાં એમ પણ આવ્યું કે દેશવાની આ તમને નડે છે: ને તે અભાગિયા દેશવાને લીધે! મારી માએ અને હવે તો જેમ બને તેમ, નાનુથી દૂર રાખવા પ્રયત્ન કર્યો. વિનાયક ને મારી બહેનો પણ જો મારી સાથે રમતાં હોય તો માર ખાય.

ધીમે ધીમે મારા ઘરમાં હું જંગલવાસી બની રહ્યો! હું અને પેલી મારી માની છબી, બીજું કોઈ મળે નહિ! મને તોતડાને, કદરૂપાને કાંઈ એવા મોટા બાપા બોલાવે? મોટાને ત્યાં આવનારાં માણસો કેટલાં નાનાં હૃદયનાં હોય, તે તો મને ખબર જ હતી. એટલે જનાર આવનાર કોઈ ન બોલે. વિનાયક ક્યારેક એનો અન્યાય મને વર્ણવે: મારી બહેનો ક્યારેક ચુપચુપ માનો વાંક કહી દે! નાનુ છાનો ક્યારેક રમવા દોડ્યો આવે! પણ એ સૌ પોતપોતાને માટે આટલું કરે. મારે જીવન છે એમ કોઈ માને નહિ. મારું જીવન એકલું બની રહ્યું હતું.

એક દિવસ વિનાયક ને મારી બહેનને માર પડ્યો. મારા બાપ આવ્યા ત્યારે એમની ફરિયાદ થઈ. ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે માર ફરી પડ્યો. નાનુ વિનાયકના હાથમાંથી પડી ગયો હતો: પણ હું જો સાથે રમવામાં ન હોત તો આટલો બધો માર પડત નહિ, એ ચોક્કસ.

તે દિવસે વિનાયક સૂતા પહેલાં મારી પાસે આવ્યો: 'કેશવા! તારે લીધે બહેનને કેટલો માર પડ્યો એ તેં જોયું? તું એકલો રમતો હો—આવડું મોટું મેદાન છે—તો તને શું થાય?'

હું કાંઈ બોલ્યો નહિ, પણ સજળ નેને તેની સામે જોઈ રહ્યો, પણ મારા હૃદયમાં ઊંડું ઊંડું મંથન શરૂ થયું.

તે રાતે મને નિદ્રા આવી નહિ. બહાર સુંદર ઠંડી ચાંદની ખીલી હતી. ઠંડી પણ એવી કકડીને પડી હતી, કે ઝાડ, પાન, પંખી ને પૃથ્વી સૌ ઠરી ગયાં હતાં! ક્યાંય એક શબ્દ પણ સંભળાતો ન હતો. નર્યું હિમ વરસતું હતું.

વખતે હું મારા ખાટલામાંથી બેઠો થયો. એક વખત ી માની છબી સામે જોયું. દીવાના ઝાંખા અજવાળામાં જે કોઈ દૂર દૂરના પ્રદેશમાંથી તે હસતી હોય તેમ મારી મે જોઈ રહી હતી!—એ જ પેલું મુક્ત, સાચું, હૃદયનું સ્ય. મને લાગ્યું કે જાણે એ મને બોલાવી રહી છે:'.. નાયકને અને બહેનોને અને નાનુને અને આ ઘરને તું સુખી ધ્ધિ કરે તો કોણ કરશે! આવતો રહે, આવતો રહે, મારી ાસે આવતો રહે.' મેં એબાકળા થઈ ને ચારે તરફ જોયું. બહાર માત્ર ઠંડી ચાંદની રેલાઈ રહી હતી.

જાણે એ જ સ્વર ફરી સંભળાય છે. એ જ હાથ માથે સ્પર્શ કરે છે: 'આ વ તો ર હે!'

એક વખત ધીમે પગલે વિનાયકના ખાટલા પાસે હું ગયો. તે મીઠી નિદ્રામાં પણ માના ભયથી ઓઢું રડતો હતો!—બહેનો પાસે ગયો. શાંત સ્વસ્થ એ હંસણી સતી હોય તેમ તે ટૂંટિયાં વાળીને પડી હતી—મેં તેમના કપાળ પરથી થોડા બાલ ખેસવ્યા. માની સુંદર આબેહૂબ પ્રતિકૃતિ જેવી બન્ને શાંત સૂતી હતી.

માએ આગ માટે કેટલું સહન કર્યું હતું: એ વિચાર આવતાં જ મને સહન કરવાની શક્તિ આવી. મારી માએ દરવાીએ મારે માટે જે સહન કર્યું હતું, રડતે રડતે મને સીતાની પૃથ્વી સમાયાની વાત કરી હતી, તે બધું નજર આગળ તરી આવ્યું: જાણે એ જ વાત ફરીથી કહી રહી છે. હું મારી બહેનોને એક એક મીઠું ચુંબન લઈ, વિનાયકને જરાક ભેટી, તરત ખાટલા પાસેથી ખસી ગયો.

ગ
અમદાવાદ

[illegible]

[illegible]

[illegible]

૧. દરેકમાં જુદા પ્રસંગો એક આકર્ષક પુસ્તિકા તરીકે આ બે પુસ્તિકા જ શૈલી પસંદગી પામ્યાં છે.

૨. તેમાં આપેલાં ચિત્રો ગદ્યસાહિત્યની નવી જ શૈલી આપી છે.

૩. દરેક સૂત્ર કે શ્લોક—કે ઐતિહાસિક પ્રસંગ—સ્વાભાવિક પદ્ધતિથી એનું મનોરમ સ્વરૂપ ધારણ કરે છે. વિદ્યાર્થીઓને વાંચનના ઉત્તમ ગ્રંથોને સ્થાને એને મૂકે છે.

મનોરાજ્યનાં મૌક્તિકો

એ વિશેષણ જે પુસ્તકોને
અપાયું છે તે બે પુસ્તકો

રજકણ
અને
જલબિંદુ

¶ હરકોઈ શુભ પ્રસંગે ભેટ આપવા લાયક પુસ્તકો તરીકે આ બે પુસ્તકો જ સૌની પસંદગી પામ્યાં છે.

¶ એમાં આવેલા ચિંતનભર લેખોએ ગદ્યસાહિત્યને નવી જ શૈલી આપી છે.

¶ હરેક સૂત્ર કે લેખ—કે ઐતિહાસિક પ્રસંગ—રસભરિત પદ્યાવલિ જેવું મનોરમ સ્વરૂપ ધારણ કરે છે. વિવેચકોએ વર્ષભરના ઉત્તમ ગ્રંથોને સ્થાને એને મૂક્યાં છે.